સપ્ટેમ્બર, ૨૦૧૬
વાર્ષિક લવાજમ રૂ.૧૫૦/-

સ્થાપના - ૧૯૧૧

પાવન હૃદય

# દૂત



HAPPY BIRTHDAY!

# A Happy 80th Birthday Dad & Happy 73rd Birthday wishes to Mom

**Vincent Farnand** — **Date of Birth: 19-09-1936**

**Mrs. Stella Farnand** — **Date of Birth: 01-06-1941**



***Become you have always been my help.***
***In the shadow of your wings I sing for joy.***
***(PSALM 63.7)***

*We just want to let you know you mean the world to us all.*
*Even though at times we might not say we appreciate your help in every way*
*And especially all that you have done for us throughout our lives*
*Extermely Proud we are and Richly blessed is how we feel*
*Having a mom & dad as special as you!*

***Lots of love and best wishes from:***

Son Joseph and wife Helen with Son Joshua, daughter Yazmin and her husband Daniel
Son James and wife Vivienne with daughter Maisie, Daughter Anita
Son Steven and his daughter Charlotte
Daughter Sandra and husband Michael with daughers Francescca & Abigail
Rahil and her son Shaun and Maris

# હાર્દિક અભિનંદન



## C.A. સંકેત જીતેન્દ્ર

અમારી પાસે તેં કદી માગ્યું નથી, અમે જે આપ્યું તે જ તે ગમાવ્યું,
પણ અમે સહુ માગતાં હતાં અમારો જોન્ટી C.A. થાય . . . .
ખૂબ જ ઓછી સગવડો વચ્ચે અમારા સહુનું અકલ્પનિય સ્વપ્ન
પ્રથમ પ્રયત્ને જ સાકાર કર્યું, અમારો જોન્ટી C.A. સંકેત થઇ
ગયો!

તું સહુનું ગૌરવ છે, તને હાર્દિક અભિનંદન!

**આપનાં**

| | | |
|---|---|---|
| મહેશ - મનિષા | ચંદ્રિકા - જીતેન્દ્ર | સતિષ - મીના |
| કેતુલ - સૌમ્ય | સુનિધિ - ક્ષિતિજ | શ્રેયા - શ્રુતિ |

રેખા - વિજય
કેનિલ
મોંઘીબેન ફિલિપભાઇ ડાભી
શ્રદ્ધાદીપ સોસાયટી, મરિયમપુરા, પેટલાદ

# રિધ્ધી રેસીડેન્સી

રિધ્ધિ રેસીડેન્સી
....એટલે સુખનું સાક્ષાત પ્રતિક

રિધ્ધિ રેસીડેન્સી
...એટલે રમણીય વાતાવરણમાં સુખ,
સમૃદ્ધિ અને પરમ શાંતિનો આવાસ.




**સુવિધાઓ :**

મુખ્ય એન્ટ્રન્સ ગેટ
સોસાયટીને ફરતે કમ્પાઉન્ડ વોલ
અંદરના પેવર બ્લોક રોડ
કોમન પ્લોટ સુંદર બગીચો
૨૪ કલાક પાણી માટે સોસાયટીને સ્વતંત્ર બોર
દરેક મકાનને ઓવરહેડ પાણીની ટાંકી
સાઇટને ઉધઈ વિરોધી ટ્રીટમેન્ટ
NA NOC ટાઇટલ ક્લીયર
લોન પેપર ઉપલબ્ધ





આર્કિટેક્ટ : ધવલ પંચાસરા, આણંદ

રિધ્ધી રેસીડેન્સી

**સાઇટ એડ્રેસ :**
સેંટ ઝેવીયર્સ સ્કૂલ પાછળ,
જીટોડીયા રોડ, મુ. ચાવડાપુરા.
તા. જી. આણંદ – ૩૮૮૦૦૧

SBC Shree Balaji construction

ઓર્ગેનાઈઝર :
શ્રીબાલાજી
કન્સટ્રકશન

આણંદ–૩૮૮ ૦૦૧
ગુજરાત.

બુકીંગ કોન્ટેક્ટ : રીતેષ : + ૯૧ ૯૯૧૩૯ ૮૦૦૦૯

**લોન પેપર ઉપલબ્ધ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા**

ઓફિસ: બી/૪, શીવ કોમ્પલેક્ષ, જૂના રસ્તા, આણંદ
શુભેચ્છક: સંજયભાઈ ડોડિયા

**Publisher's Name**
**Jerry Leo Sequeira, S.J.**
Indian
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

**Place of Publication**
Anand
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

**Printer's Name**
**Jerry Leo Sequeira, S.J.**
Indian
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

**Printing at**
**Anand Press**
P.B. No. 95,
Gamdi - Anand - 388001, Gujarat

**Editor's Name**
**Jasvant Macwan**
Indian
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

**માનદ્ તંત્રી:**
ફાધર ડો. વિનાયક જાદવ એસ.જે.

**તંત્રી:**
જસવંત મેકવાન (મો: ૯૪૨૭૩ ૮૨૯૯૭)

**સહતંત્રી:**
શૈલેષ ક્રિસ્ટી (મો: ૯૪૨૭૦ ૦૪૦૦૨)

**તંત્રી મંડળ**
ડો. સિલાસ પટેલિયા
રાજેશ ક્રિશ્ચિયન, બકુલ મેકવાન,
ઈન્દુ રાવ, આગ્નેસ વાઘેલા,
ફાધર ડો. આરસકુમાર રાયપ્પન
સ્નેહલતા ભાટિયા

**લવાજમ, જાહેરાત અને પ્રસાર**
ઈલોમીના એ. મહિડા

**ટાઈપ સેટિંગ:** મંજુ એમ. મેકવાન

**ડિઝાઈન:** વિજય મેકવાન

**અંક: ૯ વર્ષ: ૨૦૧૬**

પાવન હૃદય **દૂત**

# અનુક્રમણિકા

**આમંત્રિત તંત્રીલેખ**
મૂળ અને પાંખો ✧ ઈન્દુ રાવ ૦૭

**કાવ્યધારા (સંપાદક: ડો. સિલાસ પટેલિયા)** ૧૦
સવિતાબેન પરમાર ✧ જોન બેડા પરમાર ✧ શૈલેષ આઈ. પરમાર ✧ જોસેફ વાય. મેકવાન ✧ ફ્રેડરિક બી. ક્રિશ્ચિયન

**તમારો પત્ર** ૧૧
શાંતિલાલ મેકવાન ✧ અમિત ચૌહાણ

**લેખો**
મેસેડોનિયાથી દુનિયા સુધી ✧ ફાધર મયંક પરમાર એસ.ડી.બી. ૧૩
સમાજઘડતર માટે યોગદાન ✧ બ્રધર અભય પીટર તિર્કી ૧૪
દીન દુખિયાનાં બેલી ✧ સ્મિતા બકુલ મેકવાન ૧૬
પુરોહિતગણ-મધર થેરેસાની દૃષ્ટિએ ✧ ફાધર ડો. અરસકુમાર ૧૮
વંદન વેદનામૂર્તિને... ✧ નમ્રતા રાકેશ પરમાર ૨૦
વૃક્ષ એક લીલું છમ્મ... ✧ ડો. સિલાસ પટેલિયા ૨૧
ગુરુ શિષ્યનો સંબંધ ✧ ફાધર શાઈજી ૨૨
વિશ્વ ઓઝોન દિવસ ✧ સુશીલાબેન રાઠોડ ૨૩
'મા, તુઝે સલામ' ✧ બકુલ મેકવાન ૨૪
કલાકારોની નજરે મધર ✧ રાજેશ ક્રિશ્ચિયન ૨૬

**કિશોરમિત્ર (સંપાદક: રાજેશ ક્રિશ્ચિયન)** ૨૯-૩૨

મધર થેરેસા અને ઈસુસંઘીઓ ✧ ફાધર ડો. વિનાયક એસ.જે. ૩૪
સાક્ષરતા તરફ ડગ ✧ આગ્નેસ વાઘેલા ૩૬
ક્રૂસના માર્ગે યાત્રા ✧ રાજેશ ચૌહાણ ૩૮
રાષ્ટ્રીય સેવા યોજના ✧ સંકલન: ગિરિશ વાઘેલા ૪૦
ગુલાબકળીની વિશ્વસુવાસ ✧ શૈલેષ રાઠોડ 'અભિધેય' ૪૨

**પંખીની પાંખે (સંપાદક: શૈલેષ ક્રિસ્ટી )** ૫૧

**આવરણ:** પુનિત મધર થેરેસાને તેઓશ્રીની ૧૯મી પુણ્યતિથિની પૂર્વ સંધ્યાએ વડાધર્મગુરુ ફ્રાન્સિસ સંત જાહેર કરશે. આ પાવન ક્ષણ સમગ્ર માનવજાત માટે બડભાગી છે. વિશેષમાં ભારતવાસીઓ જેની આતુરતાથી રાહ જોઈ રહ્યાં હતાં તે આવી પહોંચી છે ત્યારે સંત મધર થેરેસાએ અનેકને માતૃત્વની લ્હાણી કરી છે, તે સંવેદના ચિત્રકારે વ્યક્ત કરી છે.


કવરપેજ સૌજન્ય: ચિત્રકાર એન્થોની ઈમાનુએલ ક્રિશ્ચિયન, વટવા-અમદાવાદ
અન્ય ફોટોગ્રાફ્સ સૌજન્ય: ગુગલ



## સંત મધર થેરેસાની અમૃતવાણી

"પવિત્રતા એ સુંદરતમ્ ભેટ છે, જે માનવહૃદય પ્રભુને અર્પણ કરી શકે છે."
"જો તમે બીજાનો ન્યાય તોળશો
તો બીજાને ચાહવા તમારી પાસે સમય ન હોય."

## ગુજરાતના કેથલિકોનું સર્વાંગી માસિક



✝ 'પાવન હૃદય દૂત' ઈસુ ભગવાનના હૃદયને એટલે કે મનુષ્યાવતાર પામેલા પ્રેમસ્વરૂપ ઈશ્વરના અંતઃસ્વરૂપને સમર્પિત છે. ઈસુના પાવન હૃદયમાંથી વહેતાં જ્ઞાન, શક્તિ અને તેજ મારફતે માનવહૃદયનું અને માનવસમાજનું સર્વક્ષેત્રે નવઘડતર કરવામાં નિમિત્ત બનવું તેને 'દૂત' પોતાનું કર્તવ્ય સમજે છે.

✝ 'પાવન હૃદય દૂત' ગુજરાતના ઈસુસંઘ દ્વારા સ્થાપિત-સંચાલિત, સમગ્ર જીવનને ઈસુપંથી દૃષ્ટિથી સંસ્કારતું સર્વાંગી માસિક છે. ઈસુસંઘ એ કેથલિક ધર્મસભામાં આંતરરાષ્ટ્રીય સ્તરે કામ કરતો એક સાધુસંઘ છે.

✝ 'પાવન હૃદય દૂત' સમસ્ત ગુજરાતના કૅથોલિકો માટે છે. ઉપરાંત અન્ય ઈસુપંથીઓ અને અન્ય ધર્મીઓનું હિત પણ ચાહે છે. ઈસુધર્મના સિદ્ધાંતોને અનુરૂપ માનવજીવન શૈલી ઘડવા ઉપરાંત વિવિધ ધર્મો અને સામાજિક વર્ગો વચ્ચે સમજણ, સદ્ભાવ અને સહકાર વધારતા રહેવાની મહેચ્છા પણ સેવે છે.

### લેખ, કાવ્ય, લવાજમ, પત્રવ્યવહારનું સરનામું

'પાવન હૃદય દૂત' ગુજરાત સાહિત્ય પ્રકાશ,
પ્રેસ કોલોની, સેંટ ઝેવિયર્સ રોડ, આણંદ - ૩૮૮૦૦૧

### કાર્યાલયનો સમય

૮.૦૦ થી ૧૨.૦૦ અને ૧.૦૦ થી ૫.૦૦ કલાક સુધી.
**Ph. (Office) : (02692) 240161**
**Mob. 94084 20847 / (02692) 240178**
**Website: http://www.gspbooks.in**
**e-mail : phdoot@gmail.com**

### લવાજમ

ભારતમાં વાર્ષિક : રૂા. ૧૫૦/-
પાંચ વર્ષ માટે : રૂા. ૭૦૦/-
પરદેશમાં (વાર્ષિક) : (U.S. $ ૩૦) રૂા. ૧,૮૦૦/-

### જાહેરાતના દર

| | | |
|---|---|---|
| છેલ્લું કવરપેજ | : | રૂા. ૧૨,૫૦૦ |
| અંદરની બાજુના બધાં જ કલર પેજ | : | રૂા. ૧૧,૦૦૦ |

### અંદરના સામાન્ય પેજ

| | | |
|---|---|---|
| આખું પેજ | : | રૂા. ૭,૨૦૦ |
| અર્ધુ પેજ | : | રૂા. ૩,૬૦૦ |
| ૧/૪ પેજ | : | રૂા. ૧,૮૦૦ |
| ટચુકડી | : | રૂા. ૦,૬૦૦ |

**જાહેરાત સ્વીકારવાની છેલ્લી તારીખ ૧૫મી રહેશે.**

દર મહિને ૨૦મી તારીખે આપની જાહેરાતનું
પ્રૂફ જોવા રૂબરૂ આવવા વિનંતી.

### લવાજમ/જાહેરાતની રકમના નાણાં ભરવા બાબત

'દૂત' ગ્રાહકો/જાહેરાતદાતાઓ, આપ સમય અને નાણાંનો વ્યય કર્યા વગર સીધાં જ લવાજમ/જાહેરાતની રકમ અમારા બેંક ખાતામાં જમા કરાવી શકો છો. જેની વિગત આ પ્રમાણે છે.

A/c Name: Gujarat Sahitya Prakash Society
Name of the Bank: ICICI Bank,
V.V. Nagar 388120
Account No.: 008501008925
IFS Code: ICIC0000085

રકમ બેંકમાં જમા કરાવ્યા પછી ઈમેઈલ/એસ.એમ.એસ. ફોન કે પત્ર દ્વારા અમને જણાવવા વિનંતી.

'પાવન હૃદય દૂત' ગુજરાત સાહિત્ય પ્રકાશ,
પ્રેસ કોલોની, સેંટ ઝેવિયર્સ રોડ, આણંદ - ૩૮૮૦૦૧

# આમંત્રિત તંત્રીલેખ...



# મૂળ અને પાંખો

વહેલી સવારે અટીરામાં 'મોર્નિંગ વોક' કરવા નીકળેલા અત્યંત વૃદ્ધ દાદા-દાદી એકબીજાનો હાથ પકડીને મંદ ગતિએ ચાલી રહ્યા હતાં. થોડી વાતચીત કરવાના આશયથી મેં એમને 'ગુડ મોર્નિંગ અંકલ-આંટી' એમ સ્મિતપૂર્વક અભિવાદન કરતાં તેઓ ધીમુ હસીને ગુડ મોર્નિંગ બોલ્યાં, વાતનો દોર લંબાવતાં મેં કહ્યું : 'અંકલ નજીકમાં જ રહો છો ?' તેમણે જવાબ આપ્યો 'હા બેટા ! ઘરમાં અમે બે જ છીએ ને પાછું ટાઈમનું કોઈ બંધન નથી. સવારે થોડું ભજન-કીર્તન કરી ખુલ્લી હવામાં તાજગી મેળવવા આવીએ છીએ. મેં પૂછ્યું, 'ને સંતાનો ? છે ને !' દીકરો અને દીકરી બેઉ એમની દુનિયામાં ! બેઉને વધુ અભ્યાસાર્થે અમેરિકા મોકલ્યાં'તાં હવે ત્યાં સેટલ થઈ ગયાં છે.' 'કેમ તમારે ત્યાં જવું નથી ?' આંટી બોલ્યાં, ગયાં પણ ત્યાંનું વેધર (હવામાન) માફક નથી આવતું. વળી અમારા બેઉના પેન્શનમાં, નોકર-ચાકરની સેવામાં અને મિત્ર મંડળની સાથે મઝાથી જીવીએ છીએ. દરરોજ એકવાર ઈન્ટરનેટથી તેઓની સાથે એકબીજાને જોઈને વાત કરાય છે એટલે પાસે જ છીએ એવું અનુભવાય છે. એનો સંતોષ !

અમારી પાછળ એક વૃદ્ધ દાદા અમારી વાતચીત સાંભળતા હશે એ અમારી જાણ બહાર ! તેઓ મોટેથી સૂર પૂરાવતા બોલ્યા : 'તમે ખૂબ સુખી છો' પછી હળવો નિસાસો નાંખતા બોલ્યા. 'પત્ની જીવતી હતી ત્યાં સુધી તેની સથવારે જિંદગી જીવાતી'તી પણ એના પરલોક સિધાવ્યા પછી ખબર નહીં કેમ દીકરા-વહુ માટે અળખામણો થઈ પડ્યો હોઉં એવું લાગે છે. એમનાં બેઉ દીકરા-દીકરીને મારી પત્નીએ જીવની જેમ સાચવીને ઉછેરેલાં. જોકે મારું કામેય તેઓને સ્કૂલે લેવા-મૂકવા જવાનું તો ખરું જ ! દીકરા-વહુએ અમારી બેઉંની હાજરીમાં આરામથી નોકરી કરી પરંતુ અચાનક પત્ની નાની બીમારીમાં મારો સાથે છોડી ગઈ. આજે મારામાં પહેલાં જેવી તાકાત નથી રહી ત્યારે હું એમને બોજારૂપ લાગી રહ્યો છું. એમાં પાછો રાજરોગ 'ડાયાબીટીઝ' વર્ષોથી લઈને ફરું છું. પત્ની હતી તો ખાવા-પીવામાં ધ્યાન રાખતી'તી. એમાં હવે પૂરી બાદબાકી ! પોતાના વસાવેલા ઘરમાં છતા પેન્શને પારકો બનીને જીવવાનું આકરું લાગે છે. આતો ઠીક છે કે મારાં પૌત્ર-પૌત્રીના પ્રેમ સહવાસથી દિવસો ઓછા થાય છે.'

આવું છે આપણું આજનું સમાજદર્શન ! માટેભાગે વૃદ્ધ માબાપ એકલા-અટૂલાં જીવતાં નજરે પડે છે. એમાંય પરિવારની પેલી વ્યાખ્યા 'નાનું કુટુંબ સુખી કુટુંબ' કે પછી 'અમે બે અમારાં બે' ને હવે તો 'અમે બે અને અમારું એક' એવી સંકુચિત-સ્વાર્થી માનસિકતા ધરાવતા સમાજની અંદર ઘરડાં માબાપની દશા દયામણી બની જતી હોય તેવું તાદૃશ થાય છે. આપણી અગાઉની પેઢી આપણા કરતાં વધુ ઉદાર-સમજદાર-નિઃસ્વાર્થી અને સહકારિતાને સંપમાં જીવનારી હતી. ખરું કે નહીં ? દરેક પરિવારમાં ચાર થી વધુ સંતાનો દાદાદાદી સાથે ક્યાંક મોટાં થઈ જતાં હતાં. મર્યાદિત આવકમાંય સૌમાં સમજદારી હોવાથી સૌનું ભરણ-પોષણ થતું. સૌ સુખ-દુઃખમાં સહભાગી થઈને જીવતાં'. આજે ત્રણ સાંધતાં તેર તૂટે એવી પરિસ્થિતિ છે. આજે શિક્ષણ વધ્યું, મોજશોખ વધ્યા, એની સાથે મોંઘવારીએ માઝા મૂકવા માંડી, તેમતેમ પરિસ્થિતિ અનુસાર ઘરમાં માણસોની સંખ્યા ઓછી થવા લાગી. 'વસુધૈવ કુટુમ્બક્મ્' ની જગ્યાએ સ્વજનોમાંથી માત્ર 'સ્વ' એકલો રહી જતાં પાછળના 'જનો' ઓછા થવા લાગ્યા છે. જેમાં સ્વ 'હું 'ની આસપાસ પરિવારમાં માત્ર પતિપત્ની અને સંતાનોનો સમાવેશ થઈ ગયો. એના માટે આપણી પેઢીને જ કારણભૂત ગણીશું? ભણતર વધ્યું, જ્ઞાન વધ્યું, આવક વધી પણ વિચારમાં કૂપમંડૂકતા આવી ગઈ. આપણે ભૂલી ગયા કે આપણે સર્જેલા વાતાવરણ થકી નવી પેઢીનું ચારિત્ર્ય ઘડતર થાય છે.

સોળ વર્ષની અપરાજિતા પદ્મપાણિ આચાર્યે ક્યારેય પોતાના પિતાને જોયા નથી ! માત્ર તેમના વિશે સાંભળ્યું છે, થોડુંક તેની માતા પાસેથી અને ઘણું બધું એનાં દાદી પાસેથી, કારણ એ જ્યારે માના ખોળામાં હતી ત્યારે તેના પિતાએ કારગિલ યુદ્ધમાં ૬૦ દિવસ દુશ્મનો સાથે બાથ ભીડી હતી, જેમણે દેશને માટે પોતાનો જીવ કુરબાન કરી દીધો. આ વાત અપરાજિતાએ દાદા +પાસેથી વારંવાર સાંભળી છે. જેમને મૃત્યુબાદ 'મહાવીર ચક્ર' અર્પણ કરવામાં આવ્યો હતો. કેવો વારસો જળવાઈ રહે છે, કારણ તેના દાદા જગન્નાથ આચાર્ય પોતે વિંગ કમાન્ડર હતા, જેમણે ૧૯૬૫ અને ૧૯૭૧માં યુદ્ધમાં સીધી રીતે ભાગ લીધો હતો. તેમની પૌત્રી અપરાજિતા હાલમાં લો નો અભ્યાસ કરીને લશ્કરી દળમાં જોડાવા માંગે છે. દાદા અને મમ્મી પાસેથી સાંભળેલી પપ્પાની શૂરવીરતાભરી વાતોએ એને એટલી બધી પ્રભાવિત કરી છે કે તેય આજે દેશની સેવા-સુરક્ષા કરવા માટે થનગની રહી છે. (દિવ્ય ભાસ્કર : ૨૭-૦૭-૨૦૧૬)

દાદાના સાંનિધ્યમાં, એમના પ્રેમ-હૂંફમાં અપરાજિતા માયકાંગલી કે ડરપોક નથી બની, તેઓએ ઉલટાનું એનામાં અખૂટ દેશદાઝ ભરી દીધી છે. આપણે, આપણાં સંતાનોને જવાબદાર વ્યક્તિઓ બનાવવા ઈચ્છતાં હોઈએ તો આપણે જવાબદારી નિભાવવા પ્રયત્ન કરવો પડે કારણ આપણી ઊગતી-નવી પેઢીને જે વાતાવરણ-ઘડતર અને નમૂનો પૂરો પાડીશું એ પ્રમાણે એમનું ચારિત્ર્ય ઘડાશે.

આજની પેઢીને એકલા જીવવું વધુ પસંદ છે એ ખરું પરંતુ તાજેતરમાં થયેલ સંશોધનને આધારે પ્રમાણિત કરવામાં આવ્યું છે કે, બાળકની પ્રારંભિક અવસ્થામાં એના સુઉછેર-સુવિકાસ માટે કુટુંબનાં વડીલનો સહવાસ, એમનાં પ્રેમ-હૂંફ અત્યંત ઉપયોગી નીવડે છે. વડીલોની છત્રછાયામાં ઉછરતા બાળકને દાદાદાદીના કે નાનાનાનીનાં માત્ર લાડ-પ્યાર જ નહીં પરંતુ તેમનો નૈતિક-ધાર્મિક અને માનસિક વિકાસ કરવામાં અગત્યનો ભાગ ભજવે છે. આજનાં યુવા દંપતી, માતાપિતા સાથે રહેવું એને પશ્ચિમકરણની ગાઢ અસર તળે આઉટ ઓફ ફેશન ગણે છે. જેમને પોતાના અલગ ઘરમાં પોતાની આગવી રચેલી દુનિયામાં જીવવું છે, જ્યાં વડીલોની કોઈ રોક-ટોક કે સલાહ-સૂચનો ન મળતાં હોય ! એની સાથે ઉત્તરોઉત્તર વધતી જતી અસહ્ય મોંઘવારીમાં દાદા-દાદી, માતાપિતા અને નાનાભાઈ કે બહેન સૌનો બોજો ઉઠાવવો અઘરો પડતો લાગે છે. સંયુક્ત અને વિભક્ત પરિવારમાં રહેવાના ફાયદા-ગેરફાયદા છે જ. તેમ છતાં કહેવાય છે કે સંયુક્ત પરિવારમાં ઉછરતા સંતાનમાં પારિવારિક પ્રેમ-સંપ-શાંતિથી જીવવાની સામૂહિક ભાવના પ્રતિદિન બલવત્તર બને છે. તે દૃષ્ટિએ ઘરડાં વિના ગાડા ન વળે એ નક્કર હકીકત છે. ઉપદેશમાળામાં (૮ઃ૯). 'વૃદ્ધોનાં વચનોની અવગણના ન કરવી, કારણ તેઓ પણ પોતાના વડવા પાસે શીખ્યા હોય છે, તેમની પાસેથી તમને સમજણ મળશે, અને પ્રસંગ આવ્યે કેમ જવાબ આપવો તે તું જાણવા પામશે.'

પરિવારમાં દાદાદાદી કે નાનાનાની સાથે રહીને ઉછરતાં સંતાનોને મળતા લાભો પર દૃષ્ટિપાત કરીએ.

**૧. પારિવારિક ભાવના :** પરિવારની અંદર સૌએ સંપથીને એક સાથે સમૂહમાં રહેવાનું, જેમાં ઘરના વડીલ-મોભીના હાથમાં આખા ઘરનું સંચાલન હોય છે. એટલે એમનાં સંતાનોને માથે માત્ર કમાવાની કે ઘરના કાર્યોની જવાબદારી હોય છે. બાકીનાં કામો વડીલના માથે હોય પરંતુ જ્યાં માત્ર પતિપત્ની અને બાળકો રહેતાં હોય છે, ત્યાં સમયની માંગ મુજબ બંને જણ નોકરી કરતાં હોય ને બાળક સ્કૂલ-ટ્યુશનની ભાગદોડ સાથે અભ્યાસમાં વ્યસ્ત હોય એટલે ઘરમાં કોઈને કોઈના માટે સમય રહેતો નથી. વળી દાદાદાદી પોતાના સંતાનોથી દૂર એકલાં અટૂલાં જીવન જીવી કાઢતાં દેખાય છે. પોતાનાં બાળકો અને માતાપિતાની મુશ્કેલીઓનો વિચાર કરી બધાં સાથે જીવન જીવતાં થાય તો પળવારમાં પરિવારનું વાતાવરણ પલટાઈ જાય. માબાપ સાથે રહેતાં હોય તો બાળકને ઘોડિયા ઘરમાં મૂકવાની જરૂર ન પડે. ઘરમાં દરેકને પોતાની વાત સાંભળનાર તથા મુશ્કેલીભરી પરિસ્થિતિમાંથી બહાર નીકળવા માટેનું માર્ગદર્શન આપનાર વડીલ મળી જાય છે. વળી દાદાદાદીને ય એમની સાથે વાતો કરનાર-સાંભળનાર ઘરમાં કોઈને કોઈ વ્યક્તિ મળી રહેતાં ટાઈમ સારી રીતે પસાર થઈ જાય છે. એકલવાયુંલાગતું નથી.

**૨. સુખદુઃખની વહેંચણી :** સમાજશાસ્ત્રીઓનું માનવું છે કે વિભક્ત કુટુંબમાં જ્યાં વધુમાં વધુ ચાર જણ રહેતાં હોય એવા કુટુંબમાં જીવનારા બાળકો ડિપ્રેશનનો ભોગ વધુ બને છે. રોજિંદી ભાગ-દોડમાં મમ્મી-પપ્પા પાસે પોતાના એકના એક સંતાનને શાંતિપૂર્વક પ્રેમથી સાંભળવાનો સમય હોતો નથી અને કદાચ હોય તો પણ બાળક મમ્મી-પપ્પાના આકરા વલણ વધુ પડતી અપેક્ષાઓને કારણે ડરના માર્યા કંઈ કહી શકતું નથી. પરિણામ આપણે જોઈએ છીએ કે સમાજમાં આત્મહત્યાના બનાવો વધી રહ્યા છે. જે ચિંતાનો વિષય છે. જ્યારે સંયુક્ત પરિવારમાં બાળકો તદ્દન મુક્ત વાતાવરણમાં મોટાં થાય છે. માનસશાસ્ત્રી ડો. સ્મિતા શ્રીવાસ્તવનુ કહેવું છે કે, 'સંયુક્ત પરિવારનો અર્થ એ છે કે ૨૪/૭ ચોવીસ કલાક બધાં એકબીજાની સાથે જીવે. જ્યાં કોઈ ક્યારેય એકલું પડતું નથી. કોઈપણ ટેન્શન કે પરેશાનીમાં બધાં પરસ્પર સાથે બેસીને એમાંથી બહાર નીકળવાનો માર્ગ શોધે છે.

**૩. સુરક્ષા :** ઘરમાં દાદાદાદી સદા હાજર જ હોય એટલે ઘરના દરવાજા કાયમ ખુલ્લા. બાળકને જાતે તાળુ મારવાની કે ખોલવાની ઝંઝટમાંથી મુક્તિ ! ઘરનાં સંતાનોએ ઉત્સાહભેર કે ખેદપૂર્વક ઘરમાં પ્રવેશ કર્યો હોય ત્યારે એને પૂછનાર 'દીકરા કેમ આજે આટલો ખુશ છે ?' કે પછી 'દીકરા, શું થયું કે તું આજે વીલા મોઢે આવ્યો કે આવી છે ?' ઘરના બાળકની મજા-મસ્તી, ઉદાસી નિરાશા જોનાર-સાંભળનાર તથા એવે વખતે પાસે બેસીને વાંસે હાથ ફેરવીને પ્રેમપૂર્વક જમાડનાર દાદાદાદી કે નાનાનાની ઘરમાં હાજર હોવાથી બાળકને ક્યારેય એવું નથી લાગતું કે મારાં મમ્મી-પપ્પાને અમારા માટે સમય નથી ! વાસ્તવમાં બાળકનો વિવિધલક્ષી માનસિક-બૌદ્ધિક વિકાસ એમના થકી થતો રહે છે.

**૪. અનુભવ પ્રેરિત જીવનપાથેય :** દાદાદાદી પાસે પોતાના પરિવાર સાથે જોડાયેલી, મમ્મીપપ્પા સાથે જોડાયેલી જૂની બાળપણની વાતોનો ભંડાર ભરેલો હોય છે, વડદાદા-દાદીથી માંડીને પપ્પા, કાકા, ફોઈ વગેરે સગાંઓ, નાનાનાની પાસે મમ્મી, મામા, માસી તથા અન્ય સગાંઓ, દરેકની અવનવી વાતો સાંભળવા મળે છે, જેમાં જન્મ-બાળપણથી લઈને એમના શિક્ષણ, ધંધો રોજગાર, મોજ-મસ્તી સુટેવો-કુટેવો, પારસ્પરિક સંબંધો સઘળી જાણકારી મળતી રહે છે. એટલું જ પર્યાપ્ત ન રહેતાં વાર-તહેવાર, જન્મદિવસ, લગ્નગાંઠ જેવા પ્રસંગોએ સમસ્ત પરિવાર વારાફરતી એકબીજાના ઘરે મેળાવડો રાખે છે. ઉજવણીઓ કરતાં રહે છે. જેનાથી પારિવારિક સંબંધો તરોતાજા વધુ ગાઢ બને છે.

**૫. પરિવારમાં ભૌતિક વસ્તુઓ વ્યક્તિનું સ્થાન કદાપિ ન લઈ શકે :** આપણે જોઈએ છીએ અને જીવીએ છીએ કે દરેક વ્યક્તિ ઘર-બહારની વ્યસ્તતામાં ડૂબેલો રહે છે. કોઈને માટે, ક્યારેક તો પોતાને માટે ય સમય કાઢવો મુશ્કેલ બને છે. આજે ત્રણ વર્ષના બાળકથી લઈને મોટેરાઓ સુધી સૌ કોમ્પ્યુટર, મોબાઈલ, આઈપેડની દુનિયામાં શ્વસી રહ્યા છે ને, ઘરમાં દાદાદાદીની હાજરી ઘરનાં સર્વેને એક બાબત શીખવાડે છે તે એ કે મશીન ક્યારેય માનવનું સ્થાન લઈ શકશે નહીં. એ ખરું છે કે મોબાઈલમાં વ્યસ્ત મમ્મી-પપ્પાનું સ્થાન આજે દાદાદાદી કે નાના નાની લઈ રહ્યાં છે જેઓ પોતાનાં પૌત્ર-પૌત્રી, દોહિત્ર-દોહિત્રીને પૂરતો સમય આપી એમની ઈચ્છાઓ પૂરી કરવા તત્પર હોય છે. પોતાના સમયના ભોગે પણ!

**૬. પરિવારમાં બાળકોને શીખવા મળતી જૂની-નવી વાતો :** દાદાદાદી, નાનાનાની અને મમ્મીપપ્પા સૌનાં લાડ-પ્યાર, સાથ-સહકાર અને હૂંફ, બાળકોને મળતાં રહે છે. એનો અર્થ એ છે કે બાળકોને જૂની-નવી બંને પેઢીઓ સાથે તાદાત્મ્ય સધાય છે. દાદાદાદી એમના જમાનાની જૂની વાતોથી પરિચિત કરે છે. જેવી કે બળદગાડી, ઊંટગાડી, ખેતરો, ડુંગરાઓ કે ગ્રામ્યચિત્રો દોરતાં રહે છે ત્યારે મમ્મીપપ્પા આધુનિક દુનિયાની વાતો જેવી કે એરોપ્લેન, ચંદ્રયાન કે મંગળના ગ્રહની અજાયબભરી વાતો કહીને એમનામાં નવુંનવું જાણવાની અભિપ્સા જગાડે છે. આમ બંને પેઢીનું સંધાન થતું રહેશે. જૂની વાતો પાયારૂપ બને છે, તો નવીનવી વાતો એમનો બૌદ્ધિક વિકાસ કરે છે.

**૭. પરિવારમાં દાદાદાદી કે નાનાનાનીની બોધ કથાની કમાલ :** નાનકડાં ભૂલકાંઓને વાર્તાઓ, બાળગીતો સાંભળવાં ખૂબ ગમતાં હોય છે. ઘણાં બાળકોને તો એક પ્રકારનું વ્યસન પડી જાય છે. કે મમ્મીપપ્પા કે દાદાદાદી (એમને ગમતાં) વાર્તા ન કહે ત્યાં સુધી એમને ઊંઘ આવતી નથી. આપણે બાળકોને સારી ટેવો પાડવી હોય, કંઈક સારું શીખવવું હોય તો વાર્તાઓ દ્વારા સમજાવીશું તો તરત જ એમના ગળે ઊતરી જશે. એની ઊંડી છાપ એમના નાનકડા મન પર પડે છે ને બાળક એનું અનુસરણ કરે છે. હિતોપદેશ, પંચતંત્ર જેવાં અનેક બાલસાહિત્યની ઉપદેશાત્મક વાર્તાઓ તથા ધાર્મિક વાતો સંતોનાં જીવનચરિત્રો એમના ચારિત્ર્ય ઘડતર માટે ઉપયોગી થાય છે. નોકરી કરતાં મમ્મીપપ્પા પોતાનાં બાળકોને શાંતિપૂર્વક વાર્તાઓ કહેવાનો સમય ફાળવી શકતાં નથી. જ્ઞાન સાથે ગમ્મત ભરી વાતો બાળકોનાં માનસિક અને બૌદ્ધિક વિકાસ કરે છે.

**૮. મમ્મી-પપ્પા બાળકોનાં રોલમોડલ :** બાળકો માટે મમ્મીપપ્પા રોલ મોડલ બની રહે છે. મમ્મીપપ્પાનું અનુકરણ -અનુસરણ બાળકો કરતાં હોય છે. ઘરમાં પ્રેમભર્યું વાતાવરણ હશે તો બાળકો પ્રેમભર્યો વ્યવહાર કરવાનાં અને એનાથી વિપરીત તોછડાઈભર્યું, ઝઘડાળુ વાતાવરણ હશે તો એ બાળકો માટે એ પ્રમાણે વર્તવાનાં. આપણે જે વાવીએ એ જ આપણે લણવાનું છે ખરું ને ? પેલી વાડકાવાળી વાત તમે કદાચ જાણતા હશો, આપણે આપણા વૃદ્ધો સાથે જેવો વ્યવહાર કરીશું તેઓ જ આપણા બાળકો આપણે વૃદ્ધ બનીશું ત્યારે કરી શકે એમ છે.

**૯. પરિવારમાં મમ્મી પપ્પાએ રાખવી પડતી સાવધાની :** પરિવારમાં બાળક દાદાદાદી કે નાનાનાની પાસે સુરક્ષિત અને ખુશ રહે છે. બાળકના ઉછેરમાં તેઓનો અમૂલ્ય ફાળો મહત્ત્વનો ભાગ ભજવે છે. એનો અર્થ બાળકના મમ્મીપપ્પાએ એવો નથી લેવાનો કે આપણે આપણા બાળકના ઉછેરની જવાબદારીમાંથી છટકી જઈએ. તમે તમારાં બાળકોને ઓછો સમય અને ઓછું ધ્યાન આપશો ને ન કરે નારાયણને તમારું મોટું થતું બાળક તમારા કહ્યામાં ના રહે તો એનો દોષનો ટોપલો તમારા વૃદ્ધ થયેલાં માબાપ પર કદી ન ઢોળતા. કારણ તમારી ઉછેરની જવાબદારી નિષ્ઠાપૂર્વક જેમ તમારાં માબાપે નિભાવી હતી, ઉઠાવી હતી, તેમ તમારેય એવી અને એટલી જ નિષ્ઠાથી તમારા બાળકોનાં ઉછેરમાં ધ્યાન આપવું જ રહ્યું. દાદાદાદી તમારા બાળકોના ઉછેરમાં માત્રને માત્ર ટેકારૂપ બની રહે છે. તમારા બાળકોના ઉછેરમાં પૂરેપૂરું ધ્યાન આપવું એ એમની ફરજનો ભાગ નથી. તેઓના માથે બાળકની પૂરેપૂરી જવાબદારીનો બોજ હરગીજ ન લદાય ! એવું કરવાથી ભવિષ્યમાં તમારું બાળક તમારું ન રહે તો કોઈનેય ફરિયાદ નહીં કરી શકો. આપણાં માબાપની ઘડપણની લાકડી બનીએ આપણાં બાળકો સાથે એમની પૂરી સાંરસંભાળ રાખીશું તો સમાજને વૃદ્ધાશ્રમની જરૂરિયાત નહીં રહે. સુભાષિતોમાં ગ્રંથનાં વચનો છે : "વૃદ્ધોનો તાજ છોકરાનાં છોકરાં છે અને છોકરાંનું ગૌરવ તેમના બાપદાદા છે." (સુભાષિતો ૧૭ઃ૬)

દાદાદાદી કે નાનાનાની સાથે રહેવાના અનેક લાભોની સામે વર્તમાન સમાજજીવન પર નજર નાખતાં કહી શકાય કે જૂની અને નવી પેઢી વચ્ચે અનુસંધાન કરવું, પરસ્પર સંવાદિતા સાધવી એ આપણે ધારીએ છીએ તેટલું આસાન નથી. માતાપિતા સંતાનો અને પૌત્ર-પૌત્રી ત્રણ પેઢીના ઉછેર-ઘડતર- વિચારોમાં મોટી અસમાનતા રહેતી છે. દાદાદાદી શારીરિક અશક્તિને લીધે તેમને પરાવલંબીપણું અસહ્ય થઈ પડે છે. ઘરમાં પોતાની સત્તા-અધિકારો ઝૂંટવાઈ ગયા હોય તેવી લાચારી અનુભવે છે. બીજીબાજુ સંતાનોને એમ લાગે છે કે એમનાં દાદાદાદીના લાડપ્યારને કારણે પોતાની મનમાની કરતાં બગડી રહ્યાં છે. એના કારણે માતાપિતા અને સંતાનો વચ્ચે મતમતાંતરો ચાલતાં ઘરમાં કજિયા કંકાસભર્યું વાતાવરણ સર્જાતાં સંતાનો, અલગ-સ્વતંત્રતાભર્યું જીવન જીવવા તૈયાર થાય છે. જમાનો તદ્દ્ન બદલાઈ ગયો છે. જ્યાં હકૂમત ન થાય. તેઓને સાંભળવા પડે, સમજાવવાં પડે, નહીંતર સહનશક્તિના અભાવે, અપરિપક્વતાને કારણે, આવેશમાં આવી જઈને આજની પેઢી આપણે ન ધાર્યું હોય તેવું કરવામાં ક્ષણનોય વિચાર કરતી નથી ને મહામૂલું જીવન ટૂંકાવી દે છે. એ ખરેખર સમાજને માટે અત્યંત ખેદ-ચિંતાજનક પ્રશ્ન છે. આપણા ઘરના વાતાવરણને એવું રાખીએ કે આપણું બાળક નિખાલસ બનીને મુંઝવણ રજૂ કરે. એક સૂચન આપણ સૌને ફળદાયી છે સાંજે કૌટુંબિક પ્રાર્થના-ગુલાબમાળાભક્તિ અને બાઈબલ વાંચન કરીએ. ઘરનું ભક્તિમય વાતાવરણ, દરેકને જીવન જીવવાની શક્તિ આપે છે એ ચોક્કસ ! સૌ સાથે રાત્રિભોજન લેવાથી સહુની સાથે વાતચીત, હસી-મજાકભર્યા વાતાવરણમાં તણાવો જરૂર ઓછા થશે અને હળવાશ અનુભવાશે તદુપરાંત સૌના સાથ-સહકાર અને પ્રેમ-હૂંફ પરસ્પર વધતાં રહેશે એ નફામાં ! ચાલો, આપણે પૂજનીય વડાધર્મગુરુ ફ્રાન્સિસ ઘોષિત લગ્ન અને પરિવાર વિષયક પરિપત્રનું આપણા સાંસારિક જીવનમાં અમલીકરણ કરતાં પ્રેમનું મહિમાગાન કરીએ. ૧૨મી સપ્ટેમ્બરે આપણે દાદા-દાદી દિન ઉજવીએ છીએ ત્યારે દાદી વિહોણાં અનેકને દાદીમાની હૂંફ આપનાર સંત મધર થેરેસાને વંદન અને આપણે જરા વિચારીએ, આપણે ક્યાં છીએ? આપણાં બાળકો ક્યાં છે?

તિખારો : "સારાં માતાપિતા તેમનાં બાળકોને મૂળ પણ આપે છે અને પાંખો પણ. મૂળથી તેઓ ઘરને ભૂલતાં નથી, પાંખોથી તેઓ નવાં વિશ્વો શોધે છે." -જ્હોન સાલ્કે

— ઈન્દુ રાવ

# કાવ્યધારા



## કરુણાનું મૃત્યુ

આતંકની ઉન્મત ટેન્કો
દેશ દેશની છાતી પર
દોડી રહી રમરમાટ
ન રેલાયા આક્રંદના ધોધ...
ઓ નિર્દોષ નમણી નારીઓ
સંતાઈ જાઓ પહાડો ખડકોમાં
ને ઉપરથી ઓઢી લો આભ...
ઓ આકાશ !
તારા પક્ષીઓના ટહૂકા
ખોવાયા ભેંકાર ખંડેરમાં
ને ભસ્મ થયા વિસ્ફોટ જ્વાળામાં...
ભૂખ્યા શિશુનાં અશ્રુ
ને જનેતાના કલ્પાંતથી
આખુંય વાતાવરણ સ્તબ્ધ
ને ભયભીત પવન
વહે ભાંખોડિયાં ભરતો...
હવે કોઈ તો લાવો કફન
કે માનવીની કરુણાનું
થઈ ગયું છે મોત...

*- સવિતાબેન પરમાર*

## કર્મનાં ફળ

સુખ દુઃખ એ તો કર્મનાં ફળ છે,
પ્રભુને દોષ ના દેશો કોઈ!

બાજરી વાવશે તે બાજરી જ લણશે,
ડાંગર ના લણશે કોઈ !

મીઠી વાણીથી જગત જીતાય છે,
ગાલી ગલોચ ના કરશો કોઈ !

જીવન એ તો પ્રભુની દેન છે,
એને વેડફી નાંખશો ના કોઈ !

*- જોન બેડા પરમાર 'રમણ'*

## વૃક્ષ રડે છે...

આ બધું જોઈને કેવું દુઃખી વૃક્ષ પડે છે,
ઓ! માનવ તું આ શું કરે કે વૃક્ષ રડે છે!

કેટકેટલા ઉપકાર છે દુનિયા પર જો,
ઓ! માનવ તને કેમ સજ્જન વૃક્ષ નડે છે!

સ્વાર્થી માનવ! ઘણાં કાપે છે વૃક્ષ તું,
છતાંય ક્યારેક તારી સાથે વૃક્ષ લડે છે?

સમય આવ્યો : માનવ પૂછે માનવને,
'શોધું છું વૃક્ષ!' તને ક્યાંય વૃક્ષ જડે છે?

જગનો ચાલે છે શ્વાસ એના થકી 'શૈલેષ'!
ક્યારેય તેં જોયું છે, હવામાં વૃક્ષ ઊડે છે.

*- શૈલેષ આઈ. પરમાર*

## ઘડપણમાં

ભાવે ભજીશું ભગવાન અમે ઘડપણમાં
હમણાંતો નવરાશ નથી મારા વીરા...

મોહ અને માયામાં મૂરખ ફસાયો
ન કરવાના કામ કરતાં, ના શરમાયો
હવે પસ્તાવાનો નહીં પાર,
તને ઘડપણમાં...

પ્રભુજીએ અમૃત પીવાને દીધાં
વિષયના પ્યાલા ઓગાળી તેં પીધાં
ભાન થયું છેલ્લીવાર,
તને ઘડપણમાં...

મારું તારું કરતાં છેલ્લો દહાડો આવ્યો
પ્રભુ ભજવાના કોડ જાગ્યા, કાળ આવ્યો
જીવડો ગૂંચવાયો, અંતકાળ...
તને ઘડપણમાં...

*- જોસેફ વાય. મેકવાન*

## હું તો આ ચાલ્યો !

કદી કોઈને,
કોઈએ જગતમાં ક્યાં બધું બતાવ્યું છે ?
બસ ! જિંદગીમાં સૌની,
ખરેખર એવું થતું આવ્યું છે !
ને તોય બધું જાણે ખુદા !
નિગાહોં નિરંતર ખુલ્લી રાખીને,
શ્વાસે શ્વાસે, હર ક્ષણોમાં,
કેટલું બધું ખળભળાવ્યું છે !
ખરે છે પર્ણો ને કૂંપળો ફૂટે,
જિંદગીની ડાળ ડાળીએ,
રાખ ખાખ થતાં શમણાં વચ્ચે
ઉપવન સજાવ્યું છે !
જાય-આવે અંધાર ને ઊજાશ,
એ નિત્યક્રમ કુદરતી,
એમ, નભથી ધરા સુધી સતત,
યુગોથી થતું આવ્યું છે !
મુજ લાગણીઓ શબ્દ બને કે ના બને
તોય ઊગ્યા કરે,
છે અગૂઢ લિપિ મૌનની,
ના કોઈથી અહીં વંચાયું છે !

*- ફ્રેડરિક બી. ક્રિશ્ચિયન*

સરનામું:
To,
ડો. સિલાસ પટેલિયા
૨૦૧-સેફ્રોન ક્લાસિક
SBS Colony, ડિલક્ષ ચાર રસ્તા
નિઝામપુરા વડોદરા - ૩૯૦૦૦૨
મો: ૯૩૭૭૨૬૬૮૨૮




# તમારો પત્ર



**(૧)**

મારે ઓગસ્ટ - ૨૦૧૬ના પાવન હૃદય 'દૂત'નું વાંચન કર્યું. મુખપૃષ્ઠ પર કંડારેલ આદિવાસી સ્ત્રીઓનું લાવણ્ય સભર- સ્ફૂર્તિલું ઝલક દર્શાવતું આદિવાસી નારીવૃંદનું ચિત્ર આવકાર્ય જણાયું. લેખન સામગ્રીમાં પ્રસિદ્ધ થયેલ લેખોનું વાંચન-મનન અને ચિંતન કર્યું. મહદ્અંશે સઘળા લેખો પ્રેરણાદાયી જણાયા તંત્રીશ્રીની કલમે કંડોરેલ લેખ 'જેલવાસ અને જેલસેવા' તેમજ 'પ્રભુ અનિષ્ટથી બચાવો' લેખ પડકારજનક અને સમયોચિત હોતાં સમાજોપયોગી હોતાં લાભદાયી બનશે જ. કેદીની કઠિનાઇ-એક કેદીની વ્યથા કહાની વાંચી હૃદય દ્રવી ઊઠ્યું. વળી દરેક સમાજ માટે નિંદનીય ઘટના આત્મહત્યા માટે 'પ્રભુ અનિષ્ટથી બચાવો' ધર્મ આધારિત આત્મહત્યાની સંખ્યાનો ગ્રાફ જોઈ હૃદય હચમચી ગયું. આત્મહત્યામાંથી પાછા ફરવાના ઉપાયની સુંદર રજૂઆત કરી માહિતીસભર લેખ લખવા બદલ તંત્રીશ્રીને અભિનંદન.

સખેદ ઈશ્વરે સર્જેલ પ્રાણી સૃષ્ટિમાં પોતાના જીવનને આત્મહત્યા રૂપે ટૂંકાવવાનો અધિકાર બનતો નથી. તેમ છતાંયે આત્મહત્યાના બનાવો આંતરે દિવસે બનતા રહ્યા છે જે દુ:ખની બાબત છે. ખેર આવા સમયે ફાધર વિનય મેકવાન એસ. જે. નો લેખ પ્રેરણાની પતવાર સમયોચિત હોતાં પ્રેરણાદાયી અને ચિંતનરૂપ જણાયો. પ્રાર્થના દ્વારા વિકટ સમસ્યાઓનું નિરાકરણ થઈ શકે છે તે સાચે જ સાચું છે. સમાજોપયોગી અને પ્રેરણાસ્ત્રોત લેખ લખવા બદલ ફાધર વિનય મેકવાન એસ. જે. (કથાકાર) ને અભિનંદન.

'ફસલ ખરેખર મબલક છે પણ ફસલને લણનારા ઓછા છે.' આજના ઝાકમઝાળ-મોજીલા ભૌતિક સાધનોની ભરમમાળામાં ગળાડૂબ પરિવારોમાં શ્રીમંત પરિવારોની હરિફાઈ ચાલે છે. તેવા સમયે સંન્યસ્ત વર્ગમાં જોડાઇ ઈસુના અનુયાયી થવામાં ઓટ આવી રહ્યો છે ત્યારે સિસ્ટર જોસેફાનો લેખ 'સમર્પિત જીવનની હાકલ' પ્રત્યેક પરિવાર માટે દિશાસૂચક જણાયો. લાગણીસભર લેખ લખવા સિસ્ટર જોસેફાને અભિનંદન. શ્રી જોકીમ મકવાણાનો લેખ 'ઈશ્વરની બેવડી દયા' ધર્મજનો માટે પ્રેરણાદાયી જણાતાં ઈશ્વર સાચે જ દયાળુ છે તેનું નિર્દશન જોવા મળ્યું. આજે જ્યારે વડાધર્મગુરુ ફ્રાન્સિસે આ વર્ષને દયાના વર્ષ તરીકે જાહેર કર્યું છે ત્યારે ઈશ્વરની દયાનો અનુભવ કરાવતો પ્રસ્તુત લેખ સૌને માટે ચિંતનરૂપ રહેશે. શ્રી જોકીમ મકવાણાને અભિનંદન.

છેલ્લે સ્વ. સિસ્ટર પ્રેમિલા એલ.ડી. અને સ્વ. સિસ્ટર જોસેફાઈન એલ.ડી.ને શ્રદ્ધાંજલિ અર્પતા લેખ તેમની સેવાની કદર કરતા માહિતીસભર લેખ, સૌને સ્વીકાર્ય રહેતાં પ્રેરણાદાયી બનશે તે નિર્વિવાદ હકીકત છે. બંને લેખિકાઓને અભિનંદન.

— શાંતિલાલ મેકવાન (બોચાસણ)

**(૨)**

જેની કાગડોળે રાહ જોતો હતો એવો 'દૂત'નો અંક યથાસમયે મળ્યો એનો આનંદ છે. તંત્રીલેખ 'પરાવર્તક' થી 'દૂત' વાંચવાની શરૂઆત કરી. લેખ વાંચતા વાંચતા કેટલાક સેવાભાવી વ્યક્તિત્વોનો પરિચય થયો. મહાત્મા ગાંધી, ડો. ભીમરાવ આંબેડકર, બાબા આમટે, મધર થેરેસા, વગેરે. પ્રેમ, દયા અને સેવા - આ ત્રણેય સદ્ગુણોનો સુભગ સમન્વય કરી લેખ તૈયાર કરવા બદલ તંત્રીશ્રીને અભિનંદન પાઠવું છું.

આજે લગભગ દરેક સમાજના લોકોમાં ઉપરોક્ત ત્રણ સદ્ગુણોની ખોટ વરતાય છે ત્યારે આ સદ્ગુણો ધરાવતા વ્યક્તિત્વનો વાંચકોને પરિચય કરાવ્યો એ ગમ્યું. 'એક્ઝામિનર', 'સી.એન.એન.ડોટકોમ' તથા 'ન્યૂયોર્ક ટાઈમ્સ'ની વેબસાઈટનો સાથ લઈ તૈયાર કરાયેલો આ લેખ સરસ છે. રમેશ મેકવાનની રચના 'કમાલ કરી નાખીએ' ગુણવત્તાવાળી લાગી. ધર્મબંધુ થોમસ એમસી (ઝારખંડ) એ એમના પત્રમાં મારી કૃતિ 'જાસુદનો છોડ'ની કદર કરીએ છે, એમને આ વાર્તા પ્રેરક લાગી છે. આભાર.

સિસ્ટર મનીષા મેકવાન (રાજસ્થાન)નો પત્ર વાંચ્યો. વોટ્સએપ અને અન્ય એપ્લિકેશન્સ હોવા છતાં તેઓ 'દૂત'માં ડોકિયું કરી લે છે એ બાબત આશા જન્માવે છે કે વોટ્સએપ અને અન્ય એપ્લિકેશન્સ હોવા છતાં લોકો વાંચવા તરફ પ્રેરાય છે.

સિસ્ટર રેશ્મા મેન્યુઅલ મેકવાનનો લેખ 'બાળપણનું મરણ' વાંચ્યો. એમની નજર બાળમજૂરો પર પડી છે અને એમણે એમના લેખમાં જે વિગતો અને વિચારો રજૂ કર્યા છે તે યથાર્થ છે. બાળમજૂરોની સ્થિતિ અત્યંત કંગાળ છે. એક તરફ સંપન્ન પરિવારના બાળકો વૈભવી જિંદગી જીવી રહ્યા છે, ત્યારે બીજી તરફ રેલવે પ્લેટફોર્મ અને બસ સ્ટેશન કે જાહેર રસ્તા ઉપર વેઠ કરતા બાળમજૂરો અત્યંત કપરી પરિસ્થિતિ હેઠળ જીવે છે.

'સંવેદનશીલતા દયાની ગંગોત્રી' માં જોન કાનીસ પરમારે માનવમનને સ્પર્શી જાય તેવા વિચારો વ્યક્ત કર્યા છે. કબીરને ટાંકીને એમણે લખ્યું છે કે 'દયા ધરમ કા મૂલ હૈ' વાત સાચી છે. દયા ધર્મનું મૂળ છે પણ સાથે સાથે એ પણ યાદ રાખવાનું છે કે દયા ડાકણને ખાય.

ડો. ભીમરાવ આંબેડકરની ૧૨૫ મી જન્મજયંતીને અનુરૂપ 'રાજબંધુ' જયંત એમ. પરમારનો લેખ 'કર્તવ્ય કાયમી સ્મારક' સમયોચિત રહ્યો. આ લેખ નિમિત્તે આંબેડકરનાં જોમ, જુસ્સો, હિંમત અને ખુમારીનો પરિચય થયો. ૨૩, એપ્રિલ નિમિત્તે વિશ્વ પુસ્તક દિન 'દૂત'માં પુસ્તક પ્રેમી અબ્રાહમ લિંકન વિશે જે વાંચવા મળ્યું તે ખૂબ જ પ્રેરક લાગ્યું. અબ્રાહમ લિંકને પોસ્ટમેન તરીકે કાર્ય ક્યું હતું. ટપાલમાં આવતાં પુસ્તકો લિંકન પોતે પહેલાં વાંચી લેતા હતાં અને ત્યારબાદ  ડિલિવરી કરતા હતાં. આ વાત વાંચીને પ્રતીતિ થઈ કે એમને પુસ્તકો પ્રત્યે કેટલો બધો પ્રેમ હતો.  આ લેખ મને વાંચવો ગમ્યો છે. શોષણવિહીન સમાજરચનાની નેમ સાથે નવસર્જન ટ્રસ્ટની રચના કરવામાં આવી એ વાત 'મુલાકાત' લેખ હેઠળ વાંચવા મળી. આ લખનારે માર્ટિન મેકવાનનું માત્ર નામ સાંભળ્યું હતું. પ્રસ્તુત લેખમાં માર્ટિન મેકવાને પેટ છૂટી વાત કરી છે. એ વાંચતા લાગે છે કે એમનો મુલાકાત લેખ પ્રગટ કરી 'દૂતે' એક આવકારદાયક કામ કર્યું છે.

"કોઈપણ કાર્ય કે ચળવળ માટે પોતાની જાત સાથે લડવાનું બને છે." લેખમાંનું આ વાક્ય મને વધારે સ્પર્શી ગયું.  માર્ટિન મેકવાન એમને પૂછવામાં આવેલ પ્રશ્નના જવાબમાં લખે છે કે 'અન્યાય અને શોષણની ઘટનાઓ સમાજમાં પવર્તે છે પણ સાહિત્યમાં આવી વાતો છપાતી કે લખાતી નથી.' આ એક જોરદાર મુદ્દો છે. હાલમાં સાહિત્યક્ષેત્રે પ્રવૃત્ત લેખકો શોષણ અને અન્યાયની વાતો લખે એ જરૂરી છે.  આ દિશામાં સર્જકોએ પહેલ કરવી અનિવાર્ય છે. માર્ટિન મેકવાનને પૂછવામાં આવેલ છઠ્ઠા પ્રશ્નનો જવાબ સ્પર્શી ગયો. એના જવાબમાં માર્ટિન  મેકવાન જણાવે છે, "આપણે આપણા માબાપની ઈચ્છા જાણીને તેને પૂરી કરવા, એમના જીવતે જીવ જ પ્રયત્ન કરવા જોઈએ."

ફાધર વિનાયકનું સમાજ અવલોકન સૂક્ષ્મ છે. તેઓ લખે છે કે ' લગ્નનો અર્થ ક્યારેક તેના ખર્ચ, ઝાકઝમાળ અને ભવ્યતાના ભારતળે માર્યો જતો હોય છે તેને બદલે સાદગીભર્યા પરંતુ અર્થસભર લગ્નો જ દામ્પત્ય તેમજ પરિવારજીવનને આગળ ઉપર જઈને ઊજાગર કરે છે. ' 'જે કર ઝુલાવે પારણું' બ્રધર સુધાકર એસ. જે. નો લેખ વાંચ્યો. એમાં એક વાક્ય છે કે દીકરાઓ મોટાભાગે બિનઉપયોગી બની જતા હોય છે અને સમય બગાડે છે. વાત સાચી છે. આપણે ત્યાં  મોટાભાગના યુવાનોને સમયની કિંમત હોતી નથી. વ્યસનો કરવામાં અને ટોળામાં બેસીને સમય વ્યતીત કરવાની એમની આદત એમનો વિકાસ રૂંધનારી છે. 'પ્રજાનો સેવક' લેખમાં લેખકે પેલા માજી અને એમના દીકરાને જે મદદ કરી એ ખરેખર સેવાનું કાર્ય કર્યું છે.  નમ્રતા આર. પરમારનો લેખ 'મહાન મા' વાંચ્યો. માતૃદિન નિમિત્તે આટલો સરસ લેખ લખવા બદલ લેખિકાને અભિનંદન.  ફાધર અનિલ સેવરીન એસ.જે. લેખ 'મા તે મા' બે વખત વાંચ્યો. માની મહાનતા વિશે લખવા બેસીએ તો ખૂબ લખાય.

બાબુભાઈ એમ. પરમારનો લેખ 'સંબંધોના સરવાળા' સમયોચિત રહ્યો. આજકાલ ઘરથી માંડીને કામના સ્થળ સુધી આપણા સૌનો વ્યવહાર એટલો બધો તણાવભર્યો અને તંગ બની ગયો છે કે વારેવારે અન્યો સાથે વાંકુ પડી જાય છે. સ્વજનોને અનુકૂળ રહેવાની વાત જો થોડાઘણે અંશે અપનાવવામાં આવે તો સુખમય રહી શકાય એમ છે.

ડો.  રોમાન ભાટિયાની નજરે વર્તમાન ગુજરાત કેવું છે એનું ચિત્ર તેમના લેખ 'જય ગરવી (વરવી) ગુજરાત !' માં થયું. એમણે જે પાંચ બાબતોમાં ગુજરાતનું દર્શન કર્યું છે એ બરોબર છે. મોટાભાગના લોકોને પણ આ પાંચ બાબતો દેખાતી હશે એમ હું માનું છું. ગુજરાત અને ગુજરાત બહાર વસતા એન.આર.આઈ. ગુજરાતીઓને માટે આ એક પડકાર છે કે  બધાને સાથે લઈને વિકાસ કરવો કે એકલા એકલા આગળ આવી જવું ! લગ્નોત્સુક યુવકયુવતીઓ માટે લગ્નશિબિરનું કેટલું મહત્ત્વ છે એ બાબત ફ્રાન્સિસ ડાયસર્સાના લેખમાં વાંચવા મળે છે.  સર્વેને અભિનંદન.

— અમિત ચૌહાણ (વલાસણ)

## નવેમ્બર - ૨૦૧૬

**મહત્વના દિવસો :**

૦૭ નવેમ્બર - વિશ્વ સુરક્ષા દિન/શિશુ સુરક્ષાદિન
૧૦ નવેમ્બર : વાહન વ્યવહાર દિન
૧૨ નવેમ્બર - રાષ્ટ્રીય પક્ષીદિન
૧૪ નવેમ્બર - બાળદિન
૧૬ નવેમ્બર - રાષ્ટ્રીય પત્રકારદિન
૧૮ નવેમ્બર - એન.સી.સી. ડે
૨૦ નવેમ્બર - બાળ અધિકારદિન
૨૪ નવેમ્બર - આં.રા. સ્વૈચ્છિક રક્તદાનદિન
૨૬ નવેમ્બર - રાષ્ટ્રીય બંધારણદિન

**ધર્મસભાના મહત્ત્વના દિવસો :**

૦૧ નવેમ્બર - સર્વ સંતોનું પર્વ
૦૨ નવેમ્બર - સર્વ સદ્ગત ભક્તોની સ્મૃતિ
૦૯ નવેમ્બર : લાતેરાંન મહામંદિરનું પ્રતિષ્ઠાપન
૧૩ નવેમ્બર - કમ્યુનિકેશન સન્ડે
૧૮ નવેમ્બર - સંત પીટર અને પાઉલના મહામંદિરનું પ્રતિષ્ઠાપન
૨૦ નવેમ્બર : રાજરાજેશ્વરનું પર્વ
૨૧ નવેમ્બર - કુમારી મરિયમનું મંદિરમાં સમર્પણ
૨૭ નવેમ્બર - આગમનઋતુનો પહેલો રવિવાર 'દૂત' રવિવાર
૨૯ નવેમ્બર - પ્રેષિત સંત આંન્દ્રિયા

**૫ ઓક્ટોબર, ૨૦૧૬ સુધી લેખ 'દૂત' કાર્યાલયને તેમજ કાવ્ય, કાવ્યધારાના સંપાદકને મોકલવા વિનંતી.**



# મેસેડોનિયાથી દુનિયા સુધી



✍ ફાધર મયંક પરમાર એસ.ડી.બી.

*રેક્ટર, ડોન બોસ્કો સોસાયટી, કપડવંજ*

૨૫ વર્ષનો એક છોકરો, ચાલુ ગાડીએ બારીમાં જોતાં બૂમ પાડી ઉઠે છે. 'પપ્પા, જુઓ તો ખરા, આ બધાં ઝાડ ઝડપથી આગળ જઈ રહ્યાં છે!' આ સાંભળીને પપ્પાએ સ્મિત કર્યું. નજીકમાં બેઠેલાં યુવાન પતિપત્નીએ ૨૫ વર્ષીય છોકરાની બાળસહજ ચેષ્ટા જોતાં અફસોસ વ્યક્ત કર્યો. ફરી એક વાર છોકરાએ જોરશોરથી લાગણી વ્યક્ત કરી : 'પપ્પા જુઓને! વાદળ આપણી સાથેસાથે દોડે છે!' યુવાન દંપતી માટે આ અસહ્ય હતું. તેમણે પેલા વડીલને સલાહ આપીઃ 'તમારા દીકરાને એક સારા ડોક્ટર પાસે લઈ જાઓ તો કેટલું સારું! વડીલ હસ્યા અને કહ્યું : 'અમે ડોક્ટરની સલાહ પ્રમાણે જ કર્યું છે. હાલમાં અમે હોસ્પિટલમાંથી બહાર આવીએ છીએ. અમારો દીકરો જન્મથી આંધળો હતો. આજે તેને આંખ મળી છે!'

પૃથ્વી પરના પ્રત્યેકને પોતાની એક કથા-વ્યથા હોય છે! કોઈ પણ વ્યક્તિ વિશે જાણકારી મેળવ્યા વિના તેના અંગે અભિપ્રાય બાંધવો નહીં. સત્ય તમને આશ્ચર્ય પમાડે તો નવાઈ નહીં. મધર થેરેસાએ પોતાના જીવનકાળ દરમિયાન કોઈના વિશે અભિપ્રાય બાંધી, ઈશ્વરના પ્રેમથી અલિપ્ત રાખ્યા નથી ! તેઓ જેવા છે, તેવા જ, જે તે સ્થિતિમાં જ તેમને ચાહ્યા છે !

સપ્ટેમ્બર ૨૦૧૬માં કેથોલિક આલમમાં એક સંતનો ઉમેરો થશે. જેની તૈયારી વિશ્વધર્મસભાએ ડિસેમ્બર ૨૦૧૫ થી આદરી છે. સ્મૃતિ ચિહ્ન, સ્મરણિકા, અગાઉથી જ તૈયાર થઈ ગયાં છે. વિતરણ થઈ રહ્યું છે. દુનિયાના ખૂણેખૂણે સંતપદની ઘોષણાનાં વધામણાં કરવા તૈયારીઓ પૂરજોશમાં ચાલે છે. અઢાર વર્ષની લાંબી અવધિ બાદ શ્રદ્ધાળુઓની આતુરતાનો અંત આવશે, શ્રદ્ધાની ઉજવણી પરાકાષ્ઠાએ પહોંચશે.

સંતપદ અર્જિત કરવા મધર થેરેસાએ શું કર્યું ? આમ તો સર્વવિદિત છે. 'ગટરના સંત'નું બિરુદ જ તેમના જીવનકવન વિશે ઘણું કહી જાય છે. સાધ્વી બની આમ આદમીની સેવા માટે તેમણે માતા મરિયમની સંસ્થા (લોરેટો સિસ્ટર્સ)માં હાકલ સ્વીકારી અને એકાદ દસકાને અંતે 'હાકલમાં હાકલ' ને પારખીને મિશનરીઝ ઓફ ચેરીટી સાધ્વીસંઘની સ્થાપના કરી, નવો અર્થ અને સાચો આનંદ શોધ્યો. કોલકત્તાનાં એક સામાન્ય સાધ્વી અસાધારણ મધર થેરેસાબની ગયાં.

એલેકઝાંડર ધ ગ્રેટ જેણે વિશ્વને કબજે કર્યું હતું એ જ મેસેડોનિયા (હાલનું રીપબ્લિક ઓફ મેસેડોનિયા) માંથી એક વિશ્વ વંદનીય વિભૂતિની ભેટ- મધર થેરેસાનામે મળ્યાં છે. "પરમેશ્વરના હાથથી લખતી હું એક નાની પેન્સિલ છું કે જે વિશ્વને પ્રેમપત્ર મોકલતી રહે છે." એમ વિનમ્રતાથી સ્વીકાર કરનાર મધર થેરેસા જાણતાં હતાં કે, તેઓનું ભાવિ કોઈ એક જગ્યા કે દેશ, ધર્મ કે સમુદાય પુરતું મર્યાદિત નથી. તેઓની હાકલ એક સાધારણ સાર્વત્રિક હાકલ હતી! પ્રથમ વિશ્વયુદ્ધ અને પિતાનું અવસાન, કપરા સંજોગોમાં માતાની ઉદારતા-શ્રદ્ધાની અમિટ છાપ નાનકડી આગ્નેસના હૈયામાં કોતરાઈ ગઈ. બાર વર્ષની ઉંમરે તેણે સાધ્વી બનવાનું મનોમન નક્કી કર્યું હતું અને ૧૮ વર્ષની વયે લોરેટો સિસ્ટર્સમાં જોડાયાં, ત્યાર પછી ઘર-દેશને પાછા વળીને જોયાં નહીં! કોલકત્તા-ભારતમાં નવા લોકો, નવી સંસ્કૃતિ, નવી ભાષા, જુદા રીતરીવાજો, અવનવી રહેણીકરણી અપનાવી સંપૂર્ણપણે બંગાળી-ભારતીય બની ગયાં.

મધર થેરેસાની અંગત ડાયરીમાં તેમના જીવનનો ઉદ્દેશ સ્પષ્ટ રીતે વ્યક્ત થયો છે. 'પ્રભુ ઈચ્છે છે કે હું ગરીબીનો ક્રૂસ ધારણ કરી મુક્ત સાધ્વી બનું. નાગાં-ભૂખ્યાં, બેકાર, અપંગ-આંધળાં, રક્તપિત્તિયા - જેમને કોઈ ચાહતું નથી, સમાજ જેમને બોજારૂપ માને છે, જેમના માટે દરવાજા બંધ કરી રસ્તા પર બેહાલ કર્યા છે તેમની સંભાળ લેવી. જે વર્ષે (૧૯૫૦) ભારત સાર્વભોમત્વ પ્રજાસત્તાક રાષ્ટ્ર જાહેર થયું તે જ વર્ષ કોલકત્તાના મધર થેરેસાને વડાધર્મગુરુએ ધર્મપ્રાતીય સ્તરે સાધ્વી સંઘની સ્થાપના માટે સત્તાવાર મંજૂરી આપી.

બાર યુવતિઓથી શરૂ થયેલ મિશનરીઝ ઓફ ચેરીટી, આજે વિશ્વના ખૂણેખૂણે પહોંચી ગયાં છે. એક આલ્બેનિયત સાધ્વી ભારતીય નાગરિકત્વ સ્વીકારીને ગરીબ-નિરાધારનો આશ્રય બની ગયાં. સમગ્ર વિશ્વમાં જ્યાં જ્યાં આપત્તિ આવી ત્યાં પીડિતોનાં સાથી બન્યાં. ઈસ્રાયેલ અને પેલસ્ટાઈનના યુદ્ધસંહારમાં, શસ્ત્રવિરામ કરાવી બાળકોને બચાવ્યાં, ઈથીયોપિયા ભૂખ્યાંને ભોજન અને કર્તાબિલમાં કિરણોત્સર્ગના પીડિતોની સારવાર માટે સાથી સાધ્વીબેનો સાથે દોડી ગયાં. સમગ્ર વિશ્વના લોકોએ મધર થેરેસાના સેવાકાર્યની કદર કરી પણ સંખ્યાબંધ પુરસ્કારો અને ઢગલાબંધ આર્થિક સહાય મળવા છતાં મક્કમ મનનાં મધર થેરેસાનું અપરિગ્રહતાનું વ્રત અખંડ રહ્યું. ક્યાંક વિરોધનો વંટોળ પણ ઉભો થયો પણ પ્રભુના પ્રેમમાં પાગલ મધર થેરેસાને બધું જ સ્મિતવદને સ્વીકાર્યું અને વિજેતા બન્યાં.

તેમની હયાતીમાં જ આ દયાની દેવીને 'જીવતાં સંત' તરીકે લોકહૃદયમાં સ્થાન મળ્યું હતું. મરણ પછી એક વિશ્વવંદનીય મા તરીકે મળેલું સન્માન જોઈ દુનિયા અચંબો પામી હતી અને હવે માતા ધર્મસભાએ, સંતપદ અર્પણ કરીને , હરહમેંશ માટે આપણા માટે વિનંતી કરનાર મધ્યસ્થી તરીકે બહુમાન કર્યું છે. ●

# સમાજઘડતર માટે યોગદાન

## (સપ્ટેમ્બર મહિનાનો પ્રાર્થનાનો હેતુ)

✍ બ્રધર અભય પીટર તિર્કી

*ગુજરાત વિદ્યાદીપ સેવાસી-વડોદરા*

**મનુષ્યનું કેન્દ્ર સ્થાન :** દરેક જણ સર્વના હિત માટે અને મનુષ્યને કેન્દ્ર સ્થાને રાખતાં સમાજના ઘડતર માટે યોગદાન આપે.

**સુવાર્તા પ્રસારનું કાર્ય :** સંસ્કારોની ઉજવણીમાં સક્રિયતાથી સહભાગી બનીને તેમજ પવિત્ર શાસ્ત્ર પર ચિંતન કરીને ખ્રિસ્તીઓ પોતાની શુભસંદેશ પ્રચાર અને પ્રસારની જવાબદારીથી વધુ સભાન બને.

**ખ્રિસ્તી ધર્મમાં મનુષ્યનું કેન્દ્રમાં સ્થાન :** રોમના ધર્મસંઘ પરના સંત પાઉલના પત્રમાં આપણને જણાવવામાં આવે છે કે, "આપણામાંના દરેકે પોતાના માનવબંધુના સુખનો વિચાર કરવો અને તેનું હિત અને ઘડતર થાય એમ કરવું." (રોમ ૧૫:૨)

બીજી વેટિકન ધર્મ પરિષદ આ વિષયને વધારે મહત્ત્વ આપે છે. ઈશ્વરને જગત પર એટલો તો પ્રેમ હતો કે તેણે પોતાનો એકનો એક દીકરો આપી દીધો. આ કથનમાં ઈશ્વરનો માનવી પ્રત્યેનો ગાઢ પ્રેમ વ્યક્ત થાય છે. એક માનવી તરીકે હું ભલે નબળો હોઉં કે પાપમાં સતત ફસાતો જાઉં પણ ઈશ્વર પિતા મને એમનો પ્રેમ આપવા તત્પર જ રહે છે. હું પાપને છોડી શકતો નથી. પાપ મને છોડતું નથી આ વિચારમાં ને વિચારમાં આખી જિંદગી પૂરી થઈ જાય છે. પાપ એ તો થઈ જીવનના નકારાત્મક પાસાની વાત પણ હકારાત્મક રીતે જો જીવનને માણવું હોઈ તો આ રસ્તો છે પ્રેમનો. આજે તો પ્રેમમાં પણ આધુનિકરણ... પણ શાસ્ત્રવચન પ્રમાણે ઈશ્વરે જે પ્રેમ કર્યો છે એ જ ઉત્તમ,નિખાલસ ને બિનશરતી પ્રેમ. હવે ઈશ્વરપિતા પણ આપણી પાસે એ જ આશા રાખે છે કે આપણે આપણા પાડોશી પ્રત્યે એવો જ બિનશરતી પ્રેમ રાખીએ.

**પાડોશી પ્રેમના રસ્તે :** એમ કહેવાયું છે કે સ્વર્ગનો રસ્તો પાડોશીના ઘર થઈને જ જાય છે. માનવમાત્ર પર પ્રેમ કેવી રીતે કરવો એ ખ્રિસ્ત ઈસુ શીખવે છે. ખ્રિસ્તે પણ પોતાના હિતનો વિચાર કર્યો ન હતો. બીજાને મારી જાત જેટલો પ્રેમ કરવો એ જ ઈશ્વર માટે પવિત્રતા સમાન છે. ધર્માંધ બનેલા અમૂક અસામાજિક તત્વોના સાંપ્રત બનાવોથી તો આપણે સૌ જાણકાર છીએ કે તેઓ મનુષ્યના જીવનને જરા પણ મહત્ત્વ આપતા નથી. ધિક્કાર છે, એવા લોકોને જે નાત-જાતના ભેદમાંથી હજુ ઉપર આવ્યા જ નથી. પિતર પોતાના પ્રથમ પત્રમાં લખતા જણાવે છે કે સ્વતંત્ર માણસો તરીકે જીવજો, ઈશ્વરનાં બંધુ તરીકે જીવન ગાળજો. તમારે સૌને માન આપવું, ધર્મબંધુ ઉપર પ્રેમ રાખવો તથા લોકોના હિત અને ભલાઈ માટે કાર્ય કરવું....

સ્વ-કેન્દ્રિત નહિ પણ પરકેન્દ્રિય બનતાં ઈસુ શીખવે છે. ઈસુ સંપૂર્ણ બનવાની વાત શીખવતા ગયા છે. ખરા અર્થમાં સંપૂર્ણ બનવું એટલે એ સમજવું કે મારો પાડોશી કોણ ? અસંખ્ય વાર ઈસુએ પાડોશી પ્રેમને મહત્તા આપી છે. ઈસુના અનુયાયી તરીકે તો હું સેવા અને પ્રેમના પંથે જ મારા પાડોશીમાં ઈશ્વરની પ્રતિમાનાં દર્શન પામું એવી આજ્ઞા કરવામાં આવી છે. એક યોગ્ય સમાજનું ઘડતર કરવા માટે જરૂર છે હકારાત્મક પ્રેમ જે બીજાને જીવતાં શીખવે છે. આપણા શબ્દોમાં ને કાર્યોમાં આ પ્રેમની ધારા વહેતી હોવી જોઈએ. દુનિયાનું શ્રેષ્ઠ બલિદાન એ ખ્રિસ્તનું છે જેમણે ક્રૂસ ઉપરનું મૃત્યુ સ્વીકારી આપણને નવજીવનની ભેટ આપી એ હતો એમનો આપણા પ્રત્યેનો પ્રેમ. હું મારા પાડોશીના જીવનના ઘડતર માટે કઈક સારું કરી શકું? જો મારો જવાબ હા હોય તો જ ખ્રિસ્તનું બલિદાન સાર્થક થયું ગણાય.

**સંસ્કારોની ઉજવણી દ્વારા ઈશ્વર અને મનુષ્ય ઉપરના પ્રેમમાં આગળ વધીએ :** ધર્મસભામાં ઈશ્વરની પ્રતીતિ આપણે અનેક રીતે કરીએ છીએ. વિશેષ રીતે ઈસુનો અનુભવ કરવો અને બીજા સુધી એ જ અનુભવના ઝરણાંને વહેતું મૂકવું એ આગવી રીતે શક્ય છે. માતા ધર્મસભાએ આપેલા પવિત્ર સંસ્કારો દ્વારા. પવિત્ર સંસ્કારો માનવો માટે દિવ્યાનુભૂતિ સમાન છે. સંસ્કારોમાં ઈસુનો આપણા પ્રત્યેનો ગાઢ પ્રેમ વ્યક્ત થાય છે. સ્નાનસંસ્કાર અને બળસંસ્કાર દ્વારા આપણે ઈસુના દિવ્ય જીવનમાં સહભાગી થઈએ છીએ. માતા ધર્મસભા અને ખ્રિસ્તના અંગો બનીએ છીએ. આ સંસ્કારોમાં ઈસુ તરફનું આપણું પ્રયાણ શરૂ થાય છે ને એના ચીંધેલા માર્ગે આગળ વધીને એ દર્શન સ્પષ્ટ થાય છે.

મનુષ્ય તરીકે જ્યારે હું ઈસુના માર્ગથી ચલિત થાઉં ત્યારે પ્રાયશ્ચિત સંસ્કાર મને પાછા આવવામાં મદદરૂપ નીવડે છે. ખ્રિસ્તપ્રસાદ સંસ્કાર દ્વારા આપણે એમના સ્મારક તરીકે યજ્ઞ ચઢાવી એમના પ્રેમને, પવિત્ર બલિદાનને યાદ કરીએ છીએ. ઈસુના શબ્દોમાં કહેવું હોય તો એમ કહેવાય કે, કોઈ પોતાનાં ભાઈબહેન

માટે પોતાનો પ્રાણ પાથરે એનાથી મોટો કોઈ ત્યાગ હોય જ નહિ, એ જ ઈસુએ સાબિત કર્યું. લગ્ન સંસ્કાર ખૂબ જ પવિત્ર સંસ્કાર છે. જેમાં ઉત્પત્તિનાં ગ્રંથમાં આપેલી આજ્ઞા ફળીભૂત થાય છે. ઈશ્વરની આજ્ઞા પ્રમાણે પતિપત્ની સહમતિથી એકબીજાને વરે છે ને સંતાનોના ઉછેરને ધર્મસભામાં એક પવિત્ર કુટુંબ બની રહેવાનું વચન આપે છે. આ થકી એક આદર્શ સમાજની પણ રચના થાય છે. પુરોહિતદીક્ષા સંસ્કાર કે એક સાધ્વી તરીકે જીવન ગાળવું એટલે દુનિયામાં રહેવાનું પણ દુનિયાના થઈને નહીં. ધર્મસભાને આગળ ધપાવવા, શુભ સંદેશનો ફેલાવો કરવા અને માનવ અને ઈશ્વર વચ્ચે સેતુ રચવા એ મુખ્ય કાર્ય કરવાનો એક સેવક તરીકેનો અનેરો લહાવો પ્રદાન થાય છે.

આરોગ્યપ્રદાન સંસ્કાર આપણને નવજીવનની ભેટ આપે છે. સામાન્ય રીતે એવું માનવામાં આવતું કે જે મૃત્યુની અણી પર છે એમના માટે જ આ સંસ્કાર છે પણ આ સંસ્કાર દ્વારા માણસને સ્વાસ્થ્યની ભેટ મળે છે. નવું જોમ ને જુસ્સો મળે છે. સંસ્કારો એક મનુષ્યને બીજા માટે પોતાની જાતને નિચોવી નાખવાનું શીખવે છે. દુનિયામાં જો દરેક માનવી બીજા માટે જીવવાનો પ્રયત્ન કરે તો સ્વર્ગની અનુભૂતિ અહીં જ થાય. વહાલાંઓ, અનેક સંતો મહાત્માઓએ આ જ રસ્તા પર ચાલીને ઈસુનો સાક્ષાત્કાર કર્યો છે. એકબીજાને પ્રેમથી સહી લેવામાં જ સર્વનું હિત છે. પ્રાર્થના કરવાનું ચાલુ રાખીએ કે આપણો પાડોશી પ્રેમ ઉત્તરોત્તર વધતો જાય ને સાચા અર્થમાં આપણે સૌ ઈસુના શિષ્ય બની રહીએ. ●

## Aaron 1st Birthday



Dear Aaron, 02-09-2016

Wish you a very Happy Birthday. May God bless you. God give all the happiness which are exist in the world. May the Lord always keep you safe.



જીવંત ઈશ્વરપિતા પ્રત્યેનો અમારો વિશ્વાસ એટલે તમે પ્રાર્થનામાં જે કાંઈ શ્રદ્ધાપૂર્વક માગો છો એ તમને મળી ચૂક્યું છે એવો વિશ્વાસ રાખો તો તમને ચોક્કસ મળશે.

ઈશ્વરપિતાએ અમારા જીવનમાં કરેલા ઉપકારો આશીર્વાદોને માટે હૃદયથી આભાર માનીએ છીએ.

***Thanks You LORD.***

***With Love Prayer and Good Wishes From bottom of our heart***

***Kanubhai Patelia (Dada)*** ***Alpesh Patelia (Papa)***
***Madhuben Patelia (Dadi)*** ***Rashmika Patelia (Mom)***
***Umreth***
***Isudas Christi (Nana)*** ***Dinaben Christi (Nani)***
***Nadiad***

# હાર્દિક અભિનંદન





પરમ પિતા તેમજ પ્રભુ ઈસુની અસીમ કૃપા અને તેમના વરદાન જ્ઞાનથી અમારા નાના દીકરા અલ્કેશ અને પારૂલની દીકરી **ચિ. શ્રદ્ધા** ધોરણ ૧૨ સાયન્સમાં ૯૯.૭૧ પર્સન્ટાઈલ A1 ગ્રેડ સાથે ઉત્તીર્ણ થઈ કેનેડામાં ''એરોનોટીકલ એન્જિનીયરિંગ'' ક્ષેત્રે ઉજ્જવળ કારકિર્દી બનાવવા માટે પ્રભુના આશીર્વાદ સાથે કેનેડા ગયેલ છે.

''શ્રદ્ધા પ્રગતિના સોપાન સર કરે, ઉજ્જવળ કારકિર્દી બનાવે તેવી પરમપિતા પરમેશ્વર પ્રભુ ઈસુને નમ્ર પ્રાર્થના.''

**અતુલ પરમાર (કાકા)** **જ્હોન સીરીલ પરમાર (દાદા)** **અનિલ પરમાર (કાકા)**
**વસંત પરમાર (કાકી)** **શાંતાબેન જ્હોન પરમાર (દાદી)** **વિજયા પરમાર (કાકી)**

**બાળકોઃ સમીર, દિપ્તી(ભાભી), રોનક, ધ્રુવિલ, વૃન્દા, બ્લેસી**



# દીન દુખિયાનાં બેલી

✍ સ્મિતા બકુલ મેકવાન

*પ્રમુખ, રચના ખાદી ગ્રામોદ્યોગ સેવાસદન, વડોદરા*



'પ્રાર્થનામાં અણુબોંબથીયે વધુ તાકાત રહેલી છે.' એક અગ્રણી સામયિકની મુલાકાત દરમ્યાન મધર થેરેસાએ ઉચ્ચારેલા આ શબ્દો તેમના ઈશ્વર સાથેના સંબંધની ગવાહી પૂરે છે. અસંભવ કાર્યોની સફળતાનું રાઝ આ અડગ શ્રદ્ધાવાળો ઈશ્વર સાથેનો વાર્તાલાપ જ છે. આ વાત તેઓના જીવનમાં સિદ્ધ થઈ ચૂકી હતી. આ જ કારણસર ગરીબોના સેવાકાર્ય પાછળ તેઓનો ઉત્સાહ બેવડાયો હતો. મધરની નિઃસ્વાર્થ પ્રાર્થના પીડિતો, બીમાર, રાંક બાંધવોની સહાય અર્થે થયેલો એક આર્તનાદ જ હતો. તેઓની કૂંખે એકપણ બાળક અવતર્યું ન હોવા છતાં કરોડો દુખિયારાઓનાં તે જાણે 'સગાં જનેતા' બની રહ્યાં હતાં. દીન-દુખિયાનાં આંસુ અને પરસેવો લૂછવામાં જ આયખું આખું ન્યોછાવર કરનાર આ નારી પોતાની સુખ-સગવડો અને સ્વાસ્થ્ય પરત્વે બેદરકાર હતી. જે નાનકડી ઓરડીમાં તેઓ રહેતાં ત્યાં પંખો પણ નહોતો. માત્ર બે સાડી અને એક ડોલ જેવી અંગત મૂડી ધરાવતાં. સાદગીભર્યાં જીવન જીવતાં, મુઠી હાડકાંના માળા સમી કાયા ધરાવતાં, મુઠી ઉંચેરી આ સ્ત્રીના સેવા ભેખ આગળ, એરકંડિશન્ડ વૈભવશાળી આશ્રમોમાં રહેતા અને ઈમ્પોર્ટેડ કારોમાં ફરતા સાધુ-સંતોની પણ શી વિસાત ! નાનાં બાળકો પ્રત્યે સવિશેષ ભાવ ધરાવનાર મધર થેરેસાનો "ગરીબ બાળકનું હાસ્ય એ જ મારે મન સુખ અને એનું રૂદન એજ મારું દુઃખ" જીવનમંત્ર રહ્યો હતો.

૫મી સપ્ટેમ્બર, ૧૯૯૭ના દિવસે પ્રસાર માધ્યમો દ્વારા મધર થેરેસાના અવસાનના સમાચાર જાણી ધરતીકંપ જેવો આંચકો અનુભવ્યો હતો. કારણ, સન્માનની દૃષ્ટિએ મારા મતે મધર થેરેસા કરુણાનો મહાસાગર હતાં! મારી આંખો સમક્ષ તેઓની છબી તરવરી રહી. બ્લુ બોર્ડરવાળી સફેદ સાડીમાં લપેટાયેલું સાલસ વ્યક્તિત્વ... કરચલીવાળા નમસ્કારની મુદ્રામાં જોડાયેલા બે હાથ, ચહેરા પર લીંપાયેલું બાળક શું નિર્દોષ હાસ્ય....... અને કરુણા નીતરતી આંખો.

૨૭મી ઓગસ્ટ, ૧૯૧૦માં ભારતથી હજારો માઈલ દૂર યુગોસ્લાવિયાના સ્કોપજે ગામમાં જન્મેલ આગ્નેસ નામની બાળાએ સિત્યાસી વર્ષ બાદ કલકત્તા જેવા શહેરમાં 'મધર થેરેસા' તરીકે અંતિમ શ્વાસ લીધા એ આ ધરતી સાથેનાં કેવાં અંજળપાણી ? લોહીની સગાઈ ધરાવતા સ્વજનો તો દૂર જ હતાં, પરંતુ સગાંઓ કરતાંયે નિકટના અસંખ્ય લોકોએ સાચે જ પોતાની વ્હાલસોઈ જનેતા ગુમાવ્યાની પીડા અનુભવી હતી. ત્યારના અખબારી અહેવાલ અનુસાર તન-મનથી ભાંગી પડેલા લોકોએ મધર થેરેસામાટે કાંઈ ન કરી શકવાનો વસવસો વ્યક્ત કર્યો હતો. મધરના રૂપમાં બીજા ભગવાનની છેલ્લી ઝાંખી કરવા માટે લાખો લોકો ધ્રૂસકે ધ્રૂસકે રડતા કલાકો સુધી લાંબી હરોળમાં ઊભા રહ્યા હતા. મિશનેરીસ ઓફ ચેરીટીના હોમમાં જ તેઓને દફનાવવામાં આવ્યાં હતાં. તેઓના જેવી સરળ અને નિરાળી વ્યક્તિનું સ્મારક માર્બલના ભવ્ય પથ્થરમાંથી નહિ, પરંતુ સાદી ઈંટોમાંથી બનાવવામાં આવેલું છે. કહેવાય છે કે એમના જેવી મહાન વ્યક્તિની સમાધિ બનાવવાનું ગૌરવશાળી કાર્ય કરનાર ઉત્તર પ્રદેશના મુસ્લિમ યુવક અને તેના સાથીદારોએ એ વખતે મજૂરી પણ લીધી નહોતી.

મધરના સમયનું કલકત્તા એટલે ભરચક વસ્તી ધરાવતું ઉકરડા જેવું શહેર અને તેથી પણ વધારે ઊભા થતા પ્રશ્નો, વળી આ નગરની વર્ણ-વ્યવસ્થા પણ એટલી કપરી હતી કે સરકાર પણ ચકરાઈ જતી. આમ જોવા જઈએ તો ઠેક યુરોપ ખંડમાં જન્મેલી સ્ત્રીએ એશિયા ખંડમાં આવેલા કલકત્તા નગરને પોતાની કર્મભૂમિ બનાવી એ પાછળ ઈશ્વરની યોજના નહિ તો બીજું શું ? બાર વર્ષની ઉંમરે જ અભ્યાસકાળ દરમ્યાન મિશનરીઓની સંગતના કારણે આગ્નેસે (મધર થેરેસા) ઈશ્વરની પ્રેરણા પારખીને દીન-દુખિયારાઓનો બેલી બનવાની ઈશ્વરેચ્છા સ્વીકારી. કલકત્તાના ગીચ માર્ગો પર પસાર થતા ફુટપાથ પર ત્યજાયેલાં, મરણાધીન, રોગિષ્ઠ, ગરીબ, દુખિયારાં લોકોને જોતાં તેમના હૃદયમાં આ લોકોની જનેતા બની પૂર્ણકાલીન સેવા કરવાની ઝંખના જાગી ઊઠી. તેઓને મનમાં થતું કે આવા લોકોની મધ્યે રહી કરાતી સેવા ચર્ચમાં રહી કરાતી પ્રાર્થનાથી પણ શ્રેષ્ઠ છે અને એ જ સાચી પ્રભુ સેવા છે. સમગ્ર કલકત્તામાં ગરીબ-ગુરબાંઓ, નિરાધારો, ભૂખમરામાં સબડતા લોકો, ભયંકર રોગોમાં સપડાયેલા લોકોને ગંદા-ગલીચ વસવાટોમાં ગમે તેમ જીવી નાખતા જોયા. આવી ઝૂંપડપટ્ટીઓ ખરાબ પ્રવૃત્તિઓ તેમ જ ભ્રષ્ટાચારથી ખદબદતી હતી. લોકોને આ નર્કાગારમાંથી ઉગારવા જરૂરી હતું. મધર જે સંઘમાં જોડાયેલાં હતાં તેના નીતિ-નિયમોથી તેઓના હાથ બંધાયેલ હોઈ, આ કામગીરી કરવી શક્ય નહોતી. સંન્યસ્ત જીવનથી તદ્દન વિપરીત એવું જીવન કે જેમાં નિઃસહાય, માંદગીગ્રસ્ત, જરૂરિયાતમંદો, તિરસ્કૃતો અને છેવાડાના લોકોની જનની બનવાની ઈશ્વરી યોજના સ્વીકારવા તેઓ જેવા બનવું આવશ્યક હોઈ, સંઘનો ત્યાગ કર્યો. લોરેટો સંઘની ઈમારતની નજીકમાં મોતીઝીલ નામની દુઃખના દરિયા સમી વસ્તીમાં

સેવાની ધૂણી ધખાવી. અહીં તેઓ બાળકોને શિક્ષણ આપતાં, અને અન્ય સંઘના સાધ્વીઓ દ્વારા કાર્યરત વૃદ્ધાશ્રમમાં પણ સહાય કરતાં. સમય જતાં, મધરે મિશનરીસ ઓફ ચેરીટી સંઘની સ્થાપના કરી. ભારતના ગંદામાં ગંદા શહેર તરીકે કુખ્યાત કલકત્તાની ગંદી અને ગીચ વસાહતોમાં સહેજે સૂગ રાખ્યા વગર કામ કરતાં લોકો તેમને નિહાળતા. રક્તપિત, કોલેરા, ક્ષય જેવી વ્યાધિઓથી ગ્રસ્ત દર્દીઓ અહીં ઊભરાતાં. તેઓ પાસે રહેઠાણ કે નાણાં નહોતાં તો પછી ઉપચારની વાત જ કેવી ? તદુપરાંત, કુંવારી માતાઓ દ્વારા ત્યજાયેલ બાળકો, સંતાનોની પરવરિશ ન કરી શકનાર માવતર દ્વારા તરછોડાએલ બાળકો, દીકરાઓએ રસ્તે રઝળતાં મૂકી દીધેલ રક્તપિતથી પીડાતા માવતરોને રસ્તાની ધૂળમાંથી ઉપાડીને મધરે 'નિર્મલ હૃદયમાં' આશ્રય આપ્યો હતો.

તબીબી આલમ પણ અભિભૂત થઈ જાય તેવો આ સેવાયજ્ઞ હતો. રક્તપિત જેવા ચેપી રોગના પરૂથી ઊભરાતા ઘારાઓ તેમજ કીડા પડેલા અંગોને સાફ કરી સારવાર કરવામાં તેઓને પ્રભુનાં દર્શન થતાં. તેઓની જરૂરિયાતો માટે મધરને લોકો તરફથી તન-મન-ધનનો સહકાર મળતો. વર્ષો અગાઉ નીલ-રતન નામે હોસ્પિટલની બહાર નિરાધાર અવસ્થામાં મૃત્યુ પામેલા એક વ્યક્તિને જોતાં જ તેઓના મનમાં 'નિર્મલ હૃદય'ની સ્થાપનાનો ખ્યાલ આવ્યો હતો. આ માટે તેઓએ મ્યુનિસિપાલિટી પાસે જગ્યાની માંગણી કરી. ખૂબ જહેમત બાદ, મહાનગરપાલિકાએ કાલિમાતાના મંદિર નજીક એક જગ્યા ફાળવેલ, જ્યાં તેઓએ પોતાના સ્વપ્નનું ઘર નિર્મલ હૃદય નું બાંધકામ કર્યું હતું. પરંતુ, મંદિરના પૂજારીઓએ ઉગ્ર વિરોધ પ્રગટ કર્યો. મધરની હેરાનગતિ વધી ગઈ. યોગાનુયોગ એક પૂંજારીને ગંભીર વ્યાધિ ગ્રસી જતાં, તેના તમામ સાથી પૂજારીઓ તેને તરછોડીને ચાલ્યા ગયા. આ સમયે મધરે 'નિર્મલ હૃદય' માં તેની સેવાચાકરી કરવામાં કોઈ જ કચાશ રાખી નહીં. સાજો થયેલો આ પૂજારી પછી તો મધરના પગમાં પડી ગદ્‌ગદિત થઈ બોલી ઊઠ્યો, "ચાલીસ ચાલીસ વર્ષોથી જે માતાની પૂજા કરતો આવ્યો છું એ કાલિમાતાએ મને આજે તમારા સ્વરૂપે દર્શન દીધાં છે." આમ, નિર્મલ હૃદયમાં અસહ્ય, બીમાર, પ્રેમવિહોણા, ભટકતા, ત્યજાયેલા, ચીંથરેહાલ એવા તમામ લોકોને આશરો સાંપડતો. જ્યારે મરણપથારીએ પડેલા લોકો માટે શાંતિથી મૃત્યુની ગોદમાં જવાનું આ વિરામસ્થાન બની રહેતું.

મધરની કાર્ય કરવાની પદ્ધતિ જ અનોખી હતી, કોઈ પણ જાતના બદલાની આશા વગર જ તેઓ રસ્તા પર કે ગટરમાં પડેલા, સડેલા અંગોવાળા, રોગીઓ, મરણ પથારીએ પડેલાં લોકોને સાફ સુથરા કરી, કપડાં પહેરાવી તેઓની સંભાળ રાખતાં, આમ, પોતાનાં કાર્યો દ્વારા પારકાંને પોતાનાં કરી ઈશ્વરનો મહિમા વધારતાં. કહેવાય છે કે, ઈશ્વર બધે જ પહોંચી શકે નહિ એટલે તેમણે 'મા' નું સર્જન કર્યું છે. પણ પૃથ્વી પરના એવા સેંકડો અભાગિયા જીવો છે જેઓને જનેતાની હૂંફ મળી નથી. આવા લોકો માટે પરમેશ્વરે મધર થેરેસાને પૃથ્વી પર મોકલ્યા હતાં. આ લોકો માટે મધર માત્રને માત્ર વહાલી મા જ હતાં. 'ભારત-રત્ન' કે નોબેલ પ્રાઈઝ વિનર એવાં મહાન નારી નહોતાં.

૪ થી સપ્ટેમ્બર, ૨૦૧૬ના રોજ જ્યારે મધરને સંતની શ્રેણીમાં મૂકવામાં આવશે ત્યારે મધર દ્વારા જે કમનસીબનું જીવન ઉગરી ગયું હશે અને આવા અભાગિયાઓ પૈકી જે કોઈ હયાત હશે એ કેવી અદ્‌ભૂત લાગણી અનુભવશે ! તત્કાલીન વડાધર્મગુરુ કલકત્તા આવ્યા ત્યારે મધરને મોંઘીદાટ કાર ભેટ આપી હતી, પરંતુ એ રહ્યા નિઃસ્પૃહી જીવ ! રક્તપિતના રોગીઓ માટે આશ્રય ઘર ઊભું કરવા માટે સહેજપણ ખચકાટ અનુભવ્યા વગર, મધરે આ લક્ઝ્યુરિયસ કાર વેચી દીધેલી. આ પરોપકારી મધરના આશ્રમો અમદાવાદ, વડોદરા જેવાં મહાનગરોમાં સેવા કાર્ય આગળ ધપાવી રહ્યા છે. ભારત માટે આ ગૌરવની ઘડી છે કે દેશને 'મધર થેરેસા' રૂપી સંતની દિવ્ય ભેટ મળનાર છે. ●


## પ્લોટ વેચવાનો છે

ચાવડાપુરા, સેંટ ઝેવિયર્સ હાઈસ્કૂલની નજીક,
પ્લોટ સ્વતંત્ર માલિકીનો છે.

રસ ધરાવનારે નીચેના મોબાઈલ પર સંપર્ક કરવો.

**મો. ૮૮૬૬૧ ૫૯૩૮૯**

## ડુપ્લેક્ષ મકાન વેચવાનું છે

૩ બેડરૂમ, રસોડું, પાર્કિંગ, ૨ ગેલેરી

*૧૫, સહયોગ ટ્વીન્સ, ચર્ચની બાજુમાં, ચાવડાપુરા, આણંદ*

**મો. ૮૭૫૮૦ ૯૧૨૯૫**

## મકાન વેચવાનું છે / ભાડે આપવાનું છે.

બેથલેહેમ પાર્ક, ચાવડાપુરા, ગામ જિટોડિયા

**સંપર્ક કરો:**

**મો. ૯૮૭૯૮ ૮૦૨૦૫**
**૯૭૩૭૦ ૩૬૨૫૬**

## ફલેટ ભાડે આપવાનો છે

2 BHK ફલેટ

*પરિષ્કાર - ૨, ખોખરા સર્કલ, મણિનગર, અમદાવાદ*

**મો. ૯૪૨૬૩ ૯૮૭૨૧**
**૯૪૨૮૫ ૧૯૮૨૩**



# પુરોહિતગણ-મધર થેરેસાની દૃષ્ટિએ

✍ ફાધર ડો. અરસકુમાર

*પ્રાધ્યાપક, ગુજરાત વિદ્યાદીપ સેવાસી, વડોદરા અને સભાપુરોહિત - બોચાસણ*

મધર થેરેસાને આપણા પુરોહિતગણ માટે ભારોભાર આદર. એટલો બધો આદર કે કોઈ પુરોહિતે તેમની સાથે અપમાનજનક વર્તન કર્યું હોય તો પણ તેઓ કદી એની ટીકા કરતાં નહોતાં. તેઓ જ્યારે પણ કોઈ પુરોહિતને મળે - એ યુવાન હોય કે વૃદ્ધ, ધર્માધ્યક્ષ હોય કે સામાન્ય પુરોહિત, તેઓ એક જ સરખા આદરથી તેમની સાથે વર્તતાં. તેઓ દરેક પુરોહિતને પ્રભુ ઈસુના પ્રતિનિધિ જ માનતાં હતાં. જ્યારે તેઓને લાગે કે કોઈ પુરોહિતને પોતાની ભૂમિકા માટે જોઈએ એટલો ઉત્સાહ નથી, તો તેઓ કહેતાં કે "ઈશ્વરની ઉદારતાને કારણે જ તેના કામ માટે તમને પસંદ કરવામાં આવ્યા છે. ઈશ્વર હંમેશાં સૌથી નબળા કે સૌથી ગરીબ ગણાતા અને કોઈને કલ્પના પણ ન આવે એવી વ્યક્તિઓને પોતાના કામ માટે પસંદ કરતો હોય છે."

પણ સાથોસાથ, મધરને પુરોહિતો પ્રત્યેની ખૂબ જ મોટી અપેક્ષાઓ રહેતી હતી જેમાંની સૌથી મોટી અપેક્ષા 'પવિત્રતા' માટેની હતી. તેમના મતે પવિત્રતા આપણા બધા માટે પ્રાથમિક ફરજ છે. પવિત્રતા એ પુરોહિતો માટે પાયાની કે પ્રાથમિક બાબત છે, નહીં કે કોઈ વિશેષ બાબત, કારણ કે પુરોહિત પ્રભુ ઈસુની ખૂબ જ નિકટ આવતા હોય છે. પુરોહિત માટે પવિત્રતા એટલે ઈશ્વર સાથે સંપૂર્ણ તાદાત્મ્ય કેળવવાનું સાધન, જેનાથી તે ઈશ્વરમાં અભિભૂત જીવન જીવે, પ્રાર્થનામય જીવન જીવે, ઈશ્વર માટે જ કાર્યરત જીવન જીવે અને એ રીતે પરમપિતાની સાથે એક બની જાય.

મધરના મત અનુસાર, જો પુરોહિતો પવિત્ર હોય તો ધર્મસભાનાં અન્ય અંગો એટલે કે ધર્મબંધુઓ, ધર્મભગિનીઓ તેમજ શ્રદ્ધાળુઓ પણ તેમની પવિત્રતાનું અનુકરણ કરશે. આજના સમયમાં યાતનાઓ અને દુઃખ કષ્ટોનું વાતાવરણ ચોમેર જોવા મળે છે ત્યારે પવિત્ર પુરોહિતોની ખૂબ જ તાતી જરૂરિયાત લાગે છે. પુરોહિતો પ્રભુ ઈસુના પ્રેમ અને શાંતિને માનવ હૈયા સુધી પહોંચાડવા માટે સમર્થ છે. પુરોહિત જોઈએ તેટલા પવિત્ર હોય તો પાપની માફી ઝંખતો શ્રદ્ધાળુ તેમની આગળ ઘુંટણે પડે ત્યારે તેને પાપમાંથી મુક્તિ આપવા માટે સક્ષમ બની શકે છે. આપણે પુરોહિત આગળ પાપથી લદાયેલા પાપી તરીકે આવીએ છીએ પણ પાપમુક્ત થઈને ત્યાંથી જઈએ છીએ. ઈશ્વર તરફથી કેટલા વિશાળ હૃદયથી અને મહાન પ્રેમથી આટલી મહાન સત્તા પુરોહિતને આપવામાં આવી છે!

"જેમનાં પાપ તમે માફ કરશો, તેમનાં પાપ માફ કરવામાં આવશે." (યોહાન : ૨૦:૨૩)

મધર થેરેસા કહેતાં કે પુરોહિતો માટે પ્રાર્થના કેવી રીતે કરવી એ શીખી લેવું ખૂબ જ મહત્ત્વનું છે. એક પુરોહિત માટે પ્રાર્થના એ તેમના જીવનનો આહાર છે. પ્રાર્થનાને અવગણતો પુરોહિત ઈશ્વરની નજીક ન રહી શકે. પુરોહિતને જો અગાધ શ્રદ્ધા ન હોય તો તેની માટે પ્રાર્થના કરવાનું અઘરું બની જાય અને જો પુરોહિત પોતે પ્રેમ ન આપી શકે તો બીજાને એમ કરતાં કેવી રીતે શીખવી શકે? એ જ રીતે પુરોહિતનું હૃદય એટલું તો વિશુદ્ધ હોવું જોઈએ કે તે શ્રદ્ધાપૂર્વક "આ મારું શરીર છે" એમ ઉચ્ચારી શકે અને રોટીને ઈસુના જીવંત દેહમાં પલટાવી શકે.

મધર થેરેસા તેમની વાતમાં ઘણી વાર એક સુંદર પ્રસંગ ટાંકતાં. તેઓ જ્યારે રશિયા હતાં ત્યારનો પ્રસંગ છે: " અમારાં સિસ્ટરના ચેપલમાં ખ્રિસ્તયજ્ઞ થતો અને જ્યારે પુરોહિતે તેમાં પ્રીતસંસ્કારની પેટીમાં પ્રીતસંસ્કાર મૂક્યો ત્યારથી ત્યાંના દવાખાનાનું વાતાવરણ જ બદલાઈ ગયું. એક અઠવાડિયા પછી ત્યાંના ડોક્ટરે આવીને પૂછ્યું, "મધર થેરેસા, આ શું થઈ ગયું છે. આખું વાતાવરણ બદલાયેલું લાગે છે!" મેં કહ્યું " મને ખબર નથી ડોક્ટર, કે શું થઈ રહ્યું છે" ડોક્ટરે કહ્યું : "કાંઈક તો થઈ રહ્યું છે, નર્સ અને ડોક્ટર દર્દીઓ સાથે ખૂબ પ્રેમ અને કાળજીપૂર્વક વર્તી રહ્યા છે. દર્દીઓ પણ પહેલાંની જેમ દર્દથી ચીસો નથી પાડી રહ્યાં. શું થઈ રહ્યું છે?" મેં તેમની સામે જોયું અને કહ્યું : "ડોક્ટર, ઈસુ તેમને સ્થાને બિરાજમાન છે - ત્યાં પેલા નાના ચેપલમાં. જીવંત ઈસુ, પ્રેમાળ ઈસુ. તેમના થકી જ આ આનંદ અને શાંતિ પ્રસર્યાં છે. ડોક્ટરે તેમનું માથું સંમતિમાં હલાવ્યું અને 'થેન્ક યુ' કહીને વિદાય થયા."

એકવાર કેટલાક પુરોહિતોએ મધર થેરેસાને 'પુરોહિતો અને માતા મરિયમ વચ્ચે શું સંબંધ છે!' એવો પ્રશ્ન પૂછ્યો. મધરે તેમને જે જવાબ આપ્યો તે આ મુજબ હતો: "પુરોહિતોના શિરે પવિત્ર બની રહેવાની કેટલી મહામોટી જવાબદારી છે ! તમારી પાસે જે ન હોય તે તમે બીજાને આપી શકતા નથી. તેથી જ પવિત્ર મારિયા માટે ઉત્કટ પ્રેમ હોવો જરૂરી છે. મા મરિયમ જ તમને જરૂરી માર્ગદર્શન અને રક્ષણ પૂરું પાડતાં રહેશે. તેમના પુત્ર ઈસુ માટે મા તમારી સંભાળ રાખશે. આજે દુનિયામાં પારાવાર હાડમારીઓ અને પ્રલોભનો છવાયેલાં છે. પ્રયત્નશીલ રહો કે માતાની જેમ જ તમે વિશુદ્ધ અને નમ્ર બની રહો. માતા જ તમને પ્રભુ ઈસુની જેમ પવિત્ર બની રહેવા માટે મદદ કરશે. માતાની વિશુદ્ધતા અને નમ્રતા જ પરમેશ્વર પિતાને સુદ્ધાં સ્પર્શી ગયાં હતાં અને તેથી જ તેમને પ્રભુ ઈસુની માતા બનવા માટે પસંદ કરવામાં આવ્યાં હતાં. પુરોહિત તરીકે તમારે માતાના શરણે રહેવું જોઈએ. તે તમારે માટે ખરી માતા પુરવાર થશે, તમને મદદ કરશે, માર્ગદર્શન આપશે અને મુશ્કેલીઓ તથા પ્રલોભનો સામે રક્ષણ પણ

પૂરું પાડશે. આપણી સંભાળ રાખવા માટે, માર્ગદર્શન મેળવવા માટે અને પ્રલોભનો તથા જોખમોનો સામનો કરવા માટે માતા મરિયમ જ આપણી ખરી માતા બની રહેવાં જોઈએ. આજના સમયમાં જ્યારે પુરોહિતોને સતત જોખમો, મુશ્કેલીઓ અને પ્રલોભનોનો સામનો કરવો પડે છે ત્યારે માતાના રક્ષણ અને માર્ગદર્શનની અવિરત જરૂર છે."

બીજી એકવાર મધરે પુરોહિતોને કહ્યું કે, 'લોકોમાં ઈશ્વરનો પ્રેમ અને કરુણા ફેલાય અને તેમને ઈશ્વરની હાજરીનો અનુભવ થાય એ રીતે કાર્યરત રહેવાની કેટલી મોટી જવાબદારી પુરોહિતોના શિરે છે. અમે વારંવાર અમારાં બધાં સેવા કેન્દ્રોમાં જોઈએ છીએ તેમ માણસો ઈશ્વરના શરણે પોતાના ગુનાઓની માફી મેળવીને શાંતિમાં મૃત્યુ પામવા માટે આવે છે. સંત પાઉલ કહે છે "ખ્રિસ્તના પ્રેમથી આપણને કોણ જુદા કરી શકે ?" (રોમ : ૮:૩૫) કોઈ પણ વસ્તુ કે કોઈ પણ વ્યક્તિ નહીં. એવો દ્રઢ નિર્ધાર કરો કે તમે ઈસુ સાથે અત્યંત ઘનિષ્ટતા અને અંગત રીતે સાથે જોડાયેલા રહો. ઈસુ જ તમારા જીવનમાં સર્વેસર્વા બની રહે જેથી તમે એમને અન્ય લોકોમાં વહેંચી શકો. પછી સંત પીતર અને સંત યોહાનની જેમ લોકો તમારી સામે જુએ અને તેમને તમારામાં ઈસુનાં દર્શન થાય.

મધર થેરેસાના આ વચનોથી માત્ર પુરોહિતો (ફાધર) નહિ પણ દરેક ખ્રિસ્તી પ્રેરણા મેળવી શકે છે. કારણ વિશાળ દૃષ્ટિએ જોતાં આપણે સૌ ઈસુ ખ્રિસ્તના પુરોહિતો જ છીએ. ●


**દિવાળી વેકેશન પ્રવાસ**

નડિયાદ - ઉજ્જૈન - ચિત્રકુટ - અલ્હાબાદ - બનારસ - ગોરખપુર - નેપાળ - અયોધ્યા - છપૈયા - આગ્રા - જયપુર - ચિત્તોડગઢ - ઉદેપુર પરત.

**ટિકિટ : રૂા. ૧૧,૫૦૦/-** **દિવસ : ૧૫**

તા. ૦૧-૧૧-૨૦૧૬ થી ૧૫-૧૧-૨૦૧૬

(નડીઆદથી નડીઆદનો ભાવ)

*(રહેવા-જમવા સાથે - રહેવા માટે કોમન હોલ)*

એડવાન્સ રૂા. ૬,૦૦૦/-

**બસ ઉપડવાનું સ્થળ:**

એલિમ મેથોડિસ્ટ ચર્ચ, મીશન રોડ, નડિયાદ

તા.૩૧-૧૦-૧૬ સોમવારે રાત્રે ૧૦.૦૦ વાગે બસ ઉપડશે.

:: વધુ વિગત માટે સંપર્ક કરો ::

**વિનુભાઈ એસ. મકવાણા**

*૧ જૈતુન સોસાયટી, મીશન રોડ, નડીઆદ*

**મો. ૯૮૨૪૩ ૧૫૯૫૭**



"માણસ એકલો રહે તે સારું નથી." (ઉત્પત્તિ ૨:૧૮)

**દેશ-વિદેશમાં ઘેર બેઠાં પ્રત્યક્ષ માહિતી આપતું ખ્રિસ્તી સમાજના બધા મિશનો માટે**

**ઈન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

**સમય: સવારના ૯.૩૦ થી સાંજના ૬.૩૦**

**(એપોઈન્ટમેન્ટ લઈને મળવું)**

૧. આપની ઓળખ અને ફોટા વગરનો તમારો બાયોડેટા છ (૬) વખત જાહેરાતમાં મૂકવામાં આવશે. (બે પેપરમાં, વેબસાઈટ અને ફેસબુક ઉપર)
૨. જાહેરાત તથા અન્ય ખર્ચ માટે યોગ્યતાના ધોરણે રજિસ્ટ્રેશન ફી લેવામાં આવશે.
૩. આર્થિક રીતે નબળી, વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી રજિસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
૪. વિદેશમાં સ્થાયી થવા ઈચ્છતા, GNM નર્સિંગ, BSC નર્સિંગ તથા ઉચ્ચ અભ્યાસ ધરાવતા લગ્ન ઈચ્છુક યુવક-યુવતીઓને યોગ્યતાના ધોરણે વિનામૂલ્યે વિદેશ જવાની સુવિધા. ઈઝરાયેલ જવા ધોરણ ૧૨ પાસ.
૫. કુંવારા, વિધવા, હેન્ડીકેપ, ૪૦ વર્ષની ઉપરના તથા સફેદ ડાઘવાળા પેન્શનર સીનીયર સીટીઝન પાત્ર મળશે.
૬. ઈઝરાયેલ વર્ક પરમીટ - કેર ટેકર જોબ માટે રાહત દરે જવા રૂબરૂ સંપર્ક કરવો.

**ડાયરેક્ટર : ભાઈલાલભાઈ એસ. ટેલર**

*પાર્ક સ્ટ્રીટ, મેથોડિસ્ટ નર્સિંગ સ્કૂલ સામે, મિશન રોડ, નડિયાદ - ૦૨, જિ. ખેડા (ગુજરાત)*

**મો. ૯૮૯૮૩ ૧૮૬૮૫, ૯૭૧૪૫ ૧૮૩૬૭**



"મે ધીરજથી યહોવાહની વાટ જોઈ, અને તેણે કાન દઈને મારી અરજ સાંભળી" ગી.શા. ૪૦-૧

**પુષ્પક ટુર્સ એન્ડ ટ્રાવેલ્સનાં સૌજન્યથી**

**Dream of Holy Land**

**Blessing Tours & Travels**

**પવિત્ર ભુમિની પાવન યાત્રા**

અમદાવાદ થી અમદાવાદ

ઈઝરાયેલ, પેલેસ્ટાઈન, ઈજીપ્ત (મિસર), જોર્ડન,

ખાસ આકર્ષણ દુબઈ ખરીદી અને સાઈડસીન

| | | | |
|---|---|---|---|
| દિવસ ૧૧ | રૂા.૧,૧૨૦૦૦ | ઉપડવાની તારીખ ૩-૧૧-૨૦૧૬ | તારાંકિત હોટલોમાં રોકાણ (૩★) (૪★) |

ખાસ નોંધ મે-૨૦૧૭ અને ઓક્ટો. ૨૦૧૭, નવેમ્બર ૨૦૧૭ માટે હપ્તા સિસ્ટમથી પ્રવાસનું આયોજન કરેલ છે.

રૂબરૂ મળો, સાંભળો, પૂછો, વિચારો અને વિશ્વાસથી નિર્ણય લો.

**રૂબરૂ સંપર્ક તથા વધુ માહિતી માટે મળો**

| ગ્રેટા ડીકોસ્ટા | પુષ્પાબેન એફ. |
|---|---|
| M. 7874427019<br>M. 9737301910<br>gretadcosta1@gmail.com | M. 9998470840<br>M. 9879581840<br>079-22932840 |

**ફ્રાન્સિસ સાયમન - ૯૮૨૫૩ ૦૩૮૪૦**

ઓફિસ: ૭, મારૂતીનંદન કોમ્પલેક્ષ, ખોખરા, મણીનગર(પૂર્વ), અમદાવાદ-૮



# વંદન વેદનામૂર્તિને...

## ૧૫ સપ્ટેમ્બર- વેદનામૂર્તિ માતા મરિયમ

✍ નમ્રતા રાકેશ પરમાર

*નેચરોપેશીસ્ટ, કરમસદ*



ચારે તરફથી સમસ્યાઓ કે પ્રશ્નો ઘેરી વળે ત્યારે આપણે એવું માનવાની ભૂલ કરીએ છીએ કે આટલું બધું દુ:ખ અને સમસ્યા ફક્ત આપણને જ છે. ક્યારેક આપણને એવો વિચાર પણ આવે છે કે બીજાઓ ખોટાં કામો કરીને પણ સુખી થાય છે, જ્યારે આપણે સાચા રહીને, સાચી રીતે વર્તીને પણ તકલીફ અને પીડા ભોગવીએ છીએ.

'હું જ કેમ ?' એવો સવાલ આપણને સમસ્યા તકલીફો કે દુ:ખો વખતે અચૂક થાય છે પરંતુ જ્યારે સુખ, સફળતા કે સંપત્તિ આવે ત્યારે આવો સવાલ આપણે કેમ પૂછતા નથી ? જેમ દુ:ખમાં આપણે 'મને જ શા માટે ?'નો સવાલ થાય છે !

ક્યારેક મનુષ્ય અસ્તિત્વને ટકાવી રાખવાના સંઘર્ષમાં પોતાના મનુષ્ય તરીકેના ગૌરવને વિસરી જાય છે. પોતાના જીવનમાં અતિશય ભારણ અને તણાવ અનુભવે છે અને પછી પશુ કક્ષાએ ઉતરી પડે છે ! પરંતુ આ જ સંજોગોમાં તે હિંમતપૂર્વક વેદનાનો સામનો કરે, તેની પાછળ છુપાયેલા જીવનના ઊંડા અર્થને સમજવાની ગૌરવપૂર્વક કોશિશ કરે અને સંકુચિત સ્વાર્થની જગ્યાએ જીવન મૂલ્યોને અનુસરવાનું પસંદ કરે તો પેલા વેદનાજનક સંજોગો તેના માટે સાર્થક નીવડે છે.

પીડા અને વેદના જીવનનાં અનિવાર્ય અંગ છે. સમગ્ર જીવન દરમ્યાન, મૃત્યુપર્યંત મનુષ્યનું જીવન વેદના સિવાય સંભવ જ નથી. વેદનાને સમજવાની કક્ષાએ મનુષ્યો ઊઠે તો જ તે પોતાની પીડાને લાયક બની રહે છે. અન્યથા તે જીવન વેડફે છે.

અંગત રીતે મારું એમ માનવું છે કે આપણે પીડાને અનુભવીએ તો છીએ પરંતુ તેનાથી સભાન થઈ તેને પારખવામાં ઊણા ઊતરીએ છીએ. દુ:ખને, વેદનાને, બસ સહન કર્યા કરીએ છીએ. આપણે તેનાથી દૂર ભાગવાનો કે દુ:ખ આવે જ નહીં તેમ જીવવાનો પ્રયત્ન કર્યા કરીએ છીએ. પરંતુ વેદનાનો સંદેશો 'વાંચવાનો' અનાયાસે રહી જાય છે. મોટા ભાગના લોકોને એમ ખબર જ નથી હોતી કે પીડાની પાછળ હંમેશા કોઈ સંકેત હોય છે.

આપણા કેથોલિક પંચાગના તહેવારોમાંનો એક તહેવાર વેદનાની ઉજવણીનો છે. 'વેદના મૂર્તિ માતા મરિયમ' નો તહેવાર અને તે પણ ૧૫ સપ્ટેમ્બર, તેમના જન્મદિન ૮ સપ્ટેમ્બરની પછી તરત જ ઉજવાતો તહેવાર.

આપણે સૌએ આપણા દુ:ખોનો અર્થ સમજવા યોબનો ગ્રંથ અચૂક વાંચવો જોઈએ. વિશેષમાં દુ:ખની વેળાએ માતા મરિયમ આપણા 'આદર્શ' બની શકે છે. માતા મરિયમનાં અનેક ગુણોમાંથી સ્પર્શેલા બે મુખ્ય ગુણો છે.

૧. માતા મરિયમની પીડા સહન કરવાની શક્તિ

૨. ઈશ્વર પરની એમની અતૂટ શ્રદ્ધા.

ઈસુના ક્રૂસનું સ્મરણ સાથે આપણે માતા મરિયમની વેદનાનું પણ સ્મરણ કરીએ છીએ. એ વેદના કષ્ટમયી હતી. એટલા માટે નહિ, પણ તે ફળદાયી નીવડી એટલે તેને યાદ કરીએ છીએ. ક્રૂસની નીચે અડગ ઊભા રહેલાં મરિયમ સમસ્ત માનવજાતનાં માતા બને છે. મુક્તિ ઝંખતી માનવજાતનાં તેઓ જનેતા બને છે. વેદનામૂર્તિ માતા મરિયમ સમગ્ર ધર્મસભાનો અને પ્રત્યેક ઈસુપંથીનો જીવનની વેદના મૌનમૂક સહન કરવાનો આદર્શ છે.

માતા મરિયમને પડેલાં દુ:ખનું વર્ણન નીચેના સાત પ્રસંગોમાંથી ઉજાગર થાય છે.

૧. શિમયોનની પયગંબરી વાણી- લૂક:૨ (૩૪-૩૫)
૨. મિસર પ્રયાણ - માથ્થી : ૨ (૧૩-૧૮)
૩. ઈસુ મંદિરમાં માતા મરિયમ અને ઈસુનું મિલન
૪. ક્રૂસ નીચે ઊભેલાં મા મરિયમ - યોહાન : ૧૯ (૨૫)
૫. પુત્રના શબને માતા મરિયમ ખોળે લે છે.
૬. પુત્રના અંતિમ સંસ્કાર વખતે ઉપસ્થિત માતા મરિયમ - માર્ક : ૧૫ (૧૭)

માતા મરિયમનાં દુ:ખ અને વેદના શારીરિક દુ:ખો ન હતા બલકે હૃદયનાં હતાં. દીકરાની વેદના, ક્રૂસ પર મરતાં દીકરાની વ્યથા, મરિયમના હૃદયની પણ વ્યથા હતી. ઈસુની પીડાનું કારણ આપણા પાપ છે. મુક્તિદાતા ઈસુએ આપણાં પાપની માફી માટે પીડા તથા મૃત્યુ સહન કર્યા અને માનવજાતને મુક્તિનું વરદાન આપ્યું.

જીવનમાં દુ:ખ અસહ્ય થઈ પડે ત્યારે આપણે આ દુ:ખમયી મા (વેદનામૂર્તિ મા) નું શરણું લેવું જોઈએ. તેના સાનિધ્યમાં આપણને શક્તિ અને દિલાસો મળશે. આપણા દુ:ખોનો અંત આવશે અથવા ઓછા થશે પણ ચોક્કસપણે તેનો સામનો કરવાની હિંમત અને કૃપા આપણને મળશે અને પરિણામ સ્વરૂપે આપણે પોતાની જાતની દયા ખાધા વિના કે બબડાટ વિના દુ:ખો સહન કરી શકીશું. ●

# વૃક્ષ એક લીલું છમ્મ...

✍ ડો. સિલાસ પટેલિયા

*સંપાદક 'કાવ્યધારા'*

શિક્ષકના જીવનના સંદર્ભમાં આ કાવ્ય -
બે કાંઠે છલકાતી નદીના તટ પર
વૃક્ષ એક લીલું છમ્મ ...
ડાળ એક નમેલી- ઝૂકેલી જળ તરંગ પર !

ઘેઘૂરઘટામાં કલશોર કરે પંખીઓ,
ને કોઈ કોઈ પંખી બાંધે માળાઓ,
મૂકે ઈંડા ને સેવે ને પોષે બચ્ચાંને,
ને મોટાં થતાં જૂએ પંખી
એને ઊડી જતાં...
સૂના રહે માળા -
સમયને સેવતાં રહે !

વૃક્ષ એક લીલું છમ્મ, જોયા કરે !
ફૂલ ખીલે, ફળ બેસે ને ફળોથી
ડાળ ડાળ પડે લચી,
વૃક્ષ રહે હસી !
હોય વૃક્ષ આવું વનમાં,
ને હોય પહાડોમાં ને ખેતરખૂણે કે વાડમાં !

આ કાવ્યમાં વૃક્ષ કેન્દ્રસ્થાને છે. વૃક્ષ જોયા કરે છે જળને, પંખીઓને ને માળાઓને ! એ જ્યાં છે ત્યાં જ રહે છે. એની પાસે જે આવે છે એ કંઈ પામે છે ને ધન્ય થઈને જાય છે. એક સાચા શિક્ષકનું જીવન પણ આવા વૃક્ષ જેવું હોય છે. એ કઈ રીતે, એને કાવ્યના સંદર્ભો વડે જ સમજવાની મથામણ કરીએ. એ મથામણમાંથી નીકળતા અર્થો વડે કાવ્યને માણ્યાનો આનંદ પણ થશે.

**લીલું છમ્મ વૃક્ષ :** આ રચનામાં વૃક્ષ તો છે પણ એ લીલું છમ્મ છે. એ બે કાંઠે છલકાતી નદીના તટ પર છે ને વળી એની ડાળીઓ જળતરંગ પર ઝૂકેલી છે. કેટલું તાજગીબક્ષ દૃશ્ય છે ! બે કાંઠે છલકાતી નદી આ જીવનનું પ્રતીક છે. એને કાંઠે વૃક્ષ લીલું જ રહે ને, એની ડાળીઓ પણ જલતરંગ પર ઢળેલી છે. કેળવણી જેના કાળજે છે એ શિક્ષક પણ વૃક્ષ જેવો છે. જીવન સાથે એ જોડાયેલો રહે છે. વહેતા જળ જેવા જીવનના અનુભવોને એ અંતરે ગ્રહે છે ને સતત આગળ વધે છે. એ આમ રહે, કરે ને વર્તે તો જ લીલોછમ્મ રહે, ધબકતો રહે, સમૃદ્ધ થાય.

**ઘેઘૂર ઘટા, પંખીને માળા :** લીલું છમ્મ વૃક્ષ, માત્ર લીલું જ નથી, ઘટાઘેઘૂર છે. એની ઘટામાં પંખીઓ આવે છે. કલશોર કરે છે. માળા ય બાંધે છે. વૃક્ષ આમ આધાર આપે છે. કશું લેવાની કશી અપેક્ષા નથી રાખતું. એક હાડોહાડ શિક્ષક, રુંવેરુંવે શિક્ષણની સરવાણી ઝીલતો શિક્ષક પણ ઘેઘૂર વૃક્ષ જેવો છે. જ્ઞાનથી એ ઘેઘૂર હોય છે. સતત વિદ્યાતપથી એ સંપતિવાન બન્યો હોય છે. એની આવી સમૃદ્ધિથી જ વિદ્યાર્થીઓ, એના તરફ ઢળે છે. એને ગુરુ ગણે છે. જીવનના માર્ગદર્શક માને છે. એની નિશ્રામાં તૈયાર થાય છે. જેમ પંખી વૃક્ષ ઘટામાં માળા બાંધે છે. ઈંડા મૂકે છે. સેવે છે, પંખીના બચ્ચાં મોટાં થતાં ઊડી જાય છે એમ શિક્ષકના જીવનમાં પણ અનેક વિદ્યાર્થીઓ આવે છે. કેટલાક વર્ષો લગી એની પાસેથી વિદ્યા મેળવે છે. તૈયાર થાય છે ને જીવનની વાટેઘાટે એ જતા રહે છે. પંખીના માળા સૂના લટકતા રહે છે એમ એ શિક્ષકના એ વિદ્યાર્થીઓ જીવનમાં ગોઠવાતાં શિક્ષકને કેવળ આનંદ જ થાય છે જેમ વૃક્ષ લીલુંછમ્મ જોયા કરે છે એમ શિક્ષક એ સર્વેના સ્મરણોમાં ધન્ય થતો જીવનજળના પ્રવાહને જોયા કરે છે. કશી જ રાવ ફરિયાદ કરતો નથી.

**ફૂલ ને ફળ :** સાચો શિક્ષક ખરાં ખંતથી વિદ્યાર્થીઓની મનની ધરતીને ખેડે છે. એનાં જ્ઞાન, સંસ્કાર અને જીવનના મૂલ્યો જેવાં કે પ્રેમ, માયા, મમતા, કરુણા, ક્ષમાભાવના, ત્યાગ ભાવના અવેરભાવના આદિનાં બીજ વાવે છે. વિદ્યાર્થીઓએ ગ્રહે છે ને એમના જ્ઞાનતેજની સાથે ચારિત્ર્ય ઘડતરનું તેજ પણ ખીલે છે. એની અસરના ફૂલ એના જીવનમાં એની સુંદર પ્રવૃત્તિઓ વડે ખીલે છે. ચારિત્ર્યના ઉમદા તત્વો વડે એ આગળને આગળ વધીને સાચો માનવ બને છે. સમાંતરે એ એના વિષયની વિદ્યાશાખામાં ડિગ્રીય પ્રાપ્ત કરે છે. એનું માણસાઈ ભર્યા ઈન્સાન બનવું અને ડિગ્રી મેળવવી એ એને મળેલાં ફળ છે. એ ફળ પ્રાપ્તિ એક લાંબી પ્રક્રિયાની નીપજ છે,જેમાં શિક્ષકનું પ્રદાન મૂલ્યવાન હોય છે.

**વૃક્ષ લીલું છમ્મ જોયા કરે :** વૃક્ષનું જીવન જ પરોપકારથી ભરેલું છે. આપીને એ ધન્યતાનો અહેસાસ કરતું હશે. વૃક્ષ જેવો શિક્ષક પણ તટસ્થ બનીને કેળવણીની લીલા જોયા કરે છે. જુએ છે, પણ કેવું ? તો લીલું છમ્મ ! લીલું છમ્મ જોવાની ઘટનામાં વિધાયક વલણ રહેલું છે. ક્યારેય, ક્યાંય, કશીય બાબતમાં નકારાત્મકતા નહીં બલ્કે હકારાત્મકતા જ એ દાખવે છે. એની જ અસર વિદ્યાર્થીગણ પર પડતી હોય છે. પોતાના દૃષ્ટિકોણથી, પોતાના સર્જનાત્મક વિચારથી એ કાયમ આદર્શને સિદ્ધ કરી બતાવે છે. વિદ્યાર્થીઓ માટે શિક્ષકનું આવું વલણ સ્વયં પ્રેરણાસ્ત્રોત બની રહે છે. આવું વૃક્ષ વનવગડામાં પહાડોમાં કે ખેતરોમાં હોય જ છે. આવા વૃક્ષ જેવા શિક્ષકો ય હોય જ છે. આવા વૃક્ષ જેવા શિક્ષકો જ ભાવિને ઘડે છે. રોજીરોટી માટે કોઈપણ વ્યવસાય હોય છે ને એ સહજ છે એમાં કશું ખોટું ય નથી પરંતુ એમાં સાચા હૈયાની પ્રતિબદ્ધતા ય જો હોય કે ભળે તો જીવનના આનંદથી ધન્ય થઈ જવાતું હોય છે. સાચો, ખરો ને રુંવે રુંવે શિક્ષક પણ આવો જ હોય છે. કોરી પાટી જેવું મન મગજ લઈને શાળામાં પ્રવેશતા દરેક બાળકને સાચો-ખરો શિક્ષક મળો એવી પ્રાર્થના અને શુભેચ્છા. ●



# ગુરૂ શિષ્યનો સંબંધ

✍ ફાધર શાઈજી

મ. સભાપુરોહિત, કેથેડ્રલ, ગાંધીનગર, સેક્ટર - ૮

વંદનીય શિક્ષક સાથીદારો,

મારાં ભૂતકાળના ચાર વર્ષનાં શિક્ષક તરીકેનાં મંતવ્યો રજૂ કરતાં આપ સૌના શિક્ષક તરીકેના શ્રેષ્ઠ એવા કામોની કદર કરું છું. અભિનંદન પાઠવું છું. આપ સૌને મારાં કોટિ કોટિ પ્રણામ!

શિક્ષકનો ધર્મ શું છે? દરેક વસ્તુ અને દરેક વિચારની ચોક્કસ લાક્ષણિકતા હોય છે. આ લાક્ષણિકતા અથવા તેનો ધર્મ તેને બીજાથી અલગ બતાવે છે. દા.ત. અગ્નિ, પ્રકાશ અને ગરમી આપે છે, ત્યાં સુધી તેને અગ્નિ જ કહેવાય છે. પરંતુ જ્યારે તે ગુણધર્મ ગુમાવે છે ત્યારે અગ્નિ કહેવાતો નથી. ટૂંકમાં શિક્ષક પોતાનાં કર્મોથી ઓળખાય છે, નહીં કે તેના દ્વારા ઉચ્ચારેલી વાણી દ્વારા.

એક શિક્ષક તરીકે મારા વિદ્યાર્થીઓને શું શિક્ષણ આપવું જોઈએ? તે સંદર્ભમાં હું શિક્ષકની મુખ્યત્વે ચાર ફરજો પર આપનું ધ્યાન કેન્દ્રિત કરવા માંગું છું. હું એક શિક્ષક હોઉં તો મારે મારા મનની શુદ્ધતા, મારા અંતર આત્માની શુદ્ધતા, મારા હૃદયની શુદ્ધતા અને મારા વિદ્યાર્થીઓ સમક્ષ કાર્યોની શુદ્ધતા દર્શાવવી જોઈએ. તો પછી સાચો વિદ્યાર્થી કોણ ? સાચો વિદ્યાર્થી એ છે જે શિક્ષકની આ ચાર ફરજોનો અહેસાસ કરે છે. જાણે છે, તેને વર્તન સ્વરૂપે પરિવર્તિત કરે છે અને છેલ્લે શિક્ષકની મદદથી પોતાની અંદરની સુષુપ્ત શક્તિઓને જાણી તેને બહાર લાવવાનો પ્રયત્ન કરે છે. ખરા અર્થમાં આ જ છે, ગુરૂ-શિષ્યનો સાચો સંબંધ.

આ ખરો ગૃરૂ-શિષ્ય સંબંધ પ્રજ્વલિત અને ફળદ્રુપ રાખવા શિક્ષકમાં નીચે પ્રમાણેના પાયાના સદ્ગુણો હોવા જોઈએઃ-

શિક્ષક દયાળુ અને માયાળુ હોવા જોઈએ, ઈશ્વર પર અખૂટ શ્રદ્ધા ધરાવતી વ્યક્તિ હોવી જોઈએ, તેમનું જીવન સિદ્ધાંતોથી ઘડાયેલું હોવું જોઈએ, તેમનાં વિચાર, વાણી અને વર્તનમાં ક્યારે પણ વિરોધાભાસ જોવા ન મળવા જોઈએ, તેઓ જીવન દરમ્યાન ચિંતક અને ક્રાંતિકારક હોવા જોઈએ, તેમની પાસે શૈક્ષણિક પૂરી માહિતી હોવી જોઈએ, તેમનું વર્તન હકારાત્મક હોવું જોઈએ, વિચાર, વાણી, અને વર્તન ચોકસાઈથી ભરપૂર હોવા જોઈએ. ક્યારે પણ અને ક્યાંય પણ પક્ષપાતને સ્થાન ન હોવું જોઈએ, તેના હસતા ચહેરાથી વિદ્યાર્થીઓ આકર્ષાય છે તે યાદ રહે, તેઓ કુદરત સાથે મનમેળમાં રહેવાની ભાવના રાખે, તેઓની વાણી અને વર્તન કોમળ, મૃદુ સૌમ્ય હોય અને શિક્ષક જ્ઞાન સાથે સદ્ગુણોથી સભર હોય છે તે ન ભૂલે. (યોહાનઃ ૮:૧-૧૧) વંદનીય શિક્ષક સાથીદારો, આ ધરતી ઉપર અતિ પવિત્ર બે જગ્યાઓ છે : (૧) માતાનું ઉદર : જ્યાં મા બાળકને જીવન પ્રદાન કરે છે. (૨) વર્ગખંડ: જ્યાં શિક્ષક વિદ્યાર્થીના જીવનનું ઘડતર કરે છે. આથી આ બે દૃષ્ટિકોણથી શિક્ષકનાં કાર્યો કેવાં હોવાં જોઈએ અને શિક્ષક કેવા હોવા જોઈએ તે સમજવા પ્રયત્ન કરીએઃ-

શિક્ષકે વિદ્યાર્થીને એવું શિક્ષણ પીરસવું જોઈએ જેથી વિદ્યાર્થી પોતાના ભાવિ જીવન માટેનું લક્ષ્ય સાક્ષાત્કાર કરે જેમકે તેમના જીવન માટે સારાં સ્વપ્નો જુએ તથા ભાવિ જીવનનું ભાથું તૈયાર કરે, શિક્ષકે વિદ્યાર્થીને એવાં શિક્ષણ અને શિખામણ આપવાં જોઈએ કે, જેથી વિદ્યાર્થીમાં 'પ્રબળ મનોબળ' ઉત્પન્ન થાય. 'આઈ કેન ડુ ઈટ' અર્થાત 'હું આ કરી શકું' એવો હકારાત્મક સંકલ્પ કરી શકે શિક્ષક શિક્ષણ દ્વારા વિદ્યાર્થીને એક પ્રતિષ્ઠિત નાગરિક બનાવે, બીજાને પ્રભાવિત કરે તે શિક્ષણ નહીં, પણ પ્રકાશિત કરે તે જ શિક્ષણ, શિક્ષક, શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓમાં રહેલી તેમની સુષુપ્ત શક્તિઓ બહાર લાવે અને વિદ્યાર્થીઓ પોતાના શિક્ષક પાસેથી મેળવેલ શિક્ષણ થકી દેશને યોગ્ય દિશા, પ્રગતિ, સમૃદ્ધિ, સાયન્સ અને ટેકનોલોજી, વિશ્વ કુટુંબની ભાવના અને આત્મિક પ્રકાશ તરફ લઈ જાય. ખરો શિક્ષક તે જ કહેવાય જે શિક્ષણનો અર્થ સજામાં નહીં પરંતુ વિદ્યાર્થી પોતાની જાતે જ તે કામ કરવામાં સમર્થ થાય તેને જ સાચું શિક્ષણ કહેવાય અને સાચું શિક્ષણ એ છે કે વિદ્યાર્થીઓમાં બૌદ્ધિક ચાતુર્ય, વિવેક, વિચાર, જ્ઞાન, અનુભવ અને સારાં મૂલ્યોનું સિંચન કરે. એટલે જ કહેવામાં આવે છે કે "Teacher's profession is the best profession in the world". હા, દુનિયામાં શિક્ષકની સેવા સૌથી શ્રેષ્ઠ હોવાથી અમૂલ્ય છે.

હવે આ બધાનો સારાંશ ત્રણ વાક્યોમાં રજૂ કરવો હોય અથવા શિક્ષકના ત્રણ અગત્યના ધર્મો કયા? શિક્ષક શિષ્ય તરીકે સાચું જ્ઞાન આપે અને સારાં મૂલ્યોનું સિંચન કરે. વિદ્યાર્થીઓની આવડતો અને તેમનામાં રહેલી સુષુપ્ત શક્તિઓને બહાર લાવે. વિદ્યાર્થીઓને એ જ રીતે ઘડવા જેથી કરીને તેઓ સમાજમાં, દેશમાં અને દુનિયામાં પરિવર્તન, ક્રાંતિ અને પ્રગતિ લાવવા સમર્થ બને. મારા જીવનના સૌથી શ્રેષ્ઠ ગુરૂ પ્રભુ ઈસુ ખ્રિસ્ત છે. ઘણા બધા સંતો, મહાપુરુષો, વૈજ્ઞાનિકો આ પૃથ્વી પર આવ્યા અને તેઓ આધ્યાત્મિક અને વૈજ્ઞાનિક ક્ષેત્રમાં ઘણી બધી શોધ કરી ચાલ્યા ગયા. પણ હજી સુધી કોઈએ પ્રભુ ઈસુની જેમ કહ્યું નથી કે "હું જ સત્ય, માર્ગ અને જીવન છું." આ છે સાચા શિક્ષક! સાચા શિક્ષકમાં દુનિયા સમક્ષ પ્રાણનું બલિદાન દઈને પણ સત્યની ઘોષણા કરવા હિંમત અને શક્તિ ધરાવતા હોય તેવા એકમાત્ર અલૌકિક શિક્ષક હતા, જે છે અને રહેશે તે માત્ર પ્રભુ ઈસુ ખ્રિસ્ત.

આદર્શ શિક્ષક તરીકે, શિક્ષક ફરજપ્રિય, પ્રેમાળ, સેવાભાવી, સમજદાર, જાતનું બલિદાન આપનાર, સર્જક, નમ્ર, ક્રાંતિકારી, પ્રેરણાત્મક, સફળતા પ્રાપ્ત કરનાર અને પરિવર્તક હોવા જોઈએ. જેનામાં ઈસુ તરીકેના ગુણો પ્રતિબિંબિત થાય. ●

મો : ૯૪૨૭૫ ૪૪૮૦૪




✍ સુશીલાબેન રાઠોડ

પ્રા. પંડિત દીનદયાલ
પેટ્રોલિયમ યુનિ. ગાંધીનગર

૧૬ સપ્ટેમ્બરને આપણે વિશ્વ ઓઝોન દિવસ તરીકે ઉજવીએ છીએ. આ ઉજવણીની શરૂઆત સને ૧૯૯૫માં કરવામાં આવી હતી સને ૧૯૧૩માં ચાર્લ્સ ફ્રેબ્રી અને હેન્રી  નામના વૈજ્ઞાનિકોએ ઓઝોન સ્તરની શોધ કરી હતી. ડોબ્સન નામના હવામાનશાસ્ત્રીએ પૃથ્વીની સપાટી પરથી જ ઓઝોનનું પ્રમાણ શોધવાની પદ્ધતિ શોધી હતી. જે ડોબ્સનમીટર તરીકે ઓળખાય છે અને તેનો એકમ ડોબ્સોન યુનિટ છે. ઉપગ્રહો  અને બલૂનની મદદથી પણ ઓઝોનનું પ્રમાણ જાણી શકાય. **ઓઝોન શું છે ? :** ઓઝોન ઓક્સિજનના ત્રણ પરમાણુ ($O_3$) ધરાવે છે, ઓઝોન આછા ભૂરા રંગનો તીવ્ર વાસવાળો વાયુ છે. જે પૃથ્વી પરના જીવો અને વનસ્પતિને તંદુરસ્તી બક્ષે છે. ઓઝોનનું અસ્તિત્વ શુક્ર પર પણ નોંધાયું છે.

પૃથ્વી પરનું વાતાવરણ ઊંચાઇ પ્રમાણે અનેક સ્તરમાં વહેચાયેલું છે. જેમાં ૦-૧૦ કિ.મી. ટ્રોપોસ્ફીયર અને ૧૫-૬૦ કિ.મી.ની ઊંચાઈ પર સમતાપમંડળ આવેલું છે આ સમતાપમંડળમાં ઓઝોન બને છે. અહીં ઓઝોન અલ્ટ્રા વાયોલેટ કિરણોનું શોષણ કરે છે અને ઓક્સિજનને બે પરમાણુમાં વિભાજીત કરી એને મુક્ત મુલકો (free radicals) માં ફેરવે છે. આ મુક્ત મુલકો ખૂબ જ ક્રિયાશીલ હોય છે અને તે ઓક્સિજન ($O_2$)ને ઓઝોનમાં સતત પરિવર્તિત કરતા રહે છે. ઓઝોનનું સૌથી વધારે પ્રમાણ અહીં હોય છે. પૃથ્વીની સપાટીથી ૨૦-૪૦ કિ.મી.ના સ્તરમાં સારો ઓઝોન એટલે (Good Ozone) બને છે.  સમતાપમંડળમાં બનતો ઓઝોન સારો ઓઝોન છે. આ ઓઝોન સૂર્યમાંથી નીકળતા હાનિકારક ultra અલ્ટ્રા વાયોલેટ (નીલાતીત) કિરણોને શોષી લે છે. જેથી હાનિકારક ultra અલ્ટ્રા વાયોલેટ કિરણો પૃથ્વી સુધી પહોંચી શકતા નથી અને પૃથ્વી પરના જીવો ઓઝોનની ગંભીર અસરથી બચી શકે છે. ઓઝોન નામની આ છત્રી ન હોય તો UV અલ્ટ્રા વાયોલેટ કિરણો સીધા જ પૃથ્વી પર આવી નુકસાન કરી શકે છે. આ અલ્ટ્રા વાયોલેટ કિરણો ચામડીનું કેન્સર, કરચલી, અકાળે મોતિયો વગેરે માટે જવાબદાર છે. જનીનની ખોડખાંપણ અને રોગપ્રતિકારકતા પણ ઘટાડી શકે છે જેથી બીજા અનેક રોગો થઈ શકે છે.

**ખરાબ ઓઝોન શું છે ? :** સારા ઓઝોનની જેમ ખરાબ ઓઝોન પણ હોય છે. જે માનવસર્જિત  છે. વાહનોનાં પ્રદૂષણ, કારખાનાંના ધુમાડા, ક્લોરોફોર્મ, ક્લોરો-ફ્લોરો કાર્બન (CFC) વગેરે ક્લોરીન ધરાવે છે. આ ક્લોરીન સૂર્યપ્રકાશની હાજરીમાં પ્રક્રિયા કરી ધુમ્મસ કે smog નો અનુભવ કરાવે છે. જે શ્વસનમાર્ગના રોગો, ચામડી તથા આંખોમાં બળતરા જેવી તકલીફો આપે છે. રબર અને પ્લાસ્ટીકના બંધારણને પણ નુકસાન કરે છે. વનસ્પતિના જનીનને પણ નુકસાન કરે છે. આ ખરાબ ઓઝોન (Bad ozone) છે જે પૃથ્વીના નજીકના સ્તર (ટ્રોપોસ્ફીયર)માં બને છે. ક્લોરીનનો એક મુક્ત મુલક ઓઝોનના ૧ લાખ જેટલા અણુઓ સાથે ખૂબ ઝડપથી પ્રક્રિયા કરી શકે છે. જેથી ઓઝોનનું પ્રમાણ ઘટે છે. ઓઝોન સ્તર પાતળું બને છે. ઓઝોનમાં ગાબડું એ બીજું કઈ નહિ પણ આ જ છે. હાલમાં મોન્ટ્રિઅલ પ્રોટોકોલ દ્વારા આવા ક્લોરીન રસાયણોના ઉપયોગ પર પ્રતિબંધ છે.

**ઓઝોન દિવસ શા માટે ? :** સારો ઓઝોન જીવ સૃષ્ટિ માટે ખૂબ જ ઉપયોગી છે અને ultra અલ્ટ્રા વાયોલેટ કિરણોની આડઅસરથી પણ બચાવે છે. માનવ હરકતોને લીધે આજકાલ ઓઝોનમાં ગાબડું પડી રહ્યું છે અથવા તેનું સ્તર પાતળું થઈ રહ્યું છે. આવું જો સતત થતું જ રહે તો ભવિષ્યમાં ultra અલ્ટ્રા વાયોલેટ કિરણો સીધાં જ પૃથ્વી પર પહોંચી સમગ્ર જીવસૃષ્ટિ માટે ખતરો ઊભો કરી શકે છે. વિશ્વ ઓઝોન દિવસ ઓઝોનના સ્તરની જાળવણી માટે સતર્ક રહેવાનો તથા જાગૃતિનો સંદેશો આપે છે.

કુદરતે આપેલી દરેક વસ્તુને બચાવીશું તો જ આપણું અસ્તિત્વ સલામત રહેશે.  ઓઝોન સ્તર વિનાની પૃથ્વી એ છાપરા વિનાના મકાન જેવી છે. ઓઝોન સ્તર બચાવો. ●




**Our Services:**

★ એર ટિકીટ ★ પેકેજ ટુર
★ હોટલ બૂકિંગ (Worldwide)
★ ટ્રાવેલ ઈન્શ્યુરન્સ ★ પાસપોર્ટ / વિઝા
★ કાર રેન્ટલ

**શુભપ્રસંગે લકઝરી કાર ભાડે મળશે.**

: CONTACT :

**ASHIT CHRISTI - M. 98792 87591**
B-28, FIRST FLOOR, RADHE SHOPPING MALL
KHOKHRA CIRCLE, MANINAGAR(EAST)
AHMEDABAD - 380 008
Email: ashit@rosarytravels.in



# 'મા, તુઝે સલામ'

✍ બકુલ મેકવાન

*'દૂત' તંત્રીમંડળ સભ્ય*

દેહ પર ગોરી ત્વચાનું આવરણ ના હોત તો એક વિદેશી સન્નારી અદ્દલ ગ્રામ્ય પરિવેશમાં સજ્જ ફળિયામાં વિહરતાં દાદીમા જ લાગતાં હોત ! કરચલીગ્રસ્ત ચહેરો, આંખોમાં ગજબનું તેજ, ૪'-૧૧ ''ઇંચની ૪૫ કિલો વજનની એક સમયે ધરતી પર વિહરતી દૂબળી કાયાને આગામી ૪ થી સપ્ટેમ્બર, ૨૦૧૬ના રોજ સંત તરીકેનો દરજ્જો મળવાનો છે. આટલી વાતમાં આ મહાન વિભૂતિની ઓળખ મળી ગઈ હશે. જી હા, વાત્સલ્યમૂર્તિ, કરુણામૂર્તિ ને એવાં અનેક વિશેષણો જેણે અંકે કર્યાં છે તેવાં મધર થેરેસાને તેઓની પરલોકે સિધાવ્યાની ઓગણીસમી તિથિના આગલા દિવસે વડાધર્મગુરુ ફ્રાન્સિસ દ્વારા સંત તરીકે ઘોષિત કરવાનાં છે. કૃપાની દેવીને પ્રભુની કૃપાના(દયા) વર્ષમાં જ આ સન્માન સાંપડવાનું છે એ સુભગ સંયોગ પણ ખરો !

અત્યારના મેકેદોનિયા તરીકે ઓળખાતા તત્કાલીન યુગોસ્લેવિયા દેશમાં અલ્બેનિયન મૂળનાં માવતરને ઘરે ત્રણ સંતાનોમાં એક દીકરી આગ્નેસનો જન્મ થયો અને દીકરી એટલે સાપનો ભારો એવી કહેવતને કોઈ ભૌગોલિક સીમાડા ત્યારે પણ નડતા નહોતા, વાત છે ૧૯૧૦ની. રૂઢિચુસ્તતા માટે જાણીતા યુરોપ ખંડના દેશની આ વાત છે. ઘરમાં દીકરી અવતરે, એનો ઉછેર રૂઢિચુસ્ત વાતાવરણમાં થાય અને અચાનક લગ્નની વયે એ ચંચળ છોરી ભગવાં ધારણ કરવાની વાત માંડે અને તે પણ સેવા કરવા ભારત જેવા ગરીબ ગણાતા દેશમાં જવાની વાતે તો ખળભળાટ મચી જાય. પણ અઢાર વર્ષની વયે જ આગ્નેસે ગૃહત્યાગ કર્યો અને સિસ્ટર્સ ઓફ લોરેટો સાધ્વી સંઘમાં જોડાયાં. ભારતમાં સેવાની ધૂણી ધખાવવાની તેઓની પ્રબળ ઝંખના હતી. બ્રિટિશ શાસનનો સૂરજ મધ્યાહ્નને તપતો હતો અને અંગ્રેજી ભાષાનું જ્ઞાન આવશ્યક હોવાથી, આગ્નેસને અંગ્રેજી શીખવા આર્યલેન્ડ મોકલવામાં આવ્યાં. એક વર્ષ પછી આગ્નેસે સાધ્વી તરીકે પ્રથમ વ્રત ધારણ કરી, મિશનેરીઓના રક્ષક સંત ટેરેસ પરથી સિસ્ટર મેરી થેરેસાનામ અપનાવવાનું પસંદ કર્યું.

પૂર્વ ભારતમાં તેઓએ શિક્ષણ ક્ષેત્રે ઝંપલાવ્યું. બે એક વર્ષ પછી સિસ્ટર મેરીને કોલકોતા સ્થિત મધ્યમવર્ગીય પરિવારની દીકરીઓ માટેની શાળામાં ભૂગોળ શીખવવાની જવાબદારી સોંપવામાં આવી. આ શાળા ગીચ અને ગંદા એવા નગરની મોતી ઝીલ તરીકે જાણિતી ઝૂંપડપટ્ટી નજીક આવેલ હતી. કેવો વિરોધાભાસ! એક તરફ સંસ્કાર સિંચન કરતું શૈક્ષણિક સંકુલ અને બીજી તરફ શિક્ષણના અભાવે ગંદકીમાં સબડતી બેહાલ જિંદગીઓ! કંગાલ એવી આ જિંદગીઓએ સિસ્ટરને હલબલાવી મૂક્તાં. ભાવિના ગર્ભમાં પ્રતીક્ષા ધરી બેઠેલ નોબેલ પ્રાઇઝ અને બીજા એવા સંખ્યાબંધ પુરસ્કારો, ઇનામ-અકરામોનો માર્ગ મોકળો થવાનો સંભવત : આ ટર્નિંગ પોઇન્ટ હતો. એમણે મન મનાવી લીધું - સેવા કરવામાં ડગલું ના પાછા હટવું. દર શનિવારે આ ઝૂંપડપટ્ટીની મુલાકાત લેવાનો તેમણે નિત્યક્રમ બનાવી લીધો. સમય વીતતો રહ્યો. આજકાલ કરતાં સિસ્ટરને મંડળમાં દસેક વર્ષ પસાર થતાં છેલ્લાં વ્રત લીધાં. આઝાદીની લડત પૂરજોશમાં ચાલી રહી હતી. રાંકજનોની સેવા કરતાં કરતાં સિસ્ટરને ક્ષયરોગ થતાં, તેઓને આરામ કરવા દાર્જિલિંગ મોકલવામાં આવ્યાં. અહીં જાણે ઈશ્વર સહુથી વધુ રાંકજનોની સેવા કરવા જોતરાઈ જવા તેઓને સાદ દઈ રહ્યા હતા. મંડળમાં રહીને આ ભગીરથ કામગીરી કરવામાં કેટલીક મર્યાદાઓ નડતાં સિસ્ટરે લોરેટો સાધ્વીસંઘ છોડવા માટે વડાધર્મગુરુ પાયસ બીજા પાસે મંજૂરી માગી. બે વર્ષે મંજૂરી મળતાં, સિસ્ટરના ઉદ્‌ગારો હતાઃ "મિશનેરી બનવા માટે પરિવારનો ત્યાગ કરવાનો નિર્ણય કઠિન હતો પરંતુ સાધ્વીસંઘનો ત્યાગ એથી પણ અધિક કઠિન હતો, કારણ, મંડળમાં રહીને તેઓને કામ કરવામાં આનંદ મળતો હતો અને મંડળ તો એક એવું સ્થળ હતું જ્યાં બીજાઓની સેવા કરવા તેઓને જ્ઞાન લાધ્યું હતું."

જોકે સેવાનું કાર્ય કપરું હતું. અત્યારના બિન-સરકારી સંગઠનો જેવું 'ગ્લેમરસ' અને 'ફોટોજેનિક' જરાય નહીં. કોલકત્તા નગરની સડકો અસ્તવ્યસ્ત રહેતા ગરીબોથી ઊભરાતી હતી. આ સુદામાઓની દરિદ્રતા માંદગીની જનેતા હતી. અને માંદગીની સારવાર કરવા તબીબી જ્ઞાનની આવશ્યકતા પણ ખરી. સિસ્ટરે બિહારના પટણામાં અમેરિકન મેડિકલ મિશનેરીસ પાસે તબીબી કૌશલ્ય હાંસલ કરવા કેટલોક સમય પસાર કર્યો. તાલીમ મેળવીને થોડા મહિનાઓમાં એ કોલકોત્તા પરત ફર્યાં ત્યારે નગરની દશા એ જ હતી, પણ દિશા ફરી ગઈ હતી. જે રાંકજનોની સેવા કરવાની તેઓ ઝંખના સેવી રહ્યા હતાં તેવી જ ગરીબી તેઓને ગ્રસી ગઈ હતી ને એકલતા જળોની જેમ વીંટળાઈ ગઈ હતી. હતાશામાં તેઓ ઉદ્‌ગારી ઉઠ્યા હતાં, "કોલકોત્તા નગરની શેરીઓમાં જાણે હું એકલી ભટકી ગઈ હતી, અને ગીચ નગરમાં ખોવાઈ ગયાની દૃઢ લાગણી બળવત્તર બનતી જઈ રહી હતી અને ભયની લાગણી હાવી બની ગઈ હતી." પણ હાડકાંના માળા જેવી કાયા ધરાવતાં સિસ્ટર કાંઈ એમ ગાંજ્યાં જાય તેમ નહોતાં ! ગરીબોનો જઠરાગ્નિ ઠારવા તેઓએ ભીખ માંગવાની શરૂઆત કરી દીધી, સાથે બાળકો જાતે જ પોતાની કાળજી રાખતાં થાય તેવી તાલીમ પણ આપતાં રહ્યાં. અહીં તેઓને લાગ્યું કે શિક્ષણ વિના કોઈ જ ઉદ્ધાર શક્ય નથી. એટલે ધૂળ ને પાટી અને આંગળીને કલમ બનાવી બાળકોને શીખવવાનો આરંભ કરી દીધો. ધૂળમાં રમતાં બાળકોને જાણે મજા પડી ગઈ. ગમ્મત સાથે જ્ઞાન. રોજેરોજ બાળકોની સંખ્યા વધતી ગઈ. હવે સિસ્ટરની ઓળખ બદલાઈ ગઈ હતી. તેઓ જાણે નખશિખ ભારતીય બની ગયાં હતાં! ને લોકોનાં લાડીલાં મધર થેરેસા તરીકે ઓળખાવા લાગ્યાં હતાં. આ અરસામાં જ તેઓને ભારતીય નાગરિકત્વ પણ મળી ગયું.

સમય સરતો રહ્યો, દેશને પ્રજાસત્તાક ઘોષિત કરવાનું વર્ષ હવે આંગણે દસ્તક દઈ રહ્યું હતું. અત્યારે આપણે જેને 'મિશનરીઝ ઓફ ચેરીટી' સાધ્વીસંઘ તરીકે ઓળખીએ છીએ તે સંઘનો જન્મ થઈ ચૂક્યો હતો, જેમાં આરંભે બાર સાધ્વીઓ સદસ્યા તરીકે જોડાઈ હતી. આ ગજબનો સંકેત હતો! પ્રભુ ઈસુના આરંભના બાર શિષ્યો અને પછી ખ્રિસ્તી ધર્મનો પ્રસાર થયેલો તેમ આરંભનાં બાર સાધ્વીઓ સાથેના આ સાધ્વીસંઘની આજે વિશ્વભરમાં અનેક શાખાઓ અને અનેક સાધ્વીઓ છે. અને બીજાં સંયોગ તો જૂઓ! આ મંડળમાં જોડાનાર પ્રથમ સાધ્વી એ યુવતી સિસ્ટર થેરેસાઅને તેમની સેવાઓને અનહદ ચાહનાર એક હિંદુ યુવતી હતી, તો અન્ય સદસ્યાઓમાં શ્રીમંત પરિવારમાંથી આવતી હિંદુ યુવતીઓ પણ હતી. મધરે સ્થાપેલા આ સાધ્વીસંઘના નિયમો કડક હતાં, જેમાં જોડાનાર સદસ્યાએ દરિદ્રતા, પવિત્રતા, આજ્ઞાધીનતા અને અત્યંત દરિદ્રોની ખરા દિલથી નિઃશુલ્ક સેવા કરવાનાં વ્રત લેવા પડતાં. સાથે મધરનો આગ્રહ પણ ખરો કે, સામેની વ્યક્તિને ચાહવા માટે વ્યક્તિએ જાતે સેવાભાવી બનવું રહ્યું, અને સેવા પણ કેવી! વેઠ અને વેતન વગરની, આનંદપૂર્વકની સેવા! અહીં સેવા, પ્રેમ, સંઘર્ષ અને ત્યાગની ભાવના અત્યંત મહત્ત્વનાં પરિબળો હતાં. સાથે શિસ્તબદ્ધ જીવનશૈલી-મંડળના સદસ્યોની દિનચર્યાનો મળસ્કે ૪:૩૦ કલાકે થતો આરંભ રાત્રે ૧૦:૦૦ કલાકે આંખોનાં ઢળેલાં પોપચામાં વિરામ પામતો. આવી પરિશ્રમ સહિતની જીવનચર્યા છતાંય સાધ્વીસંઘ વિસ્તરતો ગયો.

આરંભે ધર્મપરિવર્તનની સૂગ ધરાવતા લોકો મધરથી એક અંતર રાખતા પણ સૂકલકડી કાયા અને કરચલીવાળો ચહેરો ધરાવતાં મધરની આંખોમાં ગજબનું તેજ હતું. પારકાંને પોતીકાં કરવાનું એ આંખોમાં દિવ્ય તેજ હતું. બાકી ગીચ વસ્તી ધરાવતા કંગાલ નગરની બહાર દરિયાપારના સીમાડા વીંધીને ગરીબો, નિરાધાર બાળકો, અશક્તો, રક્તપિત્તિયાઓ અને મૃત્યુના મુખમાં હોમાઈ રહેલા લોકો માટેનાં આશ્રયસ્થાનો વિસ્તરતાં હોત ખરાં! ૧૯૭૦ ના અરસામાં જોર્ડન, ઇંગ્લેન્ડ, અમેરિકા જેવા દેશોમાં પણ મધરે સાધ્વી મંડળની શાખાઓ (આ શાખાઓ 'ચીપ' લાગે છે એટલે હવે 'હોમ્સ' કહીશુ) નો આરંભ કર્યો હતો. આ જ અરસામાં તેઓની સેવાને એક વિશેષ ઓળખ મળતાં જ પ્રસાર માધ્યમોએ પણ તેની નોંધ લેવી પડતી. ૧૯૯૧ લગીમાં તો માત્ર ભારતમાં જ ૧૬૫ જેટલાં ચેરીટી હોમ્સ હતાં. મધર સાચા અર્થમાં દરિદ્રોનાં મા બની રહ્યાં હતાં. એ સર્જાયાં જ હતાં દરિદ્રો, અશક્તો, નિર્ધનો, રક્તપિત્તિયાઓ, નિરાધાર બાળકોનાં મા બની રહેવા. રક્તપિતની વાત કરું તો એક આખા યુગ પછી અન્યધર્મી સંસ્થાનોએ રક્તપિત્તિયાઓની સેવામાં પગરણ માંડેલા, એની અગાઉ વર્ષો પહેલાં મધરે સમાજથી વિસ્થાપિત થયેલા આ લોકોની એવી ભાવભેર સેવા કરેલી કે, રક્તપિત્તનું નામ પડે ને સફેદ વસ્ત્રોમાં સજ્જ સાધ્વીઓ જ નજર સમક્ષ ખડાં થઈ જાય. અરે! વાત સેવાની નીકળે તો યે ભૂરી કિનારીવાળી સફેદ સાડીમાં સજ્જ સાધ્વીનો નિર્દોષ અને હસમુખો ચહેરો જ સ્મરણપટ પર ઉપસી આવે. આવાં મધરનું ભારતે દેશના સર્વોચ્ચ નાગરિક સન્માન એવા 'ભારત રત્ન' પારિતોષિકથી સન્માન કરેલું. આ અને એવા અંદાજે સવાસો જેટલા એવોર્ડ્સ કે પારિતોષિકોથી સન્માનિત અને સેવા થકી શાંતિનો અણમોલ સંદેશો આપનાર મધર થેરેસાને વિશ્વના શ્રેષ્ઠ સન્માન અને જેને હાંસલ કરવા અનેક નામી રાજકીય અને બિન-રાજકીય મહાનુભાવોમાં લીટરલી નિમ્ન કક્ષાની હોડ જામતી હોય છે તેવા નોબેલ પ્રાઈઝથી સન્માનિત કરવામાં આવેલાં ત્યારે એ એવોર્ડનું ગૌરવ મધરને નહિ, બલ્કે એ પુરસ્કારને સાંપડેલું.

૧૯૯૭ માં તો હોલિવુડ અભિનેત્રી જેરાલ્ડિનની મુખ્ય ભૂમિકા ધરાવતી ફિલ્મ 'મધર થેરેસાઃ ઈન ધ નેઈમ ઓફ ગોડ્સ પૂઅર' એક પારિવારિક ટીવી ચેનલ પર પ્રસારિત કરવામાં આવેલી અને વિશ્વ પ્રસિદ્ધિ પછીય મધરની નમ્રતા બેમિસાલ હતી. આવાં મધર થેરેસાસત્યાસી વર્ષની જૈફ વયે પણ સતત કાર્યરત રહેતાં. સપ્ટેમ્બર, ૧૯૯૭માં વિશાળ ચાહકવર્ગ અને અનેક દરિદ્રોને નોંધારા મૂકીને સ્વર્ગે સિંધાવેલા ત્યારે સેવાનો આખો એક યુગ આથમી ગયેલો. અગણિત અનાથોની મા હવે ભૂતકાળ બની ગયાં હતાં. એ માની કૃપા તેમના સ્વર્ગે સિધાવ્યા પછી પણ વરસતી રહેલી. એ કૃપા થકી જ આ મહિનામાં તેઓ સંતોની પંક્તિમાં મૂકવાનાં છે ત્યારે એ કરુણાથી ભરપૂર 'મા' માટે એક જ શબ્દ સરી પડે છેઃ


મા તુઝે સલામ! ●



1ST HAPPY BIRTHDAY
TO OUR LOVING SON
**SHAUN** (GOD'S GIFT)
DATE OF BIRTH: 22-09-2015
***MUMMY & PAPA***
***SEJAL & SATISH CHAUHAN***


ઓલીવીયા ક્રિએશન
લગ્નની મેક્ષી, કોમ્યુનિયન ફ્રોક, તથા
કોમ્યુનિયન સુટ (છોકરાઓ માટે) ફુલ સેટ.
રૂા.૩,૫૦૦/- થી શરૂઆત થાય છે.
*સિવણકામ માટે બેન જોઈએ છે.*
**અંજના શૈલેષ (૯૮૭૯૧ ૮૧૩૪૮)**
**૧૧, આશીર્વાદ કોલોની, સેંટ ઝેવિયર્સ રોડ, પાધરીયા આણંદ**


શેરોન વેડિંગ ડ્રેસ ડિઝાઈનર
ક્રિશ્ચિયન લગ્ન માટે બાર વસ્તુઓનું પેકેજ ફક્ત રૂા. ૩,૫૦૦/-માં.
ફર્સ્ટ કમ્યુનિયન માટે મેક્ષી, નેટ, ક્રાઉન, ગ્લોઝ ફક્ત રૂા.૧૨૦૦/-માં.
ફક્ત મેક્ષી ૨૫૦૦માં. ડાયમંડ સેટ, ક્રાઉન અને બૂકે મળશે.
શ્રીકૃષ્ણ ચોક, જૂનો સરપંચનો વાડો,
બાકરોલ, તા.જિ. આણંદ
**પરવીન એસ.: 'ઈવાઝ'ના સ્પેશ્યલ કારીગર**
**મો. ૯૬૨૪૩ ૬૦૬૮૯ / ૯૯૯૮૧ ૧૩૫૦૩**
*બહારથી આવનારે એપોઈન્ટમેન્ટ લેવી. મેક્ષી હોલસેલ ભાવે બનાવી આપવામાં આવશે.*
*તદ્દન નવા સ્ટોકમાં, ઈમરજન્સી ઓર્ડર લેવામાં આવશે.*



એમ.એફ. હુસેન

# કલાકારોની નજરે મધર

✍ રાજેશ ક્રિશ્ચિયન

'દૂત' તંત્રીમંડળ સભ્ય



રઘુરાય

મધર થેરેસા એટલે આપણા યુગના સંત. આપણામાંથી ઘણા લોકોએ મધરને નજરોનજર નિહાળ્યાં હશે. ઘણાંને મધરના સેવાકાર્યને નજીકથી જાણવાની તક સાંપડી હશે. મધરનું વ્યક્તિત્વ અને કાર્ય જ એવું ચુંબકીય કે સહુ કોઈ તેમનાથી આકર્ષાય! મધરને ગરીબ, નિરાધાર, બીમાર, અપંગ, અનાથ વગેરે તો દિલથી પૂજતા, સાથેસાથે વિશ્વની મહાસત્તાઓના વડા અને રાજકીય, ધાર્મિક આગેવાનો પણ એક સૂરે મધરના ગુણગાન ગાતા. એ જ રીતે અલગારી કલાકારો માટે પણ મધર પ્રિયપાત્ર હતાં.

**મધર અને એમ.એફ. હુસેન :** એમ.એફ. હુસેનને કોણ નહિ જાણતું હોય ? મકબુલ ફિદા હુસેન એટલે વિશ્વભરમાં નામના પામેલ પ્રખ્યાત ભારતીય ચિત્રકાર. એમ.એફ.હુસેને ભારતીય ચિત્રકલા - મોર્ડન આર્ટને - વિશ્વ સમક્ષ મૂકી. ભારતીય 'પિકાસો' ના નામે મશહૂર હુસેન અને મધરના સંબંધો એક જુદા જ તાંતણે બંધાયેલા હતા.

દિલ્હીનું પાલમ એરપોર્ટ. વર્ષ ૧૯૭૯. મધર થેરેસા શાંતિનું નોબલ પારિતોષિક સ્વીકારી સ્વદેશ પાછા ફરી રહ્યાં છે. હજારો લોકો મધરને આવકારવા એરપોર્ટ પર ભીડ જમાવીને ઊભા છે. આ ભીડમાં હુસેન પણ હાજર છે. જેવાં મધરનાં દર્શન થયાં કે ક્ષણનો પણ વિલંબ કર્યા વિના હુસેને પોતાના બગલથેલામાંથી પેપર કાઢી મધરનું રેખાચિત્ર દોર્યું અને મધર સામે ધરી દીધું. મધરના પ્રેમસભર વિરાટ વ્યક્તિત્વ સામે હુસેન એક પણ શબ્દ બોલી ન શક્યા. મધરે સ્કેચ પર નજર નાંખી. એક પ્રેમાળ સ્મિત રેલાયું અને મધરે સ્કેચ પર 'God bless you' લખી ઓટોગ્રાફ આપ્યો અને તારીખ લખી ૯-૧૧-૭૯. હુસેન ધન્ય થઈ ઊઠ્યા અને શરૂઆત થઈ મધર અને હુસેનની મિત્રતાની.

સન ૧૯૭૯ની આસપાસ, કલકત્તાની સામાન્ય ઉજાસવાળી ગલીમાં એક પ્રૌઢ સ્ત્રી સફેદ સાડી પહેરીને અત્યંત વિનમ્રતાથી ચાલતી જઈ રહી છે. પગમાં રબરની ચંપલ, બગલમાં નાનકડા હાથાવાળી છત્રી, ગર્દન ઝુકેલી સાથે બેચાર સ્ત્રીઓ, બેની કેડમાં દૂધ પીતાં બાળકો પરંતુ તે સ્ત્રીઓ મા નથી લાગતી. બધાની સાડીઓ સફેદ, માથું ઢાંકેલી, પૂરી બાંયનું કમર સુધીનું બ્લાઉઝ, પૌઢ સ્ત્રી ગલીઓમાં રોકાઈને સ્ત્રીઓને બાળકો સાથે ખૂબ જ નરમ-ધીમા અવાજથી બંગાળીમાં વાતચીત કરતી, જે એની માતૃભાષા નહોતી.

મકબુલ પણ ત્યાં જ ક્યાંક ગલીઓમાં સ્કેચબૂક બગલમાં દબાવી પસાર થઈ રહ્યો હતો. આ દેવદૂત જેવી પૌઢ સ્ત્રીને દૂરથી જોઈ, ધીમે-ધીમે એની પાછળ ચાલવાનું શરૂ કર્યું અને ચાલતો રહ્યો મહિનાઓ સુધી. કલકત્તાના તમામ અજાણ્યા વિસ્તારોને ઓળખ્યા, દુઃખી સ્ત્રીઓ, અનાથ બાળકો, નિરાધાર માણસો, થાકેલા મડદાલ જેવા શરીરને ઊઠાવી લઈ જતા ખાટલાઓ. (હુસેન જીવન કથામાંથી)

અને આમ શરૂ થઈ હુસેનની મધર પરની ચિત્રશ્રેણી, હુસેને મધરના અગણિત પેન્ટીંગ્સ કર્યાં. કલકત્તાની આર્ટ ગેલેરીમાં મધર પરના પેન્ટીંગસના પ્રદર્શન વિશે વાત કરતાં હુસેન જીવન કથામાં લખે છે - "કલકત્તા ૧૯૮૦. ડિસેમ્બરનો મહિનો, ચૌરંગી રોડ પર આલીશાન ટાટા સેન્ટર, એમ.એફ. હુસેનના પ્રદર્શનની શરૂઆત. રંગબેરંગી સાડીઓમાં સજેલી બંગાળી સ્ત્રીઓ, બિહારી બેગમો, પંજાબી તડકભડકની એક જામેલી ભીડ.

બધાં જ ચિત્રોમાં વારેવારે બસ એક સફેદ સાડી, ઘેરી કાળી પશ્ચાદભૂ પર દેખાય છે. એ સાડીઓના સળમાં ઢંકાયેલા, છુપાયેલા, આમતેમ નાનાં નાનાં અનાથ બાળકોની એક ઝલક. સફેદ સાડીમાં કોઈ માનવીય શરીર નહીં, કોઈ માનો ચહેરો નહીં, સાડીની બોર્ડર પર ભૂરા રંગના બે પટ્ટાઓ, આ દુનિયાની એક સુપ્રસિદ્ધ દેવીસ્વરૂપ મધર થેરેસા. જેની ઓળખ એમનો ચહેરો નહીં, પરંતુ અસીમ પ્રેમ છે, એ બાળકો માટે, જેમની પાસેથી એમની માનો પ્રેમ ઝૂંટવી લેવામાં આવ્યો છે."

એમ. એફ. હુસેનને પોતાની માનો ચહેરો યાદ ન હતો. દોઢેક વર્ષની ઉંમરે જ તેમની માતા મૃત્યુ પામ્યાં હતાં. તેથી જ તેમણે તેમના કોઈ પણ ચિત્રમાં માનો ચહેરો દોર્યો નથી. તેમના એક પ્રખ્યાત પેઈન્ટિંગ્સમાં હુસેને એક સાથે ત્રણ માતાને નિરૂપેલી દર્શાવી છે. એક હુસેનનાં જન્મદાત્રી એટલે જૈનબબીબી. ચિત્રમાં જૈનબબીબીને ઊંધા ફરીને ઊભેલાં દર્શાવ્યાં છે જેથી તેમનો ચહેરો સામે ન આવે. બીજા માતા મધર થેરેસા. મધરના ખોળામાં એક નિરાધાર, અનાથ બાળક અનોખી શાંતિનો અનુભવ કરી ઊંઘી રહ્યું છે. પાસે એક પાત્રમાં નાના છોડ પર નવપલ્લિત પર્ણો ખીલી રહ્યાં છે. જાણે માની ગોદમાં નવજીવનની શુભ શરૂઆત !! અને ત્રીજી માતાના નિરૂપણમાં કૃષ્ણ ભગવાનની પાળક માતા યશોદાને બાળ કૃષ્ણ સાથે અંકિત કર્યાં છે. રાષ્ટ્રીય એકતાની મિસાલ જેવા આ પેન્ટીંગ્સમાં હિન્દુ, મુસલમાન અને ખ્રિસ્તી એમ અલગ અલગ ધર્મોને અનુસરતી ત્રણ માતાનું ચિત્ર એક સાથે જોવા મળે છે.

પોતાની દીર્ઘ કારકિર્દીમાં હુસેને અગણિત પેન્ટીંગ્સ દોર્યા છે. વિશ્વભરમાં તેના પ્રદર્શન યોજાયાં છે. અનેક આર્ટ ગેલેરીઓમાં તેમના ચિત્રોને કાયમી સ્થાન મળ્યું છે. અસંખ્ય વિષયો પર હુસેને

દોરેલા પેન્ટીંગ્સમાં તેમનો પસંદગીનો એક વિષય હતો મધર થેરેસા. હુસેન જ્યારે ફ્લોરેન્સ શહેરની આર્ટ ગેલેરીમાં મોર્ડર્ન આર્ટ પેન્ટીંગ્સનો બારીકાઈથી અભ્યાસ કરતા હતા ત્યારે તેમની પારખું નજરે નોંધ્યું કે મધ્યકાલીન યુગના વિખ્યાત યુરોપીય ચિત્રકારોએ ખ્રિસ્તી સંતોના ચિત્રોમાં ચહેરાને મહત્ત્વ આપવા કરતાં પાત્ર અને તેની સાથે સંલગ્ન વસ્તુઓને વધુ મહત્ત્વ આપ્યું છે. અને હુસેનને મધર થેરેસાના પેન્ટીંગ્સ માટે એક વિચાર મળી ગયો. અને આમ તેમણે ચિત્રોમાં મધર સાથે જોડાયેલી વસ્તુઓ, જેવી કે ભૂરા રંગની બોર્ડરની સફેદ સાડી, છત્રી, રબરની ચંપલ, વગેરેને મહત્ત્વ આપ્યું છે. તદુપરાંત આ બધા ચિત્રોમાં પાછળ યુરોપીય ગોથિક સ્થાપત્યના ખ્રિસ્તી દેવળોની ઝાંખી કરાવે એવી કમાન પણ જોવા મળે છે અને મધરના સેવાકાર્ય, પ્રેમ, અનુકંપાના આપણને દર્શન થાય છે.

અમદાવાદની ગુફાના નિર્માણ સમયે આ લેખકને હુસેન સાહેબને નજીકથી ઓળખવાની અને કામ કરતાં જોવાની તક મળી હતી. આ અનુભવે હું ચોક્કસ માનું છું કે જો આજે એમ.એફ. હુસેન જીવિત હોત તો મધર થેરેસાના સંત પદના અવસરે જરૂર ખુશ થયાં હોત અને પોતાની પીંછી ફેંકીને ઉઘાડા પગે નાચી ઊઠ્યા હોત !

(નોંધ : પૂરક માહિતી માટે એમ.એફ. હુસેનના અંગત મિત્ર અને અગ્ર પંક્તિના કલાસંગ્રાહક શ્રી અનિલ રેલિયાનો આભાર)

**મધર અને રઘુરાય :** એમ કહેવાય છે કે એક ફોટો હજાર શબ્દોની ગરજ સારે ! રઘુરાય એટલે અર્વાચીન ભારતના શ્રેષ્ઠતમ ફોટોગ્રાફર. ૧૯૭૨માં તેમને - સૌ પ્રથમ વાર કોઈ એક ફોટોગ્રાફરને - પદ્મશ્રીથી સન્માનવામાં આવ્યા હતા.

રઘુરાય અને મધર થેરેસા વચ્ચેનો આત્મીય સંબંધ અનાયાસે જ શરૂ થયો હતો જે મધરના નિધન સુધી અને તે પર્યાંત આજ લગી જળવાઈ રહ્યો છે. કલકત્તાથી પ્રકાશિત સામયિક સ્ટેટમેનના સ્થાનિક તંત્રી ડેસમન્ડે ૧૯૭૨માં ફોન કરી રઘુરાયને જણાવ્યું કે તેમણે એક જુદી જ માટીની બનેલી મહિલાને સેવાકર્મ કરતાં જોયાં છે અને ઈચ્છા જતાવી કે રઘુરાય કલકત્તા આવી મધરની ફોટોગ્રાફી કરે. રઘુરાય તે સમયે દિલ્હી ખાતે સ્ટેટમેન સામયિક માટે કામ કરતા હતા. રઘુરાય દિલ્હીથી કલકત્તા ઉપડ્યા. મધરના ફોટો લીધા અને વિશ્વ સમક્ષ રજૂ કર્યા અને આમ શરૂ થઈ મધર પરની રઘુરાયની ફોટોગ્રાફી યાત્રા. ડેસમન્ડના આમંત્રણે રઘુરાય તેમની સાથે મધરના આશ્રમે પહોંચ્યા. ડેસમન્ડ મધર સાથે વાતચીત કરી રહ્યા હતા. તે દરમ્યાન રઘુરાયે મધરની ઓફિસમાં તેમની પાછળના પડદાની પેલી કોર ઉપર પહેલા માળે ત્રણ સાધ્વીબેનોને હાથમાં પ્રાર્થના પુસ્તક સાથે ઊભેલાં જોયાં. અને જેમ એક કલાકારનું હૃદય આ ક્ષણ ચૂકી જવા માંગતું ન હોય તેમ રઘુરાય ફોટો પાડવા લાગ્યા અને મધરનો ક્રોધ ભભૂકી ઊઠ્યો. રાડ પાડીને બોલ્યાં, "તમે આ શું કરી રહ્યા છો ? સીસ્ટરોના ફોટો લેવાની પરવાનગી તમની કોણે આપી ?" ક્ષણ બે ક્ષણ રઘુરાય આવાક્ થઈ ગયા. પરંતુ સ્વસ્થતા ધારણ કરી બોલ્યા, "પ્રાર્થનામાં મગ્ન આ સાધ્વી બહેનો મને દેવદૂત સમાન લાગ્યાં." અને મધરનો ગુસ્સો ઠંડો પડ્યો. અને રઘુરાયને આત્મજ્ઞાન લાધ્યું કે મધર એક સેનાપતિ જેવાં કડક શિસ્તના આગ્રહી બની શકે છે તો સાચું કારણ જાણવા મળે ત્યારે મીણની જેમ પીગળી પણ શકે છે.

૧૯૭૦ દાયકામાં શરૂ થયેલો આ સંબંધ એકબીજા પરના અખંડ વિશ્વાસ અને ભરોસાની કસોટી પર ખરો ઊતર્યો છે. મધર થેરેસાનું રોજિંદું જીવન, પ્રાર્થનામય ઈશ્વર પરાયણતા, તેમનું સેવાકાર્ય, માનવબંધુ પરનો તેમનો નિ:સ્વાર્થ પ્રેમ, સમર્પણ, ગરીબો પ્રત્યેની અનુકંપા, ગરીબાઈ સામે એકલપંડે લડેલી લડત, મિશનરી ઓફ ચેરિટીની સાધ્વી બહેનોનું અનુશાસન વગેરેને રઘુરાયે ફોટોગ્રાફીના માધ્યમ વડે ચિરંજીવી બનાવી દીધું છે.

રઘુરાયે મધર થેરેસા પર બે પુસ્તકો પ્રકાશિત કર્યા છે. પ્રથમ પુસ્તક - Faith and Compassion : The Life and work of Mother Teresa - ૧૯૯૬માં પ્રકાશિત થયું. મધર થેરેસાની અધિકૃત જીવનકથા લખનાર નવીન ચાવલા અને રઘુરાયે સંયુક્તપણે આ પુસ્તક તૈયાર કર્યું. લેખક અને ફોટોગ્રાફર બંને હિન્દુ. તેમના દ્વારા એક ખ્રિસ્તી સાધ્વી મધર થેરેસાના ખ્રિસ્તીપણા અને મધરની અડગ ખ્રિસ્તી શ્રદ્ધા અને મૂલ્યોને ઉજાગર કરતું આ પુસ્તક સંપૂર્ણપણે બ્લેક એન્ડ વ્હાઈટ ફોટોગ્રાફ સાથે દીપી ઊઠ્યું છે. આ પુસ્તક દ્વારા મધરના માનવ સેવા કાર્યને વાચક અનુભવી શકે છે. મધર વિશે ત્યારે રઘુરાય જણાવે છે કે, "મધર થેરેસાએ સમગ્ર માનવજાતની માતા છે. દયા અને સેવામાં તેઓ અખંડ વિશ્વાસ ધરાવે છે. જાતને તરોતાજા કરવા તેઓ પ્રાર્થનામાં તલ્લીન થઈ જાય છે. આ ક્ષણે આપણે તેમને ઈશ્વર સાથે એક થતાં અનુભવી શકીએ છીએ."

"જન્મે હું અલ્બેનિયાન છું, નાગરિકતાની રૂએ ભારતીય છું. મારી શ્રદ્ધા એક કેથોલિક સાધ્વી તરીકેની છે. મારું મિશન સમગ્ર વિશ્વના માનવબંધુ માટે છે જ્યારે મારું દિલ સંપૂર્ણતઃ ઈસુના હૃદયને સમર્પિત છે." મધર થેરેસાની આ સ્પષ્ટતા સુપેરે આ પુસ્તકમાં ઊડીને આંખે વળગે છે. પુસ્તક દ્વારા મધર થેરેસાનું સમર્પણ અને ગરીબાઈ સામેની અથાક લડતનાં આપણને દર્શન થાય છે. જ્યારે આ પુસ્તક તૈયાર કરવાની ઈચ્છા રઘુરાયે મધર સમક્ષ રજૂ કરી ત્યારે "બીજું પુસ્તક ? શી જરૂર છે તેની?" જેવી આનાકાની મધરે દર્શાવી. પરંતુ રઘુરાયે જણાવ્યું, "મધર, જ્યારે પણ હું બીજા કોઈ વિષય પર કામ કરું છું ત્યારે સતત મને ફરીને ફરી આપની પાસે દોડી આવવાની અત્યંત ઉત્કંઠા રહે છે." મધરે શાંતિથી જવાબ આપ્યો, "પહેલાં મને પ્રાર્થના કરવા દો. પછીથી હું ઉત્તર આપીશ." રઘુરાયને લાગ્યું કે પ્રાર્થના દ્વારા મધર કોઈ ઈશ્વરીય સંકેત મેળવવા ઈચ્છે છે. તેમણે કહ્યું : "મધર, મેં પ્રાર્થના કરી અને મને ઉત્તર મળ્યો - હા મારે બીજું પુસ્તક કરવું જોઈએ." અને મધરે બીજા પુસ્તક માટે હકાર ભણ્યો. રઘુરાય જણાવે છે કે, "મધરની હા માં પ્રાર્થનાશક્તિ પરની મધરની અડગ શ્રદ્ધા દર્શાવે છે." રઘુરાયનું મધર થેરેસાપરનું બીજું પુસ્તક - Mother Teresa: A Life of Dedication - વર્ષ ૨૦૦૪માં પ્રકાશિત થયું.

રઘુરાયની ઈચ્છા હતી કે મધર અને તેમની સાધ્વી બહેનો જ્યારે પ્રાર્થના કરતાં હોય ત્યારે તેમની ફોટોગ્રાફી કરવી. તેમણે

આ વિચાર મધર સમક્ષ મૂક્યો અને પુણ્ય સપ્તાહના શનિવારે ફોટોગ્રાફી કરવા અનુમતિ માંગી. મધરે કહ્યું, "જ્યારે અમે પ્રાર્થના કરતાં હોઈએ ત્યારે કોઈ પણ ખલેલ ન ચાલે. કોઈ અહીં તહીં ફરતું હોય અને ફોટા પડતું હોય એ ન ગમે. આનાથી બહેનોની પ્રાર્થનામાં ખલેલ પડે અને પ્રાર્થનાની ગંભીરતા ના જળવાય." રઘુરાયને લાગ્યું કે મધરની વાતમાં વજૂદ છે. પણ પોતે તો માનસિક વેદના અનુભવી રહ્યા હતાં કે આવી દિવ્ય ક્ષણને પોતે કેમેરામાં કંડારી નહિ શકે. નમ્રભાવે રઘુરાયે પોતાના દિલની વાણી રજૂ કરી, "મધર આપ કહો છો કે જ્યારે ઈસુએ પીડા વેઠી ત્યારે તમે કાલવારી પર હાજર ન હતાં. ગરીબોમાંયે અત્યંત ગરીબના શરીર પરના ઘા પર પાટાપિંડી કરતાં તમે પીડા ભોગવતાં ઈસુની જ સેવા કરો છો. ઈશ્વર સાથે એકાત્મતા સાધવાનો આ એક માર્ગ છે.

બીજો માર્ગ પ્રાર્થનાનો. મે પરમેશ્વરને જોયા નથી. કદી તેનો સાક્ષાત્કાર કર્યો નથી. પરંતુ જ્યારે તમે પ્રાર્થના કરતાં હો છો ત્યારે હું ઈશ્વરની હાજરી અનુભવું છું. આપની આંખોમાં ઈસુનો વાસ જોઈ શકું છું. જો હું આ ક્ષણની ફોટોગ્રાફી નહિ કરી શકું તો વિશ્વ સમક્ષ આ જોડાણ કેવી રીતે રજૂ કરી શકીશ ? મારી આ ફોટોગ્રાફી કથા અધૂરી જ રહેશે." અને મધરે એક શરતે મંજૂરી આપી કે રઘુરાય એક ખૂણે બેસીને ફોટો પાડશે અને બીજી સવારે છ વાગતા પહેલાં આવી જવા તાકીદ કરી. બીજી સવારે મધર થેરેસારઘુરાયને પ્રાર્થના ખંડમાં દોરી ગયાં અને એક સ્થાન બતાવી ત્યાંથી ફોટોગ્રાફી કરવા જણાવ્યું અને મધર તથા બીજા સાધ્વી બહેનો પ્રાર્થના કરવા લાગ્યાં. રઘુરાયે ફોટોગ્રાફી શરૂ કરી. પરંતુ તેમને લાગ્યું કે પ્રાર્થનાની સાધનામાં એકાગ્ર મધરના ફોટો માટે તેમને પોતાના સ્થાનેથી ઊઠવું પડશે. રઘુરાય ગડમથલ અનુભવી રહ્યા હતા. જાત સાથે લડી રહ્યા હતા. આખરે ઊભા થયા અને ફોટો પાડ્યા. મધર પ્રાર્થનામાં લીન હતાં ત્યારે રઘુરાયે ચોતરફ ઈસુની હાજરી અનુભવી. પ્રાર્થનાનો સમય પૂરો થયો ત્યારે બધી સાધ્વી બહેનો એક લાઈનમાં ઈસુની પ્રતિમાના ચુંબન કરવા આગળ વધ્યાં. રઘુરાયે થોડા અંતરથી આ ક્ષણને પણ પોતાના કેમેરામાં કંડારી. પછી મધરના આદેશના ઉલ્લંઘનના અપરાધભાવ સાથે ક્ષમા ચાહવા તેઓ મધર પાસે ગયા અને બોલ્યા, "મધર મને ક્ષમા કરો, તમારા કહેવા પ્રમાણે હું એક સ્થાને બેસી રહી શક્યો નહીં, પ્લીઝ મને માફ કરો." મધરે રઘુરાયનો હાથ પોતાના હાથમાં લીધો અને બોલ્યાં, "ઈશ્વરે તમને આ કાર્ય માટે પસંદ કર્યા છે. તો તમારે આ કામ ઉત્તમ રીતે પૂરું કરવું જોઈએ. અને ક્ષમા માટે તથા પોતાના કાર્યને દેવીઈચ્છા સાથે જોડી આપવા માટે રઘુરાય મધરના આભારી થઈ રહ્યા.

બીજા એક પ્રસંગે રઘુરાય કલકત્તાના કાલીઘાટ પાસે આવેલ નિર્મલ હૃદય ખાતે ફોટોગ્રાફી કરી રહ્યા હતા. એ સમયે એક સ્વિટ્ઝર્લેન્ડના અમીર વ્યક્તિ દાન આપવા મધરના આશ્રમે આવ્યા. એક સિસ્ટરે આવી મધરને સંદેશો આપ્યો. મધરે પેલા આંગતુકને રાહ જોવા કહું અને પોતે જ કામ કરી રહ્યા હતાં, એ એક ઘરડી સ્ત્રીની શુશ્રુષા કરવી ચાલું રાખ્યું. પોતાનું કામ પૂરું કર્યા પછી મધર પેલી વિદેશી વ્યક્તિને મળ્યાં. તેણે મોટી રકમ દાનમાં આપવાની ઈચ્છા વ્યક્ત કરી. પરંતુ તેની ઈચ્છા અને વાતચીતમાં ભારોભાર અહંકાર જોવા મળ્યો. મધરે તેની વાત શાંતિથી સાંભળી. પછી મૃદુ પરંતુ દૃઢ નિર્ધાર જણાવ્યો. "આપના દેશમાં પણ ઘણા ગરીબ અને નિરાધાર લોકો હશે. આપ કેમ તેમની કોઈ મદદ ના કરી શકો? અહીં લોકોની સેવા કરવા મારાં દેશવાસીઓ મને પૂરતી મદદ પૂરી પાડે છે." આ વાત સાંભળી રઘુરાયનું માથું ગર્વથી ઊંચું ઊઠ્યું અને જિંદગીમાં ક્યારેય ન અનુભવી હોય તેવી દેશદાઝ તેમના દિલને ઝણકોરી ગઈ. બાંગ્લાદેશ સ્વતંત્ર સંગ્રામ સમયે લાખો શરણાર્થીઓ ભારતમાં પ્રવેશ્યા હતાં. મિશનરી ઓફ ચેરિટીનાં સાધ્વી બહેનો તેમની સેવામાં લાગેલાં હતાં. ત્યારે રાહત કાર્યના વડા સરકારી અધિકારીને મધરે જણાવ્યું કે, "મંડળની બહેનો કોઈ પણ પરિસ્થિતિને પહોંચી વળશે. આખો દિવસ બધી મુશ્કેલીઓનો સામનો કરશે. પરંતુ રોજ સાંજે પ્રાર્થનાના સમયે તેમણે આશ્રમ જરૂર હાજર રહેવું પડશે.." રોજની પ્રાર્થના જ બધાને જરૂરી આધ્યાત્મિક ભાથું પૂરું પાડે એમ મધર દૃઢપણે માનતાં.

મધર સાથેની છેલ્લી મુલાકાત વાગોળતા રઘુરાય જણાવે છે. મધર બીમાર હતાં. ડોક્ટર કોઈને પણ તેમની મુલાકાતની મંજૂરી આપતા નહીં. રઘુરાય અને નવીન ચાવલા તેમના પુસ્તકની એક પ્રત આપવા ત્યાં પહોંચી ગયા. તેમને આશા ન હતી કે મધરનાં દર્શન થશે. વેઈટિંગ એરિયામાં તેઓ રાહ જોઈ રહ્યા હતા. સાધ્વી બહેને જણાવ્યું કે ડોક્ટર રજા આપશે તોજ મધરને વ્હીલચેરમાં રૂમની બહાર લાવવામાં આવશે. હૃદયમાં એક ભાર અને મનમાં અજબ પ્રકારની પીડા હતી. પણ જેવાં મધરનાં દર્શન થયાં કે બધી ચિંતા અને પીડા ઓસરી ગઈ. મધરને જોઈ રઘુરાય આશ્ચર્યચકિત થઈ ગયા. તેમણે મધરના ચહેરા પર એવી દૈવી આભા નિહાળી. એવું પવિત્ર રૂપ જે ફક્ત કોઈ દિવ્ય વ્યક્તિના મુખે શોભતું હોય અને મધર અને તેમના સર્જનહાર એવા પરમપિતાનું સાયુજ્ય અનુભવ્યું. રઘુરાય જણાવે છે કે તેમણે હંમેશા મધર થેરેસાના મુખ પર પવિત્રતા જોઈ છે પરંતુ તે અંતિમ મુલાકાત સમયે તેમણે મધરના ચહેરા પર અદ્ભુત સ્વર્ગીય આભા નિહાળી.. એ દર્શનમાં તેમને પરમેશ્વરનાં દર્શન લાધ્યાં. મધરના મુખ પર એવું અનુપમ તેજ હતું કે તે ક્ષણ માટે પોતાનો કેમેરો ક્લિક કરવાનું પણ ભૂલી ગયા.......

જ્યારે આ લેખકે ૧૧ ઓગસ્ટના રોજ ફરી એક વાર શ્રી રઘુરાય સાથે ટેલિફોન પર વાત કરી અને મધરના સંતપદ વિશે તેમની લાગણી જણાવતા વિનંતી કરી ત્યારે તેમણે જણાવ્યું - " જ્યારે હું પહેલી વાર મધર થેરેસાને મળ્યો ત્યારથી જ મારાં મતે તેઓ સંત હતાં. આ વાત મેં અનેક ઠેકાણે કહી છે અને કહેતો રહીશ." મધર પરના મારા બીજા એક પુસ્તક -The saint Mother-માં પણ આ વાત દોહરાવી છે. वेटिकन ने भले ही प्रक्रिया के तोर पर ईतनी देर कर दी, हम तो शुरु से ही कह रहे थे की मधर संत है...." ●

*(**નોંધ :** શ્રી રઘુરાય સાથે થયેલ ટેલિફોનિક વાતચીત અને તેમણે ઈમેઈલ મારફતે મોકલાવેલ પૂરક માહિતી માટે હૃદયપૂર્વક આભાર)*









# વિશ્વ વંદનીય સંત મધર ટેરેસા

**સંત મધર ટેરેસા**

માનવ જન્મ ધારણ કરેલ એક મહાન વિભૂતિ એટલે મધર ટેરેસા. આલ્બેનિયામાં જન્મેલ મધર ટેરેસા એક કેથોલિક સાધ્વી હતાં. ભારતદેશને તેમણે પોતાની કર્મભૂમિ બનાવી હતી. કોલકતામાં તેમણે મિશનરીસ ઓફ ચેરિટી નામે સાધ્વી સંઘની સ્થાપના કરી હતી. મધરે ભારતીય નાગરિકતા પણ મેળવી હતી અને સંપૂર્ણપણે ભારતીય બની ગયાં હતાં. કોલકોતાનાં અત્યંત ગરીબ અને નિરાધાર લોકોની તેમણે કરેલી સેવા એક મિશાલ બની ગઈ છે. વિશ્વવ્યાપી સેવા માટે તેમને શાંતિનું નોબલ પારિતોષિક પ્રદાન કરવામાં આવ્યું હતું. તેમનો જન્મ ૨૭ ઓગસ્ટ ૧૯૧૦ના રોજ થયો હતો. તેમનું મૂળ નામ આગ્નેશ હતું. ત્રણ ભાઈ-બહેનોમાં તેઓ સહુથી નાનાં હતાં. તેમના પિતા એક સફળ વેપારી હતાં. ૧૨ વર્ષની ઉંમરે સાધ્વી બની ઈસુનો શુભસંદેશ ફેલાવવાનું તેમને મન થયું. ૧૮ વર્ષની ઉંમરે તેમણે પોતાના કુટુંબનો ત્યાગ કર્યો અને લોરેટો સાધ્વી મંડળમાં દાખલ થયાં. આયર્લેન્ડ ખાતેના આ મંડળની ભારતમાં પણ કોન્વેન્ટ ફેલાયેલી છે. ડબ્લિન ખાતે શરૂઆતની થોડા મહિનાઓની તાલીમ પછી મધર ટેરેસા ભારત પધાર્યાં. ૨૪ મે ૧૯૩૧ના રોજ મધરે સંન્યસ્ત જીવનનાં પ્રથમ વ્રત સ્વીકાર્યાં. ૧૯૩૧ થી ૧૯૪૮ સુધી મધરે કોલકોત્તાની સેન્ટ મેરીસ હાઈસ્કૂલમાં ભૂગોળ અને ધર્મશિક્ષક તરીકે સેવાઓ આપી. પરંતુ કોલકોતાના ગરીબોની હાલત જોઈ તેમનું હૃદય દ્રવી ઊઠ્યું. ૧૯૪૮માં તેમણે પોતાના ઉપરી અધિકારીઓ પાસે કોલકતાના ઝૂંપડપટ્ટી વિસ્તારના અત્યંત ગરીબો માટે સેવાકાર્ય કરવા મંજૂરી માંગી.

પટનામાં સાધ્વી સંઘમાં ઔષધીય વિજ્ઞાનની ટૂંકી તાલીમ મેળવી અને તેઓ કોલકોતા પરત ફર્યાં અને લિટલ સીસ્ટર્સ ઓફ પૂઅર સાધ્વી સંઘના મકાનમાં નાનકડી જગ્યામાં પોતાનું સેવાકાર્ય શરૂ કર્યું. ઘરવિહોણાં બાળકો માટે તેમણે એક ઓપન એર સ્કૂલ શરૂ કરી. ટૂંક સમયમાં જ થોડા નિસ્વાર્થ સહાયકોની તેમને મદદ મળી. ધર્મસભા તથા સ્થાનિક મ્યુનિસિપાલિટીએ પણ નાણાંકીય સહાય તથા જરૂરી પીઠબળ પૂરું પાડ્યું. ૭ ઓક્ટોબર ૧૯૫૦ના રોજ તેમને પોતાનું મંડળ શરૂ કરવા વેટિકનથી ધર્મસભાની મંજૂરી મળી. આરંભમાં કોલકોતા ધર્મપ્રાંતીય સાધ્વીસંઘ નામે શરૂ થયેલ આ સંઘ આગળ જતાં મિશનરીસ ઓફ ચેરિટી તરીકે વિશ્વ વિખ્યાત થયો. જેનું કોઈ જ નથી અને જેમની સેવા કરવા પણ કોઈ ઈચ્છતું નથી એવા નિરાધારોની સંભાળ એ મિશનરીસ ઓફ ચેરિટી સંઘનો પાયાનો ઉદ્દેશ રહ્યો છે.

ફક્ત ૧૨ સાધ્વીબહેનોથી શરૂ થયેલ આ નાનકડી શરૂઆત હવે તો ૪૦૦૦ થી પણ વધુ સંન્યાસીઓના એક વિશાળ વટવૃક્ષમાં પરિવર્તિત થઈ ગયેલ છે. મિશનરીસ ઓફ ચેરિટી સંઘનાં સાધ્વી બહેનો અને ભાઈઓ દુનિયાભરમાં અનાથાલયો, એઈડ્સગ્રસ્ત લોકો માટે સારવાર કેન્દ્રો, શરણાર્થીઓ માટે રાહત શિબિરો, અંધ, અપંગ,વૃદ્ધ, બીમાર અને અશક્ત લોકો માટે આશ્રયસ્થાનો, નશાની નાગચૂડમાં સપડાયેલા લોકોના પુર્નઃવસવાટ કેન્દ્રો, વગેરેનું સંચાલન કરે છે. પૂર, ધરતીકંપ, મહામારી, જેવી કુદરતી આફતો વેળાએ કે પછી યુદ્ધ સમયે પણ મિશનરીસ ઓફ ચેરિટી સંઘનાં સાધ્વી બહેનો આફતગ્રસ્ત લોકોની વહારે દોડી જઈ તેમની સેવા કરે છે. તેમની સેવા પ્રવૃત્તિ જોઈ વડાધર્મગુરુ પાઉલ છઠ્ઠાએ ૧૯૬૫માં આ સંઘને તેનો સેવાકાર્યનો વિસ્તાર વધારી ભારતની બહાર બીજા દેશોમાં તેમનાં સંઘની સ્થાપના કરવા મંજૂરી આપી. ત્યારબાદ વેનેઝુએલા ખાતે મિશનરીસ ઓફ ચેરિટીની ભારત બહાર સહુ પ્રથમ શાખાની શરૂઆત થઈ અને હાલમાં એશિયા, આફ્રિકા, લેટિન અમેરિકા, નોર્થ અમેરિકા, પોલેન્ડ, ઓસ્ટ્રેલિયા સહિત વિશ્વના ૧૦૦ થી વધુ દેશોમાં આ સંઘ કાર્યરત છે.

વૃદ્ધાવસ્થા અને નાદુરસ્તીને લીધે ૧૩ માર્ચ ૧૯૯૭ના રોજ મધર ટેરેસાએ મિશનરીસ ઓફ ચેરિટીના વડાપદેથી રાજીનામું આપ્યું અને થોડા જ મહિના બાદ, તેમની ૮૭મી જન્મજયંતીના ૯ દિવસ પછી ૫ સપ્ટેમ્બર ૧૯૯૭ના રોજ મધરે આ દુનિયામાંથી વિદાય લીધી. તેમના મૃત્યુ પછી ધર્મસભાએ તેમને સંતોની પંક્તિમાં સામેલ કરવાની પ્રક્રિયા આરંભી. કેથોલિક ધર્મસભામાં સંત જાહેર થવા માટે જે તે વ્યક્તિની

મધ્યસ્થી દ્વારા થયેલ ચમત્કારનો પુરાવો આવશ્યક હોય છે. ૨૦૦૨માં વેટિકને એક ભારતીય મહિલા મોનિકા બિરસાના પેટમાં થયેલ ગાંઠ મધર ટેરેસાની મધ્યસ્થી દ્વારા દૂર થઈ હોવાનું સ્વીકાર્યું. મોનિકા બિરસાએ જણાવેલ કે મધર ટેરેસાની છબીમાંથી પ્રગટેલ પ્રકાશપૂંજ દ્વારા તેના પેટમાં રહેલ કેન્સરની ગાંઠ દૂર થઈ હતી. ૧૯ ઓક્ટોબર ૨૦૦૩ના શુભ દિને વડાધર્મગુરુ જોન પોલ દ્વિતીયે મધરને પુનિતની પંક્તિમાં સામેલ કર્યા અને તેઓ 'કોલકોત્તાના પુનિત ટેરેસા' કહેવાયાં.

મધર ટેરેસાની મધ્યસ્થી દ્વારા તાજેતરમાં થયેલ બીજા ચમત્કારને પણ ધર્મસભાએ માન્યતા આપી અને જેની વાટ જોવાઈ રહી હતી એ સોહામણો દિવસ આવી પહોંચ્યો છે. આજે જ્યારે આપણે 'દયાનું વર્ષ' ઉજવી રહ્યા છીએ ત્યારે 'દયાનાં દેવી' એવાં મધર ટેરેસાને આપણા વડા ધર્મગુરુ ફ્રાન્સિસ ૪ સપ્ટેમ્બર ૨૦૧૬ના શુભદિને વેટિકન ખાતે સંત ટેરેસા જાહેર કરશે.



**ચડિયાતું કોણ ?**

એક દિવસ સૂર્ય અને પવન વચ્ચે વિવાદ શરૂ થયો કે એ બેમાં ચડિયાતું કોણ ?

"હું જ સહુથી તાકાતવર છું." પવને પોતાનો હક્ક જાહેર કર્યો.

"ઓહ ઓ... શું ત્યારે એમ વાત છે ?" સૂર્યએ મજાકભર્યા અંદાજમાં કર્યું.

પવન ગુસ્સાથી ધૂંવા- ફૂંવા થઈ ઊઠ્યો અને જોરજોરથી હવા શરૂ થઈ. એ સમયે એક માણસ ઠંડીથી બચવા મશક્ત કરી રહ્યો હતો. ઊનના કામળાથી પોતાનું શરીર ઢાંકવા કોશિષ કરતો હતો. તેનું સમગ્ર શરીર ઠંડીને લીધે થરથર કાંપતું હતું.

આ જોઈ પવનને ચાનક ચઢી. તે બોલ્યો : " આપણા બેમાંથી જે પેલી વ્યક્તિનો કામળો દૂર કરી શકે એ વધુ તાકાતવર." સૂર્યએ શરત મંજૂર રાખી.

"સારું,તું પહેલા પ્રયત્ન કરી જો." મૂછમાં હસતાં સૂર્યએ કહ્યું. પવન તો હવે જોરમાં આવી ગયો. પૂરી તાકાતથી હવા ફેંકાવા લાગી. જેમ જેમ તેજ થતી ગઈ તેમ તેમ પેલો માણસ ઠંડીથી વધુને વધુ થરથરવા લાગ્યો. એને ઠંડીથી બચવા પોતાનો કામળો વધુને વધુ તાકાતથી શરીર પર ઓઢી રાખવા લાગ્યો. તેનો કામળો હઠાવી દેવામાં પવન પરાજિત થયો.

હવે સૂર્યનો વારો હતો. મંદ મંદ હસતાં હસતાં સૂર્યએ પોતાની તાકાત બતાવવી શરૂ કીધી. ધીરે ધીરે ગરમીનો પારો ઊંચે ઊંચે ચડ્યો. અને તેજ ધૂપ ફેલાવા લાગી. ગરમીનો પ્રકોપ વધી ગયો અને અસહ્ય ગરમીને લીધે પેલા માણસે પોતાના શરીર પરનો કામળો દૂર કરી દીધો. આખરે સૂર્ય શરત જીતી ગયો.

**સાર : ગુસ્સા કરતા પ્રેમાળ સ્મિત વધુ અસરકારક હોય છે.**

**સાચો માર્ગ બતાડવો**

નાનકડા બોબને સતત કાંઇને કાંઇ ખાયા કરવાની આદત હતી. આખો દિવસ એનું મોં ચાલુને ચાલુ જ હોય. બિસ્કિટ અને ચોકલેટ તો એની પ્રિય વસ્તુઓ. એક દિવસ તે તેની બહેન માર્થા સાથે સુપર માર્કેટમાં ખરીદી માટે ગયો. કાઉન્ટર પાછળ ઊભેલી વ્યક્તિ તેના કામમાં વ્યસ્ત હતી. તેનું ધ્યાન નાનકડા કિશોર બોબ પર પડ્યું નહીં :

બોબે સરસ મઝાનાં સંતરા જોયાં. તેનું મન સંતરા ખાવા લલચાયું. એણે તો ટોપલીમાંથી એક સંતરું ઉપાડી ચાલતી પકડી. નાના એવા બોબને તો ખ્યાલ પણ ન હતો કે આને ચોરી કહેવાય. પરંતુ તેનાથી થોડી મોટી ઉંમરની માર્થાને ખબર કે આમ કરવું ન જોઈએ. તેણે પોતાના નાના ભાઈને રોક્યો. અને આ તો ચોરી કહેવાય એમ સમજાવી સંતરું પાછું મૂકાવ્યું.

વ્હાલાં કિશોરમિત્રો, જ્યારે આપણે બીજાની વસ્તુ લઈ લઈએ છીએ ત્યારે આપણો રક્ષક દેવદૂત દુ:ખી થાય છે. માર્થાનો રક્ષક દેવદૂત ખુશ હતો કારણ તેણે પોતાના નાના ભાઈને સાચો માર્ગ બતાવ્યો અને બાળ ઈસુ પણ માર્થાના કાર્યથી આનંદિત થઈ ઊઠ્યા.

**સાર : જો બધાં બાળકોના સાથી પોતાના મિત્રોને સાચા માર્ગે વાળે અને ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે તો કેવા આદર્શ સમાજની રચના થાય.**

**પ્રીત સંસ્કારની મુલાકાત**

લીનાને તેના સભા યાજ્ઞિકે સમજાવ્યું હતું કે દેવળમાં પ્રીત સંસ્કારમાં પ્રભુ ઈસુ હાજર હોય છે. આથી જ્યારે તે દેવળ પાસેથી પસાર થતી ત્યારે થોડી વાર માટે દેવળમાં જતી અને પ્રીતસંસ્કાર વેદી આગળ ઘૂંટણે પડી ઈસુના હાજરીનો અનુભવ કરતી.

જ્યારે જોનીને તો રમવામાં જ ધ્યાન રહેતું. બગીચામાં દોડા દોડી કરવી, પતંગિયાની પાછળ પડવું અને સુંદર ફૂલો ચૂંટવામાં જોનીને મજા પડતી.

લીનાએ જોનીને સમજાવ્યો કે વેદી પરના પ્રીત સંસ્કારમાં પ્રભુ ઈસુ સાક્ષાત હાજર હોય છે. તે જોનીને પોતાની સાથે દેવળમાં લઈ ગઈ અને પ્રીત સંસ્કાર આગળ ટૂંકી પ્રાર્થના કરી.

ઈસુને મળવા જવા માટે લીના અને જોનીના રક્ષક દેવદૂત ખૂબ ખુશ થયા અને પ્રેમાળ ઈસુ પણ જરૂર બંનેની પ્રાર્થના સ્વીકારશે.

જો બધાં બાળકોને ખબર હોય કે ઈસુ તેમને અત્યંત ચાહે છે તો તેઓ બધાં પણ જરૂર ઈસુને મળવા વારંવાર પ્રીત સંસ્કારની મુલાકાત લેશે.

## માતૃ સંભાળ

એક સુંદર સરોવર હતું. ચોપાસ હરિયાળીની વચ્ચે સરસ મજાનું સરોવર, એક અનોખું દૃશ્ય ખડું કરતું હતું. સરોવર કિનારે વૃક્ષો પર સુંદર રંગબેરંગી અસંખ્ય પક્ષીઓ વસતાં હતાં. એક બતક પણ તેનાં નાનાં નાનાં બચ્ચાં સાથે આ સરોવરમાં રહેતાં.

માતા બતક તેનાં બચ્ચાંને સરોવરના પાણીમાં તરતા અને ખોરાકની શોધ કરતાં શીખવતી. માતા બતક અને તેની પાછળ બચ્ચાંઓ આખો દિવસ સરોવરમાં તર્યા કરતાં. અને નાની નાની માછલીઓ પકડી ખાયા કરતાં. આમ તેમનું જીવન ખુશી અને મોજ મજામાં પસાર થતું હતું.

એક દિવસે પેલી માતા બતકે એક લુચ્ચા વરુને શિકારની શોધમાં સરોવર કિનારે ભટકતું જોયું. તેણે તરત જ તેના બચ્ચાંઓને ચેતવ્યા. "જુઓ બાળકો, સરોવર કિનારે એક વરુ શિકારની શોધમાં આમતેમ આંટા મારે છે, જ્યારે તમે સરોવરની બહાર નીકળો તો ધ્યાન રાખજો. નહીં તો વરુ તમારો શિકાર કરી જશે." "હા, માં.- બધાં બચ્ચાં એકી અવાજે બોલી ઊઠ્યાં. માતા બતક પણ હવે સતત તેનાં બચ્ચાં પર નજર રાખવા લાગી. જેથી વરુને શિકારની તક મળે નહીં."

બીજે દિવસે બધાં બચ્ચાં સરોવર કિનારે ઝાડીમાં ફરતાં હતાં. તેમની માતા બતક તેમની ભાળ લેવા પાણીમાંથી બહાર આવી. તેણે જોયું કે શિકારની લાગમાં પેલું વરુ બચ્ચાંની ખૂબ નજીક ઝાડીમાં સંતાઈને બેઠું હતું. માતા બતક ગભરાઈ ગઈ. તેણે તીણા અવાજે તેના બચ્ચાંને ચેતવ્યાં. "બચ્ચાઓ..... ભાગો... જલ્દીથી પાણીમાં ડૂબકી લગાવી દો..... સેતાન વરુ શિકારની લાગમાં તરાપ મારવા બેઠું છે.......ભાગો" આમ ચીસ પાડી પછી માતા વરુની સામે દોડી. બચ્ચાં તો એક પછી એક પાણીમાં કૂદી પડ્યાં. માતા બતકને પોતાની સામે આવતી જોઈ વરુના મોંમાં પાણી આવ્યું. ભાવતું ભોજન ખુદ સામે આવતાં જોઈ વરુ ખૂશ હતું. તેને લાગ્યું કે આજે તો ભાવતું ભોજન મળશે. શિકાર નજીક આવે એટલા માટે વરુ સજાગ થઈ બેઠું.

માતા બતક અડધે રસ્તે આવી. તેણે પાછળ વળીને જોઈ લીધું કે તેના બધાં બચ્ચાં સહી સલામત પાણીમાં પાછાં પહોંચી ગયા છે. તે પોતે ઘાયલ થઈ છે એવું નાટક કરી લંગડાવા લાગી. વરુને લાગ્યું કે બતક પર હુમલો કરવાનો આજ ખરો સમય છે. વરુએ બતક પર તરાપ મારી. પરંતુ બતક સજાગ હતું. તે છેલ્લી ઘડી સુધી જોતું રહ્યું અને જેવું વરુ નજીક આવ્યું કે અંતિમ સમયે પાંખ ફેલાવી બતક પાણીમાં સરકી ગયું.

આમ માતા બતક અને તેનાં બચ્ચાં સહીસલામત બચી ગયાં અને સરોવરમાં તરવા લાગ્યાં. જ્યારે પેલું વરુ શિકારની શોધમાં જંગલ તરફ જતું રહ્યું.



**ક્વિઝ**

૧. મારે પાન હોય. લોકો મને વાંચે છે. પરંતુ હું પુસ્તક નથી. તો બોલો હું કોણ ?

૨. મારી કાયા પ્લાસ્ટિકની બનેલી હોય છે. લોકો મારો ઉપયોગ પેપર સાંધવા કરે. બોલો હું કોણ ?

૩. લોકો મારી મુલાકાતે ત્યારે જ આવે જ્યારે બીમાર હોય. બોલો હું કોણ ?

૪. કાયા મારી મોટી....... બાળકોથી ભરેલી..... બાળકોનો કોલાહલ મને ખૂબ ગમે. બોલો હું કોણ ?

૫. હું બધાને વરસાદથી બચાવું, કેટલાક લોકો મારો ઉપયોગ ગરમીથી બચવા પણ કરે. બોલો હું કોણ ?

૬. ગગન મારું ઘર, સપ્તરંગી મારી કાયા, વરસાદ અને સૂર્ય પ્રકાશ વખતે થાય મારાં દર્શન. બોલો હું કોણ ?

૭. હું એક વૃક્ષ. ભરગરમીમાં જંગલ ખીલી ઊઠે મારા કેસરી ફૂલોથી. બોલો હું કોણ ?

૮. હું વર્ષનો એક મહિનો અને મારે સહુથી ઓછા દિવસો. બોલો હું કોણ?

૯. મારો ગડગડાટ લોકોને ગભરાવે. વરસાદમાં વીજળી પછી સંભળાય મારો અવાજ. બોલો હું કોણ?

૧૦. સૂર્યમંડળમાં મારું સ્થાન પણ નથી હું કોઈ ગ્રહ. બોલો હું કોણ?

**જવાબો : ૧. મેગઝિન, ૨. ગુંદરની ટ્યૂબ, ૩. ડોક્ટર, ૪. શાળા, ૫. છત્રી, ૬. મેઘધનુષ, ૭. કેસૂડો, ૮. ફેબ્રુઆરી, ૯. વાદળ ગર્જના, ૧૦. સૂર્ય**

## સંબંધોમાં વિશ્વાસ

એક વખત એક પિતા તેમની દીકરી સાથે એક પુલ પરથી પસાર થઈ રહ્યાં હતાં. પિતા ભલે ઉંમરમાં મોટા હતા પરંતુ તેમને પાણીનો ડર લાગતો હતો. તેથી તેમણે તેમની નાનકડી પુત્રીને કહ્યું : "દીકરી, તું મારો હાથ પકડી રાખ. જેથી હું નદીમાં પડી ન જાઉં." ત્યારે દીકરી બોલી : " ના પપ્પા, તમે મારો હાથ ઝાલી રાખો." આશ્ચર્ય સાથે પિતા બોલ્યા : " હું તારો હાથ ઝાલી રાખું કે તું મારો હાથ પકડી રાખે...બેઉમાં ફરક શું પડે ?" "બહુ જ મોટો ફરક પડે !!!" દીકરી બોલી. " હું તમારો હાથ પકડી રાખું અને જો કોઈ દુર્ઘટના બને તો શક્ય છે કે મારાથી તમારો હાથ છૂટી પણ જાય. પરંતુ જો તમે મારો હાથ પકડી રાખો તો મને પાક્કો વિશ્વાસ છે કે ગમે તે થાય. ગમે તેવી આફત આવી પડે, તમે મારો હાથ કદી છોડી દેશો નહીં."

**સાર : સંબંધમાં પણ આવું જ હોય છે. એકબીજા પર સંપૂર્ણ વિશ્વાસ. આથી જ જે તમને ચાહે છે તેમના પર ભરોસો રાખો.... તેમની દોરવણી પ્રમાણે ચાલો....... તેમના માર્ગદર્શનને અનુસરો. જેમ કે તમારાં માતાપિતા........**

**ચિંતન પુષ્પ : આદર્શ શિક્ષક એક મીણબત્તી જેવા હોય. પોતે ખતમ થઈ જાય પરંતુ બીજાને પ્રકાશ આપે.**

**શિક્ષકદિને સહુ ગુરુજનોને આદર સહ ભાવભર્યા વંદન.......**

**સંપાદક 'કિશોરમિત્ર'**
**- રાજેશ ક્રિશ્ચિયન**
**(મો.) ૯૪૨૬૫ ૮૪૦૨૮**
E.mail : rajesh.christian@yahoo.co.in

# ફાતિમા મા મારિયા દર્શન શતાબ્દી મહોત્સવ

ફાતિમા (પોર્ટુગલ)માં ત્રણ બાળકો-લુસિયા, જાસીન્તા અને ફ્રાન્સિસ્કો- ને દર્શન આપીને વિશ્વશાંતિ માટે પવિત્ર ગુલાબમાળાની ભક્તિ કરવા સંદેશ આપ્યો હતો. આ દર્શન-સંદેશના શતાબ્દી પર્વે પધારવા આપને હાર્દિક આમંત્રણ.



**તારીખઃ ૨જી ઓક્ટોબર, ૨૦૧૬ રવિવાર**

(ફાતિમા મા મારિયાનો ૩૪મો ભક્તિ મેળો)

**સ્થળઃ** ફાતિમા છાયા, ગોઠડા-સાવલી (જિ. વડોદરા)

**સરઘસઃ** સવારે ૧૦.૦૦ કલાકે
ફાતિમા મા મારિયાની પ્રતિમા સાથે
(ગોઠડા બસસ્ટેન્ડ થી ફાતિમા છાયા)

**ખ્રિસ્તયજ્ઞઃ** સવારે ૧૧.૦૦ કલાકે

**સમૂહભોજનઃ** બપોરે ૦૧.૦૦ કલાકે

**લિ. ગોઠડા ધર્મવિભાગના શ્રદ્ધાળુઓ**




# ફાતિમા મા મારિયા દર્શન શતાબ્દી મહોત્સવ

**ધન્ય હો ફાતિમાનાં મા મારિયા**

પ્રથમ વિશ્વયુદ્ધના ટાણે ફાતિમા મા મારિયાએ વિશ્વશાંતિ માટે સંદેશ આપ્યો હતો. માનવજાત આજે ત્રીજા વિશ્વયુદ્ધ માટે મોરચો માંડી રહી છે ત્યારે એ જ સંદેશ આજે પણ એટલો જ યથાર્થ છે. જો તમે, વિશ્વશાંતિની સ્થાપનામાં તલભાર પ્રયાસ કરવા માંગતા હો તો પધારો...

..........ફાતિમા ધામ ઉમરેઠ ધામે...

દર્શન શતાબ્દી વર્ષ દરમિયાન અમદાવાદ ધર્મપ્રાંતમાં ફાતિમા મા મારિયાને સમર્પિત એકમાત્ર ધર્મવિભાગ ઉમરેઠ ખાતે - 'ફાતિમા દેવાલય' દર્શન શતાબ્દી પર્વ ઉજવણીમાં પધારવા આપને હાર્દિક આમંત્રણ.



**: શતાબ્દી પર્વ દિન :**
૧૬ ઓક્ટોબર, ૨૦૧૬ રવિવાર

**: પવિત્ર ગુલાબમાળા :**
સવારે ૯.૩૦ કલાકે

**: ખ્રિસ્તયજ્ઞ :**
સવારે ૧૦.૦૦ કલાકે
આદરણીય થોમસ મેકવાન
(મહાધર્માધ્યક્ષ ગાંધીનગર મહાધર્મપ્રાંત)

**: સન્માન/શિષ્યવૃત્તિ વિતરણ :**
સવારે ૧૧.૪૫ કલાકે

**: ભોજન સમારંભ :**
બપોરે ૧૨.૩૦ કલાકે

**: નિમંત્રક :**
પુરોહિતગણ, સાધ્વીબહેનો તથા ધર્મજનો
ઉમરેઠ ધર્મવિભાગ

# મધર થેરેસા અને ઈસુસંઘીઓ

✍ ફાધર ડૉ. વિનાયક જાદવ, એસ.જે.

*માનદ તંત્રી 'દૂત'*



૪થી સપ્ટેમ્બર, ૨૦૧૬ના રોજ વેટિકનના સંત પીતર મહાદેવાલયના પ્રાંગણમાં પુનિત મધર થેરેસા ઇતિહાસના પ્રથમવારકા ઈસુસંઘી પોપ દ્વારા સંતોની પંક્તિમાં મૂકાશે. મધર થેરેસા તે દિવસથી કલકત્તાનાં સંત થેરેસા તરીકે ઓળખાશે. મધર થેરેસાના જીવનને પ્રભાવિત કરતું એકમાત્ર પરિબળ અને પ્રયોજન હતું : દરિદ્રમાં દરિદ્રની સેવા દ્વારા ઈસુની માનવજીવ માટેની પ્રેમપ્યાસ બુઝાવવી. એમની આ આખરી મંજિલ લગી પહોંચવામાં અનેક પરિબળોએ ભાગ ભજવ્યો છે, જેમાં નોખું તરી આવતું પરિબળ છે ઈસુસંઘીઓનો પ્રભાવ. મધર થેરેસાએ ખુદ પોતાના હસ્તાક્ષરોમાં ૨૯ ઓગસ્ટ, ૧૯૯૦ના રોજ પાઠવેલા પત્રમાં લખ્યું હતું : પ્રત્યેક મિશનરી ઓફ ચેરીટી ઈસુસંઘની ઋણી છે. ઈસુસંઘી પુરોહિતોએ અમારા આધ્યાત્મિક ઘડતર અને પવિત્રતાની વૃદ્ધિ બાબતે જતન કર્યું છે. સમસ્ત વિશ્વના, સવિશેષ કલકત્તાના એ સૌ ઈસુસંઘીઓ પ્રત્યે હું ઊંડા આભારની લાગણી વ્યક્ત કરું છું. ઈસુસંઘ માતા ધર્મસભાને અનેક સંતોનું પ્રદાન કરતો રહે એવી અમારી પ્રાર્થના છે. આપણે પ્રાર્થના કરતા રહીએ. ઈશ્વરના આશીર્વાદ.

યુવાન વયથી જ આગ્નેસ (મધર થેરેસાનું મૂળ નામ) સ્કોપ્જે (યુગોસ્લાવીયા)ના પોતાના ઈસુસંઘી સભાપુરોહિત ફાધર ફ્રાન્યોના સંપર્કમાં હતી. સભાપુરોહિત દ્વારા સંચાલિત મરિયમ સેનાના સભ્ય તરીકે આગ્નેસમાં સંન્યસ્તજીવનની પ્રેરણા જાગી હશે. સિસ્ટર મેરી થેરેસા તરીકે લોરેટો મંડળમાં જોડાયા બાદ પણ આગ્નેસે પોતાના સભાપુરોહિત સાથેનો સંપર્ક જાળવેલો. પોતે અનુભવેલા પ્રાર્થનામય જીવનના પડકારો અને શ્રદ્ધાની કસોટીઓની વાત પહેલવારકી આગ્નેસે પોતાના ઈસુસંઘી સભાપુરોહિતને જ કહી સંભળાવેલી. લોરેટો મંડળનાં સ્થાપિકા મેરી વૉર્ડે ખુદ પોતાના સીસ્ટરોને સંત ઈગ્નાસની આધ્યાત્મિકતાને અનુસરવા અનુરોધ કરેલો. એ જોતાં મધર થેરેસાને ગળથૂંથીમાંથી જ સંત ઈગ્નાસ અને ઈસુસંઘ પ્રેરિત આધ્યાત્મિકતાના સંસ્કાર સાંપડેલા. મધર થેરેસાના ઈસુસંઘીઓ સાથેના પત્રવ્યવહારો તેમજ તેમની અંગત ડાયરીની ભાષા પરથી સ્પષ્ટ જણાય છે કે સંત ઈગ્નાસની આધ્યાત્મિક પરિભાષાથી તેઓ સુપેરે પરિચિત હતાં.

પાછળથી લોરેટો સાધ્વી મંડળનાં નોવિસ તરીકે તેઓએ સંત ઈગ્નાસ પ્રેરિત એક મહિનાની આધ્યાત્મિક સાધના પણ કરી હતી. લોરેટો સાધ્વીઓ માટે વાર્ષિક આઠ દિવસની રીટ્રીટ પણ સંત ઈગ્નાસની અધ્યાત્મ સાધના અનુસારની રહેતી. સંત ઈગ્નાસના જીવનાદર્શો પ્રેરિત વાતાવરણમાં મધર થેરેસાની અધ્યાત્મ વિચારધારા ઉછરી. જીવનમાં કાંઈક અધિકતમની ખોજ કરતા રહેવાનો ઈસુસંઘી સંસ્કાર પણ સુંવાળું લોરેટો સાધ્વીજીવન છોડીને ઝૂંપડપટ્ટીના દરિદ્રજનોની સેવાના કઠોર સંકલ્પ પાછળ હશે એવું અનુમાન કરી શકાય.

ઈસુસંઘી જીવનપ્રણાલિ અને મૂલ્યો સાથેનો મધર થેરેસાનો ઘરોબો એટલો તો ઘનિષ્ઠ બની ગયો કે " ઈશ્વરના અધિક મહિમાર્થે" (AMDG) જેવા લાક્ષણિક ઈસુસંઘી પ્રયોગો તેમના રોજિંદા વપરાશમાં સહજ બની ગયા. પોતાના નવસ્થાપિત સંઘના નિયમોના પ્રથમ મુસદ્દાને અંતે તેમણે લખ્યું હતું : " ઈશ્વરના અધિક મહિમાર્થે !" સંત ઈગ્નાસની આધ્યાત્મિકતા મધર થેરેસાએ કવચિત્ પ્રત્યક્ષ ઝીલી તો કવચિત્ પરોક્ષ. મિશનરી ઓફ ચેરીટીનો જીવન ઉદ્દેશ - 'ક્રૂસજડિત ઈસુની માનવજીવના ઉદ્ધારની પ્રેમપ્યાસ બુઝવવી' સંત ઈગ્નાસના જીવનમંત્ર 'માનવજીવના ઉદ્ધાર દ્વારા ઈશ્વરની સેવા અને સ્તુતિ' સાથે કેવો મળતો આવે છે. અન્યત્ર પણ મધર થેરેસાએ "માનવજીવોને ઈશ્વર સમીપ અને ઈશ્વરને માનવજીવ સમીપ લાવવા"ના સંઘના ઉદ્દેશની વાત કરી છે. મધર થેરેસાના સદંતર અપરિગ્રહમય જીવનના નિર્ધાર પાછળ સંત ઈગ્નાસની અધ્યાત્મસાધનાનો પ્રભાવ હશે.

સેંટ ઝેવિયર્સ કૉલેજ, કલકત્તા સ્થિત ઈસુસંઘી ફાધર સેલેસ્ટી વાન એક્સેમ ૧૯૯૭માં એમના મૃત્યુ લગી મધર થેરેસાના આધ્યાત્મિક માર્ગદર્શક હતા. લોરેટો સાધ્વીસંઘ છોડીને દરિદ્રની સેવા કાજે નવો પંથ અપનાવવાની નિર્ણય પ્રક્રિયામાં મધર થેરેસાને સંપૂર્ણપણે દોરનાર ફાધર વાન એક્સેમ હતા. કલકત્તાના તત્કાલીન ઈસુસંઘી મહાધર્માધ્યક્ષ ફર્ડીનાન્ડ પેરિયર આગળ મધર થેરેસા વતી નવા સંઘની સ્થાપનાનો વિચાર પણ એમણે જ રજૂ કરેલો. અલબત્ત, મહાધર્માધ્યક્ષે મધર થેરેસાનો નિર્ણય સંપૂર્ણ ઈશ્વરપ્રેરિત હતો એની ખાતરી કરવા વિલંબ કરેલો પરંતુ આખરે સંઘને નામદાર પોપની બહાલી અપાવવામાં નોંધપાત્ર ભૂમિકા ભજવેલી. લોરેટો સંઘ છોડીને નવા સંઘની સ્થાપનાનો નિર્ણય સહેલો ન હતો. પોતાના આધ્યાત્મિક ગુરુ સાથે આડા સંબંધો તેમજ સાનભાન ગુમાવ્યાના આક્ષેપોનો પણ મધરને સામનો કરવો પડ્યો. સમગ્ર કઠિન પ્રક્રિયામાં ઈસુસંઘી માર્ગદર્શક ફાધર વાન એક્સેમે વિશેષ નૈતિક સાથ નિભાવ્યો. ઈસુની જેમ અપમાન સહન કરવાની તેમજ સંપૂર્ણ લૂંટાઈ જઈને ઈશ્વરનિર્ભર થઈ રહેવાની પ્રેરણા સંત ઈગ્નાસની અધ્યાત્મસાધના આધારિત હતી. સંત ઈગ્નાસની તમામ પ્રેષિતિક કાર્યોને નિઃશુલ્ક રાખવાની ઈસુસંઘી પ્રણાલિ મધર થેરેસા પોતાના સંઘ માટે પણ અનુસરે છે. દારિદ્રય અવસ્થાની કરુણતા તેઓ પોતાની ઈન્દ્રિયે ઈન્દ્રિયમાં

અનુભવવાનું શીખ્યાં- સંત ઈગ્નાસના દિવસભરનાં ધ્યાનોને અંતે આવતા ઈન્દ્રિયાનુભવના છેલ્લા ધ્યાન પરથી. તેમણે ગુરુ ફાધર એકસેમને પત્રમાં લખ્યું : "મારાં સાથી સાધ્વીઓ સાથે જે જીવન હું જીવવા માંગુ છું તે હું જાણું છું કે અત્યંત કઠિન છે પરંતુ જેઓ ચાહવા માંગે છે તેમને કશું કપરું નથી."

ઈસુસંઘી ફાધર સેલેસ્ટી વાન એકસેમ કેનન લૉના વિદ્વાન હતા. તેમણે જ મધર થેરેસાના નવા સંઘ 'મિશનરીઝ ઓફ ચેરીટી'નું બંધારણ લખવામાં મધરને મદદ કરેલી અને તેમના વતી રોમમાં તે રજૂ કરેલું. ૭ સપ્ટેમ્બર, ૧૯૫૦ના રોજ મધરના નવા સંઘને બહાલી આપતો નામદાર પોપનો પત્ર પણ ફા. વાન એકસેમે જ વાંચી સંભળાવેલો. ઈસુસંઘી મહાધર્માધ્યક્ષ ફર્ડીનાન્ડ પેરિયરે સંઘની બહાલી માટે રોમ ખાતે ભારપૂર્વક ભલામણ કરેલી અને સિયાલ્દાહ ખાતેના પ્રથમ ભાડુતી મકાનમાં સંઘની સ્થાપનાનો આશીર્વાદ કરેલો.

સ્થાપના બાદ પણ સંઘને સતત સાથ નિભાવવામાં અનેક ઈસુસંઘીઓએ યથાભૂમિકા ભજવી. દરિદ્રો પ્રત્યે વિશેષ લગાવ ધરાવતા બેલ્જીયન ઈસુસંઘી ફાધર જુલિયન હેન્રીએ કલકત્તાની મોતીઝીલ  ઝૂંપડપટ્ટીમાં પ્રથમ શાળા શરૂ કરવામાં મધર થેરેસાને સાથ દીધેલો. ફાધર વાન એકસેમની સાથે  સાયકલ પર ફરી ફરીને ફાધર હેન્રીએ લોરેટો સંઘ છોડ્યા પછી મધર થેરેસાને માટે નિવાસ શોધી કાઢવા ખાસ્સો રઝળપાટ કરેલો. મધર પાસે ક્ષયદર્દીઓને ખવડાવવા જ્યારે પૂરતું અન્ન ન હતું ત્યારે ફાધર હેન્રીએ પોતાના તાબામાં "મુઠ્ઠીભર ચોખા" નામની ચળવળ ચલાવીને અન્ન એકઠું કરેલું. અણીની વેળાએ મધર અચૂક એમને ફોન કરતાં.

કલકત્તાના ઈસુસંઘી કાર્ડીનલ લોરેન્સ પિકાચીએ મધર થેરેસાના જીવનમાં આવેલી આધ્યાત્મિક કસોટી વેળાએ વિશેષ ભૂમિકા નિભાવેલી. ફાધર પિકાચીની રિટ્રીટમાં ભાગ લેવા જતાં પૂર્વે મધરે લખેલું : "મારું હૃદય ભારે ખાલીપો અનુભવે છે. મને ડર લાગે છે કે આ રિટ્રીટ પણ એક બીજી દીર્ઘ યાતના નીવડશે." ફા. પિકાચી જમશેદપુરના ધર્માધ્યક્ષ બન્યા ત્યાં સુધી મધર થેરેસા તેમના ઘનિષ્ઠ સંપર્કમાં રહ્યાં. શ્રદ્ધાની કસોટી ટાણે તેઓ પૂછી ઉઠતાં: 'ફાધર, મારો આત્મા આટલાં વિષાદ અને અંધાર કેમ અનુભવે છે? ' અલબત્ત, ધર્માધ્યક્ષ તરીકે ફાધર પિકાચીનો વધુ સમય લેવાનું ટાળી મધર આધ્યાત્મિક સહાય માટે અન્ય ઈસુસંઘીઓ તરફ વળ્યાં હતાં.

પ્રખ્યાત ઈસુસંઘી ધર્મવિદ્વાન ફાધર જોસેફ નોયનરે મધર થેરેસાને તેમના "આત્માના અંધકાર"ના અનુભવને સમજવામાં સહાય કરેલી. સદ્-અસદ્‌ની પ્રેરણાઓ પારખવાની સંત ઈગ્નાસ પ્રેરિત પદ્ધતિને અનુસરીને ફાધર નોયનરે મધરને એમનાં 'શ્રદ્ધાના પારખામાં' દોરવણી આપેલી. આવિલાના સંત થેરેસ્યા તેમજ ક્રૂસભક્ત સંત જોન  કેવી રીતે આવી 'અવસરરૂપ' કસોટીઓમાંથી પાર ઉતરેલાં તે સમજાવેલું. પૂનાની જ્ઞાનદીપ વિદ્યાપીઠમાં પ્રાધ્યાપકનું કામ કરતાં કરતાં પણ ફા. નોયનરે કલકત્તાની મુલાકાત લઈને આ વ્યથામય કટોકટીમાં રીબાતાં મધર સાથે વિશેષ સમય ગાળેલો.

ઈસુસંઘના કલકત્તાપ્રાંતના અન્ય ઈસુસંઘીઓએ પણ 'મિશનરીઝ ઓફ ચેરીટી' સંઘની પ્રસ્થાપનામાં નોંધપાત્ર પ્રદાન કર્યું - જેવા કે ફાધરો આન્દ્રે બ્રુયલાન્ત, આલ્બર્ટ હુઆર્ટ, કામિલ બુશ, ક્રિશ્ચિયન મિન્યોન, જોસેફ સેન્ડર્સ, એડવર્ડ લે જોલી, શુકાલે, લોરેન્સ આબેલો, કાર્લ ડીન્ચર, હાર્દન, આલ્બર્ટ હુઆર્ટ, મોયેસન અને મેકગીરે - પરંતુ એ સહુમાં સવિશેષ ધ્યાનપાત્ર ગણાય મધરના માદરે વતન અને આજના સ્લોવેનિયાના ફાધર જોસેફ કુકાલ અને યુગોસ્લાવીયાના આન્દ્રે ગાબ્રિક. ફાધર જોસેફને મધર થેરેસાના નવા મંડળના રશિયા જનાર જૂથની સાથે જવા આમંત્રણ મળ્યું. ફાધર આન્દ્રેએ મધરની સુંદરબનની કામગીરીમાં સાથ નિભાવ્યો. એડવર્ડ લે જોલી મધર થેરેસાના મંડળના નોવિસોના વર્ષો લગી માર્ગદર્શક રહેલા. મધર વિશે અનેક પુસ્તકો લખનાર આ લેખકનો મધર થેરેસા સાથે ૨૫ વર્ષ ઉપરાંતનો ઘનિષ્ઠ સંપર્ક હતો. ઈસુસંઘી ફા. લોરેન્સ આબેલો, મધર તેમજ મંડળના આધ્યાત્મિક સલાહકાર, ઉપદેશક, પ્રાયશ્ચિત સાંભળનાર તેમજ માર્ગદર્શક હતા. મધરના તત્વજ્ઞાન તેમજ ધર્મવિદ્યાલક્ષી પત્રોના ઉત્તરો ફાધર આબેલો તૈયાર કરી આપતા. મધરનાં વ્યાખ્યાનો પણ ફાધર આબેલો જ તૈયાર કરતા. વોશિંગ્ટનમાં અમેરિકન સંસદ સમક્ષ મધર થેરેસાએ આપેલું પ્રવચન તેમણે તૈયાર કરેલું.  મધર થેરેસાના ઈસુસંઘી સાથ-સંગાથની પરાકાષ્ઠા આવી ૨૫ માર્ચ, ૧૯૬૩માં  જ્યારે  હઝારીબાગ પ્રાંતના ઈસુસંઘી ફાધર ઈયાન ટ્રાવેર્સ-બાલે 'બ્રધર એન્ડ્રુ' નામ ધારણ કરીને મિશનરીઝ ઓફ ચેરીટીના બ્રધરોની આગવી શાખા શરૂ કરી.

'મિશનરીઝ ઓફ ચેરીટી' સંઘના પ્રસ્થાપનાકાળમાં ઈસુસંઘને મહ્દાંશે મધર થેરેસાનો આધ્યાત્મિક સાથ નિભાવવાનું સદ્‌ભાગ્ય સાંપડ્યું. દૈવી યોગાનુયોગે ઈસુસંઘી વડાધર્મગુરુના પાવન પદે જ મધર થેરેસાને સંતત્ત્વ પ્રાપ્ત થશે ત્યારે પોતાની પુનિત સેવિકા થેરેસા થકી ઈશ્વરે આદરેલા પુનિત કાર્યમાં અને સેવાની  ભગીરથ ભાવનામાં જોડાયાનું જે પુણ્ય સાંપડ્યું તેનું સ્મરણ સ્મસ્ત ઈસુસંઘ માટે એક અમૂલ્ય લ્હાણું બની રહેશે એ નક્કી. ●

(સૌજન્ય : જુલિયન એસ. દાસ, એસ.જે.નો "જીવન" સામયિક પ્રસિદ્ધ લેખ)

## 'પાવન હૃદય દૂત'ને મળેલ દાન

| | | |
|---|---|---|
| સ્વ. સ્ટેલા હર્ષદ આઝાદ | મણીનગર(પૂર્વ) | ૫૦૦ |
| સ્વ. સમુએલ દેવજીભાઈ રાઠોડ | વડોદરા | ૨૫૧ |
| સ્વ. કાંતિભાઈ સીરીલભાઈ પરમાર | સામરખા | ૨૦૧ |
| સ્વ. માયકલ પટેલિયા | મણીનગર(પૂર્વ) | ૧૫૦ |
| સ્વ. દીનાબેન છોટુભાઈ પરમાર | આણંદ | ૧૫૦ |
| સ્વ. ધનજીભાઈ જેઠાભાઈ પટેલિયા | અંગાડી | ૧૦૦ |
| ફ્રાન્સિસ પીટર પરમાર | ગામડી-આણંદ | ૧૦૦ |
| સ્વ. સેમ્યુલ આઈ. રાઠોડ | ઉમરેઠ | ૧૦૦ |
| કાંતિલાલ એન. ક્રિશ્ચિયન | આણંદ | ૧૦૦ |
| માર્થાબેન ઈસબભાઈ ક્રિશ્ચિયન | મણીનગર(પૂર્વ) | ૧૦૦ |
| સ્વ. સુનિલ જયંતીભાઈ મેકવાન | વલાસણ | ૧૦૦ |
| સ્વ. બોનીબેન પરસોત્તમ | ભવાનીપુરા | ૧૦૦ |
| સ્વ. પૂર્ણિમા ક્રિશ્ચિયન | મણીનગર(પૂર્વ) | ૧૦૦ |



# સાક્ષરતા તરફ ડગ

✍ આગ્નેસ વાઘેલા



*'દૂત' તંત્રી મંડળ સભ્ય*

'પરાગ જો અંતરમાં હશે તો એ પાંગરીને કદી પુષ્પ ખીલશે
મનોરથો સ્વપ્ન મહીં હશે તો સિદ્ધિરૂપે કાર્ય વિશે જ જન્મશે'

ઉમાશંકર જોશીની આ કાવ્યપંક્તિઓ જીવનમાં તો જ સાકાર થાય જ્યારે સાક્ષરતા સાથે પનારો પડે. વાંચકો કહેશે કે, આપણાં સમાજમાં સાક્ષરતાનો ક્રમ અવ્વલ છે. સમગ્ર દેશ અને રાજ્યની સરખામણીમાં વાત કરીએ તો જવાબ 'હા' માં જ આવે. શહેરીસમાજની વાત કરીએ તો પણ વાત સાચી. શહેરીસમાજમાં શિક્ષણનું પ્રમાણ સારું છે. બલકે ઉચ્ચ કક્ષાનું છે. બાળકો ઉચ્ચ અભ્યાસ થકી પ્રતિષ્ઠિત પદવી-હોદ્દા સાથેની નોકરી અને વ્યવસાય કરતાં થયાં છે. એ કારણે શહેરી જીવનધોરણ ઉચ્ચ કક્ષાનું છે. જીવન જરૂરિયાતનાં અત્યાંધુનિક સાધન-સગવડો તેમને સાંપડયાં છે.

પરંતુ ગામડાંઓમાં સાક્ષરતા એ બરની નથી. ગામડાંઓમાં શિક્ષણનો અભાવ, આર્થિક સ્વાવલંબન વિનાની વિષમ પરિસ્થિતિ, ઘર અને ઘર બહાર વધુ પડતો માનસિક, સામાજિક, આર્થિક, શારીરિક બોજ, બાળકોનો ઉછેર અને નવી પેઢીને સંભાળવા-સમજવાની સમસ્યા, હજીય આપણી સમક્ષ મોં ફાડીને ઊભી છે એ વાસ્તવિકતા સ્વીકાર્યા વિના છૂટકો નથી.

બાળકોનાં ઉછેરમાં અસમાનતાની વાતો અંગે લખતાં કે, મહિલાઓના માનસિક, સામાજિક, શારીરિક, આર્થિક, શોષણ-અસમાનતાની વાતો લખતાં અમુક લોકો કાગારોળ કરી મૂકે છે કે, 'હવે તો સ્ત્રી પગભર બની છે, સ્વતંત્ર બની છે.' પરંતુ એ કેટલી અને કયાં? આજેય ભારતનાં હૃદયસમા આપણાં ગામડાંઓમાં મહિલાઓની પરિસ્થિતિ જૂનવાણી વિચારસરણીની ભીંસમાં છે. મહિલાઓની સામાજિક-માનસિક-વૈચારિક વિષમ પરિસ્થિતિને કારણે બાળઉછેર, બાળકોના શિક્ષણનો અભાવ આંખે ઊડીને વળગે એવો છે. કારણ માતા જ બાળકની સૌ પ્રથમ શિક્ષક હોય છે. માતા શિક્ષિત, સ્વસ્થ અને સક્ષમ હોય તો બાળક અને પરિવાર આપોઆપ શિક્ષિત સ્વસ્થ બનતો હોય છે.

પાંચેક વરસ પહેલાં દક્ષિણ એશિયામાં કાર્યરત 'પેનોસ' સંસ્થા દ્વારા મળેલી ફેલોશીપ અંતર્ગત આ લખનારે બોરસદ અને ખંભાત તાલુકાના ગામડાંઓનો સર્વે કર્યો હતો. એમાં સ્પષ્ટપણે ઉજાગર થયેલું કે ગ્રામ્ય પ્રજા શૈક્ષણિક, સામાજિક અને માનસિક રીતે ખાસ્સી પછાત છે. બે ટંક રોજીરોટીની વ્યવસ્થા કરવામાં તેમનું જીવન પૂરું થઈ જાય છે. એવા માહોલમાં સંતાનોને શિક્ષણ કે ઉચ્ચ શિક્ષણ માટે સગવડ કરવી લગભગ અશક્ય બની રહે છે.

આ તો થઈ શહેરી અને ગ્રામ્ય વિસ્તારની સાક્ષરતા અંગેની તુલનાત્મક વાત. પરંતુ સાથે સાથે બીજી બાબત પણ વ્યાપકપણે આપણા સમાજમાં પ્રવર્તમાન છે કે, યુવાનો શિક્ષિત તો છે પરંતુ નોકરી નથી. એનું કારણ શું? નોકરીમાં ભ્રષ્ટાચાર અને લાગવગની બદીએ ઘર કરી દીધું છે. વિશાળ ફલક પર જોતાં કદાચ વાતમાં તથ્ય હોઈ શકે. પરંતુ સાવ એવું પણ નથી. મહેનતકશ યુવાનો સ્વબળે ઉચ્ચ પદવી સાથેની નોકરી સહેલાઈથી મેળવે છે તેવાં અનેક ઉદાહરણો આપણી સમક્ષ છે જ.

થોડાં સમય પહેલાં યુવાનોના એક મેળાવડામાં જવાની તક સાંપડી. મોટાભાગના યુવાનો સ્નાતક કક્ષાના અભ્યાસુ હતા. અમુક પોસ્ટ ગ્રેજ્યુએટ હતાં. અમુક પ્રાઈવેટ કંપનીમાં સામાન્ય પગારની નોકરી કરતા હતા. મોટાભાગના નોકરી વાંચ્છુક હતાં.

ઘરે રહીને શું પ્રવૃત્તિ કરો છો? ના જવાબમાં લગભગ બધાંએ એકસૂરે કહ્યું, 'નોકરી ક્યાંય મળતી નથી. ઘરે કંટાળો આવે છે. વડીલોની ખફગી વહોરીએ છીએ. એમના 'લેકચર'થી બચવા સોસાયટીના નાકે બેસી સ્માર્ટ ફોન સાથે સમય પસાર કરીએ છીએ.'

'નોકરી માટે પ્રયત્ન નથી કરતા?'

'અરજી તો ઘણી બધી જગ્યાઓએ કરી છે. પણ લાગવગ અને ભ્રષ્ટાચારના જમાનામાં અમારા જેવાનું શું ગજું?!'

આજકાલ ભ્રષ્ટાચાર, લાગવગ, લાંચ-રુશ્વતે માઝા મૂકી છે એ સાચું. સરકારી કે ખાનગી કાર્યાલયોમાં સામાન્ય પોસ્ટ માટે લાગવગ કામ કરે છે એ માની શકાય. પણ અપવાદો બાદ કરતાં નોકરી મેળવવા માટે યોગ્ય શિક્ષણ, આવડત, કુનેહ, જે તે વિષયમાં કુશળતા, ત્વરિત નિર્ણય, હાજરજવાબી, રીતભાત જરૂરી છે. સ્પર્ધાત્મક અને અત્યાધુનિક ટેકનોલોજીના યુગમાં સતત જાગૃત અને અપ-ડેટ રહેવું જરૂરી જ નહીં અનિવાર્ય છે. માત્ર શિક્ષણની ચીલાચાલુ ડિગ્રીથી યોગ્ય નોકરી નથી જ મળવાની. તેના માટે જમાના સાથે તાલ મિલાવવો અત્યાંતિક જરૂરી છે. તમે જે ક્ષેત્રમાં કારકિર્દી ઘડવા માંગો છે તે ક્ષેત્રમાં વર્તમાન સમયમાં ઘટતી ઝીણામાં ઝીણી બાબતોથી અવગત રહેવું, જે તે કાર્યક્ષેત્રના વિષયમાં પ્રવીણતા સાથે આંટીઘૂંટીને ઉકેલવાની કુનેહતા કેળવવી એ પાયાની જરૂરિયાત છે. ભણતર સાથે ગણતર પણ એટલું જ જરૂરી છે. એવી ઘણી બધી નોકરીઓ છે જેમાં માત્ર લાગવગથી જ કર્મચારીઓની ભરતી થાય તો લેનાર કંપનીનું સત્યાનાશ વળી જાય. કોમ્પ્યુટર

પ્રોગ્રામિંગ, લેબોરેટરી પરીક્ષકો, તબીબી ક્ષેત્ર, નર્સિંગ, ઈજનેરી, ટેકનીશ્યનો, જે તે ક્ષેત્રના નિષ્ણાતો, એકાઉન્ટ થી લઈને ઉચ્ચતર ક્ષેત્રો જેવાં અનેક ક્ષેત્રો છે જેમાં લાગવગ અને આવડત એ બેમાંથી પસંદગી કરવાની હોય તો આવડત અને અનુભવની જ થાય. એ સાચું કે, બે સરખી આવડતવાળા વચ્ચે પસંદગીમાં લાગવગ કદાચ ચાલી જાય. પરંતુ એ માટે ય સંકલ્પ, સંઘર્ષ અને મહેનત તો કરવાં જ રહ્યાં. ધ્યેયપ્રાપ્તિ માટે ધગશ અને સમજણ સાથેની મહેનત વહેલી કે મોડી રંગ લાવતી જ હોય છે. વ્યવહારું કુનેહ, અક્કલ અને હોશિયારી સાથે કરેલો સંઘર્ષ સફળ થતો જ હોય છે. અત્યાધુનિક ટેકનોલોજીએ બાળકો અને યુવાનોને માહિતીપ્રચૂર બનાવી દીધાં છે.દરેક વિષયને લગતું જ્ઞાન હાથવગું થઈ ગયું છે. એ તમામ માહિતી અને જ્ઞાનનો પોતાની કારકિર્દી અને પ્રગતિ માટે સદુપયોગ થાય તો વ્યકિત બેકાર રહે એ શક્ય જ નથી.

આ યુવાનો સાથે સંવાદ કરતાં બીજી એક વાત આંખે ઉડીને વળગી. મોટાભાગના યુવાનો પોતાના શહેર કે જિલ્લામાં જ નોકરી કે વ્યવસાયને શોધે છે. ભલે પછી તે નિમ્ન કક્ષાનો કે ઓછાં વેતનનો હોય, પોતે જે ભણ્યા છે એના કરતા વિપરિત કાર્યક્ષેત્રનો હોય તો પણ. પોતાના શહેર-ગામ કે જિલ્લા રાજ્ય બહાર સારી નોકરી કે વ્યવસાયની તક હોવા છતાં જવાનું તેઓ વિચારતાં જ નથી. આ સંકુચિતતા વ્યક્તિત્ત્વ વિકાસ અને પ્રગતિ માટે હાનિકારક છે. વિશાળ ફલકની તકને માત્ર આભાસી ભય અને કૂપમંડૂકતાને લીધે જતું કરી હતાશા અને વ્યસનોની ભેટ ચઢાવી દેવામાં શાણપણ નથી.

સાક્ષરતા એટલે શિક્ષિત બનવું એટલું જ નહીં, યોગ્ય અભ્યાસ સાથે જે તે કાર્યક્ષેત્રમાં પારંગત બની ગમે ત્યાં જવાની તૈયારી અને સમજણ પણ સાક્ષરતા છે. સાચા અર્થમાં સાક્ષર બની વિશાળ દૃષ્ટિ અને ઉચ્ચ ધ્યેય સાથે આગળ ધપીએ. અસ્તુ. ●


**હેરી કેટરર્સ રિલેક્સ**

આપના ઘરે ઉજવાતા શુભ પ્રસંગો, વર્ષગાંઠ, સગાઈ, લગ્ન તેમજ પ્રેમ ભોજન વગેરે પ્રસંગમાં જમણવાર તેમજ ડેકોરેશનની તમામ વ્યવસ્થા અમને સોપી આપ રિલેક્સ થઈ જાય.

**સ્પેશિયલ હનીમુન પેકેઝ**

કેટરિંગ તેમજ ડેકોરેશનની તમામ વ્યવસ્થા અમને સોંપી આપ હનીમુન કપલ ફ્રી નો આનંદ માણો. ગોવા, કાશ્મીર, આગ્રા તેમજ માઉન્ટ આબુ (શરતોને આધીન) વધુ માહિતી માટે સંપર્ક કરો.

| | | |
|---|---|---|
| કિરીટ ક્રિશ્ચિયન ૯૯૦૪૭ ૫૨૨૧૨ | હેતલ ક્રિશ્ચિયન ૯૯૦૪૩ ૭૨૩૧૬ | હેરી ક્રિશ્ચિયન ૮૭૫૮૯ ૬૦૮૦૮ |

૬૨, ગ્રેસ પેલેસ, અનુપમનગર સોસાયટી, સી.ટી.એમ. અમદાવાદ




૨ બેડરૂમ હોલ + કિચન
N.A., N.O.C., Title Clear

**ખ્રિસ્તી ભાઈ-બહેનો માટે સોનેરી તક**

**સલુણ નડીઆદ દિવ્ય દયા ચર્ચની સામે રો-હાઉસ ટેનામેન્ટ**

# Akshar VIHAR




- અગાસીમાં જવા માટે સુવ્યવસ્થિત R.C.C. દાદર કેબિન સાથે.
- સોસાયટીમાં P.C.C.ના પાકા રસ્તા.
- સોસાયટીના મેઈન રોડ ૨૫' પહોળા.
- દરેક બંગલોઝના પાર્કિંગમાં પેવર બ્લોક ફિટિંગ.
- સોસાયટીનો સુંદર મેઈન ગેટ.
- શરતોને આધીન.

**વધારે વિગત માટેઃ**

**ગૌરાંગ જોષી : ૯૪૨૬૪ ૧૭૩૯૩**

***Site Address:***

*Salun-Chaklasi Road, Opp. Church Building, Nr. Bus Station, SALUN. Nadiad*



# ક્રૂસના માર્ગે યાત્રા

✍ રાજેશ ચૌહાણ

આણંદ

પરમસુખી છે તેઓ જેઓ આવે શરણે તમારે
ધામ તમારા જોવા જેમને અંતર લગની ભારે.

રોજબરોજના વ્યસ્ત જીવનમાં યાત્રા-પ્રવાસ મનને તાજગી આપે છે. સંજોગો અનુકૂળ હોય તો સમય કાઢીને પણ યાત્રા-પ્રવાસ અવશ્ય કરવો જોઈએ. કોઈએ કહ્યું છે ને કે, 'જીવ્યા કરતાં જાણ્યુ ભલું અને જાણ્યા કરતા જોયું ભલું.' અલગ-અલગ સ્થળના દર્શન, ધાર્મિક, ઐતિહાસિક, પૌરાણિક, કુદરતી સ્થળો અને તેની સાથે સંલગ્ન કથાઓ માણવાથી જીવનમાં થોડા સમય માટે આવતું પરિવર્તન મનને તાજગી આપે છે, શાંતિ આપે છે અને ભવિષ્યમાં તેના સંસ્મરણો માનસિક આનંદ આપે છે. આ બધું જીવનઘડતરમાં મદદરૂપ થાય છે. "માણ્યુ તેનુ સ્મરણ કરવું એય છે એક લ્હાવો."

પ્રભુની કૃપાથી અમારી પુણ્યભૂમિ ઈઝરાયેલની યાત્રા દરમ્યાન પવિત્ર શુક્રવારના દિવસે કરેલી ક્રૂસના માર્ગની ભક્તિના બરાબર ૬૦ દિવસો બાદ જે રસ્તે પ્રભુ ઈસુ ક્રૂસને લઈને ચાલ્યા હતા તે જ માર્ગ પર અમોએ ક્રૂસના માર્ગની ભક્તિ શરૂ કરી. પિલાત જે મહેલમાં રહેતો હતો એ સ્થળ આવ્યું. કાયફાસના મહેલમાંથી પ્રભુ ઈસુને અહીં લાવવામાં આવ્યા હતા. સિપાઈઓએ તેમની મશ્કરી કરેલી, તેમના મોં પર થૂકેલા, લપડાકો મારેલી, ઠઠ્ઠા મશ્કરીઓ કરેલી, કાંટાળો મુગટ પહેરાવેલો, કોરડા મારેલા, લોહીની શેરો છૂટેલી (દીવાલો પર એની નિશાનીઓ અંકિત થયેલી આજે પણ જોવા મળે છે.) અને છેલ્લે જ્યારે ઈસુને બહાર રસ્તા પર લાવીને લોકો સમક્ષ પિલાતે બતાવેલા (જુઓ આ તમારા માણસને) ત્યારે લોકોનું ટોળું બરાડી ઊઠેલું, 'એને પૂરો કરો, એને ક્રૂસે ચઢાવો' અને ક્રૂસ ખભે મૂકાવીને અહીંથી ઈસુને કાલવારી તરફ લઈ જવામાં આવ્યા હતા. દિલમાં હલચલ મચી છે. આ જ માર્ગ પર ૨૦૦૦ વર્ષ પહેલાં ઈસુ ક્રૂસને ઊંચકીને ચાલ્યા હતા. મન ઉદ્વિગ્ન બની ગયું છે. આસપાસનું વાતાવરણ ભૂલાઈ ગયું છે ! શરીર વર્તમાનમાં હતું પણ મારું મન ભૂતકાળમાં છે. એ જ પ્રભુ ઈસુ ક્રૂસ ખભા પર ઉપાડી લથડિયાં ખાતાં ચાલી રહ્યા છે, સિપાઈઓ ચાબખા ફટકારી રહ્યા છે, લોકોનું ટોળું ઠઠ્ઠા મશ્કરીઓ કરી રહ્યું છે. માતા મરિયમ અને બીજી સ્ત્રીઓ આંસુ ભરી આંખે આ બધું નિહાળી રહી છે. અને હું ? આ બધામાં હું મને શોધી રહ્યો છું, ક્યાં છું હું ? ઈસુના ક્રૂસારોહણમાં મારી ભૂમિકા શી ? ત્યાં જ શબ્દો સંભળાય છે -

તરસ્યા તમ રૂધિરના લોકોના જૂથ ધાયા,
ક્રૂસે ચડાવો એવું કહી થયા હડકાયા,
મારો ઠાર એવી મેં ય બૂમ પાડી...

અવાજ સાંભળી મારું મન પાછું વર્તમાનમાં આવી ચઢે છે. જોઉં છું તો ભજન ગવાતું હતું :

તમે ધીમા-ધીમા જાવ ડગ માંડી હો નાથ !
તમે ધીમા-ધીમા જાવ ડગ માંડી.

એકાએક મનમાં ઝબકારો થયો. ઈસુના સમયમાં હું હોત તો શું કરતો હોત ? મારી ભૂમિકા-મારો રોલ શો હોત ? મારી આજની પ્રવૃત્તિઓથી હું કલ્પી શક્યો કે તે સમયે હું શું કરતો હોત.......!

ક્રૂસના માર્ગની ભક્તિ આગળ વધે છે. બારમું સ્થાન - જ્યાં ઈસુને ક્રૂસે લટકાવ્યા હતા ત્યાં અમારી યાત્રા આવી પહોંચે છે. ઈસુના ક્રૂસનાં દર્શન કરવા યાત્રિકોની ખૂબ મોટી ભીડ જામી છે. યાત્રિકોની વચ્ચે આગળ વધતાં, મારું સમગ્ર ધ્યાન વધસ્થંભે લટકેલા પ્રભુ ઈસુ પર કેન્દ્રિત થયેલું છે. ક્રૂસ પર કોણ લટકાયું છે ? પ્રભુ ઈસુ લટકાયા છે ? ના, વાસ્તવમાં ક્રૂસ પર હું લટક્યો છું, મારાં પાપો લટકે છે. પ્રભુ ઈસુએ આપણા પાપો પોતા પર લઈ લીધાં હતાં. 'તે તો આપણે કરેલ પાપો માટે વીંધાયો હતો અને આપણા દોષો માટે રીબાયો હતો.' (યશાયા ૫૩:૫) પ્રભુ ઈસુએ આપણાં પાપો માટે કેટલું બધું વેઠ્યું છે ? ઈસુને ક્રૂસ પર ચઢાવનાર કોણ ? હું, તમે અને આપણે બધાં, આદમનાં સર્વ સંતાનો.

મનમાં અજબની કશ્મકશ ચાલી રહી છે. હું પ્રભુનો આભાર માનું છું. જે ભૂમિ પર મોશે જેવા મહાન પયગંબર પણ પગ મૂકી શક્યા ના હતા તે પાવન ભૂમિ પર પ્રભુએ મારા પગલાં પડાવ્યાં. હવે હું ક્યારે સંત પીટરના નકારના ચર્ચ- માફીના ચર્ચમાં પહોંચું અને મેં કરેલાં મારા પાપોની માફી માંગું. તેના જ વિચારોમાં મન પરોવાઈ ગયું.

બીજે દિવસે સંત પીટરના નકારના ચર્ચ - માફીના ચર્ચના દર્શન કર્યા. તે દેવળમાં પ્રભુએ જેમના પાપ માફ કર્યા હતાં, તેવા સંત પીટર, મેરી માગ્દાલેન, જમણી બાજુ લટકાવેલ ચોર વગેરેના સુંદર ચિત્રો દોરેલા હતાં. મેં પણ ખરા દિલથી મારાં બધાં પાપોની માફી માંગી. પ્રભુ તો દયાના સાગર છે. પ્રભુના ઉપકારો સંભારીને મારો આનંદ સમાતો નથી. મારા પરમેશ્વરને સંભારીને મારું હૈયું હર્ષથી ઉભરાય છે. દેવળમાંથી બહાર નીકળું છું. તમામ યાત્રિકો પણ દેવળમાંથી બહાર નીકળી બસમાં ગોઠવાઈ ગયા છે. પણ મારા હૃદયનાં અંદરના ખૂણે સંતાયેલો યહુદા પોકાર પાડી-પાડીને મને કહી રહ્યો છે, અલ્યા, તારા દિલમાં તો મોટે ભાગે મારી જ હાજરી હોય છે અને આજે તું મને જ ભૂલી ગયો ? આ પાવન ભૂમિમાં મને તો જોતો જા. બસના બારણા આગળ હું નીચે ઊભો છું. મન બસમાં ચઢવાની ના પાડે છે. યાત્રાના સંચાલક આવતાં જ તેમને પૂછી લઉં છું, યહુદા ક્યાં ? તેનું લોહીનું ખેતર ક્યાં ? સંચાલક ઈશારો કરીને દૂરથી તે બતાવે છે.... અને મને ફાધર જીમી ડાભીના એક રીટ્રીટમાં ઉચ્ચારેલા શબ્દો યાદ આવે છે. "પીતરે ખરા હૃદયથી પાપોની માફી માંગી અને પ્રભુની કેવી કૃપા તેના પર વરસી કે તેના દેવળનાં દર્શન કરવા ભક્તોની ભીડ જામે છે અને પેલો યહુદા કે જેણે પાપોની માફી

ના માંગી અને પોતાનું જીવન ટૂંકાવ્યું તેના ખેતર સામું કોઈ ડાફેર મારવા પણ તૈયાર નથી."

ચાલુ વર્ષ વડા ધર્મગુરુએ દયાનું વર્ષ-માફીનું વર્ષ તરીકે ઘોષિત કર્યું છે. અને આપણા પ્રભુ ઈસુ તો ગઈ કાલે, આજે અને સદા સર્વદા એના એ જ છે. એ તો હરપળે મારા બધાં પાપોની માફી આપવા તૈયાર જ હોય છે. પણ હું શું કરું છું ? પ્રભુ ઈસુએ દુનિયાની માનવજાતને બચાવવા લોહીનો પરસેવો વહાવ્યો, રક્તની ધારાઓ વહેવડાવીને અપાર વેદનાઓ ભોગવી પણ મને એની ક્યાં પડી છે ? હું તો ડગલે ને પગલે આજે એમના આદર્શની, ભાવનાની, બલિદાનની, પ્રેમની, દયાની, આજ્ઞાની, કરૂણાની ને નામની હત્યા કર્યે જ જાઉં છું. હું તો કાચી માટીનો માનવી છું અને ડગલે ને પગલે પાપ કરી સહેલાઈથી અવળે માર્ગે વળી જાઉં છું. રોમના ધર્મસંઘ પરના પત્રમાં સંત પાઉલ આ પરિસ્થિતિનું સચોટ વર્ણન કરે છે, આપણે જાણીએ છીએ કે નિયમ તો આધ્યાત્મિક છે પણ હું માટીનો માનવી છું અને પાપને વરાયેલો છું. મારાં પોતાનાં કાર્યોને પણ હું સમજતો નથી. હું જે ઈચ્છું છું તે કરતો નથી અને જે ધિક્કારું છું તે જ કર્યું છું.

ઉડાઉ દીકરો પોતાની ભૂલનું ભાન થતાં, પસ્તાવો થતાં પિતા પાસે પાછો આવે છે અને પિતા તેને માફ કરી અપનાવી લે છે. પણ એ ઉડાઉ દીકરો ફરીથી તે જ પ્રમાણે કરે તો ? તે દુન્યવી પિતા શું કરે ? આપણા પરમપિતા ૭૦ ગુણ્યા ૭ નહી પણ વારંવાર માફી આપવા તૈયાર છે. વારંવાર હું પાપ કરીશ અને પાપોની માફી માંગીશ તો પણ તે મને માફ કરશે જ. પણ પાપોની માફી મેળવવાનો મારો હક્ક છે. તો સાથે-સાથે પાપ નહીં કરવાની મારી ફરજ નથી ?

પ્રભુએ મુજ પે કરી ભલાઈ, બદલો હું શું આપું?
એનો બદલો હું શું આપું ?

હું શો બદલો આપી રહ્યો છું ? તેની પ્રતિતી કરવા વાંચો આ રૂપકથા :-

નાનકડો શ્રેયાંશ ચોથા ધોરણમાં ભણે. ખૂબ જ મહેનત બાદ સાયકલ ચલાવતાં શીખેલો. તેની બર્થ ડે પર તેના પપ્પાએ સુંદર નાની સાયકલ લાવી આપેલી, શ્રેયાંશ તો બસ સાયકલ ચલાવ્યા જ કરે. શાળાએ પણ સાયકલ લઈને જાય.

એક રવિવારે દેવળની બહાર ધાર્મિક વસ્તુઓ વેચતા ભાઈ પાસેથી તેણે હઠ કરીને તેના પપ્પા પાસે સાયકલની ચાવી ભરાવવા માટે કી-ચેઈન લેવડાવી. ક્રૂસ પર જડેલા ઈસુનું સુંદર મજાનું કી-ચેઈન. કી-ચેઈન આવવાથી તેનો સાયકલ ચલાવવાનો ઉમંગ બેવડાઈ ગયેલો.

એક દિવસ તેના પપ્પાએ તેને કી-ચેઈન સાથે ગડમથલ કરતો જોયો. કી-ચેઈનના ક્રૂસ ઉપરથી ઈસુનું પૂતળું નીકળી ગયેલું તેને ગુંદરથી લગાવવાનો તે વૃથા પ્રયત્ન કરતો હતો. તે જોઈ તેના પપ્પાએ તેને કહ્યું : આ બાળકનું કામ નહિ, લાવ મારી પાસે. અને તેના પપ્પાએ ટેબલના ડ્રોઅરમાંથી ફેવીક્વીક કાઢી, તેના ત્રણ ટીપાં ઈસુના બંને હાથ અને પગે લગાવી ક્રૂસ પર ઈસુને ચીપકાવી દીધાં અને કી-ચેઈન શ્રેયાંશને આપતા કહ્યું : લે, હલાવી જો તો, હવે ઈસુ ક્રૂસ પરથી ઉખડી જાય છે કે કેમ ? શ્રેયાંશએ કી-ચેઈનને બરાબર હલાવી, પણ ઈસુ ક્રૂસ પર જડબેસલાક ચોટીં ગયા હતા. આ જોઈ તેના મોટાભાઈ પ્રિયાંશે તેના પપ્પાને કહ્યું : "વાહ પપ્પા ! તમે તો કમાલ કરી. ઈસુને ક્રૂસ પર ફરીથી એવા તો લટકાવી દીધા કે હવે અરિમથાઈનો યોસેફ આવશે તો પણ ઉતારી નહિ શકે..."

પ્રભુને મારે હવે દિલમાં વસાવવા છે કે ફરીથી ક્રૂસે લટકાવવા છે તે મારે જ નક્કી કરવાનું છે !

૧૪ સપ્ટેમ્બરના રોજ ધર્મસભા પુનિત ક્રૂસની પ્રતિષ્ઠાનું પર્વ ઉજવે છે ત્યારે ક્રૂસના માર્ગની આ યાત્રા પ્રત્યેક શ્રદ્ધાળુને ક્રૂસનું મહત્ત્વ સમજવા યથાર્થ નીવડશે એજ અપેક્ષા. ●

rajeshchauhan86@yahoo.in

# લગ્ન વિષયક

*ગુજરાતી કેથોલિક યુવક, જન્મ તા.૭-૭-૧૯૮૪, ઊંચાઈ ૫'૪", અભ્યાસ B.A. (English), PGDCA., હાલ અમદાવાદની કૉલેજમાં નોકરી કરતા યુવક માટે સંસ્કારી શિક્ષિકા, નર્સ અથવા સારી નોકરી કરતી યુવતીના વાલીઓએ સંપર્ક કરવો.

**મો. ૯૪૨૯૬ ૬૨૯૫૧ / ૯૪૨૭૮ ૯૩૬૭૧**

* * *

*મીકેનિકલ એન્જિનિયર, જોબ-ડિઝાઈન એન્જિનિયર તરીકે, ઉંમર ૨૪ વર્ષ, ઊંચાઈ ૬''. ગુજરાતી કેથલિક યુવક માટે સારી સંસ્કારી જોબ કરતી યુવતીના વાલીઓએ સંપર્ક કરવો.

**મો. ૯૬૨૪૭ ૧૯૬૨૪**

* * *

*ગુજરાતી કેથોલિક યુવક, ઉંમર ૨૮ વર્ષ, B.A., M.A., M.Phil, (Eng. Med.) PGDBA, HRM. મલ્ટીનેશનલ કંપની સાથે કામ કરતા યુવક માટે ભણેલી, સંસ્કારી યુવતીના વાલી તરફથી સંપર્ક આવકાર્ય છે.

**મો. ૯૫૫૮૩ ૯૦૧૫૭**

* * *

*ગુજરાતી કેથોલિક, Canadian Permanent Resident, ઉંમર ૨૮ વર્ષ, ઊંચાઈ ૫'૯'', અભ્યાસ B.E.(India), M.Sc.(Canada) તેમજ હાલ કેનેડીયન કંપનીમાં મેનેજર તરીકે ફરજ બજાવતા યુવક માટે ઉચ્ચ અભ્યાસ ધરાવતી યુવતીના વાલીઓએ સંપર્ક કરવો.

**Email: rj1987@yahoo.com**

**મો. ૯૭૨૪૦ ૯૧૪૨૧ / ૮૮૬૬૭ ૯૩૮૧૦**

# રાષ્ટ્રીય સેવા યોજના

**(૨૪ સપ્ટેમ્બર એન.એસ.એસ. ડે)**

✍ **સંકલન : ગિરિશ વાઘેલા**

*પ્રો. ઓફિસર, એન.એસ.એસ., સેંટ મેરીસ - નડિયાદ*

'આ બાલવયમાં કોઈનાં માતાપિતા મરશો નહિ' ગીત બાળવયમાં રમેશે ઘણીવાર સાંભળ્યું હતું પણ ગીતની વેદના તે સમજી શક્યો ન હતો પરંતુ મોટી ઉંમરે જ્યારે તેની માતાનું અવસાન થયું ત્યારે ગીતમાં વ્યક્ત વેદના કરતાં યે અધિક વેદના તેણે અનુભવી. મા ની બીમારીને કારણે બહેન સાથે હતી અને મૃત્યુ પછી મોટાભાઈ પણ આવી ગયા. એકાદ અઠવાડિયા પછી સૌ પોતાને ઠામે પાછાં ફર્યાં ત્યારે ઘરની દરેક ચીજમાં ભરેલી બાની સ્મૃતિ રમેશને રાતદહાડો દઝાડતી રહી એટલે આખરે મોટાભાઈના આગ્રહથી ગામ છોડ્યું અને મોટાભાઈ સાથે રહેવા ગયો.

ગામમાં પ્રવેશતાં જ 'ઝવેરીબાઈ'ના નામે ત્રણેક સ્મારક- ધર્મશાળા, ભોજનાલય અને પ્રસૂતિગૃહ- જોવામાં આવ્યાં અને પોતાની માની સ્મૃતિમાં કોઈ સ્મારક ઊભું નહીં કરી શકે તેનો અફસોસ થવા લાગ્યો. ત્યાં જ નાનાભાઈ સાથે રમેશની મુલાકાત થઈ અને સમય જતાં ખાતરી થઈ કે 'ઝવેરીબાઈ' ના નામે સ્મારક બનાવનાર નાનાભાઈ અને ભાઈઓ માતાની ચાકરી કરી શક્યા ન હતા! તેનો એકરાર રમેશ આગળ તેમણે કર્યો હતો ! વૃદ્ધાવસ્થામાં મા ની ચાકરી કરનાર રમેશ અને તેનાં ભાઈબહેનોના દિલમાં માની સ્મૃતિ જીવંત હતી અને ચાકરી ન કરનાર નાનાભાઈનો પશ્ચાતાપ જ 'માતાનું સ્મારક' છે, એમ લેખક મોહમ્મદ માંકડે સિદ્ધ કર્યું છે.

દરેક ગામ-નગરમાં માબાપ કે સ્વજનોના નામ પર આ પ્રમાણે ઘણાં સ્મારક જોવા મળશે. આઝાદી પછીના કાળમાં સ્વાતંત્ર્યસંગ્રામના લડવૈયાઓ અને સ્થળો આજે સ્મારકમાં સ્થિર બન્યાં છે. ક્યારેક કોઈ સ્મારક ઈમારતને બદલે જનસમાજમાં-માનસમાં ઊભું કરવામાં આવે ત્યારે તેની અસરકારકતા અનેકગણી વધી જાય છે.

આઝાદ ભારતમાં ૧૯૫૨માં પ્રથમ પંચવર્ષિય યોજના શરૂ થઈ. કેન્દ્ર-રાજ્ય કક્ષાએ સેવાના વિકાસ-વિસ્તરણ કાર્યક્રમ શરૂ થયા. ઉચ્ચ શિક્ષણમાં 'સ્વૈચ્છિક સમાજ સેવા યોજના' શરૂ કરવાનું સૂચન, શિક્ષણ પંચે ડો. રાધાકૃષ્ણના અધ્યક્ષ સ્થાનેથી તથા શિક્ષણમાં સમાજસેવાનો સમાવેશ કરવાનું ૧૯૫૮માં પંડિત જવાહરલાલ નેહરુએ સૂચન કર્યું. આ દિશામાં ૧૯૫૯માં દેશના શિક્ષણપ્રધાનો સાથે સર્વસંમતિ સાધ્યા બાદ વિગતવાર યોજના ઘડવાનું ડો. સી.ડી. દેશમુખની અધ્યક્ષતા હેઠળ 'રાષ્ટ્ર સેવા સમિતિ' ને કામ સોંપવામાં આવ્યું. અન્ય દેશમાં વિદ્યાર્થી પ્રવૃત્તિઓના અભ્યાસને આધારે યુવકો અને સમાજસેવાનો અહેવાલ ડો. કે. જી. સૈયદે સરકારને સુપરત કર્યો. એ. સી.સી. અને એન.સીસી.ને સરકારે ૧૯૬૨ માં મહાવિદ્યાલય અને વિદ્યાલય કક્ષાએ દાખલ કરી. શિક્ષણવ્યવસ્થામાં તમામ કક્ષાએ સમાજસેવાને સાંકળવાની ભલામણ ડો. કોઠારીના

**ગાંધીજીના અગિયાર વ્રત**

(૧) સત્ય (૨) અહિંસા (૩) ચોરી ન કરવી (૪) વણજોતું સંઘરવું નહીં (૫) બ્રહ્મચર્યનું પાલન કરવું (૬) જાત મહેનત કરવી (૭) કોઈના સ્પર્શથી અભડાવું નહીં (૮) નિર્ભય રહેવું (૯) સ્વદેશી વસ્તુ વાપરવી (૧૦) જીભના સ્વાદમાં ન લોભાવું (૧૨) કર્મોને ઊંચનીચ ન ગણવાં.

અધ્યક્ષ સ્થાને રચાયેલ શિક્ષણ આયોગે કરી. જેનો સ્વીકાર રાજ્યના શિક્ષણપ્રધાનો અને ઉપકુલપતિઓએ ૧૯૬૭માં કર્યો. આજ અરસામાં ગાંધીજીના જન્મશતાબ્દીવર્ષ (૧૮૬૯-૧૯૬૯)નિમિત્તે કોઈ વિશેષ કાર્યક્રમ-સ્મારક ઘડી કાઢવાની વિચારણા થઈ અને ઉપરોક્ત પશ્ચાત ભૂમિકાને ધ્યાનમાં રાખી શતાબ્દી વર્ષ નિમિત્તે સમગ્ર દેશમાં 'રાષ્ટ્રીય સેવા યોજના' (એન.એસ.એસ.)નો આરંભ થયો. યોજના દાખલ કરવા આયોજન પંચે એક વર્ષમાં કેટલીક યુનિવર્સિટીઓ તેમજ શૈક્ષણિક સંસ્થાઓમાં નાણાંની ફાળવણી કરી. સફળતાનો ગ્રાફ ઉંચો જતાં દેશની મોટાભાગની યુનિવર્સિટીઓ અને પસંદગીની જુનિયર કોલેજ (ઉચ્ચતર માધ્યમિક વિભાગ)માં રાષ્ટ્રીય સેવા યોજનાનો ક્રમસઃ આરંભ થયો.

**રાષ્ટ્રીય સેવા યોજનાનું પ્રતીક :-** રાષ્ટ્રીય સેવા યોજનાનું પ્રતીક કોણાર્કના સૂર્યમંદિરના રથના ચક્ર પર આધારિત છે. સૂર્યમંદિરનું એ મહાન ચક્ર પુનર્નિર્માણ, રક્ષણ અને મુક્તિના ચક્રનાં દર્શન કરાવે છે અને તે અનંતકાળ તથા અવકાશ વચ્ચે ચાલી આવેલી જીવનની ગતિનું મહત્ત્વ સૂચવે છે. પ્રતીકની ગત્યાત્મક આકૃતિ રાષ્ટ્રીય સેવા યોજનાના ધ્યેયનું, પ્રગતિનું પ્રથમ દૃષ્ટિએ સૂચન કરે છે. ગ્રામપ્રદેશના સમાજના વિધેયાત્મક અને પ્રગતિકારક કાર્યક્રમોમાં શહેરી અને બિનશહેરી યુવકોને રસ લેતા અને જોડતા કરવાનું તથા સમૂહજીવન અને સામાજિક કાર્ય વગેરે દ્વારા રાષ્ટ્રીય ભાવાત્મક એકતાનું જે લક્ષ્ય અને ધ્યેય રાષ્ટ્રીય સેવા યોજનાનું છે તે આમાં પ્રતીકાત્મક રૂપમાં નિષ્પન્ન થયું છે જે મુખ્યતઃ પ્રગતિશીલ જીવનચક્રનું મહત્ત્વ દર્શાવે છે.

**ઉદ્દેશો :-** ૧. વિદ્યાર્થી સામાજિક નિસ્બત- સમાજ પ્રત્યેનું કર્તવ્ય સમજે. ૨. પ્રાપ્ત શિક્ષણનો ઉપયોગ સામાજિક સમસ્યાઓના ઉકેલ તથા તેના અનુરુપ રચનાત્મક પ્રવૃતિ માટે કરે. ૩. સામાજિક આગેવાન તરીકેની સભાનતા, પહેલશક્તિ અને વ્યવસ્થા-અનુકૂલન શક્તિ ખીલવે. ૪. સમાજના વંચિતવર્ગ, બાળકો તથા મહિલાઓના ઉત્થાન માટે કામ કરવા આગળ આવે.

**પ્રવેશ યોગ્યતા :** જે તે શાળામાં સરકારના આદેશ પ્રમાણે નિયમિત પ્રવૃત્તિ અને ખાસ પ્રવૃત્તિ માટે ફાળવેલ સંખ્યા અનુસાર વિદ્યાર્થી ભાઈ-બહેનો જોડાઈ શકે. o કોલેજમાં વિદ્યાર્થીઓને એન.સી.સી., એન.એસ.એસ.કે. સ્પોર્ટ્સ - ત્રણમાંથી એકમાં જોડાવું ફરજીયાત હોય છે. o ગૂજરાત વિદ્યાપીઠ- અમદાવાદમાં મહાવિદ્યાલયમાં ભણતા પ્રત્યેક વિદ્યાર્થી માટે ફરજીયાત છે.

**સમયગાળો :** બે વર્ષનો હોય છે. જે દરમ્યાન સ્વયંસેવક (વિદ્યાર્થી) ને ૨૪૦ કલાકનું સેવાકાર્ય નિયત-નિયમિત પ્રવૃત્તિ દ્વારા કરવાનું

હોય છે. વિશેષમાં ખાસ પ્રવૃત્તિના ભાગરૂપે યોજાતી શિબિરમાં અવશ્ય ભાગ લેવાનો હોય છે. બે શૈક્ષણિક વર્ષ સુધી સંતોષકારક રીતે સતત સેવા આપનાર તથા એક ખાસ શિબિરમાં ભાગ લેનાર દરેક સ્વયંસેવકને વિશેષ યોગ્યતાનું પ્રમાણપત્ર આપવામાં આવે છે.

**૧. આરોગ્ય અને સમાજ / કુટુંબ કલ્યાણ :** 0 સમાજમાં પ્રચલિત ખોટી માન્યતાઓ/ અંધશ્રદ્ધાઓ/ કુરીવાજોથી સભાન કરી તેને દૂર કરવા. 0 અંગત/જાહેર સ્વચ્છતા માટે વલણ કેળવવાં, સરકારશ્રીની યોજના જાહેરમાં શૌચક્રિયા મુક્તિ, નગર/ગામ માટે જાગૃત્તિ કેળવવી. 0 પ્રાથમિક સારવાર, આરોગ્ય સવલતો, આયુર્વેદિક ઉપચાર વગેરેથી માહિતગાર કરવા, 0 સ્વચ્છતા, સ્વચ્છ ફળિયું, ગામ, સ્વસ્થ બાળ જેવી સ્પર્ધાનું આયોજન કરવું. 0 રક્તદાન, રોગનિદાન જેવા શિબિરનાં આયોજન કરવાં.

**૨. પર્યાવરણ સંરક્ષણ :** 0 પર્યાવરણ દિન અને વનમહોત્સવની પૂર્વ તૈયારી સાથે ઉજવણી કરવી. 0 રોજિંદા જીવનમાં પર્યાવરણ સુરક્ષા અંગે સભાનતા કેળવવી, વૃક્ષારોપણ, વૃક્ષ ઉછેરને પ્રોત્સાહન આપવું. 0 વીજળીનો કરકસરયુક્ત ઉપયોગ કરવા તથા વ્યય અટકાવવા વલણ કેળવવું. 0 બિન પારંપારિક ઉર્જાનાં સાધનો-સૂર્ય, પવનના ઉપયોગ માટે લોકોમાં જાગૃતિ કેળવવી.

**૩. મહિલા શિક્ષણ :** 0 'દીકરી બચાવો, દીકરી ભણાવો', અભિયાનને વેગ આપવો. 'દીકરો-દીકરી એક સમાન'ને પ્રોત્સાહન આપવું. 0 કન્યા શિક્ષણ-કેળવણી માટે જાગૃતિ કેળવવી. 0 બાળ લગ્ન અટકાવવાં. 0 સ્ત્રી સુરક્ષા અંતર્ગત પ્રચલિત કાયદાઓની માહિતી આપવી, સરકારી સહાય-હેલ્પ લાઇનનો ઉપયોગ કેવી રીતે કરવો તેનું નિર્દશન કરવું.

**૪. સેવા પ્રવૃત્તિ :** 0 સ્થાનિક સેવા સંસ્થાઓની મુલાકાત ગોઠવવી, પરિચય કેળવવો, સેવાનું આદાન પ્રદાન કરવું. 0 બાળસુધારગૃહ (રીમાન્ડ હોમ), વૃદ્ધાશ્રમ, વિકલાંગ બાળકો માટે કામ કરતી સંસ્થાઓની મુલાકાત કરવી. 0 સરકારી હોસ્પિટલ, અનાથાશ્રમ, જેલ વગેરેની મુલાકાત ઉપરાંત- રક્ષાબંધન જેવા સામાજિક તથા સ્વાતંત્ર્યદિન, પ્રજાસત્તાક દિનની તેમની સાથે ઉજવણી કરવી. 0 ગરીબી રેખા નીચે જીવતાં પરિવારની મુલાકાત કરવી, તેમને સરકારી લાભ મળે તે દિશામાં કામ કરવું. 0 સરકાર તરફથી જાહેર થતા લોક કલ્યાણના કાયદાઓ, માહિતી અધિકાર, શિક્ષણ મેળવવાનો અધિકાર, બાળ મજૂરી નાબૂદી, ઘરેલું હિંસા સામે રક્ષણ મેળવવાનો અધિકાર વગેરેની વિસ્તૃત સમજ સમાજના છેવાડાના માનવી સુધી પહોંચે તેવી કોશિશ કરવી.

**૫. રાષ્ટ્રીય એકતા :** ભાવાત્મક એકતાનાં વિઘાતક પરિબળ, કોમવાદ, આતંકવાદ, લાંચરુશ્વત, ભ્રષ્ટાચાર વગેરેથી દેશને થતા નુકસાન અટકાવવા મદદરૂપ બનવું. સ્વયંસેવકોએ અસામાજિક તત્વોને ખુલ્લાં પાડવા તથા રાષ્ટ્રીય એકતા-અખંડિતતા કાયમી બને તેવા પ્રયત્ન કરવા.

**૬. રાહતકાર્ય :** દુષ્કાળ, પૂર, ધરતીકંપ, રોગચાળો, આગ, અકસ્માત, ત્સુનામી જેવા સમયે જે તે વિસ્તારમાં રાહતકાર્યમાં જોડાવું. કારકિર્દી માર્ગદર્શન અને સ્વરોજગારીની દિશામાં સઘન પ્રયાસ કરવો. ધો. ૧૦ અને ૧૨ પછી શું ? અને ગ્રામીણ વિદ્યાર્થીઓ માટે કારકિર્દી માર્ગદર્શન શિબિરનું આયોજન કરવું. સ્વરોજગાર અને લઘુ ઉદ્યોગો માટે વાતાવરણ ઊભું કરવું.

**ખાસ શિબિરના ઉદ્દેશો :** ૧. નિયમિતતા, ૨. શિસ્ત, ૩. અભિવ્યક્તિ, ૪. પારસ્પારિક સંબંધો, ૫. નેતૃત્વ, ૬. સેવાભાવના, ૭. જવાબદારીની સભાનતા, ૮. કૌશલ્ય વિકાસ, ૯. આયોજન અને સંચાલન.

**રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયંસેવક તરીકે:** 0 સ્વાશ્રયી અને નિયમિત સમયપાલનની જીવનશૈલી કેળવવી. 0 નિયમિત બચતની ટેવ પાડવી. 0 સર્વધર્મસમભાવની ભાવના કેળવવી. 0 પ્રતિવર્ષ એક વૃક્ષ વાવવું, તેનો બરાબર ઉછેર કરવો. 0 દર વર્ષે એક કુટુંબ નિરક્ષરતા મુક્ત કરવું. 0 જાહેર સ્વચ્છતાની કાળજી રાખવી. 0 ગામના વિકાસની તમામ પ્રવૃત્તિઓમાં સહભાગિતા કેળવવી.

'શિક્ષણ માત્ર માહિતી પૂરતું જ મર્યાદિત ન રહે, પરંતુ ગાંધીજીએ સૂચવેલા માર્ગે યુવામિત્રો કે નવી પેઢી શિક્ષણ દ્વારા વ્યક્તિગત વિકાસ સાધીને સમાજનો, રાષ્ટ્રનો વિકાસ થાય એવા કાર્યક્રમોમાં સ્વેચ્છાએ ભાગીદાર બને એવી ઉમદા અપેક્ષા રાષ્ટ્રીય સેવા યોજનામાં જોડાયેલા સ્વયંસેવકો પાસેથી રાખવામાં આવી છે. રાષ્ટ્રીય સેવા યોજનાના કાર્યક્રમો વિદ્યાર્થીઓમાં રાષ્ટ્ર પ્રત્યેની આદરભાવના જગાડીને વિકાસકાર્યોમાં પરિણમે તેવી શુભકામનાઓ પાઠવીએ છીએ.' - ડો. સુર્દશન આયંગાર (કુલનાયક ગૂજરાત વિદ્યાપીઠ)

આપણી સંસ્કૃતિ હિંસાની નહીં પણ અહિંસાની છે, ભોગની નહી પણ ત્યાગની છે, સંઘર્ષની નહીં પણ સમાધાનની છે. જે પ્રજાનો યુવકવર્ગ, મર્યાદા, વિવેક, નમ્રતા, સહિષ્ણુતા છોડે, તે પ્રજાનો નાશ થાય છે. 'સેવાની ખેતીનો ફાલ બહોળો છે પણ તેના લણનારા થોડા છે.' અને એ વાતનો તો કોણ ઈન્કાર કરશે કે આ જાતની બધી સેવા કેવળ માનવદયા પ્રેરિત સેવા નથી પણ સંગીન રાષ્ટ્રસેવા છે અને આપણને પૂર્ણ સ્વરાજના ધ્યેયની વધારે ને વધારે નજદીક લઈ જાય છે ?

- મહાત્મા ગાંધીજી

**ગાંધીજીના મતે સાત પાપો:**

(૧) સિદ્ધાન્ત વિનાનું રાજકારણ (૨) શ્રમ વિનાની સંપત્તિ (૩) ચારિત્ર્ય વિનાનું જ્ઞાન (૪) નૈતિકતા વિનાનો વેપાર (૫) ત્યાગ વગરની પૂજા (૬) માનવતા વિનાનું વિજ્ઞાન (૭) સમાનતા વિનાનો આનંદ

**પ્રવાસ ૧: ગોવા - મહાબળેશ્વર - પંચગીની - ખંડાલા - લોનાવાલા - મુંબઈ**
**- પ્રવાસ તા. ૨૮-૧૦-૧૬ બપોરે ૧.૦૦ કલાકે**
**પરત ફરવાની તા. ૪-૧૧-૧૬ સવારે** ટિકિટ દર રૂા.૫,૮૦૦/-
- ચ્હા-નાસ્તો તથા બે ટાઈમ જમવાનું આપવામાં આવશે. (હોટલ બુકિંગ)
ટિકિટ દર રૂા.૫,૮૦૦/-
**રૂા.૧,૦૦૦/- આપી સીટ બુક કરાવો.**
**પ્રવાસ ૨: દમણ માત્ર રૂા.૫૦૦/-**
**પ્રવાસ તા. ૦૮-૧૦-૧૬ રાત્રે ૯.૦૦ કલાકે** **પરત ફરવાની તા. ૧૦-૧૦-૧૬ સવારે**
**બસ ઉપડવાનું સ્થળ:** *ટી.પી.૧૩, પાણીની ટાંકી પાસે, છાણી જકાત નાકા, વડોદરા*
**આયોજકઃ મહેશ એચ. વાઘેલા (ક્રિશ્ચિયન)**
**૯૮૨૫૫ ૬૮૨૮૧, ૮૭૩૩૦ ૨૦૫૯૪**



# ગુલાબકળીની વિશ્વસુવાસ

✍ શૈલેષ રાઠોડ 'અભિધેય'

લેખક, પત્રકાર નડિયાદ



સપ્ટેમ્બર ૧૦, ૧૯૪૬ના પોતાનો વાર્ષિક એકાંત સમય ગાળવા માટે કલકત્તાથી દાર્જિલિંગની લોરેટો કોન્વેન્ટ જતી વખતે મધર થેરેસાને જે અનુભવ થયો તેને તેમણે પાછળથી 'અંતરાત્માનો અવાજ' તરીકે વર્ણવ્યો હતો. "મારે કોન્વેન્ટ છોડવાની હતી અને ગરીબો વચ્ચે રહીને તેમને મદદ કરવાની હતી. આ સ્પષ્ટ આદેશ હતો. જો હું એને માનવામાં નિષ્ફળ નીવડું તો મેં મારો ધર્મ ચૂક્યો કહેવાય." ૧૯૪૮માં તેમણે ગરીબો સાથેનું પોતાનું મિશનરી કાર્ય ઝૂંપડપટ્ટીમાં શરૂ કર્યું તેમણે લોરેટોના પરંપરાગત પોશાકના સ્થાને ભૂરી કિનારવાળી સાદી સફેદ સુતરાઉ સાડી અપનાવી તથા ભારતીય નાગરિકત્વ સ્વીકાર્યું. શરૂઆતમાં તેમણે મોતીજહિલમાં એક શાળા શરૂ કરી પરંતુ થોડા જ સમયમાં તેઓ વંચિતો/નિરાધારો અને ભૂખે મરતા લોકોની સંભાળમાં લાગી ગયાં. તેમણે હાથ ધરેલી સેવા અને પ્રયત્નોએ ખૂબ ઝડપથી ભારતીય અધિકારીઓનું ધ્યાન ખેંચ્યુ અને વડાપ્રધાન સુદ્ધાંએ તેમના કાર્યની નોંધ લીધી.

પોતાનું શરૂઆતનું વર્ષ મુશ્કેલીઓ/જોખમોથી ભરપૂર રહ્યું હતું, તેમ મધર થેરેસાએ પોતાની રોજનીશીમાં લખ્યું છે. તેમની પાસે ત્યારે આવકનો કોઈ સ્રોત નહોતો અને એટલે તેમણે ખોરાક અને અન્ય આવશ્યક્તાઓ માટે ભીખનો આશરો લેવો પડ્યો હતો. શરૂઆતના આ મહિનાઓમાં થેરેસાએ શંકા, એકલતા અને પોતાના કોન્વેન્ટના આરામદાયક જીવનમાં પાછા ફરી જવાની લાલચ અનુભવ્યાં હતાં. તેમણે પોતાની રોજનીશીમાં લખ્યું છે : "ગરીબીનો ક્રૂસ ઉપાડીને, પરંપરાગત સાધ્વીજીવન કરતાં વિશેષ સેવાકાર્ય માટે પ્રભુએ મને હાકલ કરી છે. ગરીબ માટે ગરીબાઈ અસહ્ય હોય છે જ, એવો પાઠ મને શીખવા મળ્યો. ભાડાનું ઘર શોધતાં ચાલી ચાલીને મારા પગ થાકી ગયા. ગરીબ વ્યક્તિ ઘર, ખોરાક અને સ્વાસ્થ્યની ચિંતા કરતા શરીર-આત્મામાં કેટલું થાકતાં હશે ! લોરેટો કોન્વેન્ટમાં મળતી સુવિધાઓ પ્રલોભનરૂપે આવી : માત્ર એક જ શબ્દ બોલો અને ફરીથી આ તમારા પ્રણેતા વારંવાર દોહરાયા કર્યા. પસંદગી તમારી ત્યારે મારો જવાબ હતો. મારા પ્રભુ, તમારા પ્રત્યેના પ્રેમને કારણે હું અહીં જ રહીશ. તમારી પવિત્ર ઈચ્છા હું આંખમાથે ચડાવીશ. મારી આંખમાંથી એક પણ આંસુ મે ટપકવા દીધું નહીં.

તેમના શબ્દોમાં તેમનું મિશન હતું. આખા સમાજમાં જે પણ ભૂખ્યા છે, નાગા છે, ઘરવિહોણાં છે, અપંગ છે, આંધળા છે, રક્તપિતિયા છે, એવા તમામ લોકો જે પોતાને જ જોઈતા, પ્રેમવિહોણા, સારસંભાળ-કાળજીવિહોણાં અનુભવે છે, એવા લોકો જે સમાજ પર ભારરૂપ બની ગયા છે અને જેમને દરેક જણ ટાળે છે. તેમની સંભાળ રાખવાની. શરૂઆત થઈ કલકત્તામાં ૧૩ સભ્યોની નાની સંખ્યાથી, આજે તેમાં ૪,૦૦૦થી વધુ સાધ્વીબેનો છે, જે વિશ્વભરમાં અનાથાલયો, એઈડ્સના રુગ્ણાલયો અને અન્ય સેવા કેન્દ્રો ચલાવે છે અને શરણાર્થીઓ, આંધળા, અશક્ત, વૃદ્ધ, દારૂડિયાઓ, ગરીબ અને ઘરવિહોણાં લોકો તથા પૂર, રોગચાળા અને અછત ગ્રસ્તોની સારસંભાળ રાખે છે.

આંતરરાષ્ટ્રીય ચેરિટી : ૧૯૮૨માં બેરુતના ઘેરાની ચરમસીમા પર, મધર થેરેસાએ ઈઝરાયેલી લશ્કર અને પેલેસ્ટેનિયન ગોરીલ્લાઓ વચ્ચે થયેલા ક્ષણિક શસ્ત્રવિરામના સમયમાં આગળની હરોળમાં એક હોસ્પિટલમાં ફસાયેલા ૩૭ બાળકોને તેમણે બચાવ્યા હતાં. રેડ ક્રોસના કાર્યકરોને સાથે લઈને તેમણે યુદ્ધ ક્ષેત્રમાં પ્રવેશ કર્યો અને ઉજ્જડ કરાયેલા હોસ્પિટલમાંથી એ નાના દર્દીઓને બહાર લઈ આવ્યાં હતાં.

૧૯૮૦ના દાયકામાં જ્યારે પૂર્વ યુરોપમાં ઉદારતાનો વાયરો વાયો ત્યારે તેમણે પહેલાં એકવાર તેમને નકારી ચૂકેલા સામ્યવાદી દેશોમાં પણ મિશનરિઝ ઓફ ચેરિટિને વિસ્તારવાના પ્રયાસ કર્યા અને ડઝનબંધ પ્રોજેક્ટો પર કામ શરૂ કરી દીધું હતું. ગર્ભપાત અને છૂટાછેડા અંગેનાં પોતાનાં દૃઢ મંતવ્યો સંદર્ભે થયેલી ટીકા સામે તેઓ અણનમ રહ્યાં અને કહ્યું, કોઈ ભલે ગમે તે કહે, તમારે તેને સ્મિતસહ સ્વીકારવું જોઈએ અને તમારું કામ કર્યા કરવું જોઈએ.

ઈથોપિયાના ભૂખ્યાઓની, ચેર્નોબિલ ખાતેના કિરણોત્સર્ગના પીડિતોની અને અર્મેનિયાના ભૂકંપ પીડિતોની સહાય કરવા અને તેમની સારસંભાળ લેવા મધર થેરેસાપ્રવાસ કરતાં રહ્યાં. ૧૯૯૧માં પહેલીવાર મધર થેરેસાપોતાના વતન પાછાં ફર્યા અને ત્યાં તિરાના, આલ્બેનિયામાં મિશનરિઝ ઓફ ચેરિટી બ્રધર્સ ખોલ્યું.

કથળતું જતું સ્વાસ્થ્ય અને અવસાનઃ મધર થેરેસાજ્યારે ૧૯૮૩માં વડાધર્મગુરુ જ્હોન પોલ બીજાની મુલાકાત લેવા માટે રોમ ગયાં હતાં ત્યારે તેમને હૃદયરોગનો હુમલો આવ્યો હતો. ૧૯૮૯માં બીજા હુમલા પછી, તેમને કૃત્રિમ ગતિ-નિર્ધારક (પેસમેકર) મૂકવામાં આવ્યું હતું. ૧૯૯૧માં તેઓ જ્યારે મેક્સિકોમાં હતાં ત્યારે તેમને ન્યુમોનિયા થયો હતો અને ત્યારબાદ હૃદયની તકલીફ વધી હતી. આ સમયે તેમણે મિશનરિઝ ઓફ ચેરિટિના પ્રમુખ હોદ્દા પરથી રાજીનામું આપવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. પરંતુ સંગઠનનાં સાધ્વીબહેનોએ ગુપ્ત મતદાન થકી આપેલા મતો અનુસાર તેમનું

રાજીનામું નકાર્યું હતું અને તેઓ હોદ્દા પર રહે તે તરફી મતદાન કર્યું હતું. મધર થેરેસા સંગઠનના પ્રમુખ તરીકે પોતાનું કામ ચાલુ રાખવા સહમત થયાં હતાં. એપ્રિલ ૧૯૯૬માં, મધર થેરેસાપડી ગયાં અને તેમનું હાંસડીનું હાંડકું તૂટી ગયું. ઓગસ્ટમાં તેમને મેલેરિયા થયો અને તેમના હૃદયના ડાબા પોલાણને નુકસાન થયું. તેમનાં હૃદયની સર્જરી કરવામાં આવી. માર્ચ ૧૩, ૧૯૯૭ના તેમણે મિશનરિઝ ઓફ ચેરિટીનો પ્રમુખ હોદ્દો છોડ્યો અને સપ્ટેમ્બર ૫, ૧૯૯૭ના રોજ તેમનું અવસાન થયું.

મધર થેરેસાના અવસાન સમયે, મિશનરિઝ ઓફ ચેરિટી હેઠળ કુલ ૧૨૩ દેશોમાં, ૬૧૦ મિશન ચાલતાં હતાં. જેમાં લગભગ ૪,૦૦૦ સિસ્ટર્સ, લગભગ ૩૦૦ બ્રધર્સ અને આશરે ૧,૦૦,૦૦૦ સામાન્ય સ્વયંસેવકો કાર્યરત હતાં, આ મિશનોમાં એચ.આઈ.વી. / એઈડ્સ, રક્તપિત્ત, ક્ષયના રોગીઓ માટેનાં ઘર તથા રુગ્ણાલયો, ગરીબો માટેનાં રસોડાં, બાળકો અને પરિવાર માટેના સલાહ કાર્યક્રમો, અંગત મદદનીશો, અનાથાલયો અને શાળાઓનો સમાવેશ થાય છે.

**સન્માન અને આવકાર :** સપ્ટેમ્બર ૧૯૯૭માં તેમની દફનવિધિ પહેલાં મધર થેરેસાના મૃત દેહને સેન્ટ થોમસ ચર્ચ, કલકત્તામાં એક અઠવાડિયા માટે રાખવામાં આવ્યો હતો. તેમણે ભારતના તમામ ધર્મોના ગરીબોની જે સેવા કરી, તેના પ્રત્યેની કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે ભારત સરકારે તેમને રાષ્ટ્રીય કક્ષાની અંતિમવિધિ બક્ષી હતી.

મધર થેરેસાના મૃત્યુ પછી તેમના બે ચમત્કારોને માન્યતા આપવામાં આવી છે. પહેલાં ચમત્કારમાં મધરે મોનિકા બેસરા નામની બંગાળી આદિવાસી મહિલાના પેટમાંથી ટ્યુમરને મટાડ્યું હતું. આ ચમત્કારને માન્ય રાખીને પોપે તેમને પુનિત (Beatification) ઘોષિત કર્યા હતાં. પહેલાં ચમત્કાર પછી આશરે ૩ લાખ શ્રદ્ધાળુઓએ રોમ પહોંચીને થેરેસાને સંતની ઉપાધિ આપવાની માંગણી કરી હતી.

વડાધર્મગુરુ ફ્રાંન્સિસે મધર થેરેસાના બીજા ચમત્કારની પણ પુષ્ટિ કરી, ત્યારબાદ તેમને સંત બનાવવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. અહેવાલ અનુસાર બ્રાઝિલનો એક વ્યક્તિ જે બ્રેઈન ટ્યુમરથી પીડાતો હતો, તેને મધર થેરેસાએ ટ્યુમરથી મુક્તિ અપાવી સ્વસ્થ કર્યો હતો.

ખ્રિસ્તી પરંપરા અનુસાર કોઈને પણ મૃત્યોપરાંત જ સંત જાહેર કરવામાં આવે છે. તેના માટે બે ચમત્કાર સામે આવવા જોઈએ. મધર થેરેસાના મૃત્યુ પછી ચમત્કારોની પુષ્ટિ વડા ધર્મગુરુ દ્વારા કરવામાં આવે છે ત્યારબાદ તેમને સંતની ઉપાધિ આપવામાં આવી છે, જે ધન્યક્ષણ આપણે હવે પ્રાપ્ત થઇ છે. આલ્બેનિયાનાં આગ્નેસ ગોનએક્સહે આજે સંત મધર થેરેસા તરીકે વિશ્વવંદનીય બન્યાં છે. આલ્બેનિયામાં ગોનએક્સહેનો અર્થ ગુલાબકળી એવો થાય છે, આ ગુલાબકળીની સુવાસથી સમગ્ર વિશ્વ ધન્ય બન્યું છે, જય હો પ્રભુજી. ●


**જેઓ ખરા હૃદયથી પવિત્રભૂમિ ઈઝરાયલનો પ્રવાસ કરવા માંગે છે, ફક્ત તેઓને માટે જ...**

**ફેબ્રુઆરી-૨૦૧૭માં પવિત્રભૂમિનો**
**૧૫ દિવસનો પ્રવાસ**

બાઈબલ અભ્યાસીઓ તથા પહેલા પવિત્રભૂમિની મુલાકાત લીધેલ હોય અને આ પ્રવાસમાં રેગ્યુલર ટૂરમાં આવતા સ્થળો ઉપરાંત, ● જોર્ડનમાં પેટ્રા ● ઈઝરાયલમાં યરૂશાલેમ મંદિર, હિબ્રુ યુનિવર્સિટી, હેબ્રોન, નેશનલ મ્યુઝિયમ, મસાડા, ખોરાજીન, પરીક્ષણના પહાડ ઉપર વગેરે, તેમજ ● ઈજીપ્તમાં અલેકેઝાન્ડ્રીયાના ચર્ચ અને ભવ્ય ભૂતકાળ વગેરે અનેક સ્થળો...જેઓ અતિ ઐતિહાસિક સ્થળો જોવાની ઈચ્છા રાખે છે તેઓ માટેની ખાસ સ્ટડી ટૂર... સ્પેશ્યલ ગોલ્ડન પેકેજ...

- ખ્રિસ્તી વિશ્વાસી મૂલ્યો આધારિત ટૂર.
- ટેકનોલોજીના ભરપૂર ઉપયોગ સાથે.
- તમારા સમયે અને તમારી અનુકુળતાએ.
- અમદાવાદથી અમદાવાદ પ્લેનમાં જ.
- પેકેજ ફી સિવાય કોઈ જ ખર્ચ નહી.
- દરેક વાત સંપૂર્ણ પારદર્શકતા સાથે.
- આ ટૂર ઈશ્વરના મહિમાર્થે છે.

Eden TOURS

રેવ. ડેનિયલ દિપક
(Agape CNI Church, Baroda)
૯૮૭૯૬ ૯૪૦૯૫

શિરીષ ક્રિસ્ટી
(Ahmedabad)
૯૯૯૮૭ ૨૯૦૭૭

**ડિસેમ્બર – ૨૦૧૬ની યાદગાર**
**ક્રિસમસ ઈઝરાયલમાં**
પરદેશમાં રહેતાં સ્વજનો-મિત્રો સાથે
ક્રિસમસની રજાઓનું આયોજન કરો અને આનંદ માણો.

**મે-૨૦૧૭માં પવિત્રભૂમિનો પ્રવાસ**



**વ્હીલચેરમાં**

- જેમનાં જીવનમાં વ્હીલચેર એ અવિભાજ્ય અંગ છે, તેવા પ્રથમ ૧૫ વ્યક્તિઓનું રજીસ્ટ્રેશન વહેલા તે પહેલા
- સાથે એક શસક્ત કેર ટેકર ફરજીયાત રાખવાના રહેશે.
- મિત્રો સબંધીઓમાં જો કોઈ હોય તો અચૂક તેમને જણાવો.

ઈઝરાયલનો ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્ય અંગે
બાઈબલ આધારિત મટિરીયલ્સ દ્વારા વિસ્તૃત સમજણ અને ખુલાસો

**ટૂર માટે રૂા. ૧૫,૦૦૦/-ભરી**
**રજીસ્ટ્રેશન કરાવી તૈયારી શરૂ કરો.**

૩૮-બી, ક્રિશ્ચિયન સોસાયટી, સી.એન.આઈ. ચર્ચ સામે, બહેરામપુરા, અમદાવાદ-૨૨

શ્રમ અને રોજગાર મંત્રાલય ભારત સરકાર માન્ય સર્ટીફીકેટ

નર્સિંગ એડમીશન **Government of India** સરકાર માન્ય સંસ્થા

Reg. By Gujarat Govt. Under S.R. Act (1860) : GUJ/2705/KHEDA
Mumbai Public Trust Act (1950) : F/2408/KHEDA

# ગ્લોબલ હેલ્થ એન્ડ એજ્યુકેશન

**વિશ્વકર્મા ઓપન યુનિવર્સિટી ફોર સેલ્ફ એમ્પ્લોયમેન્ટ ઈન્ડીયા સંલગ્ન સંસ્થા**

**VOUSE/IA/2K16-2K17/3012.03**



હોસ્ટેલ સુવિધા
બસ પાસ સુવિધા
લોન/સ્કોલરશીપ

**ધો. ૧૦ તથા ૧૨, કોલેજ પાસ-નાપાસ માટે ૧૦૦% જોબ લક્ષી કોર્ષ**

| ક્રમ | કોર્ષનું નામ | લાયકાત | મુદ્દત |
|---|---|---|---|
| ૧ | જી. એન.એમ. (બેંગ્લોર) | ૧૨ પાસ | ૩ વર્ષ |
| ૨ | નર્સિંગ આસીસ્ટન્ટ | ૧૦,૧૨ પાસ | ૧ વર્ષ |
| ૩ | ડીપ્લોમા ઈન નર્સિંગ | ૧૦,૧૨ પાસ | ૨ વર્ષ |
| ૪ | ડીપ્લોમા ઈન લેબ ટેકનીશીયન | ૧૦,૧૨ પાસ | ૧ વર્ષ |
| ૫ | ડીપ્લોમા ઈન એક્સ-રે ટેકનીશીયન | ૧૦,૧૨ પાસ | ૧ વર્ષ |
| ૬ | ડીપ્લોમા ઈન ઓ.ટી આસીસ્ટન્ટ | ૧૦,૧૨ પાસ | ૧ વર્ષ |
| ૭ | ડીપ્લોમા ઈન મેડીકલ હેલ્થ નર્સિંગ આસીસ્ટન્ટ | ૧૦ નાપાસ | ૧ વર્ષ |

P.B.B.SC., B.S.C. Nursing, M.S.C. Nursing માં એડમીશન ચાલુ છે.

● લીમીટેડ સીટ ● બુક્સ તથા મટીરીયલ્સ ફ્રી

**નડીઆદ** બી-૩/૪/૫, ત્રીજે માળ, વીર્ગો શોપીંગ સેન્ટર, સંતરામ રોડ
**99740 89409, 94094 52002**

**વડોદરા** ન્યુ નાલંદા પેરામેડીકલ ઈન્સ્ટીટ્યુટ
એફ એફ-૧૭, એસ એફ-૬, મારૂતી કોમ્પલેક્ષ, નિઝામપુરા બસ ડેપોની સામે, છાણી જકાત નાકા રોડ
**98981 33780, 99740 89409**



# નર્સિંગ પ્રવેશ વર્ષ ૨૦૧૬-૨૦૧૭

ભારત સરકાર માન્ય કોર્સીસ
INC, KNC, KSNEB, RGUHS માન્ય કૉલેજ

| કોર્ષનું નામ | મુદ્દત | લાયકાત | ફી |
|---|---|---|---|
| GNM નર્સિંગ | 3 વર્ષ | ૧૨ પાસ (આર્ટસ, કોમર્સ, સાયન્સ) | રૂા. ૪૦,૦૦૦/- વાર્ષિક ટ્યુશન ફી |
| P.B. B.Sc. નર્સિંગ | ૨ વર્ષ | GNM પાસ | રૂા. ૭૫,૦૦૦/- વાર્ષિક ટ્યુશન ફી |
| B.Sc. નર્સિંગ | ૪ વર્ષ | ૧૨ પાસ (સાયન્સ, બી-ગ્રુપ) | રૂા. ૬૦,૦૦૦/- વાર્ષિક ટ્યુશન ફી |
| M.Sc. નર્સિંગ | ૨ વર્ષ | B.Sc./P.B.B.Sc. પાસ | રૂા. ૧,૦૦,૦૦૦/- વાર્ષિક ટ્યુશન ફી |

* હપ્તેથી ફી ભરવાની સગવડ
* SC/ST તથા લઘુમતીના વિદ્યાર્થીને સરકારી સ્કોલરશીપ
* એજ્યુકેશન લોન મળશે
* ઉત્તમ સગવડ સાથેની હોસ્ટેલ તથા સ્કૂલ
* ગુજરાતી જમવાનું

એજન્ટ આવકાર્ય

૧૦૦% જોબ ગેરેન્ટેડ

સંપર્ક કરોઃ- રાજેશભાઈ
**રીચ એજ્યુકેશન ગાઈડ**
૧૧, ડૉ. લોરેન્સ એવન્યુ, મેથોડિસ્ટ ચર્ચની પાસે,
સિયોનનગર, મણીનગર(પૂર્વ), અમદાવાદ - ૩૮૦૦૦૮
**મો. ૯૩૨૭૪ ૮૮૫૦૧, ૯૮૭૯૯ ૧૯૦૯૧**



" નર્સિંગ તો માત્ર ગ્રો-વેલ અકેડેમી નું જ "

# નર્સિંગ કોર્સ

| | |
|---|---|
| **Nursing Assistant** ધો.૧૦ પાસ / ૧૨ પાસ-નાપાસ | ૧ વર્ષ |
| **GNM Nursing** ધોરણ.૧૨ પાસ કોઈ પણ પ્રવાહ | ૩ વર્ષ |
| **B.Sc Nursing** ધોરણ.૧૨ પાસ (સાયન્સ-બી ગૃપ ) | ૪ વર્ષ |

ગ્રો-વેલ અકેડેમી, કિલ્લોલ હોસ્પિટલ નીચે,
આણંદ-૩૮૮૦૦૧. ફોન :(૦૨૬૯૨)૨૫૯૨૧૦.

| તૃપ્તિ પટેલ | સ્ટીવન ક્રિશ્ચિયન |
|---|---|
| **96382 78952** | **99135 57505** |

નર્સિંગ આસિસ્ટંટ-૧ વર્ષના ક્લાસ તાઃ૧.૮.૨૦૧૬થી શરૂ

GNM ના ક્લાસ તા :૧.૯.૨૦૧૬ થી શરૂ થશે

GNM ના વિદ્યાર્થીઓને ૬-મહિના અંગ્રેજી બેઝીક ક્લાસ ફ્રી

# ઈઝરાયેલ (કેરગીવર વર્ક વીઝા)

મફત સલાહ, સચોટ માર્ગદર્શન, યોગ્ય દોરવણી.

પવિત્ર ભૂમિ ઈઝરાયેલમાં વૃદ્ધની સેવા કરો.

અને સારામાં સારો માસિક પગાર મેળવો.

કુંવારા અથવા પરણેલા સ્ત્રી-પુરુષો માટે.

ભવિષ્યની ચિંતામાંથી બહાર નીકળો.

**તમારાં સપનાં પૂરાં કરવા એક માત્ર એક જ સ્થળ (ઈઝરાયેલ કેરગીવર વર્ક વીઝા)**

જો તમે નર્સિંગ કરેલ ઉમેદવાર છો? તમારા માટે (સ્પેશ્યલ ઓફર)

**વધુ માહિતી માટે સંપર્ક કરો**

## રિચાર્ડસ પરમાર: મો. ૯૭૨૬૬ ૬૨૬૫૩



જાહેરાત



**એના ટ્રાવેલ્સ** આયોજિત

## દિવાળી વેકેશન પ્રવાસ

**આણંદથી જયપુર, આગ્રા, નૈનીતાલ,**
**રાનીખેત, અલ્મોડા, દિલ્હીથી આણંદ પરત.**

પ્રવાસ દિવસ **૯**

ટિકિટનો દર : **રૂા. ૧૦,૦૦૦/-**

**: બસ ઉપડવાની તારીખ :**

૩૦-૧૦-૨૦૧૬ બપોરે ૨-૦૦ કલાકે

**-: બસ ઉપડવાનું સ્થળ :-**

તુલસી ગરનાળા, અમુલ ડેરી રોડ, આણંદ.

**માહિતી અને બુકિંગ માટે સંપર્ક કરો**

**રમણલાલ એન. પરમાર** (દાવડાવાળા)

અકીર શાલેમનગર સોસાયટી, બેથેલ મેથોડિસ્ટ ચર્ચ પાસે,
પરીખ ભૂવન પાછળ, આણંદ-૩૮૮ ૦૦૧.
મો. નં. **9925750395, 9537914842**
અમીત પરમાર : **97271 32397**



## વેલાંકની માતાનાં દર્શને, પોટ્ટા રિટ્રીટ પ્રવાસ કેરાલા

**(ટ્રેન તથા લક્ઝરી બસ દ્વારા)**

**પ્રવાસ ફીઃ રૂા. ૮,૦૦૦/- પ્રવાસ દિવસઃ ૧૬,**
**પ્રવાસની શરૂઆતઃ ૧૦-૦૨-૨૦૧૭, શુક્રવાર**
**પ્રવાસની પૂર્ણાહુતિઃ ૨૬-૦૨-૨૦૧૭ રવિવાર**

**નોંધઃ** (૧) પ્રવાસ ફીમાં માત્ર ટ્રેન - લક્ઝરી બસ ભાડું, રાત્રિરોકાણ અને રિટ્રીટ રજીસ્ટ્રેશન ફી નો સમાવેશ થાય છે. (૨) પ્રવેશ ફી તથા ભોજન વ્યવસ્થા પોતાના શિરે રહેશે. (૩) રીઝર્વેશન થયા બાદ કોઈપણ સંજોગોમાં ટિકિટ કેન્સલ કરવામાં આવશે નહિ અને એડવાન્સ ફી પરત આપવામાં આવશે નહિ. (૪) ઓળખપત્ર અવશ્ય આપવાનું રહેશે.

**—: આજે જ રીઝર્વેશન કરાવો : —**

**રૂા.૫,૦૦૦/- એડવાન્સ ફી આપીને આપની ટિકિટનું રીઝર્વેશન કરાવવા માટે તારીખ ૧૨-૧૦-૨૦૧૬, બુધવાર સુધીમાં અચૂક અવશ્ય નામ નોંધાવશો.**

**જોવાલાયક સ્થળોઃ** (૧) ચેન્નઈ દર્શનઃ સંત થોમાસની કબર (૨) સંત થોમાસ લીટલ માઉન્ટ (૩) સંત થોમાસ બીગ માઉન્ટ (૪) મીની વેલાંકની (૫) પોંડેચરી દર્શનઃ અરવિંદ આશ્રમ (૬) ચર્ચ (૭) બીચ (૮) વેલાંકની માતાનાં દર્શન બે દિવસ (૯) લાલ માટીની ભૂમિ સંત જોન દે બ્રીટો, ઓરીયૂર (૧૦) મીનાક્ષી મંદિર-મદુરાઈ (૧૧) આરોગ્ય માતાનું મંદિર, વાડીપટ્ટી (૧૨) કન્યાકુમારી દર્શનઃ સ્વામી વિવેકાનંદ રોંક (૧૩) ગાંધી બીચ (૧૪) ચર્ચ (૧૫) સંત દેવસહાયમ્ ચર્ચ. (૧૬) સનસેટ પોઈન્ટ (૧૭) કેરાલા દર્શનઃ કોરેટી ચર્ચ (૧૮) પોટ્ટા આશ્રમ (૧૯) હોલી લેન્ડ (પવિત્ર ભૂમિ) (૨૦) સંત આલ્ફોન્સાની સમાધિ (૨૧) વલ્લારપડા માતાનું ધામ (૨૨) સંત થોમાસના પવિત્ર જમણા હાથના અસ્થિ (૨૩) પ્રથમ સ્નાન સંસ્કાર આપ્યો તે સંત થોમાસ (૨૪) પલકના માતા મરિયમ, ત્રિચૂર (૨૫) ડિવાઈન રિટ્રીટ સેન્ટર, ૭ દિવસ (૨૬) આપના ઘરના દર્શનઃ "ઈમાનુએલ".

**આયોજકઃ કેરેસ્મેટીક બંધુઃ હેમંતભાઈ એમ. મેકવાન**
**"અનંત" બી/૧૦ વૈભવ સોસાયટી, સેંટ ઝેવિયર્સ રોડ, આણંદ - ૩૮૮ ૦૦૧**
**ફોન નં. ૦૨૬૯૨-૨૬૬૦૭૧ મોઃ ૯૪૨૭૬ ૩૫૮૯૫**

# તૃત્તીય વાર્ષિક પુણ્યતિથિ



જન્મ તારીખ
૦૯-૦૧-૧૯૪૦

સ્વર્ગવાસ તારીખ
30-0૯-२013

## સ્વ. માગ્રેટબેન રેક્સ પરમાર

સમય જાય છે તેમ તારી સ્મૃતિ ઝાંખી થવાને બદલે વધારે ઘેરી બને છે કેમકે તેં અમને પાળ્યાં-પોષ્યાં, સંસ્કાર્યાં અને શ્રદ્ધામય બનાવ્યાં. તારા અંતરનું વહાલ અને ચહેરાનું સ્મિત ઘરને ભર્યુંભર્યું રાખતું હતું, એ ઘરમાં તારો ખાલીપો સાલે છે ત્યારે સહુની આંખ ભીંજાય જાય છે...

પ્રભુ તને શાશ્વત કાળનું સુખ આપે...

પુનરુત્થાનની પ્રભાતે મળીશું જ...

:: સ્નેહાધીન ::

**પરમાર રેક્સ પીટર, ફાધર ફ્રાન્સિસ રેક્સ તથા સમગ્ર પરિવાર**

બી ૧૨, શ્રીનાથજી નગર, ભાઈપુરા, નૂતન સ્કૂલની બાજુમાં,
હાટકેશ્વર, મણિનગર, અમદાવાદ - ૩૮૦ ૦૦૮

# આંસુભીની પુષ્પાંજલિ



**સ્વ. યુવરાજ પ્રકાશચંદ્ર પરમાર**

જન્મ: ૦૮-૦૫-૧૯૯૨ ● અવસાન: ૨૨-૦૭-૨૦૧૬

તને નિહાળી થઈ છે સદાય જિજ્ઞાસા
કે કેવું ભવ્ય સુશોભિત હશે જીવન તારું!

વ્હાલસોયા યુવરાજ,

તારી અણધારી વિદાય અમારાં કાળજાં કંપાવી ગઈ, તું સાચેસાચ યુવરાજ હતો. તારી ધગશ, પ્રવૃત્તિઓ અને જોમભરી ઝંખનાઓ એક કોડભર્યા યુવાનને છાજે એવાં હતાં. તેં હાંસલ કરેલ સિદ્ધિઓનાં પુષ્પો અને તેનો પમરાટ શ્રદ્ધાંજલિના શબ્દરૂપે આંસુભીની આંખે તને અર્પણ કરીએ છીએ. તારાં સ્મરણો એકએક પળ અમારી આંખોને દર્દ ભીની કરી જાય છે. ઈશ્વર તારા આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

ખુદા તારી કસોટીની પ્રથા સારી નથી હોતી.
જે સારા હોય છે એની દશા સારી નથી હોતી.


**ઈશ્વર આગળ લાચાર એવાં**
**પ્રકાશચંદ્ર બી. પરમાર, જશીબેન પી. પરમાર**
**ધર્મરાજ પી. પરમાર અને કુટુંબીજનો તેમજ સ્નેહીજનો**

**આભાર:** *અમારા પુત્રના દુઃખદ અવસાન પ્રસંગે અમારી પડખે રહી સાથ-સહકાર અને દિલાસો આપ્યો છે એવાં પુરોહિતગણ, સાધ્વીબહેનો, સગાંસ્નેહીજનો અને સ્ટાફગણના આભારી છીએ.*

૨૪, ઝેવિયરનગર સોસાયટી, પ્રેસ રોડ, ખંભાત
મો. ૯૯૦૯૨ ૩૫૩૮૦

# બાપુજીની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ
# માની પંદરમી સ્મરણાંજલિ





**સ્વ. આન્નાબેન પી. મેકવાન**

જન્મ: ૧૭-૦૧-૧૯૩૩ ● અવસાન: ૨૪-૦૮-૨૦૦૧

**સ્વ. પાઉલભાઈ ડી. મેકવાન**

જન્મ: ૨૪-૦૨-૧૯૩૨ ● અવસાન: ૧૦-૦૯-૨૦૧૫

વ્હાલાં મા, બાપુજી,

પ્રેમ, દયા, ક્ષમાના ઉમદા પાઠ ભણાવી,
કઠિન જિંદગીનાં અમૂલ્ય વર્ષો જીવી ગયાં તમે.

સરળ, સાદા જીવન થકી એ ગુણોની
બક્ષિસ આપી ગયા તમે.

શાળા, ધર્મ, ઘર અને વિશાળ કુટુંબની સંભાળમાં
નિષ્ઠાથી - ખુશીથી ફરજો પૂરી કરી ગયા તમે.

જીવનના તડકા-છાંયડામાં ઈશ્વરને યાદ કરી,
હિંમત-શક્તિ મેળવી લેતા તમે.

અમારા ઉપર હંમેશાં શુભઆશિષો વરસાવનાર
"પૂજ્ય મા અને બાપુ"
અમારાથી જોજનો દૂર ઈશ્વરના રાજ્યમાં ચાલ્યા ગયા તમે.

ધર્મની ઊંડી સમજ થકી અમારામાં
પુનરુત્થાનની પ્રભાતે ફરીથી મળવાની-
આશાઓ જગાડી ગયા તમે.

**સ્વ. અંતોન પાઉલ મેકવાન (પુત્ર)**

જન્મ: ૩૦-૦૫-૧૯૫૯ ● અવસાન: ૨૬-૦૯-૧૯૯૩

**સ્વ. પ્રવિણ પાઉલ મેકવાન (પુત્ર)**

જન્મ: ૧૬-૧૨-૧૯૬૭ ● અવસાન: ૨૪-૧૨-૨૦૦૩

તમ સર્વને ઈશ્વરપિતા ચિર શાંતિ અર્પે
એજ અમ સર્વની અંતઃકરણની પ્રાર્થના.

**આપની યાદમાં - બાળકો**
**સ્વ. પાઉલભાઈ દામિયાનભાઈ મેકવાન પરિવાર - આણંદ**

શ્રદ્ધાંજલિ

*The soul never takes birth and never dies at any time or does it come into being again when the body is created. The soul is birthlaess, eternal, imperishable and timeless and is never terminated when the body is terminated.*

પ્રેમની પ્રતિમૂર્તિ **સિસ્ટર પ્રેમિલા એલ.ડી.**
શારીરિક રીતે નબળાં તથા
નાદુરસ્ત પરંતુ દિલનાં, બળુકાં
વાત્સલ્ય સભર સદૈવ પ્રેમથી ધબકતું હૃદય
કેટકેટલાંયને પ્રેરણા, પ્રોત્સાહન અને
માર્ગદર્શન આપનાર અદકા જીવ
સિસ્ટર પ્રેમિલાને પ્રેમાંજલિ.




**રાજેશ મેકવાન**
**કલ્પેશ ક્રિશ્ચિયન (U.S.A.)**

**રાજેશ પરમાર**
**તથા મિત્ર મંડળ**

**અરૂણ ડાભી**
**દિપક પરમાર (U.S.A.)**

## પાંચમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

**"પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું"**



**સ્વ. નિમેષ બાલુભાઈ ગામીત**

જન્મ: ૧૧-૦૩-૧૯૮૮


અવસાન: ૦૬-૦૯-૨૦૧૧

સનાતન સત્ય છે કે આવે તે જાય છે. પરંતુ આટલું જલદી જવું તે જચતું નથી. ત્રેવીસ વર્ષની ટૂંકી જિંદગીમાં આવજો કહેવા પણ રોકાયો નહીં. તારી છબી જોઈને સંસ્મરણો તાજાં થઈ જાય છે. નિમેષ હમણાં આવશે એવી આશા રહી જાય છે. "આજે તું હોત તો આમ હોત" ના વિચારો આવી જાય છે.

પ્રભુ તારા દિવ્ય આત્માને પરમશાંતિ અર્પે એ જ પ્રાર્થના.

**એ જ તારી યાદમાં**
**તારો પરિવાર તથા સ્નેહીજનો**
*ગોમતીપુર, અમદાવાદ*

## પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. પાઉલભાઈ દામિયાનભાઈ મેકવાન**


જન્મ: ૨૪-૦૨-૧૯૩૨

અવસાન: ૧૦-૦૯-૨૦૧૫

**પા**વન વટવૃક્ષ સમા અમારા પૂજ્ય બાપુજી
**ઉ**ત્તમ શિક્ષક, આચાર્ય, કેટેકીસ્ટ, પિતા તમે
**લ**ઈને આશિષ ઈશ્વર પાસથી વરસાવો અમ પર
**ભા**રે હૈયે અમ હૃદયની શ્રદ્ધાંજલિ તમને
**ઈ**માનદાર(નિષ્ઠાવાન) જીવન જીવનાર તમે
**દા**ન તમે આપ્યું અમને ધાર્મિકતા, શિક્ષણ અને સંસ્કારોનું
**મિ**લનસાર અને માયાળુ સ્વભાવ તમારો
**યા**દ કરે લાડકા સુકેશી, પર્લ, મનોજ તમારાં
**ન**થી ભૂલાતી તમ સાથે વિતાવેલ મધુર ક્ષણો
**ભા**ઈ અંતોન, પ્રવિણ અને માતાને અમારાં કોટિ કોટિ વંદન
**ઈ**ન્તજાર અમને પુનરુત્થાનની પ્રભાતે ફરી મળવાનો
**મે**લી દીધી તમે અમ બધાની માયા,
**ક**યાં શોધીએ અમે તમારી છાયા?
**વા**'લા હતા તમે અમ બધાનાં
**ન**મીએ અમે આપને સંતાન સૌ તમારાં

**લિ. આપની યાદમાં**
**આપનાં બાળકો સુકેશી, મનોજ, પર્લ**
**તથા સમગ્ર પરિવાર**

## પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. સીમોનભાઈ ભવાનભાઈ પરમાર**

જન્મ: ૨૮-૧૨-૧૯૩૫

અવસાન: ૧૦-૦૯-૨૦૧૫

નાના મોટા સૌના હતા તમે પ્યારા,
પ્રભુની નજરોમાં પણ તમે બન્યા સૌથી પ્યારા.
ખબર નહોતી તમ જીવનમાં આમ બદલાવ આવશે,
અકલ્પનીય બીમારીમાં સાવ અચાનક મૃત્યુ આવશે.
તમારા નામ ''સીમોન'' પ્રમાણે ખડક જેવા બનીને,
જીવલેણ બીમારીને પણ તમે જીરવી લીધી હસીને.
તમારી વેદના, દુઃખ અમને જરાપણ તમે બતાવ્યાં નહિ,
હસતા મુખે દુઃખને સ્વીકારી તમે પ્રભુને પ્યારા થઈ ગયા.
બાહોશ તમારો સ્વભાવ અને બુલંદ તમારો અવાજ,
આજે પણ અમારી આસપાસ અમને પડઘાય છે.
જીવનભર સતત પરિશ્રમ કરી શૂન્યમાંથી સર્જન કરી,
કુટુંબ માટે સુખથી ભરેલ ફુલવાડી અમ સર્વને સમર્પણ કરી
પ્રભુના દરબારમાં જવાની કરી તમે તત્કાળ તૈયારી
વહેતા ઝરણાં જેવું જીવન સદાય જીવ્યા તમે.
ધંધામાં આવતી મુશ્કેલીથી ક્યારેક હાર્યા નથી તમે,
મહત્વાકાંક્ષી, દીર્ઘદષ્ટિ અને હકારાત્મક વલણ રાખીને જીવ્યા તમે.
સમય તો વહેતો જશે, પણ તમારી યાદ સદાય અકબંધ રહેશે.
આપની વિદાય અમ સૌ માટે અવિસ્મરણીય દુઃખદ ક્ષણ છે.
આપની યાદ હરપળે અમને ગમગીન બનાવે છે.
આપના આદર્શો અને સદ્‌ગુણો જીવનમાં ઉતારી
તમે ઉછેરેલા વૃક્ષને વટવૃક્ષ બનાવીએ અમે.
એ જ અમ સર્વની સાચી શ્રદ્ધાંજલિ તમને.

**લિ. ઝવરબેન સીમોનભાઈ પરમાર**
**તથા સહપરિવાર**
**(સામરખા)**

## ચોથી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. ડાહ્યાભાઈ વાલજીભાઈ ચૌહાણ**

જન્મ: ૦૪-૦૧-૧૯૪૫

અવસાન: ૧૬-૦૯-૨૦૧૨

નથી હયાત પણ સાથે છો એવું અમારા મનમાં લાગ્યા કરે છે.
હરહંમેશાં સાથે રહેલી દુઃખસુખની વાતોના
ભણકારા અમોને વાગ્યા કરે છે.
યાદોમાં તમારા દર્શન પ્રત્યેક ક્ષણે થયા કરે છે.
તમારાં અથાક પરિશ્રમથી બાળકો અને કુટુંબમાં મળેલા
સહકારની ક્ષણો યાદ આવ્યા કરે છે.
આપની વિદાયને આજે ચાર વર્ષ વીતી ગયાં પછી પણ
અમો તમારી યાદને ભૂલી શકીએ તેમ નથી.

**લિ. તમારી યાદમાં**
**સવિતા(મમ્મી) તથા મનીષા, સુનીતા, સોનુ, યોગેશ, અંકિતા, મયંક, સતીષ**
*ઈ/૧૭૫, સત્યનારાયણ, ટી.પી.૧૩, વડોદરા*

## ૨૫મી પુણ્યતિથિએ ભાવસભર સ્મરણાંજલિ



**સ્વ. પાઉલ લિયો પરમાર**

જન્મ: ૦૬-૧૧-૧૯૨૮

અવસાન: ૧૨-૦૯-૧૯૯૧

વ્હાલા બાપુજી,


આપના સ્વર્ગીય પ્રયાણને આજે ૨૫ વર્ષ પૂરા થયાં. છતાં આપનો પૈતૃક સહવાસ હજીયે અમારા મન-હૃદયને ઉજાગર કરી મૂકે છે.

આપે કરેલ અમારો ઉછેર, અમારું ઘડતર, સિંચેલ સંસ્કારો અને અમને સદાય તરબોળ કરી દેતો આપનો પિતૃપ્રેમ આજે પણ અમને આપની જીવંત અનુભૂતિ કરાવે છે.

આપની ૨૫મી પુણ્યતિથિએ ઈશ્વરપિતાને અમારી અર્ચના કે સ્વર્ગના રાજ્યમાં આપને અનંતકાળ સુખ-શાંતિ પ્રાપ્ત થાઓ. આમીન.

**લિ. આપનાં સંતાનો**
સૂર્યનગર સોસાયટી, આણંદ — બાલાસિનોર, યુ.એસ.એ.

## દસમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. નિશાંત સાયમન મેકવાન**

જન્મ: ૧૬-૦૯-૧૯૮૭

અવસાન: ૧૦-૦૯-૨૦૦૬

તારી અણધારી અને વસમી વિદાયને દશ વર્ષ વીતી ગયાં. આટલા લાંબા સમય દરમિયાન એક પણ દિવસ એવો નહીં ગયો હોય કે તારી યાદ આવી ના હોય. દીવાલ ઉપર લટકેલો તારો હારવાળો ફોટો હરહંમેશ તારી યાદ અપાવે છે.

પ્રભુ તારા આત્માને સદાકાળ શાંતિમાં રાખો એવી પ્રાર્થના.

**લિ. સાયમન માર્ટીન મેકવાન તેમજ પરિવાર**


*૪૩, મારૂતિ ટાઉનશીપ, છાણી રોડ, વડોદરા*

*મો. ૯૩૭૭૯ ૯૮૧૦૪*

## માસિક પુણ્યતિથિ — ૨૯મી પુણ્યતિથિ



શ્ર દ્ધાં જ લિ



**સ્વ. ફીલોમીના એલેક્સ મેકવાન**

જન્મ: ૨૩-૦૫-૧૯૪૭

અવસાન: ૨૨-૦૭-૨૦૧૬

**સ્વ. એલેક્સ મુળજીભાઈ મેકવાન**

જન્મ: ૦૧-૦૧-૧૯૪૦

અવસાન: ૨૬-૧૨-૧૯૮૭

સમય જિંદગીનો ઓછો હશે એ ક્યાં ખબર હતી?
વિદાય તમારી અણધારી હશે, એ ક્યાં ખબર હતી?
તમારો પ્રેમ અને તમારા સંસ્કારો સદાય મહેંકતા રહેશે અમારામાં મા.
તમારા આશીર્વાદ સદાય સાથે છે એ જ અમારા જીવનની મહામૂલી મૂડી છે.
દિવ્ય સાગર પ્રભુ ઈસુ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે મા.
એ જ અમારાં સૌની પ્રાર્થના મા.

**લિ. આપનાં વહાલાં બાળકો તથા આપનો દુ:ખી પરિવાર**

*એ-૧૯, અમરનગર, નવાયાર્ડ, ડી કેબીન, વડોદરા - ૨*

## તૃત્તીય પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. નિર્મળા જેકબ ક્રિશ્ચિયન**

જન્મ: ૦૮-૧૦-૧૯૪૮

અવસાન: ૧૧-૦૯-૨૦૧૩

જન્મે તેનું મૃત્યુ નિશ્ચિત છે
કેટલું નહીં, કેવું જીવ્યા તે યાદ રહી જાય છે
આપનો દેહ તો વિલય થયો છે
પરંતુ આપની સ્મૃતિ કદી વિસરાશે નહીં
પ્રભુ આપના આત્માને શાંતિ બક્ષે એજ પ્રાર્થના.

**તારો પરિવાર**

**શિલ્પા - રવિ　　ગુંજન - દિપ્તી　　મિતલ - શીતલ**

**શીતલ - શેરોન　　સાયની - કેનીલ**

**જેકબ રેમીંગ ક્રિશ્ચિયન**

*૧૧૫, મહાસુખનગર, નોબલ સ્કૂલની પાસે, કૃષ્ણનગર, અમદાવાદ*

## પાંચમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. શ્રદ્ધાબેન કાંતિભાઈ મેકવાન**

જન્મ: ૧૬-૦૯-૧૯૮૬

અવસાન: ૦૨-૦૯-૨૦૧૧

"આત્મા અમર છે અને મરણ કરતાં સ્મરણ બળવાન છે."

ખરેખર તારા વગર અમારા જીવનમાં પાનખર આવી ગઈ છે. જોતજોતામાં પાંચ વર્ષ વીતી ગયાં પરંતુ તારી યાદોનાં સંભારણાં હજી પણ યાદ છે. બસ નજર જ્યારે દીવાલ પરના તારા ફોટા પર પડે છે ત્યારે જ લાગે છે તું નથી. બાકી હજી અમારાં મન તો એમ જ માને છે કે તું અહીં જ છે. અમારી સાથે, અમારા મનમાં, અમારા હૃદયમાં, અમારા પ્રેમમાં.

"પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું."

*પ્રકાશ સોસાયટી,*
*પાધરીયા, આણંદ*

**લિ. તારા મમ્મી-પપ્પા**
**અંકુર તથા દુ:ખી પરિવાર**

# ધર્મવસુધા

## વર્લ્ડ યુથ ડે

**ક્રેકો (પોલેન્ડ) :** ૨૫ જુલાઈથી ૩૧ જુલાઈ - ૨૦૧૬ દરમ્યાન ધરતીના પ્રત્યેક ખંડમાંથી અંદાજે બે લાખ જેટલા યુવાયાત્રીઓએ ૩૧મા વર્લ્ડ યુથ ડે માં હાજરી આપી હતી, જેમાં સત્તાવાર માહિતી પ્રમાણે ૮૪૩ ભારતીય યુવાયાત્રીઓ પણ હતા. યુવાદિનના કેન્દ્ર સ્થાને 'દયાવર્ષ' ના ઉદ્દેશ રહ્યા હતા. સમગ્ર વિશ્વ જ્યારે ત્રીજા વિશ્વયુદ્ધના આરે આવીને ઊભું છે ત્યારે માતા ધર્મસભાએ પોલેન્ડ, યુરોપ ખંડ અને દુનિયા માટે, તબક્કાવારના શાંતિ પ્રયાસમાં આ એક પયંગબરી સંકેત આપ્યો હતો. ભાઈચારાનું વાતાવરણ નિર્માણ કરવા માટે દીર્ઘદૃષ્ટા સ્વ. વડાધર્મગુરુ સંત જોન પોલ બીજાએ, આજના પડકારોને પ્રતિસાદ આપવા, વિશ્વના યુવાયાત્રીઓને શ્રદ્ધામતમાં મજબૂત બનવા આ એક અનોખી પરંપરા ઊભી કરી છે. બંધુત્વ, સંવાદ, મૈત્રી વગેરે યુદ્ધના શમન માટે અનિવાર્ય છે.

ક્રકોની ધરતી પર અનેકરંગી રાષ્ટ્રધ્વજનો જાણે યુવામહેરામણ ઉમટ્યો હતો. એકબીજા સાથે સતત યુદ્ધ જારી રાખતા દુશ્મન દેશના રાષ્ટ્રધ્વજ પણ અહીં સાથોસાથ જોવા મળ્યા હતા. વડાધર્મગુરુએ યુદ્ધવિરામ કરી, શાંતિ સ્થાપવા માટે, આધ્યાત્મિક તેમજ ભૌતિક દયાકૃત્યને વેગ આપવા સંદેશ આપ્યો હતો. આ પ્રસંગે વડાધર્મગુરુએ પોલેન્ડની ધરતીના શાંતિસ્થાપકો સંત ફ્રોસ્તીના કાલ્લિકા અને સેંટ જોન પોલ બીજાનું પાવન સ્મરણ કર્યું હતું. ૨૯ જુલાઈના રોજ વડાધર્મગુરુ ૨૦મી સદીના (૧૯૪૦-૪૫) અત્યાચારનું સ્મરણ કરતાં હોલોકોસ્ટ પહોંચ્યા હતા, જ્યાં નત મસ્તકે મૌન શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. રાત્રિ આરાધના જાગરણ(૩૦ જુલાઈ)માં ત્રણ યુવાનોની સાક્ષી સાંભળ્યા બાદ વડાધર્મગુરુ એ જ વાતને અનુમોદન આપતાં યુવાનોને આળસ, નિષ્ક્રિયતાનો ત્યાગ કરી, માનવ ઈતિહાસમાં ગૌરવચિહ્ન અંકિત કરવા અનુરોધ કર્યો હતો. જીવનને ભરપેટ માણી, સુંદર બનાવવા શીખ આપી હતી. સમાપન ખ્રિસ્તયજ્ઞ(૩૧ જુલાઈ) માં વડાધર્મગુરુએ, ઈસુને મળવા ઝાખીના પ્રયત્નોને દૃષ્ટાંતરૂપ ગણાવી, ત્રણ વિઘ્નો - લઘુતાગ્રંથિ, શરમાળપણું અને બીજા શું કહેશે? તેનો ડર-પાર કરીને ધર્મસભાના સંગે, ઈસુનો સત્સંગ કરવા આગ્રહ કર્યો હતો. ઈસુ સામેથી ઝાખીના ઘેર મહેમાન બન્યા હતા, તેમ ઈસુ આજે પણ આપણાં ઘર, રોજબરોજનાં જીવન, અભ્યાસ-કામકાજનાં સ્થળ, મિત્રતા અને વહાલ, આશા અને સ્વપ્નમાં સાથ આપવા ઉત્સુક છે. તેની પ્રતિતી કરાવી હતી. ખ્રિસ્તયજ્ઞના અંતે વડાધર્મગુરુએ હવે પછીનો વર્લ્ડ યુથ ડે પનામા ૨૦૧૯માં મનાવવામાં હશે તેવી જાહેરાત કરી હતી અને પનામાના યુવાનોને 'વર્લ્ડ યુથ ડે'નું પ્રતીક અર્પણ કર્યું હતું.

પોલેન્ડથી પાછા ફરતાં પહેલાં વડાધર્મગુરુએ વર્લ્ડ યુથ ડે ના સ્વયંસેવકોને ખાસ મુલાકાત આપી હતી. તેમની નિષ્ઠા, ત્યાગ અને બલિદાનનાં વખાણ કર્યા હતાં. માતા મારિયાના ત્રણ ગુણ-સાંભળવું, નિર્ણય કરવો અને ઉતાવળે મદદ કરવા જવું - કોઈપણ ખ્રિસ્તી સ્વયંસેવકના આદર્શ છે, એમ જણાવી, સ્વયંસેવકના કાર્યને માતા-મરિયાના પ્રૈષિતિક કાર્ય જેટલું જ ઊમદા ગણાવ્યું હતું. – CNS

## વડાધર્મગુરુનો સંદેશ

**વેટિકન :** રિયો ડી જાનેરો (બ્રાઝિલ) માં યોજાયેલ ઓલમ્પિક ૨૦૧૬ના ખેલાડીઓ માટે વડાધર્મગુરુ ફ્રાન્સિસે સંદેશ પાઠવ્યો હતો. "વર્તમાન વિશ્વને શાંતિ, સહિષ્ણુતા અને સમાધાનની ઝંખના છે ત્યારે ઉપસ્થિત ખેલાડીઓ અને દર્શકોને, ઓલમ્પિક રમતગમત સદ્ભાવના જંગમાં વિજેતા બનવા પ્રેરણા આપે એ જ શુભેચ્છા. ભિન્ન સંસ્કૃતિ, ચામડીનો રંગ અને ધર્મ હોવા છતાં આપણે સમાન માનવ પરિવારના સદસ્ય છીએ એવી ભાવના જાગૃત કરી વફાદાર નાગરિક ધર્મનું નિર્માણ કરવું એ મેડલ મેળવવા કરતાં મૂલ્યવાન ઈનામ હશે." એવી આશા તેમણે વ્યક્ત કરી હતી. સઘળી સમસ્યાનો અંત લાવી એક જૂથ બની આંગણે પધારેલા અવસર-ઓલિમ્પિક ગેઈમ્સને સફળતાપૂર્વક પૂર્ણ કરવા બ્રાઝિલવાસીઓને વડાધર્મગુરુએ આશીર્વાદ આપ્યા હતા.

– Catholicnews Agensy.com

## ઓલિમ્પિક મશાલને આશીર્વાદ

**રિયો (બ્રાઝિલ) :** નગરના ઉત્તુંગ શિખરે, જગતારક ખ્રિસ્તની પ્રતિમા નીચે, રિયોના કાર્ડિનલ ઓરાની ટેમ્પેસ્તાએ, બ્રાઝિલના ભૂતપૂર્વ વોલીબોલ ખેલાડી મારિયા સલ્ગાદોના હાથમાંની ઓલિમ્પિક જ્યોતિનો આશીર્વાદ આપ્યો હતો. "આપણી તમામ સમસ્યાઓને બાજુ પર રાખી એકજૂથ બની દેશ અને દુનિયામાં ઓલિમ્પિક ખેલ દ્વારા શાંતિ અને ભાઈચારો ફેલાવવાની ઉમદા તક આપણે આંગણે છે. સલામતી, સમાનતા અને સહૃદયતા દ્વારા તેને યાદગાર બનાવીએ." એમ કાર્ડિનલશ્રીએ આ પ્રસંગે જણાવ્યું હતું. જગતારક ખ્રિસ્ત તીર્થધામના ફાધર રાયોસોએ જણાવ્યું હતું કે મશાલનો આશીર્વાદવિધિ આયોજકોના કાર્યક્રમની બહાર રિયોના મેયર એડ્રુદો પેસ(કેથોલિક) ની વિનંતીને માન આપી કરવામાં આવ્યો હતો. – CNS NEWS

**બીજી પુણ્યતિથિ**

**સ્વ. વ્હાલીબેન રોમાનભાઈ પરમાર**

અવસાનઃ ૦૩-૦૯-૨૦૧૪

પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.

લિ. રાઠોડ દોમિનીક સિલ્વેસ્ટર



**તૃતીય પુણ્યતિથિ**

**સ્વ. મેલ્વીન રાકેશ ક્રિશ્ચિયન**

જન્મઃ ૪-૧૨-૨૦૦૪ ★ અવસાનઃ ૩૦-૯-૨૦૧૩

પ્રભુ તમારા આત્માને શાંતિ આપો.
પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.

**લિ. રાકેશ ઈશબ ક્રિશ્ચિયન તથા સમગ્ર પરિવાર**

એચ. ૬, માનસરોવર ડુપ્લેક્ષ, મણીનગર(પૂર્વ), અમદાવાદ



# ધર્મભારતી

## અત્યાચાર વિરુદ્ધ રેલી

**હાજીપુર (બિહાર)** : મેડિકલ મિશનરી સિસ્ટર્સનાં સિસ્ટર સ્મિતા પરમારની આગેવાનીમાં, બિહારમાં રોજિંદા જીવનમાં યુવતીઓ તથા મહિલા પર થતી બળાત્કારની ઘટનાઓનો વિરોધ કરવા ૧૨ મી ઓગસ્ટના રોજ રેલી કાઢવામાં આવી હતી. અંદાજે ૪૦૦ જેટલી યુવતીઓ, મહિલાઓ, યુવાનો અને પુરુષો રેલીમાં જોડાયા હતાં. ભારે વરસાદમાં પણ પાછું ડગલું ભર્યા વિના આ રેલી ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટની ઓફિસ સુધી પહોંચી હતી અને ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ તથા બિહારના મુખ્યમંત્રીને આવેદનપત્ર આપ્યું હતું. સિસ્ટર સ્મિતા, થોમસ પરમાર-આણંદનાં સુપુત્રી છે, જેમને ગયા વર્ષે બિહાર સરકાર દ્વારા સર્વોત્તમ અને નિષ્ઠાવાન સામાજિક કાર્યકર તરીકે પુરસ્કાર મળ્યો હતો. પોતાની સફળતાને આગળ ધપાવતાં હાલમાં સિસ્ટર સ્મિતા, બહેનો પરના અત્યાચાર સામે પોતાનો - સમાજનો આક્રોશ વ્યક્ત કરી રહ્યાં છે.

(બી.બી.એન. દ્વારા)

### પ્રથમ આદિવાસી ઈશસેવિકા

**રાંચી (ઝારખંડ)** : કેથોલિક ધર્મસભામાં સંતપદ ઘોષિત કરનારી પ્રક્રિયાના પ્રથમ ચરણમાં એક આદિવાસી ઈશસેવિકાનું નામ આગળ આવ્યું છે. મધર મેરી બર્નાદિત પ્રસાદ કિસ્પોતાને ઈશસેવિકા તરીકે રાંચીના કાર્ડિનલ ટેલેસ્ફોર ટોપ્પોએ જાહેર કર્યા છે. ડોટર્સ ઓફ સેંટ આન્ના, એક સ્થાનિક સાધ્વી સંઘના સ્થાપિકાને વેટિકનથી મળેલા સંકેત પ્રમાણે આ જાહેરાત કરવામાં આવી છે. ધર્મસભાના ઈતિહાસમાં આ એક ઐતિહાસિક પાવન ઘટના છે. જ્યારે એક આદિવાસી સાધ્વીને સંતપદની પ્રક્રિયામાં આવરી લેવામાં આવ્યાં છે, એ પ્રભુની કેવળ દયા છે. "એમ કાર્ડિનલે જણાવ્યું હતું. મધર બર્નાદિત્તના નામે જાણીતાં સિસ્ટરનો જન્મ ૧૬ જૂન - ૧૮૭૮માં થયો હતો અને ૨૬ જુલાઈ ૧૮૯૭માં અન્ય ત્રણ યુવતીઓ સીસિલ્યા, વેરોનિકા અને મેરી સાથે સ્થાનિક સાધ્વીસંઘની સ્થાપના કરી હતી. સમગ્ર જીવન દરમ્યાન મધરે, જંગલ ઝાડીમાં પગપાળા મુસાફરી કરી લોકશિક્ષણનું કામ કર્યું હતું. વીસમી સદીના આરંભે જીવલેણ રોગ કોલેરા ફાટી નીકળ્યો ત્યારે અન્ય બે સાધ્વીબહેનો એનો ભોગ બન્યા અને મરણ પામ્યાં. તે અવસ્થામાં પણ હિંમત હાર્યા વિના તેમણે સેવાયજ્ઞ ચાલુ રાખ્યો, અન્ય યુવતીઓને આમંત્રણ આપતાં, કેન્દ્ર ખોલતાં ગયાં અને છેવટે ૧૬ એપ્રિલ, ૧૯૬૧માં તેમણે ક્ષય રોગને કારણે સ્વર્ગવાસ થયો. ધર્મસભા ઈશસેવિકા બર્નાદિતને સંતપદનું વરદાન આપે એજ પ્રાર્થના.

(MATTERS INDIA)

### દલિત અત્યાચાર અંગે ચિંતા

**નવી દિલ્હી :** ધ કેથોલિક બિશપ્સ કોન્ફરન્સ ઓફ ઈન્ડિયા (સી.બી.સી.આઈ.) એ ભારતના જુદા જુદા ભાગમાં દલિત પર થતા અત્યાચાર અંગે ભારે ચિંતા વ્યકત કરી છે. ભારતમાં પ્રવર્તમાન જ્ઞાતિ વ્યવસ્થામાં દલિત વર્ગ સૌથી નીચે-કચડાયેલો છે, વર્ષોથી અશ્પૃશ્યતાનો ભોગ બન્યો છે. હાલમાં જે કંઈ બની રહ્યું છે તે જોખમકારક અને ચિંતાજનક છે, એમ સી.બી.સી.-આઈ. ના સેક્રેટરી ફાધર થિયોદોર મસ્કેરહાન્સે સંવાદદાતાને જણાવ્યું હતું.

દલિત સમાજ પર વણથંભ્યા અત્યાચારોથી ભયભીત દલિત સમાજે પ્રચંડ રેલી કાઢી અને ૩૦ જેટલા દલિત યુવાનોએ સામાજિક અન્યાયના વિરોધમાં અગ્નિસ્નાન કે આત્મહત્યા કરવાનું પસંદ કર્યું હતું. તેમના પ્રત્યે દિલાસો વ્યક્ત કરવા ધર્માધિકારીઓએ પ્રતિભાવ આપ્યો હતો. જુલાઈમાં ગૌરક્ષકો દ્વારા દલિત યુવાનોના જાહેરમાં થયેલી ધોલાઈના વિરોધમાં સમગ્ર ગુજરાત-ભારતમાં તેના પડઘા પડ્યા હતા. દલિતોના સશક્તિકરણ માટે સી.બી.સી. આઈ.એ એક કાર્યાલય ઊભું કર્યું છે.

તેની વેબસાઈટ પર : "ભારતીય સમાજનું માળખું વારસાગત જ્ઞાતિવ્યવસ્થા આધારિત છે. જેમાં શિક્ષણ, સંપત્તિ, વિકાસ અને મુખ્ય પ્રવાહથી અલિપ્ત દલિત સમાજ છેક તળિયે છે. ધર્મ અને તત્વજ્ઞાનના પાયામાં અસમાનતાનો લૂણો લગાડનાર જ્ઞાતિ વ્યવસ્થા માનવજાતના ઈતિહાસમાં શરમજનક બાબત છે. દારુણ ગરીબી, બેરોજગારી અને નિરક્ષરતાને કારણે દલિત સમાજનો વિશાળ સમુદાય ભારે હાલાકીમાં જીવન ગાળે છે. અતિશય શોષણનો ભોગ બને છે, અમાનવીય વ્યવહાર અને અત્યાચારથી કચડાયેલા છે."

(THE TABLEI.CO.UK)


## પ્રભુ ઈસુની પુણ્યભૂમિની ૧૯મી યાત્રા, નવેમ્બર - ૨૦૧૬

| દેશો | સમય | અંદાજીત ખર્ચ | દિવસો |
|---|---|---|---|
| ઈઝરાયેલ-ઈજિપ્ત-જોર્ડન-દુબઈ | ૦૩-૧૧-૨૦૧૬ | રૂા. ૧,૨૦,૦૦૦ | ૧૩ દિવસ |
| ઈઝરાયેલ | સપ્ટેમ્બર - ૨૦૧૬ | રૂા. ૮૫,૦૦૦ | ૮ દિવસ |
| દુબઈ - અબુધાબી - શારજાહ | નવેમ્બર - ૨૦૧૬ | રૂા. ૬૫,૦૦૦ | ૬ દિવસ |



**કોકિલાબેન એ. પરમાર** મો. ૯૪૨૯૬ ૬૩૩૫૪
*ક્રિશ્ચિયન સ્ટ્રીટ, લાંભવેલ - ૩૮૭૩૧૦ જિ. આણંદ*

સંપર્ક

**રેવ. ફાધર વિક્ટર દેવમણી એસ.જે.**
મો. ૭૮૧૮૦ ૫૪૦૦૬

# ધર્મગુર્જરી

## સ્પર્ધામાં પ્રથમ

**નડિયાદઃ** સંતરામ મ્યુનિસિપાલિટી ગર્લ્સ હાઈસ્કૂલમાં તાજેતરમાં ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી(ગુજકોસ્ટ) દ્વારા ડો. અબ્દુલ કલામ જિલ્લા લોકવિજ્ઞાન કેન્દ્ર - ખેડા દ્વારા આયોજીત 'નેશનલ સાયન્સ સેમિનાર-૨૦૧૬' યોજાયો હતો, જેમાં સમગ્ર ખેડા જિલ્લાની હાઈસ્કૂલના પ્રતિનિધિ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં શારદા મંદિરની વિદ્યાર્થિની કુ. શૈલી સંજય વાઘેલાએ 'પોષણક્ષમ ખોરાક - સુરક્ષા માટે કઠોળઃ શક્યતાઓ અને પડકારો' વિષય પર શોધલેખ રજૂ કર્યો હતો અને પ્રથમ સ્થાન હાંસલ કર્યું હતું. કેન્દ્ર તરફથી કુ. શૈલીને શિલ્ડ તથા સર્ટિફિકેટ એનાયત કર્યા હતાં. આ પ્રસંગે ખેડા જિલ્લા શિક્ષકસંઘના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. કુ. શૈલીને અભિનંદન.

— ફ્રાન્સિસ ડાયર્સા દ્વારા

## 'વન કી બાત'

**ગાંધીનગર :** ગુજરાત ઈકોલોજી કમિશન (ગુજરાત સરકાર) દ્વારા વનદિવસની ઉજવણી નિમિત્તે 'વન કી બાત' ફોટોગ્રાફી કોમ્પીટીશનનું આયોજન કર્યું હતું. જેમાં પંડિત દીનદયાલ યુનિ. ગાંધીનગરના પ્રાધ્યાપિકા સુશીલાબેન રાઠોડની 'વિશાલ જગ વિસ્તારે' કૃતિ પસંદગી પામી છે. અભિનંદન.

— હસમુખ મેકવાન દ્વારા

## મહિલા શિબિર

**કરમસદ :** ૧૨ જૂન, ૨૦૧૬ના રોજ ધર્મવિભાગની બહેનો માટે એક દિવસનો મહિલા શિબિર યોજાયો, જેમાં ૮૭ બહેનોએ ભાગ લીધો હતો. ખ્રિસ્તયજ્ઞની ઉજવણી બાદ શિબિરમાં મહિલાઓને આવકારતાં સભાપુરોહિત ફાધર અંતોન અપ્પાઉએ મહિલાઓના સામાજિક, આર્થિક અને ધાર્મિક યોગદાનની કદર કરતાં મહિલા સંગઠનની આવશ્યકતા પર ભાર મૂક્યો હતો. ખેડા સોશિયલ સર્વિસ સોસાયટી-અમદાવાદના ઉપનિયામક ફાધર જગદીશ મેકવાને મહિલાઓ આગળ નેતૃત્વ અંગે વિશદ્ છણાવટ કરી હતી. તદુઉપરાંત તેમણે બાળસુરક્ષા, બાળઅધિકાર તથા મહિલા અધિકાર અંગે માહિતી આપી હતી. શ્રીમતી ઈલાબેન પરમારે (વિમેન કો-ઓર્ડિનેટર ઓફ વેસ્ટર્ન રીજિયન, સોસાયટી ઓફ સેંટ વિન્સેન્ટ દે પોલ) હકારાત્મક તેમજ નકારાત્મક વિચારોની અસર કારકતા વિશે સમજણ આપી હતી. આ પ્રસંગે ફાધર સંદિપ મધુકર (યુવા સંયોજક-અમદાવાદ ધર્મપ્રાંત) તથા સંત ફ્રાનસિસ ઝેવિયરની નાની દીકરીઓના સાધ્વીસંઘનાં સિસ્ટર ઉપસ્થિત રહ્યાં હતાં, જેમણે સરકારની યોજનાઓની માહિતી આપી હતી અને રમતગમત દ્વારા મહિલાઓને મનોરંજન પુરુ પાડ્યું હતું. સમગ્ર શિબિરનું સંચાલન ઉર્મિલાબેને કર્યું હતું.

— શ્રુતિ એમ. પરમાર દ્વારા

## નિઃશુલ્ક રોગનિદાન શિબિર

**ઉમરેઠઃ** ૨૪ જુલાઈ ૨૦૧૬ના રોજ, મધર થેરેસાકોન્ફરન્સ દ્વારા ઉમરેઠ ધર્મવિભાગ/તાલુકાના વંચિતવર્ગના ભાઈબહેનો માટે નિઃશુલ્ક રોગનિદાન શિબિરનું આયોજન કર્યું હતું. જેનો બાળકો, બહેનો અને ભાઈઓ એમ કુલ મળીને ૨૧૧ લોકોએ લાભ લીધો હતો. શિબિરના આરંભે પ્રમુખ શ્રીમતી વિમળાબેન પટેલિયાએ મંડળની પ્રાર્થનામાં આગેવાની કરી હતી. શ્રી રોબિન ક્રિશ્ચિયને ઉપસ્થિત ડોક્ટરશ્રીઓ, દાતાઓ, મંડળના હોદ્દેદારોનો પરિચય આપ્યો અને કોન્ફરન્સની બહેનોએ મધર થેરેસાની પુસ્તિકા (સંતપદ માટે પૂર્વતૈયારી રૂપે), ફાતિમા કોન્ફરન્સ અને ફાતિમા દેવાલયના સ્મરણિકા ગ્રંથ (ફાતિમા દર્શન-સંદેશના શતાબ્દી વર્ષ ૧૯૧૬-૨૦૧૭ના સ્મરણાર્થે) અને ગુલાબનું ફૂલ આપી મહાનુભાવોનું સ્વાગત કર્યું. સિ. આગ્નેસે -"હું નિઃશુલ્ક રોગનિદાન શિબિરને ખુલ્લો જાહેર કરું છું"- ની ઘોષણા કરી, શિબિરનો આરંભ કર્યો હતો.

સોસાયટી ઓફ સેન્ટ વિન્સેન્ટ દે પોલ, સેન્ટ્રલ કાઉન્સિલ ઓફ અમદાવાદના આધ્યાત્મિક સલાહકાર અને વટવા ધર્મવિભાગના સભાપુરોહિત ફાધર ચાર્લ્સ જી એ સવારે ૯-૦૦ કલાકે જાહેર ખ્રિસ્તયજ્ઞ અર્પણ કર્યો હતો. અને શિબિરના આરંભે મંડળની સેવા પ્રવૃત્તિને બિરદાવી હતી તેમજ પ્રસંગોપાત આશીર્વચન ઉચ્ચારી, શિબિરની સફળતા માટે પ્રાર્થના કરી હતી. આ પ્રસંગે સંજીવની હોસ્પિટલ-આણંદના ડો. પ્રિતેજ મેકવાન તથા ડો. જયંત મેકવાન, કિલ્લોલ હોસ્પિટલ આણંદના ડો. રશ્મિન સેસિલ તથા સી.એસ.સી. સારસાના સ્ત્રીરોગના નિષ્ણાત ડો. વિન્સેન્ટ ક્રિશ્ચિયન ઉપસ્થિત રહ્યા હતા. જેમણે અનુક્રમે ૫૫, ૩૦ અને ૫૧ દરદીઓને સારવાર આપી હતી.

વિશેષમાં લાઈફ કેર ટ્રસ્ટના સભ્યગણે ૭૫ જેટલા આવશ્યક ભાઈબહેનોનાં વજન, ઉંચાઈ, લોહી, લોહીનું દબાણ વગેરેની પણ તપાસ કરી, લાભાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. દવા અને ભોજન ખર્ચ શુભેચ્છકો તરફથી મળ્યાં હતાં. સભાપુરોહિત ફાધર સેબિની પ્રેરણાથી અને સેંટ ઝેવિયર્સ હાઈસ્કૂલના આચાર્ય ફાધર એન્થોની રાજની ઉદારતાથી શિબિર સફળ રહ્યો હતો. મંડળના ઉપપ્રમુખે ઉપસ્થિત ડોક્ટરશ્રીઓ, પ્રણેતા અને દાતાઓ, સુવિધા અને પ્રોત્સાહન આપનાર અને લાભાર્થી ભાઈ-બહેનોનો આભાર માન્યો હતો. લગભગ દોઢેક વાગે ભોજન બાદ, પ્રભુનો આભાર માનતાં શિબિરનું સમાપન થયું હતું. — પ્રકાશ એ. મેકવાન દ્વારા

## ડીનરી કક્ષાએ બાળદિન

**નડિયાદ :** નિર્મલ મિરિયમ દેવાલય ખાતે ૨૪ જુલાઈ, ૨૦૧૬ના રોજ નડિયાદ ડીનરી કક્ષાનો બાળદિન યોજાયો. પ્રાર્થનાગીત બાદ ફાધર નિલેશ પરમાર (રેક્ટર - સેન્ટ જોસેફ સેમિનરી - નડિઆદ) એ 'દયાવર્ષ' નિમિત્તે દયાકૃત્ય માટે બાઈબલના આધારે વિડીયો ક્લિપ રજૂ કરી. 'હું કરી શકું છું' સંકલ્પને વિવિધ ઉદાહરણો દ્વારા રજૂ કરી ફાધર જોન બાપ્તિસ્તે બાળકોને પ્રેરણા આપી. બપોરના ભોજન બાદ બાળકોએ બાઈબલ અને સંતોના જીવન આધારિત નાટિકાઓ રજૂ કરી. વળી આ સમયે ભજનસ્પર્ધા પણ યોજાઈ હતી. બાળદિનની ઉજવણીમાં ૨૬૫ જેટલાં બાળકોએ ભાગ

લીધો હતો, જે તમામને પ્રેમભેટ આપવામાં આવી હતી. બાળદિનનું સમાપન ખ્રિસ્તયજ્ઞ દ્વારા કરવામાં આવ્યું હતું.

— સંજય વાઘેલા દ્વારા

## જ્વેલસ ઓફ ઈન્ડિયા, અભિનંદન..

**ડેડિયાપાડા** : આદિવાસી સમાજ સેવા ટ્રસ્ટનાં પ્રમુખ શ્રીમતી જેરમાબેન વસાવાને તાજેતરમાં જુલાઈની ૨૫ તારીખે ઇન્ટર નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ એજ્યુકેશન નવી દિલ્હી દ્વારા જ્વેલ ઓફ ઈન્ડિયા તથા વિજયરત્ન ગોલ્ડ મેડલ એવોર્ડ દ્વારા સન્માનિત કરવામાં આવ્યાં. નાનપણમાં અભ્યાસ પડતો મૂકી દીધા છતાં પોતાની પુત્રી સાથે પુનઃ અભ્યાસ શરૂ કરી ઉચ્ચ શિક્ષણની પદવી હાંસલ કરી. રાજકારણમાં પણ રસ ધરાવનાર જેરમાબેને ગામના સરપંચથી કારકિર્દી શરૂ કરી નર્મદા જિલ્લા પંચાયત પ્રમુખ તરીકે સેવા આપી છે. સમાજ કલ્યાણ બોર્ડ અમદાવાદમાં સભ્ય અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિમાં મંત્રી તરીકે પણ ફરજ બજાવી છે.

આદિવાસી મહિલાઓ પોતે સ્વનિર્ભર બને અને પોતાના કુટુંબને પણ આગળ લાવે એ ઉમદા હેતુસર જેરમાબેને હેલ્થ પ્રોગ્રામ, સેનિટેશન, તથા મહિલા બેન્કની પણ શરૂઆત કરી છે. સાથે સાથે બેડવાણ, સાગબારા, ડેડિયાપાડા અને ઉમરપાડાના પ્રોજેક્ટ કો-ઓર્ડીનેટર તરીકે પણ ફરજ બજાવે છે. પોતાના એવોર્ડના સાચા હકદાર તરીકેનો યશ જેરમાબેન ત્રણ તાલુકાઓની સાથી આદિવાસી બહેનો, કાર્મેલાઈટ મિશનરીનાં સાધ્વી બહેનો, પાંચે સંસ્થાના કો-ઓર્ડીનેટર્સ, અનેકવિધ સેવા સંસ્થાના સાથી કર્મચારીઓ અને પોતાના પતિ સુકલાલભાઈ અને બાળકોને આપે છે અનેકવિધ સેવાપ્રવૃત્તિઓમાં વ્યસ્ત એવાં જેરમાબેન ધર્મસભાના કાર્યમાં પણ એટલાં જ સક્રિય છે અને કેથોલિક કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના સભ્ય પણ છે. અનેક ક્ષેત્રે નામના પ્રાપ્ત કરનાર જેરમાબેનને આપણાં અભિનંદન... — રાજેશ ક્રિશ્ચિયન દ્વારા

**અમદાવાદ:** ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ એજ્યુકેશન એન્ડ મેનેજમેન્ટ એ ઈસુસંઘી પુરોહિત ફાધર વર્ગીશ પોલને તેમના મહત્ત્વપૂર્ણ યોગદાન માટે 'જ્વેલ ઓફ ઈન્ડિયા' ૨૫ જુલાઈ, ૨૦૧૬ના રોજ નવી દિલ્હી ખાતે એનાયત કર્યો હતો. અભ્યાસ તેમજ આંતરરાષ્ટ્રીય શિબિરમાં હાજરી આપવા તથા વર્લ્ડ કોંગ્રેસમાં શોધલેખ પ્રસ્તુત કરવા તેઓએ ભારત તથા વિદેશ(૩૪ દેશ) પ્રવાસ ખેડ્યો છે. ગુજરાતી તથા અંગ્રેજી સામયિકોમાં તેમનું પ્રદાન નોંધપાત્ર રહ્યું છે. વિશેષમાં તેમણે ગુજરાતી(૪૩), અંગ્રેજી(૪), મલયાલમ(૩) અને હિન્દી(૧) ભાષામાં પુસ્તક બહાર પાડ્યા છે. તેમની ત્રણ લોકપ્રિય વેબસાઈટ, રેગ્યુલર ફેસબૂક દ્વારા તેમણે સતત સમાજ અને સાહિત્યને અસાધારણ પ્રદાન કર્યું છે. અભિનંદન. — સ્નેહલ મેકવાન દ્વારા

## પુસ્તક વિમોચન

**ઉંટેશ્વરી (કલોલ) :** ઈસુસંઘના સ્થાપક સંત ઈગ્નાસ લોયલાના તહેવાર નિમિત્તે ફાધર ગિરિશના અંગ્રેજી પુસ્તક Promote and Implement Iuclusive (સંમિલિત શિક્ષણ અને અમલીકરણ)નું વિમોચન, ગાંધીનગર મહાધર્મપ્રાંતના મહાધ્યાધ્યક્ષ થોમસ મેકવાનના હસ્તે કરવામાં આવ્યું હતું. તહેવારના પરમયજ્ઞ અને પુસ્તક વિમોચન પ્રસંગે અમદાવાદ તથા ઉત્તર ગુજરાતના પુરોહિતગણ તથા સાધ્વીબેનો તથા ઉંટેશ્વરીના સ્થાનિક ધર્મજનો હાજર રહ્યા હતાં. વિશેષમાં સ્લોવેનિયાથી (POTA-2016)ની સાત યુવતીઓની હાજરી તથા તેમણે રજૂ કરેલ ગીત અસરકારક રહ્યાં હતાં. ફાધર ગિરિશના ડોક્ટરેટના માર્ગદર્શક આદરણીય પ્રા. ડો. જયેશ બારોટે પોતાના પ્રાસંગિક પ્રવચનમાં એકરાર કર્યો હતો કે, તેઓ ફાધરના વિદ્યાગુરુ હતા, પણ ફાધર ગિરિશ પાસેથી જીવન ઉપયોગી ઘણી બાબતો શીખતાં તેઓ હવે ગુરુ પદે ઊભા છે. વિકલાંગ ભાઈબહેનોના જીવન શિક્ષણમાં સમર્પિત ફાધર ગિરિશની સેવાઓને મહાધર્માધ્યક્ષશ્રીએ વખાણી હતી. આ સિવાય 'ઊંટેશ્વરી માતા મરિયાનું તીર્થધામ' (પરમપૂજા માટેની વિશેષ પ્રાર્થનાઓ) તથા ઊંટેશ્વરી ક્રૂસના માર્ગની ભક્તિ બે નાની પુસ્તિકાઓનું પણ વિમોચન કરવામાં આવ્યું હતું. સંમિલિત શિક્ષણ સેવાયજ્ઞ તથા ઊંટેશ્વરી માતા તીર્થધામની ભક્તિની પ્રસાદીરૂપે ફાધર ગિરિશે આ પુસ્તકોનું પ્રકાશન કર્યું હતું. સ્નેહભોજનથી ઉજવણીનું સમાપન થયું હતું. વિશેષમાં ફાદર ગિરિશ હાલમાં મ્યાનમાર (બ્રહ્મદેશ)માં વિશેષ સેવાકાર્ય માટે પધાર્યા છે. ગુજરાતની ધર્મસભા વતી ફાધરને અભિનંદન અને શુભેચ્છા. — કિરણ પટેલિયા દ્વારા

## સંત ઈગ્નાસ પર્વની ઉજવણી

**દાહોદ :** લોયલાના સંત ઈગ્નાસના પર્વની ઉજવણી નિમિત્તે ત્રણ દિવસ સંધ્યાભક્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. ૩૧ જુલાઈના રોજ, ખ્રિસ્તયજ્ઞ દરમ્યાન પુરોહિતશ્રીએ સંતના જીવનના પ્રેરક પ્રસંગો રજૂ કર્યા હતા. ખિસ્તયજ્ઞ બાદ ૮૦ વર્ષથી ઉપરના વડીલો તથા બાલમંદિરથી એન્જિનિયરીંગ-મેડિકલ સુધીના સફળ વિદ્યાર્થીઓનું પુરસ્કાર દ્વારા બહુમાન કરવામાં આવ્યું હતું. કેથોલિક સમાજ તથા ક્રેડિટ સોસાયટીના હોદ્દેદારો, ગાયકવૃંદ, પુરોહિતગણ- સાધ્વીબેનો સર્વના સહકારથી પર્વની ઉજવણી શાનદાર બની રહી.

— સેમ્યુલ જોન પરમાર દ્વારા

**કલોલ :** સેંટ ઝેવિયર્સ હાઈસ્કૂલમાં ફાધર ગિરિશના સાંનિધ્યમાં તહેવારની ઉજવણી કરવામાં આવી. પ્રાસંગિક પ્રવચનમાં તેઓશ્રીએ સંત ઈગ્નાસના પ્રેરકજીવનની વાત કરી, વિદ્યાર્થી સમુદાયને તેમના જેવા બનવા શીખ આપી હતી. તહેવારની ઉજવણી નિમિત્તે પ્રાથમિક વિભાગનાં બાળકોની વિવિધ વેશભૂષાએ આકર્ષણ જમાવ્યું હતુ. માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિકનાં ભાઈબહેનોએ લોકગીતની સ્પર્ધા તેમજ વિશેષમાં સંત ઈગ્નાસના જીવન આધારિત નૃત્યનાટિકા રજૂ કરી હતી. કાર્યક્રમને અંતે વિજેતાઓને ઈનામ આપવામાં આવ્યાં હતાં.

— રુચિર ક્લાર્ક દ્વારા

## દેશભક્તિ ગીત સ્પર્ધા

**ઝંખવાવ :** સ્વાતંત્ર્યપર્વની પૂર્વતૈયારીમાં ૧૩ મી ઓગસ્ટના રોજ દેશભક્તિ ગીતનું આયોજન શાંતિનિકેતન હાઈસ્કૂલમાં કરવામાં આવ્યું હતું. જેમાં વધારેમાં વધારે

વિદ્યાર્થીઓ ભાગ લે તેવો ગુરુજનોનો પ્રયાસ સફળ રહ્યો હતો. આ સ્પર્ધામાં વસાવા સંજના (ધો. ૯), મોરી ઉન્નતિ (ધો.૧૦), ચૌધરી મિલ્કા (ધો. ૧૧) અને ચૌધરી શ્વેતા (ધો. ૧૨) પ્રથમ સ્થાને રહ્યાં હતાં. સ્પર્ધાના સમાપનમાં રમેશભાઈએ દેશભક્તિ ગીત રજૂ કરી વાતાવરણને દેશભક્તિથી ભરી દીધું હતું. — એન.ડી.ગોહિલ દ્વારા

## સંન્યસ્તજીવનની સુવર્ણજયંતી

**ગામડી-આણંદ :** સેંટ ઝેવિયર્સ દેવાલયમાં ૧૩મી ઓગસ્ટ, ૨૦૧૬ના રોજ ગુજરાત સાહિત્ય પ્રકાશના નિયામક અને જેસુઈટ કમ્યુનિટી આણંદના રેક્ટર પૂજ્ય ફાધર જેરી સિક્વેરાના સંન્યસ્ત જીવનની સુવર્ણજયંતીની ઉજવણી ભારે દબદબાભેર કરવામાં આવી. ઈસુસંઘ ગુજરાત પ્રાંતના, સાંપ્રંત સુવર્ણજયંતી વિજેતા-ઈસુસંઘીઓ અને બે ડઝન કરતાં વધારે પુરોહિતગણ, ઈસુસંઘ સંચાલિત સંસ્થાઓના પ્રતિનિધિઓ તથા ફાધર જેરીના દેશ-વિદેશમાં સ્થાયી થયેલાં ભાઈબહેનો વિશેષ ઉપસ્થિત રહ્યાં હતાં. માબાપના જયેષ્ઠ પુત્ર હોવાથી નાનાં ભાઈબહેનો, મોટાભાઈ પ્રત્યેના અહેસાન ભાવથી દૂરસુદૂરથી અત્રે પધાર્યા હતાં અને ઉમળકાથી ઉજવણીમાં ભાગ લીધો હતો. ખ્રિસ્તયજ્ઞ દરમિયાન ફાધર જેરીએ ઈસુસંઘી હાકલથી આજદિન સુધી પરમેશ્વરે વરસાવેલા અસંખ્ય ઉપકારો માટે આભાર માન્યો હતો. વિવિધ ઈસુસંઘી સંસ્થાઓમાં આચાર્ય તરીકે અને ગુજરાત ઈસુસંઘના પ્રાન્તાધ્યક્ષ તરીકેનો કાર્યભાર સંભાળનાર ફાધર જેરી અચ્છા વહીવટકર્તા અને દીર્ઘદૃષ્ટા છે. ખ્રિસ્તયજ્ઞ બાદ ફાધર જેરીનાં ભાઈબહેનોએ ઉપસ્થિત ધર્મગુરુઓ તથા ફાધર જેરીનું ખાસ બહુમાન કર્યું હતું. ગુજરાત સાહિત્ય પ્રકાશ પરિવારે ફાધર જેરીનાં ભાઈબહેનોનું પણ ઉમળકાભેર સ્વાગત કર્યું હતું. અંદાજે દોઢસો જેટલા પરિચિતોના સાથે ભોજન સાથે સુવર્ણજયંતીની ઉજવણી સમાપ્ત થઈ હતી. કાર્યક્રમનું સંચાલન ફાધર અનિલ પરમારે કર્યું હતું. સેંટ ઝેવિયર્સ કમ્યુનિટીની જહેમતે આવનાર આગંતૂકને ક્યાંય પરાયાપણાનો અનુભવ થયો નથી. ફાધર જેરીની સુવર્ણજયંતી અમૃત મહોત્સવ બની રહે એવી અભ્યર્થના.

— ઈલોમીના એ. મહીડા દ્વારા

## માતા મરિયમ અંગે પ્રશ્નોત્તરી

**કપડવંજ :** માતા મરિયમના સઘન પરિચય દ્વારા શ્રદ્ધાની માવજત માટે અમૃતધારા જીવનપ્રેરણા કેન્દ્ર દ્વારા ૧૩મી ઓગસ્ટ ૨૦૧૬ના રોજ ઉમરેઠ ડિનરી અને ગુજરાતની ડોન બોસ્કો સંસ્થાઓના કુલ ૮ ધર્મવિભાગનાં ત્રણ ત્રણ બાળકો મળી, કુલ ૨૪ સ્પર્ધકો માટે માતા મરિયમની ૧૪મી પ્રશ્નોત્તરી સ્પર્ધા યોજાઈ, જેમાં મુખ્ય મહેમાન તરીકે મધર થેરેસાકોન્ફરન્સ ઉમરેઠનાં પ્રમુખ વિમળાબેન પટેલિયા હાજર રહ્યા હતાં. પ્રશ્નોત્તરી સ્પર્ધાનું સંચાલન કેન્દ્રના નવા વરાયેલા નિયામક ફાધર દિનેશ વસાવા એસ.ડી.બી. તથા પ્રવિણભાઈ પરમારે કર્યું હતું. ટાઈપકીપર તરીકે સ્વપ્નીલ અને સ્કોરર તરીકે ચિરાગે સેવા આપી હતી.

પ્રશ્નોત્તરી, કોયડાઓ દ્વારા સ્પર્ધકોએ માતા મરિયમ વિશે જાણકારી મેળવી. સ્પર્ધામાં ઉમરેઠ (પ્રથમ), ડાકોર (દ્વિતીય) અને કઠલાલ (તૃતીય), ધર્મવિભાગનાં બાળકો વિજેતા બન્યાં હતાં. મુખ્ય મહેમાનના હસ્તે વિજેતાઓને ઈનામ આપવામાં આવ્યા હતાં

— ફાધર મયંક પરમાર દ્વારા

## વિજ્ઞાન મેળો

**ઝંખવાવ :** વિશ્વમાં વિજ્ઞાનની ક્ષિતિજ કલ્પના બહાર વિસ્તરી રહી છે ત્યારે વિદ્યાર્થીઓમાં પડેલી સુષુપ્ત શક્તિઓને બહાર લાવવા શાંતિનિકેતન હાઈસ્કૂલમાં વિજ્ઞાન મેળાનું આયોજન ૧૬ ઓગસ્ટના રોજ કર્યું હતું, જેમાં શાળાના તમામ-વિજ્ઞાન તથા સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓને વર્ગદીઠ કૃતિ રજૂ કરવાનો આચાર્યશ્રીએ અનુરોધ કર્યો હતો. મેળાના દિવસે દીપપ્રાગટ્ય, પ્રાર્થનાગીત, સ્વાગત બાદ પ્રમુખશ્રી રમેશભાઈ પરમારે વિદ્યાર્થીઓને વિજ્ઞાન સાથે તાલમેલ સાધવા, પ્રગતિ કરવા શીખ આપી હતી.

વિશેષમાં શાળામાંથી ૪૭ કૃતિ રજૂ થઈ હતી. વિજ્ઞાનમેળાનો મુખ્ય વિષય- 'રાષ્ટ્ર નિર્માણમાં વિજ્ઞાન, ટેક્નોલોજી અને ગણિત'- હતો. વળી તેમાં સ્વાસ્થ્ય, ઉદ્યોગો, વાહનવ્યવહાર અને પ્રત્યાયન, પર્યાવરણના ટકાઉપણા માટે પુનઃપ્રાપ્ય ઉર્જામાં સંશોધન-નવીનીકરણ, ખાદ્ય ઉત્પાદન, રોજિંદા જીવનમાં ગણિતનો ઉપયોગ તથા સુરક્ષા જેવા વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.શાળાના વિદ્યાર્થીઓએ વાહનવ્યવહાર, પ્રદૂષણ, વીજળી, જૈવિક ખાતર, પાણી બચાવ પદ્ધતિઓ, જુદા જુદા રોગ-નિવારણના ઉપાય, સ્વાસ્થ્ય વગેરે વિષયો પર કૃતિ તૈયાર કરી હતી. હિતેશ વસાવા અને સાથીગણ (૧૨ વિજ્ઞાન), શ્રેયસ ચૌધરી (૧૨-કોમર્સ) તથા શ્રેયસ ચૌધરી (૧૨-આર્ટ્સ), કિરણ વસાવા (ધો. ૧૦) અને મુકેશ ભરવાડ (ધો.૯) પ્રથમ સ્થાને રહ્યાં હતાં. શાળાના આચાર્ય, સંચાલકશ્રી તથા ગુરુજનોના માર્ગદર્શન અને જહેમતથી વિજ્ઞાનમેળો સફળ અને અર્થપૂર્ણ રહ્યો હતો. — સ્નેહલ ચૌહાણ દ્વારા


ઈઝરાયેલમાં કેરગીવરની જોબ

છેલ્લાં ૧૭ વર્ષથી યાત્રા કરાવનાર અને યહૂદી સંસ્કૃતિનાં જાણકાર કોકિલાબેનના માર્ગદર્શન હેઠળ તેમજ અંગ્રેજી ભાષાના જાણકારો દ્વારા ઈઝરાયેલમાં કેરગીવરની નોકરી માટે સંપર્ક કરો.

મો. ૮૧૪૧૭ ૩૫૪૯૭, ૮૧૪૧૭ ૩૩૨૯૭

સરજીલભાઈ મો. ૯૫૭૪૯ ૫૪૭૮૬
૯૯૦૯૪ ૧૫૧૮૦

MAA સ્ટીલ ફર્નિચર

દરેક પ્રકારના દીવાલગોખલાના ડ્રેસીંગ કબાટ,
અભરાઈ કબાટ, કીચન કબાટ સંતોષકારક બનાવનાર.

વડોદરા, પેટલાદ, આણંદ, નડીઆદ બહારગામના ઓર્ડર લેવામાં આવે છે.

જાહેરાત

# રે મન આવ્યા ઉત્સવના દિવસો.....

ક્રિશ્ચિયનયુથને ભારપૂર્વક ફરી ફરી જણાવીએ છીએ કે પુષ્કળ સરકારી નોકરીઓની જગ્યાઓ આવી રહી છે. તમે તમારી જિંદગીના ફક્ત ૧૮૦ દિવસ અમને આપીને પછી સ્પર્ધાત્મક પરીક્ષાઓની જોરદાર તૈયારીઓ શરૂ કરો અને બાકીની તમારી જિંદગીના તમારા ત્રીસ હજાર કે ચાલીસ હજાર દિવસોને ગેરન્ટીથી સુધારો. ટૂંકમાં, આજનો પુરુષાર્થ એ આવતીકાલનું ભાગ્ય છે. તમારા જીવનમાં ૩૬૦ ડિગ્રીનું ‘ન ભૂતો ન ભવિષ્યતિ’ જેવું જોરદાર પરિવર્તન લાવો. હવે ડિજિટલ ફ્રેન્ડલી યંગિસ્તાનનું અમારું એક જોરદાર ગ્રુપ બની ગયું છે. તેમાં તમે પણ જોડાઈ જાવ. હવે સરકારી નોકરીઓ માટેની સતત અમારી ટ્રેનિંગ/કોચિંગ ચાલુ રહેશે. યુવામિત્રોને ખાસ જણાવવાનું કે પુષ્કળ લાગણીથી સલાહ આપનાર તમારાં માતાપિતા તો જાણે મૂર્ખ હોય તેવું વર્તન કદાપિ ના કરશો.

ઘર એક, પણ બધાના અહીં ઓરડા અલગ
ઘરમાં જ આંદામાન નિકોબાર કેટલાં!

ક્રિશ્ચિયનયુથને સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તૈયાર કરવા એ અમારી ખેવના છે. એ અમારું આનંદભર્યું મિશન છે. ક્રિશ્ચિયનયુથમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટેની કટ્ટીબધ્ધતા અને ક્રિયાશીલતા વધે તેમજ લીલાછમ્મ ડાંગ જિલ્લાના ઈકોટુરીઝમ માટે આ વખતે પણ ગાંઠનું ખર્ચવાની પૂરેપૂરી તૈયારી સાથે એકદમ રાહતદરે, નોમીનલ ફી રૂા.૧,૯૦૧/- લઈને સાપુતારા ખાતે એક અદ્ભુત શિબિરનું આયોજન તા.૨૯-૧૦-૨૦૧૬ થી તા.૦૨-૧૧-૨૦૧૬ દરમ્યાન કરેલ છે. શિબિરની વિગતો નીચે મુજબ છેઃ

(૧) આપણી બસ મણિનગર મેથોડિસ્ટ ચર્ચથી તા. ૨૯-૧૦-૨૦૧૬ના રોજ સાંજે ૪.૩૦ વાગ્યે ઉપડશે, જે નડિયાદ (મહાગુજરાત હોસ્પીટલ પાસે) તેમજ આણંદ (એકતા હોટલમાં) ઊભી રહીને વિદ્યાર્થીઓને લઈને એક્ષપ્રેસ હાઈવે પર થઈને, વડોદરા, ભરૂચ, સુરત થઈને બીજા દિવસે સવારે સાપુતારા પહોંચશે. હાઈવેના ઢાબા પર રાત્રિ ભોજનની સુંદર વ્યવસ્થા ગોઠવેલ છે.

(૨) શિબિરનું ઉદ્ઘાટન તા.૩૦-૧૦-૨૦૧૬ના રોજ વિદ્યાકિરણ હાઈસ્કૂલ, ઊનાઈના પ્રિન્સીપાલ સિસ્ટર સુહાસિની પરમાર કરશે. આર્શીવચન ફાધર કિરીટ પટેલિયા આપશે.

(૩) સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે ગુજરાતની નંબર વન ફેકલ્ટી મેથ્સ-રીઝનીંગ, ગુજરાતી વ્યાકરણ, અંગ્રેજી ગ્રામર, જનરલ નોલેજ, ભારતનું બંધારણ, પંચાયતી રાજ વગેરે સિલેબસ મુજબના વિષયોનું સઘન કોચિંગ આપશે. (અમારા ગુજરાતી વ્યાકરણના તેજસ્વી લાઈવ લેક્ચરો ડાઉનલોડ કરવા માટે આઠ જી.બી.ની બે પેનડ્રાઈવ સાથે લાવવી. શક્ય હોય તો લેપટોપ લાવવું.) હાર્ડકોપીમાં પણ મટીરીઅલ આપવામાં આવશે.

(૪) આપણે સવારે છ વાગ્યે સનરાઈઝ પોઈન્ટના દર્શન કરીશું. સવારે ૭.૦૦ વાગ્યે ગરમાગરમ ચા(આદુ-ફૂદીનાવાળી) અને નાસ્તો (ગરમાગરમ જમ્બો બટાટાવડાં-બ્રેડ, કાંદે-પોહે, ચણાપૂરી, ઈંડાખીમા-પાંઉ, ભજીયાં અને પાંઉ વગેરે) સવારનું ૮.૧૫ થી ૧૧.૦૦ વાગ્યાનું પ્રથમ સેશન પતે એટલે ફરી ચા આપવામાં આવશે. બીજું સેશન ૧૧.૧૫ની ૧.૩૦નું પતે એટલે ૧.૩૦ થી ૨.૩૦ લન્ચ વિરામ. ૧.૩૦ વાગ્યે રોટલી, દાળ-ભાત, શાક, પાપડ, સલાડનું લન્ચ આપવામાં આવશે. ૨.૩૦ થી ૪.૩૦ વાગ્યા સુધીનું ત્રીજું સેશન રહેશે. ત્રીજુ સેશન પતે એટલે ૪.૩૦ વાગ્યે ચા-બિસ્કીટ પછી સાપુતારામાં ફરવા જવાનો કાર્યક્રમ ગોઠવવામાં આવશે. ફરીને પરત આવ્યા પછી રાત્રિના આઠ વાગ્યે ડિનર (ખીચડી-કઢી, ભાખરી-શાક, સલાડ, પાપડ, આચાર વગેરે) તહેવારોને ધ્યાનમાં રાખીને પ્રત્યેક દિવસે અલગ અલગ સ્વીટમાં શુદ્ધ ઘીના લાડુ, દૂધપાક અને લાપસીનું આંધણ મૂકવામાં આવશે.

મેનુમાં એકવાર હોટપાઈપ ટોમેટો ફીશ-કરી (વર્ષો પહેલાં અમદાવાદની મિરઝાપુરની ગ્રીનલોજ અને રોયલલોજમાં બનતી હતી તેવી), હોટ બાસમતી રાઈસ એન્ડ રોટીનું ભોજન પણ રાખવામાં આવ્યું છે. નોનવેજ નહીં ખાનારાઓ માટે વેજ.નો વિકલ્પ તો ખુલ્લો હશે જ.

(૫) રાત્રિના ડિનર પછી સળંગ બે દિવસ ચર્ચમાં પ્રાર્થના, બાઈબલ જ્ઞાન અને ભજનસંધ્યાનો ભવ્ય કાર્યક્રમ રાખેલ છે. વડોદરાના ખૂબ જ જાણીતા શ્રી પૉલ સિરિલ મેકવાન (કંઠ્ય સંગીત વિશારદ), કે જેઓ સેંટ જોસેફ ચર્ચ, વડોદરાના ક્વાયર ડાયરેક્ટર છે તેઓ અને તેમની અત્યંત કુશળ ટીમ ઉત્સાહી આપણને ભક્તિમય-સુરીલાં ભજનોનાં ભક્તિરસમાં તરબોળ કરશે. ભજનસંધ્યાના વિરામ દરમ્યાન પણ મોડી રાત્રિએ ગરમાગરમ ચા-નાસ્તો આપવામાં આવશે.

(૬) ડાંગનું ઈકોટુરીઝમ કરાવવામાં આવશે. આપણા મિશન સ્ટેશનો અને તેમાં પણ ખાસ તો પીંપરી, જ્યાં હાલમાં જ સતત કાર્યરત-પ્રેમાળ ફાધર ઈશવાન ગામીતની ટ્રાન્સફર થઈ છે તેમની પણ મુલાકાત લઈશું. ગીરાધોધ, બોટોનિકલ ગાર્ડન, મહાલનું જંગલ, શબરીધામ, પંપા સરોવર વગેરેની મુલાકાત લેવામાં આવશે.

(૭) શિબિરમાં શિસ્તનો પુષ્કળ આગ્રહ રાખવામાં આવશે. ભાઈઓ-બહેનોના અલગ ટીમ લીડર રહેશે. ‘સેલ્ફી’ લેવામાં કાળજી રાખવી. શિબિરાર્થીઓએ શિબિરમાં જાતેપોતે પોતાની જવાબદારીએ આવવાનું રહેશે. શિબિર સંચાલકનો નિર્ણય આખરી રહેશે.

શિબિરમાં જોડાવવા માટે રસ ધરાવનારાં વિદ્યાર્થીઓએ તાત્કાલિક શિબિર સંચાલક **શ્રી રાજુલભાઈ બિપિનભાઈ આઝાદ (મો. ૯૯૨૪૮ ૯૮૫૯૪)**નો સંપર્ક કરવો. ઝડપથી રજિસ્ટ્રેશન ફૂલ થઈ જતું હોવાને કારણે વહેલા તે પહેલાના ધોરણે રજિસ્ટ્રેશન કરવામાં આવશે. જય ઈસુ.

# સ્મરણાંજલિ



સ્વ. પાઉલભાઇ નાનાભાઇ પરમાર
(રાજનગર)
સાતમી પુણ્યતિથિ



સ્વ. અમરબેન પાઉલભાઇ પરમાર
(રાજનગર)
પ્રથમ પુણ્યતિથિ

આપની અણધારી વિદાઇ, પરંતુ આપની યાદ હજુ પણ અમારા માનસ ઉપરથી વિસરી શકાય તેમ નથી, જીવનભર અથાગ મહેનત કરી પરિવારને સમૃદ્ધ બનાવી સૌ કોઇને સુખ અને શાંતિ આપતા ગયા. આપની ઉદારતા, નિખાલસતા અને આપના સંસ્કાર, આશીર્વાદ અમારા હૈયામાં અખંડ રહેશે.
પ્રભુ આપના દિવ્ય આત્માને ચિર શાંતિ પ્રદાન કરે તેમજ પુનરુથાનને પ્રતાપે, ફરી અચૂક મળવાની આશાએ ખરા અંતઃકરણથી અમ સૌ પરિવારજન વતી શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ.

**લી. રમણભાઇ પી. પરમાર અને સમસ્ત પરિવાર.**
**B / 88 & 56, સંતોક નગર સોસાયટી, છાણી રોડ, વડોદરા,**
**(M):- +91-9979863403**



# દસમી વાર્ષિક પુણ્યતિથિએ અશ્રુભીની શ્રદ્ધાંજલિ

"ખૂટી જાય શ્વાસ જો મારા, મીંચાયે નયન રે,
આવજે, તું લેવા મુજને દે મને વચન રે."

## શ્રી ચંદ્રકાન્ત જે. રાજન

આલોક : ૦૧-૧૦-૧૯૬૬

પરલોક : ૧૩-૦૯-૨૦૦૬

વ્હાલા ચંદ્રકાન્ત,

'હું ઘરે આવવા નીકળી ગયો છું' એ આપના મુખે ઉચ્ચારાયેલા છેલ્લા શબ્દો અને વિદાયને જોતજોતામાં દસ વર્ષ વીતી ગયાં છતાં આપના નામની આગળ 'સ્વર્ગસ્થ' શબ્દ લખતાં અપાર વેદના થાય છે અને આપની છબીમાંનો આપનો પ્રેમાળ ચહેરો આજે પણ અમારી આંખોને ભીંજવી જાય છે.

નડીઆદથી મમ્મી, બેનીબેન તેમજ ભાઈઓની સતત મળતી લાગણીમાં ક્યાંક આપની ઝલક દેખાઈ જાય છે.

પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એ જ અમારી અંતઃકરણની પ્રાર્થના.

આપનાં
અચલ, અક્ષત, અલકા
તેમજ નડીઆદ, અમદાવાદનાં કુટુંબીજનો

# હે પ્રભુ ! ડાળથી અલગ પડેલા આ પંખીને તારા સાંનિધ્યમાં લેજે...



## સ્વ. આશિષ જશવંતભાઈ જાદવ

આલોકે આગમન - ૦૧.૦૩.૮૪
પરલોકે ગમન - ૦૮.૦૯.૧૩

સ્વર્ગના સુંદરતમ્ વાતાવરણમાં
હશે આત્મા તારો
પ્રભુના દિવ્ય પ્રકાશમાં ઝળહળતો....

તવ કર્મની યાત્રા
અહીં રહેલી કલ્યાણમય !

તવ સ્નેહ સરવાણી હજુય
અમ હૈયે કલકલતી રહી છે....

ભલે માટીમાં ભળી ગયો દેહ તારો,
અમ મનની માટીમાં,
તારા સ્મરણોના છોડ,
તારા સ્મિતના ફૂલોથી, લહેરાઈ રહ્યાં છે !

પૃથ્વી તણી આ યાત્રા કરી પૂર્ણ,
તું અનંતયાત્રા ભણી વળી ગયો,
જ્યાં, એકદા આપણે મળવાનું છે....
ત્યાં લગી તું ધબકે છે
અમ હૈયે....

આશીર્વાદ – મારિયા પરિવાર

માતા – વિદ્યા જશવંત જાદવ
પિતા – જશવંત પીટર જાદવ

પીટર ગાબ્રિએલ જાદવ પરિવાર

PAVAN HRUDAYA DOOT, September, 2016 No. of Pages 60 including cover R.N.I. New Delhi No. GUJGUJ/2000/2975
RNP No. AND / 304 / 2015-17 and LWPP-02. Licensed to post without Prepayment Up to 31.12.2017
Published on 5th of every Month & Posting on 5th of every Month Posted at Anand HO.

**ચાલો મરિયમપુરા મરિયમ તીર્થ ચાલો મરિયમપુરા**

## અખંડ આરોગ્યદાયી માતાનો ૬૨મો મેળો (સ્થાપના ૧૯૫૫)

## તા. ૦૨-૧૦-૨૦૧૬, રવિવાર

**પ્રથમ ખ્રિસ્તયજ્ઞ :** સવારના ૭.૦૦ કલાકે

**સરઘસ :** રત્નદીપ સોસાયટી, પેટલાદથી
મરિયમપુરા ચર્ચ સુધી
બપોરના ૧૧.૦૦ કલાકે ત્યાર બાદ
મહાખ્રિસ્તયજ્ઞ

**ગરબા :** ખ્રિસ્તયજ્ઞ બાદ માતા મરિયમના ગરબા
(ગાયકવૃંદ સાથે)



## લોકહૃદયમાં અંકિત થયેલું
## સ્વયંભૂ મરિયમતીર્થ

**તન, મન અને આત્માની
તંદુરસ્તી મેળવી, મા મરિયમ અને પ્રભુ ઈસુનો
મહિમા કરવા પધારો.**

**વિશેષ આકર્ષણ : ધર્મસભાના અવિનશ્વર
સંતોની ડૉક્યુમેન્ટરી ફિલ્મ નિહાળો.**

સંન્યસ્ત વર્ગ, ધર્મસેવા સમિતિ, ધર્મજનો
આરોગ્યદાયી માતા ધર્મવિભાગ, મરિયમપુરા, પેટલાદ


Publisher's & Printer's Name : Jerry Leo Sequeira S.J., Gujarat Sahitya Prakash, P.B. 70, St. Xavier's Road, Anand - 388001
and Printed by him at Anand Press, P.B. 95, Gamdi-Anand 388001. Editor: Jasvant Macwan